# યુગપુરુષ

## ડૉ. બી. આર. આંબેડકર




નાથુ સોસા

જય ભીમ જય સંવિધાન જય ભારત

# યુગપુરુષ ડૉ. બી. આર. આંબેડકર

(જેમના વિચારો માનવમુલ્યો, સમાનતા અને
ન્યાય માટેના અમર પ્રેરણાસ્ત્રોત છે)

**સંશોધક અને સંપાદક**

નાથુ સોસા

**Yugpurush Dr. B. R. Ambedkar**

By Nathu Sosa

Mo. +91-98251-46448

| | | |
|---|---|---|
| Website | : | www.nathusosa.com |
| Email | : | nathusosa@gmail.com |
| YouTube | : | @nathusosa9781 |
| Facebook | : | facebook.com/nathu.sosa.9 |
| Twitter | : | @nathusosa |
| Instagram | : | nathu.sosa.9 |

પ્રથમ આવૃત્તિ : જુલાઈ, ૨૦૨૫

ISBN : 978-93-91991-34-0

પ્રત : ૫૦૦

મૂલ્ય : ₹૨૫૦/-

પ્રાપ્તિ સ્થાન : **શ્રીમતી નીરુ નાથુ સોસા**
૧, રઘુનંદન, ચિત્રકૂટ બંગ્લોઝ,
સી.કે પાર્ક પાસે, હની પાર્ક રોડ,
અડાજણ, સુરત પીન નં. ૩૯૫૦૦૯

મુદ્રણ સંસ્કાર : મુદ્રેશ પુરોહિત, **સૂર્યા ઑફસેટ,**
આંબલી બોપલ રોડ, અમદાવાદ - ૩૮૦૦૫૮
E-mail : mail@suryaoffset.com

# નિવેદન

## "આ સંકલ્પ છે, કેવળ સંસ્મરણ નહીં"

આ વાંચનમાર્ગે માત્ર શબ્દો નહીં, પણ વેદનાની અનુભૂતિ કરશે. આ લેખનપ્રક્રિયા મારા માટે માત્ર સંશોધનનો વિષય નહોતો, પણ એક આધ્યાત્મિક યાત્રા હતી, જે મારાં સમાજની ભૂતકાળથી વર્તમાન સુધીની વેદનાને શબ્દ આપી શકે એવો નમ્ર પ્રયાસ છે. હું માનું છું કે, જ્યારે આપણે સામૂહિકપણે માનવતાના પથ પર વિચાર કરવા માટે તૈયાર થઈશું, ત્યારે જ સાચો ઇતિહાસ રચાશે. ઐતિહાસિક ભેદભાવને દૂર કરીને, દબાયેલા ઇતિહાસને અવાજ આપીને અને દરેક નાગરિકના જીવનમાં ન્યાય અને સમાનતાનું પ્રકાશ લાવીને આપણે સાચું રાષ્ટ્ર ઊભું કરી શકીશું. આ પુસ્તકમાં રજૂ કરેલા વિચારો છે, એ વિચાર માટે, વ્યવહાર માટે અને પરિવર્તન માટેના છે. આંબેડકરનું સ્વપ્ન જ્યારે આપણી ચિંતામાં જોડાશે ત્યારે જ નવું ભારત ઉદય પામશે, જ્યાં રાષ્ટ્રપ્રેમ માનવસેવા બનશે, અને માનવતા ધર્મ બની જશે. જ્યા કોઈ સમાજ લાંબા સમય સુધી અપમાન, અસ્વીકાર અને અન્યાય સહન કરે છે, ત્યારે તેની અંદરથી અવાજ ઊઠે છે, એ અવાજ ક્રોધનો નથી, સંવેદનાનો છે. એ અવાજ વિનાશનો નથી, વિઝનનો છે. ડૉ. આંબેડકરનો અવાજ એવોજ હતો. આ પુસ્તકમાં અભિવ્યક્ત કરાયેલા વિચારો, ઇતિહાસના કટુ પાનાઓ ભવિષ્ય માટેના ઉદ્દેશથી ભરેલાં છે. એક અવ્યાખ્યાયિત સંઘર્ષની યાદગાર પળો પણ છે. તેમનો અર્થ એ નથી કે આપણે ભૂતકાળમાં જ જીવીએ, પણ એ છે કે, ભૂતકાળના તારણથી ભવિષ્યની દિશા બનાવીએ. આ પુસ્તકનો વિચાર એટલો જ સ્પષ્ટ છે, "જ્યાં માનવતાની લાગણી છે ત્યાંથી રાષ્ટ્ર ખરો અર્થ મેળવે છે." નકામા વિવાદોના ઠેર ઠેર નિરાકરણ આપવા કરતાં વધુ આવશ્યક છે, આર્થિક, સામાજિક અને રાજકીય વિઘટનના પ્રશ્નો પર પ્રકાશ પાડવો અને વિચારશીલ રાષ્ટ્રનું નિર્માણ કરવું. આ પુસ્તક તેના પ્રથમ પૃષ્ઠથી અંતિમ પંક્તિ સુધી એ જ સંદેશ આપે છે. આ શબ્દો માત્ર લખાયા નથી, જીવી રહ્યા કારણ કે, તેઓમાં માનવતાનો શ્વાસ છે. યોગદાનનો યશ અને આત્મસત્તાનો અલૌકિક પ્રકાશથી ડૉ. બાબાસાહેબ આંબેડકર વિશેના વિચારોમાં ભારતના રાષ્ટ્રજીવનનું તત્વજ્ઞાન છુપાયું છે. ભાગ ૧ થી ૨૦ દરમિયાન આપણે

જે વિભિન્ન મહાનુભાવોના વિચારો વાંચ્યા, તેમાં માત્ર ભાવભીની પ્રશંસા નહિ, પણ ઐતિહાસિક તથ્યોથી સ્પષ્ટ થતી વિચારસંગત સમજણનું પ્રતિબિંબિત થાય છે.

પ્રમુખ ન્યાયમૂર્તિઓથી માંડીને સંવિધાનકારો, રાજકીય નેતાઓ, સાંસ્કૃતિક ચિંતકો અને વૈશ્વિક નેતાઓએ જેવાં શબ્દો વાપર્યા છે, અલ્બર્ટ આઈન્સ્ટાઈન જેવા વૈશ્વિક વિદ્વાનોએ પણ કહ્યું હતું કે, આંબેડકરનાં વિચારો માનવ ઈતિહાસ માટે માર્ગદર્શક છે. તેમજ કે. એમ. મુન્શી, કૃષ્ણસ્વામી, જવાહરલાલ નેહરુ, ગાંધીજી, કે.બી.રાવ, ડૉ. પાયલિ, ન્યાયમૂર્તિ કરીમ, અને અન્ય વિદ્વાનોના મતો એ દર્શાવે છે, કે ડૉ. આંબેડકર રાષ્ટ્રના આત્માને ઘડનાર શિલ્પી હતા. તેમણે વિવાદ, વિરોધ અને વિપરીત પરિસ્થિતિઓ વચ્ચે રહીને ભારત માટે સમાનતાનું બંધારણ રચ્યું, એ કાર્યમાં જે તપશ્ચર્યા અને તર્કશક્તિ કામે લાગી, તે તેમના 'વિચારપુરુષ' તરીકેના ઋષિતુલ્ય સ્થાને પહોંચાડે છે. તેમના કાર્ય વિશે જ્યારે વિરોધીઓ પણ કૃતજ્ઞતા સાથે નમન કરે, તો એ સિદ્ધ થાય છે, કે આંબેડકરનું કાર્ય કોઈ પદ કે સત્તાની માન્યતા પર આધારિત નહોતું, પણ ભાવિ ભારતના આત્માની છબી બની ગયું હતું. આ ભાગોમાં ઉલ્લેખિત દરેક અભિપ્રાય એમ કહે છે કે,

- ભારતના બંધારણમાં જે લોકશાહી, ન્યાય અને માનવ અધિકાર છે, તેનું બીજ વાવનાર ડૉ. આંબેડકર હતા.
- તેમણે માત્ર કાયદા લખ્યા નહિ, એક નવા ભારતની કલ્પના ઘડી અને તેમાં શોષિતો માટે અવકાશ ઊભું કર્યું.
- તેમની વિશાળ સમજણ અને આધ્યાત્મિક તપશ્ચર્યા વચ્ચેનો સંગમ તેઓ એક તપસ્વી સાધક અને તત્ત્વજ્ઞ વિચારક હતા.

"અંધારાની વચ્ચે જોમ થી ધગતી માનવતાની જ્યોત" માનવ સમાજના ઈતિહાસમાં કેટલીક ઘડીઓ એવી હોય છે જ્યારે કોઈ એક વ્યક્તિત્વ માત્ર સંજોગોને સ્વીકારતું નથી, પરંતુ સંજોગોને બદલે છે. ડૉ. ભીમરાવ રામજી આંબેડકર એવાં જ યુગદ્રષ્ટા હતા, જેમણે સમાજના અંતહીન તિરસ્કાર અને અતિમાનવ સંઘર્ષ વચ્ચે માનવતાની જ્યોત પ્રજવલિત કરી. **"ભવિષ્યની વેદના અને વૈજ્ઞાનિક દ્રષ્ટિ"** માત્ર એક અધ્યયન નથી, તે માનવતાના ઊંડા ઘાવોની ભાષાંતરિત પ્રતીતિ છે. એમાં ભીમા-કોરેગાવથી લઇ સંકલ્પ દિન સુધીની અનેક

ઐતિહાસિક ઘટનાઓ છે, જે આજે પણ આપણા સમાજના ભવ્ય અને ભૂતકાળ વચ્ચેના તાણાવાણાને પ્રતિબિંબિત કરે છે. આ પુસ્તક કેવળ ઐતિહાસિક દસ્તાવેજ નથી, પણ એક જીવંત સંવાદ છે, ભવિષ્યની પેઢી માટે એક માર્ગદર્શન છે. જે સમાજે પોતાનો ઈતિહાસ લખવાનો અધિકાર ગુમાવ્યો હતો, હવે એ જ સમાજ પોતાનો ઈતિહાસ લખી રહ્યો છે, એમાં આ પુસ્તક એક નમ્ર યોગદાન છે. આજની યુવાન પેઢી, શિક્ષકવર્ગ અને વિચારોના ખૂણાઓમાં વ્યાપ કરવા ઈચ્છતા ચિંતકો માટે આ પુસ્તક એક આયનો છે, જ્યાં તેઓ પોતાનો ચહેરો, પોતાનું સત્ય અને પોતાનું સંકલ્પ જોઈ શકે છે. "અસલી નેતાઓના વિચાર સમય જતાં વિલીન થતા નથી, તેઓ સમયથી આગળ ચાલી પોતાનો સમય ઘડી જાય છે."

ડૉ. આંબેડકર એવા જ યુગપુરુષ હતા, જેમણે સમાજને સ્મૃતિ આપી, બંધારણ આપ્યું અને ભારતના ભવિષ્યમાં અંતરદૃષ્ટિ ભરી આપી. આ પુસ્તક વાંચન કરતા દરેકને વેદનાથી વૈજ્ઞાનિક ચેતનાના માર્ગે આગળ વધવાની પ્રેરણા મળે, હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું જેમણે આ પુસ્તક નિર્માણ કરવામાં સહાયક બન્યા એવા શ્રી આર. જે. પટેલ નિવૃત આઈ.એ.એસ.તેમજ મારી પત્ની શ્રી નિરુ સોસા, મારો પુત્ર જિગર સોસા તેમજ શ્રી હરેશ ભાસ્કર તમામનો આભાર વ્યક્ત કરું છું, તેમજ વાચક જેઓ આમાથી પસાર થયા છે.
એજ આશા સાથે...

આભારી,
ભવિષ્ય માટે જીવતી આત્માઓના પ્રતિનિધિ રૂપે...

**નાથુ સોસા**
જુલાઈ, ૨૦૨૫

# અનુક્રમણિકા


૧ ન્યાય વિના રાષ્ટ્ર ખોખલું હોય ........................................ ૧

૨ ડૉ. આંબેડકરનું રાષ્ટ્રીય ચિંતન ........................................ ૯

૩ માનવતાવાદ અને રાષ્ટ્રની પ્રગતિ ........................................ ૧૪

૪ "માનવતાની મૂર્તિ" ડૉ. આંબેડકર ........................................ ૨૦

૫ ગોળમેજીથી વિશ્વમંચે દલિત અવાજ ........................................ ૩૧

૬ આંતરરાષ્ટ્રીય શ્રમ નીતિઓના શિલ્પકાર ........................................ ૩૬

૭ સંકલ્પદિન ઐતિહાસિક ક્ષણ અને માનવતાની પ્રતિજ્ઞા .......... ૪૩

૮ જ્ઞાનયુગથી રાષ્ટ્રીય જાગૃતિનો માર્ગ ........................................ ૪૭

૯ સર્વહિતકારી આર્થિક વિકાસ માટે ડૉ. આંબેડકરનું વિઝન ....... ૫૪

૧૦ સમાજઘાતી વિચારધારાનો પ્રતિસાદ ........................................ ૫૭

૧૧ આજના ભારત માટે દિશાદર્શક બંધારણ ........................................ ૫૯

૧૨ જ્ઞાનયુગ અને સમાજની ભૂમિકા ........................................ ૬૭

૧૩ આંબેડકરનો ન્યાયદર્શન ........................................ ૭૦

૧૪ ભારતીય આધુનિકતાના પ્રણેતા ડૉ. આંબેડકર ........................................ ૭૪

૧૫ રાષ્ટ્રીય ભાવના અને ભાવિ ભારત ........................................ ૭૮

૧૬ સામાજિક ન્યાયથી રાષ્ટ્રનિર્માણની યાત્રા ........................................ ૮૨

૧૭ ઋષિઓ અને મુક્તિસંગ્રામી યોદ્ધાઓ ........................................ ૮૪

૧૮ જોગેન્દ્રનાથ મંડલ દ્વારા બંધારણસભામાં મોકલાવવાનો ઐતિહાસિક પ્રસંગ ........................................ ૧૦૦

૧૯ વિજ્ઞાન અને ન્યાયના સંકલ્પી ડૉ. આંબેડકર ........................................ ૧૦૪

૨૦ માનવતા તરફની અનંત યાત્રા ........................................ ૧૧૩

- ડૉ. આંબેડકર વિષે મહાનુભાવોના વિચારો ..................૧૨૬
- બંધારણની રચના બાદ મહાનુભાવોના
  ડૉ. આંબેડકર માટેના વિચારો ...............................૧૩૧
- ડૉ. આંબેડકરના પ્રેરણાસૂત્રો .................................૧૩૭
- શૈક્ષણિક યાત્રા ...........................................૧૪૧
- ડૉ. બી. આર. આંબેડકર દ્વારા લખાયેલ પુસ્તક શૃંખલા ......૧૪૨

# ૧. ન્યાય વિના રાષ્ટ્ર ખોખલું હોય

"જ્યાં ન્યાય નથી, ત્યાં શાંતિ શક્ય નથી."
"ન્યાય એ રાષ્ટ્રની આત્મા છે, તેની ગેરહાજરીમાં રાષ્ટ્ર માત્ર બંધારણશીલ પાંજરૂ બની રહે છે."
"સ્વતંત્રતા એટલે ફક્ત વોટ આપવાનો હક નહીં, પણ ગરીબનો અવાજ દેશના નકશામાં ગણાય એ સુનિશ્ચિત કરવો."
"મૂળભૂત હકો ફક્ત કાગળ પર હોય તો તે રાષ્ટ્ર એક ખોખલું અને મૃત શરીર છે, ન્યાયથી જ એને જીવ મળે."
"રાષ્ટ્રનું ભવિષ્ય નક્કી કરવું છે તેના ન્યાયના તત્ત્વોથી, નકશાથી નહીં."
ડૉ આંબેડકર

"મારો જન્મના પગલે પીડા હતી, પણ મારો જીવન સંગી બન્યો સંકલ્પ." ડૉ. બાબાસાહેબ આંબેડકર, યુગ પુરુષ એ એવો દ્રષ્ટા છે, જે પોતાનું નહીં, પણ સમગ્ર યુગનું ચિંતન કરે છે. સમય જેને માત્ર વ્યક્તિત્વ તરીકે નહીં, પણ એક વિચારધારા, વિદ્રોહ અને વિકાસના માર્ગદર્શક રૂપે સ્વીકારે છે. ડૉ. ભીમરાવ રામજી આંબેડકર ભારતના આવા દુર્લભ યુગદ્રષ્ટા હતા,

ડૉ. આંબેડકરના પ્રારંભિક જીવન અને જ્ઞાનસાધના અસ્પૃશ્યતાની પીડામાંથી સંકલ્પના પ્રકાશ સુધી ડૉ. આંબેડકરનો જન્મ મધ્યમવર્ગીય મહાર પરિવારમાં મહૂ (મધ્યપ્રદેશ) ખાતે થયો હતો, જે હિંદૂ વર્ણવ્યવસ્થા અનુસાર અસ્પૃશ્ય ગણાતા વર્ગોમાંથી એક હતો. તેમને મળેલી ઓળખ માનવ તરીકે નહી, પરંતુ 'પછાત' તરીકે મળી હતી. ડૉ આંબેડકરના જીવનમાં બાળપણથી અંતિમ તબક્કા સુધી અભાવ અને અપમાનનો પડછાયો રહ્યો. તદ્દન નહીવત સાધનો વચ્ચે જન્મેલા આ વિચારશીલ યોદ્ધાએ જાતિનાં બંધનમાંથી ઊભરી, વૈશ્વિક વિચારના તપથી પોતાની જિંદગી તપસ્વી કરી. કઠિન પરિસ્થિતિઓમાં પણ થાક્યા વિના એમણે પોતાનું ઘડતર કરીને એક સજીવ વિચારોના મશાલબર્ધક બનીને ઊભા રહ્યા. તેઓ માત્ર પોતાનું કલ્યાણ કરવા નહોતાં જન્મ્યા, પરંતુ એક આખા પછાત સમાજને ઉત્થાનની દિશા આપી. એમના વિચારોને આધાર આપીને તેમણે રાષ્ટ્રને આદર્શક ગતિની દિશામાં દોર્યુ. તેમણે નાતજાત અને વર્ણવ્યવસ્થાની દીર્ઘશૃંખલાઓ

સામે વિચારશસ્ત્રથી વિમોચનની ચિદ્ધારાહ બનાવી. તેમનો આ અખંડ પ્રવાહ, પાણી માટેની લડતથી લઈને સંવિધાન રચના સુધી, દરેક તબક્કે રાષ્ટ્રના મહત્વના મુદાઓને સ્પર્શતો રહ્યો. તેઓ કહેતા, ''જ્યાં સુધી સ્ત્રીઓ, શ્રમિકો અને પછાતો સમાનતાના અધિકારોથી આરક્ષિત નહીં થાય, ત્યાં સુધી રાષ્ટ્રની પ્રગતિ માત્ર ભ્રમ જ રહેશે.''

ડૉ. આંબેડકરે મૌન ન રહીને સંકલ્પ ધારણ કર્યો. તેમણે જાતિવાદ સામે મૌખિક રોષ કે આક્રોશ નહિ પણ શિક્ષણ, વિચાર અને વિમર્શથી યુદ્ધ જાહેર કર્યું. ''મારે મારી જાતને જ શસ્ત્ર બનાવવી છે એ સામાજિક યુદ્ધ માટે, જ્યાં શૂદ્ર મૌન ના રહે, પણ પોતાના હક માટે બોલે.'' ડૉ. આંબેડકર માટે ભક્તિ નહીં પણ વિદ્યા મુક્તિનો માર્ગ હતો. તેમના માટે શિક્ષણ માત્ર ભણવાની પ્રક્રિયા નહોતી, તે અસમાનતાની કડીઓ તોડવાનો અસરદાર પ્રયોગ અને પ્રયાસ હતો. તેમણે શિક્ષણ લેવાનો અધિકાર વગરના સમાજમાંથી આવીને વિશ્વવિદ્યાલયોમાં સ્થાન મેળવ્યું. વૈશ્વિક શૈક્ષણિક સિદ્ધિઓ મેળવવા છતાં તેઓએ પોતાની ચિંતાનું કેન્દ્ર ભારતના ગરીબ  રહેલા માનવીને બનાવ્યું. તેઓ માત્ર શાસ્ત્રજ્ઞ નથી રહ્યા પણ વિચારજ્ઞ અને ચેતનાપુરુષ બનીને ઊભા રહ્યા. વિદ્યા, વિચાર અને વિમર્શ, આ ત્રિવેણી સંગમથી તેમણે માત્ર જાતિના બંધનો નથી તોડ્યા, પણ ભારતને સામાજિક ન્યાયના માર્ગે દિશા આપી. ''શિક્ષણ એ મુક્તિનું સૌથી શક્તિશાળી હથિયાર છે, જે શોષિતો પોતાના માટે ઇતિહાસને ફરીથી લખવા ઉપયોગમાં લઈ શકે છે.'' ડૉ. આંબેડકરના જીવનની શરૂઆત સામાજિક અપમાનોથી થઈ હતી, પણ અંતે તેમણે તેમના કરોડો પીડિત સમાજના લોકો માટે આદર, અવાજ અને અધિકારની યાત્રા ઊભી કરી. તેમનું બાળપણ ભેદભાવથી ઘેરાયેલું હતું, પણ તેમની દ્રષ્ટિ ભવિષ્યના પ્રકાશથી ઉજાગર કરી હતી. તેમણે જાતિના ગાળામાં પિસાઈ જવાને બદલે, ચિંતનનું દર્શન ઊભું કર્યું. તેઓ સાચા અર્થમાં જ્ઞાનયુગના યુગપુરુષ હતા, જ્યાં તેમણે અજ્ઞાનની સાંકળો તોડીને જ્ઞાનની દિશા ખુલ્લી કરી. જેમણે સમાજની સામાજિક ગંદકી, ધાર્મિક સંકુચિતતા અને રાજકીય પીડામાંથી માનવતાની એક નવી શક્તિમય દિશા નિર્મિત કરી. તેમનું જીવન માત્ર પ્રેરણાસ્રોત નથી, પણ ચિંતન અને ક્રિયા વચ્ચેના યોગનું સાકાર કરેલું વિશ્વનું સૌથી મોટું જીવંત ઉદાહરણ છે.

એક એવું જીવન...
જેણે શૂન્યથી શીખર સુધીનો રસ્તો માત્ર પાર ન કર્યો,
પણ એ રસ્તાને બીજી પેઢીઓ માટે પ્રકાશમય બનાવ્યો.

એક એવો યુગપુરુષ...
સમય જેને પીછેહઠ કરાવતો રહ્યો,
પણ એણે સમયને પોતાના પગલાની દિશા અપાવી.
જે પોતાની સામે પડતા સમાજમાં પણ પોતાની જ વાણીથી ભવિષ્ય રચવા ઊભો રહ્યો.

તેનો જન્મ માત્ર એક દલિત બાળક તરીકે નહોતો,
પણ એ એક યુગની ઊંડે છુપાયેલી ચીસનું અવતરણ હતું.

એમણે સમાજમાં રહેલી ભેદભાવની ભીંતને,
પોતાના વિચારના હથોડાથી ઠોકીને તોડી નાંખી.

એમના શબ્દો માત્ર વચન નહોતા,
એમના વિચારોએ યુગના વૃત્તિચક્રને જ બદલી નાંખ્યું.

એમનું જીવન સાબિત કરે છે કે “યુગપુરુષ એ જ હોય, જે પોતાના દેહના નહીં, પણ દબાયેલા સમાજના ધબકારા માટે જીવવાનો સંકલ્પ કરે.” જ્ઞાનયુગના પ્રવર્તક ડૉ. આંબેડકરે શિક્ષણને બનાવ્યું મુક્તિનો મંત્ર શિક્ષણ એ એમના માટે માત્ર જીવનજરૂરિયાત નહોતું, તે માનવતાની મુક્તિ તરફ જવા માટેનો અજવાળાનો માર્ગ હતો. ડૉ. આંબેડકરે ભક્તિમાર્ગ નહીં, પણ વિદ્યા માર્ગે વિમુક્તિ શોધી. કેમ કે તેઓ માનતા હતા કે “શિક્ષણ એ શોષણ વિરુદ્ધ સૌથી શક્તિશાળી હથિયાર છે.” વિદ્યા, વિચાર અને વિમર્શના ત્રિવેણી સંગમથી તેમણે એવા જ્ઞાનયુગની સ્થાપના કરી, જેમાં વ્યક્તિનાં અંધકારમય ભવિષ્યને પ્રકાશમય દિશામાં ફેરવી શકાય. તેમનો શૈક્ષણિક યાત્રાપથ એ પોતાની જાતે એક ઐતિહાસિક

વિજયગાથા છે, વિશ્વની શ્રેષ્ઠ સંસ્થાઓમાંથી અંગ્રેજી ભાષામાં શૈક્ષણિક સિદ્ધિઓ મેળવીને તેમણે સાબિત કર્યું કે "વિદ્યાની કિંમત જાતિ કરતાં ઊંચી હોય છે." તેમની શૈક્ષણિક સિદ્ધિઓ માત્ર અંગત ઉપલબ્ધિ નહોતી, તે સમગ્ર દબાયેલા વર્ગ માટે માનસિક મુક્તિનો દરવાજો હતો. આ બધું એ સમય માટે અસાધારણ સિદ્ધિ હતી, ખાસ કરીને એક એવા વ્યક્તિ જેને શાળાના ઓરડાની બહાર પથ્થર પર બેસીને ભણવાનું મળતું હતું. પરંતુ આ ડિગ્રી માત્ર શૈક્ષણિક શણગાર નહોતી, એ વિચારોની અસલ તપશ્ચર્યા હતી. તેમના અભ્યાસનું કેંદ્રબિંદુ અનેક શાસ્ત્રો, અર્થશાસ્ત્ર, રાજકારણશાસ્ત્ર, ધાર્મિક વિમર્શ અને ન્યાયશાસ્ત્ર સુધી વિસ્તરતો રહ્યો. તેઓએ વારંવાર કહ્યું કે, "શિક્ષણ એ એકમાત્ર હથિયાર છે જેના વડે શોષિત સમાજ પોતાનું મૂલ્ય પાછું મેળવી શકે."

ડૉ. આંબેડકર શ્રમિકોના સાચા સાથી હતા. તેમણે પોતાના વિચારોને માત્ર કાગળ કે પથ્થર પર જ ન લખ્યા, પરંતુ તેના પર ચાલીને તેને જીવનમાં ખરા ઉતાર્યા. તેમની ક્રાંતિ હિંસા કે હથિયારોથી નહિ, જ્ઞાન અને શાસ્ત્રોથી હતી. પણ જ્યારે જરૂરી બન્યું, ત્યારે તેઓ પોતાની વાણીથી પણ જોરદાર અવાજ ઉઠાવતા. યુગપુરુષ, વૈચારિક અમરત્વના માર્ગદર્શક ડૉ. આંબેડકર એક ચિરંજીવી વિચાર છે, તેઓ એક શક્તિ છે, જે પીડાને પ્રશ્નમાં બદલે છે અને પ્રશ્નને ઉત્તર બનાવે છે. તેઓનો એક અવાજ છે, જે નમ્રતામાં પણ ક્રાંતિ કરે છે. તેઓ હકીકતમાં એક યુગપુરુષ છે, તેઓ હયાત ન હોવા છતાં પણ એમના વિચારો, શબ્દોને સદંતર મૌલિકતા આજે પણ સંઘર્ષમાં રહેલા દરેક નાગરિક માટે દીવો બનીને જલે છે. ન્યાયના શિલ્પી ડૉ. આંબેડકર બંધારણકારનો દિશાદર્શી યોગદાન એક દસ્તાવેજથી એક રાષ્ટ્રઘડતર સુધી ભારતનું બંધારણ માત્ર કાનૂની નિયમોની જથ્થાબંધ સૂચિ નથી, તે એક જીવતોજાગતો દસ્તાવેજ છે, જે નવા રાષ્ટ્રના સ્વપ્ન, મૂલ્યો અને દિશાને નક્કી કરે છે. આ દસ્તાવેજના ઘડવૈયા તરીકે ડૉ. આંબેડકરનો યોગ અનન્ય અને અધ્યાત્મભર્યો છે. તેમણે માત્ર કાયદાકીય કલમો ન ઘડી, પણ ન્યાયના ઉલ્લેખથી લોકોના જીવનમાં માનવતાનું નવું નક્ષાંક બનાવી આપ્યું.

ડૉ. આંબેડકરના રાષ્ટ્રીય ચિંતન "વિચારનો ઊંડો અને તત્વજ્ઞાન આધારિત અર્થઘટન" રાષ્ટ્રની રચના માત્ર સરહદો, નકશા કે ભાષા દ્વારા થતી નથી. રાષ્ટ્ર એ એક જીવંત નૈતિક સંકલ્પ છે, જ્યાં નાગરિકોના હકો, આત્મસન્માન અને

ન્યાયના સિદ્ધાંતો શ્રદ્ધાપૂર્વક સ્થાપિત અને નિશ્ચિત થાય. ડૉ. આંબેડકરે આપણાં રાષ્ટ્રના એવાં વિચારોના શિલ્પકાર હતા જેમણે "રાજકીય સ્વતંત્રતા"ને "સામાજિક ન્યાય"ની આંખોથી જોયું. તેમના દૃષ્ટિકોણ પ્રમાણે, "જ્યાં ન્યાય નથી, ત્યાં શાંતિની આશા રાખવી ખોટી છે. ન્યાય વિનાનું રાષ્ટ્ર, માત્ર ભૌગોલિક ભ્રમ છે."

- "શિક્ષણ એ મુક્તિ તરફનું પ્રથમ પગથિયું છે."
- "મારું જીવન સમાજની સેવા માટે છે, હું મારા હિત માટે નહીં, સમાજના હિત માટે જીવું છું."
- "રાષ્ટ્ર એ માત્ર સરહદોથી નહીં, પણ ન્યાયથી બની શકે."
- "જાતિવાદ રાષ્ટ્રના ગર્ભમાં રહેલું વિસ્ફોટક છે; તેને નાબૂદ કર્યા વિના સમાન ભારત શક્ય નથી."
- "એક એવું રાષ્ટ્ર જ્યાં ધર્મ, જાતિ, ભાષા કે પૃષ્ઠભૂમિ આધારે ભેદભાવ ન થાય, એ સાચું રાષ્ટ્ર હોય."
- "માનવતાવાદ એ રાષ્ટ્રીયતાનો પાયો છે. રાષ્ટ્રવાદ કેવળ નારા નહીં, નૈતિક કરાર છે."
- "શ્રમવીર શ્રેષ્ઠવીર છે, એનું સન્માન જ રાષ્ટ્રસેવા છે."
- "બંધારણ એ ભાવિ પેઢી માટેનું નૈતિક સંવિધાન છે, તેનું પાલન દરેક નાગરિકની ફરજ છે."
- "ગરીબ દેશ અને ગરીબ પ્રજાની અસમાનતા એ ન્યાય નહીં, વ્યંગ્ય છે."

આ શબ્દો ભારતના સામાજિક અને આર્થિક પરિપ્રેક્ષ્યમાં આજે પણ તીવ્ર તાત્પર્ય ધરાવે છે. એક રાષ્ટ્ર જે આપને રાજકીય રીતે આઝાદી આપે છે, પણ અર્થતંત્ર, શિક્ષણ, આરોગ્ય અને સામાજિક હકમાં અસમાનતા જાળવી રાખે છે, તે રાષ્ટ્ર ક્યારેય સાચા અર્થમાં "મુક્ત રાષ્ટ્ર" ન બની શકે. ૨૧મી સદીમાં, જ્યારે ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી અને સૌથી ઝડપથી વિકાસશીલ અર્થતંત્રોમાંના એક તરીકે ગૌરવ અનુભવે છે ત્યારે પણ લાખો લોકો ભૂખ્યા, શિક્ષણથી વંચિત, અને રોજિંદા ન્યાય માટે લડતા રહ્યા છે. આ ભયાનક વિસંગતિ એ આપણી સ્વતંત્રતાની પાછળ છુપાયેલું વિરોધાભાસી ચિત્ર છે, જ્યાં એક તરફ 'એમ્પાવરમેન્ટ'ની વાત થાય છે અને બીજી તરફ પ્રજાનો મોટો વર્ગ જીવન જરૂરિયાતની અને પાયાની સુવિધા માટે વલખા મારે છે. ડૉ. આંબેડકર આજથી

દાયકાઓ પહેલાં આ ખોટા સમીકરણો જોઈ ચૂક્યા હતા. તેમની માટે ન્યાયનો અર્થ માત્ર કાયદાના પાનાંઓમાં નહીં, પરંતુ જીવનના દરેક ક્ષેત્રમાં હતો, જ્યાં દરેક વ્યક્તિને સમાન અવકાશ, માનવમર્યાદા અને વિકાસનો હક મળે. જ્યાં ન્યાય મૌન છે, ત્યાં વ્યંગ્ય બોલે છે. જ્યારે શાસન તંત્ર લોકોની વાસ્તવિક પીડા સામે અનદેખી કરે છે, ત્યારે સમાજમાં થતી ભેદભાવભરી વ્યવસ્થાઓ દેશના ન્યાયાત્મક મૂલ્યો પર સીધો ઘા મારે છે.

આથી, આજે જ્યારે આપણે નવા ભારતની કલ્પના કરીએ છીએ, ત્યારે માત્ર થી ટ્રિલિયન ઈકોનોમી નહીં, પણ ન્યાયમૂળક અને સમાનતાવાદી સમાજની રચના માટે પ્રતિબદ્ધ થવું ફરજિયાત છે. નહિંતર સ્વતંત્રતાનું ગૌરવ પણ વ્યંગ્યમાં પરિણમી જશે અને સમાજ ધીરે ધીરે ન્યાય વગરની નિરાશા તરફ ધકેલાતો રહેશે. રાષ્ટ્ર એટલે ન્યાય માટે એક સામૂહિક સંકલ્પ છે. આંબેડકર માટે રાષ્ટ્ર એક ભાવનાત્મક દસ્તાવેજ હતો, જ્યાં દરેક નાગરિક જાતિ, ધર્મ કે પૃષ્ઠભૂમિ ભુલીને સમાનતાના અવકાશમાં જીવવાનો અધિકાર ધરાવે. રાષ્ટ્રતંત્રના આધારે નહીં પણ નાગરિકતાના ન્યાયસૂત્રથી જ સાચી રાષ્ટ્રીય એકતા સ્થાપાય છે. બંધારણ ન્યાયનું જીવંત દસ્તાવેજ છે, તેમણે ઘડેલું ભારતીય બંધારણ માત્ર કાયદાનું નહી, ન્યાયનું દર્શન તેમાં સમાવિષ્ટ છે,

- દરેક માટે સમાન હકો,
- ન્યાય માટે અનામત વ્યવસ્થા,
- ધર્મનિરપેક્ષતા અને બંધુતાની ભાવના,
- નીતિ નિર્દેશક તત્ત્વો દ્વારા સક્રિય રાજ્યની કલ્પના.

જાતિવાદ એ રાષ્ટ્રવિકાસનો સૌથી ખતરનાક અવરોધ છે, જાતિવાદ દેશના સમાજને ખંડિત કરે છે. આંબેડકરે નોંધ્યું કે, જાતિ એ માનવીય બંધારણ નથી, તે માનવતા વિરુદ્ધ ષડયંત્ર છે. તેમનો ગ્રંથ Annihilation of Caste એ માત્ર એક અભિવ્યક્તિ નહીં, રાષ્ટ્રવિમર્શ છે. ન્યાય માટે શિક્ષણ અને આત્મસન્માનનું બળ આવશ્યક છે, શિક્ષણ એ ન્યાય તરફનું પહેલું પગથિયું છે. તેમનું સૂત્ર હતું, “Be Educated, Be Organised, Be Agitated.” તેઓ શિક્ષણને આધુનિક રાષ્ટ્રના અવયવરૂપે જુએ છે, જ્યાં શોષિત વ્યક્તિ પણ સશક્ત નાગરિક બની શકે. ન્યાય અર્થતંત્રમાં પણ હોવો જોઈએ, તેઓ અર્થતંત્રમાં

ન્યાય માટે દલિતો અને પછાત વર્ગોની ભાગીદારીને આવશ્યક માને છે. રોજગારના સમાન અવસરો, સમાજવાદી ઢાંચો અને સહકારી ઉદ્યોગ એ તેમની નીતિદૃષ્ટિના આધારભૂત સ્તંભ હતા. ધર્મની નૈતિક અભિવ્યક્તિથી તેઓ માટે ધર્મ માત્ર આત્મિક શાંતિ નહીં પણ સામૂહિક નૈતિકતા માટેનું સાધન હતું. તેઓ કહેતા, "I like the religion that teaches liberty, equality and fraternity."

ડૉ. આંબેડકરનું રાષ્ટ્રીય ચિંતન એ માનવમૂલ્ય આધારિત રાષ્ટ્રનિર્માણનું સ્વપ્ન છે. જ્યાં ન્યાય માત્ર કોર્ટરૂમ સુધી સીમિત ન રહે, પરંતુ જનમાનસ સુધી વ્યાપી જાય. જ્યાં નાગરિકત્વ એ આધારકાર્ડનો આધાર નહીં, પણ ન્યાયનો ઓળખપત્ર બને. જ્યારે આજે પણ શોષણ, ભેદભાવ, જાતિવાદ અને અર્થતંત્રમાં અસમાનતા જીવંત દાખલા જોવા મળે છે, ત્યારે આંબેડકરની રાષ્ટ્રીય વિચારધારા આપણને પુછે છે કે, ''શું તમારું ભારત ન્યાયપ્રધાન છે?'' તો જવાબ 'ના' હોય, આ માત્ર વાંચવાનું નહીં, જીવનમાં ઉતારવાનું અને ન્યાયિક વિચારવાનું છે. ડૉ. આંબેડકર માટે રાષ્ટ્ર એ માત્ર રાજકીય અવધિ નહોતું, નૈતિક સંકલ્પ હતું. તેમણે એવી લોકશાહી ઈચ્છી હતી, જ્યાં એક સામાન્ય માણસ પણ દેશના નકશાને ઘડી શકે, નવી રીતે ઘડી શકે, અને તેને દિશા પણ આપી શકે. તેઓ માનતા હતા, કે ''જે રાષ્ટ્ર પોતાના નાગરિકોને તેમની જાતિ કે ધર્મના આધારે નફરત કરે છે, તે રાષ્ટ્ર પોતાનું ભવિષ્યને ધૂંધળું બનાવે છે.'' આપણે જોઈએ તો કેવી રીતે આ યુગપુરુષે જાતિવાદના અંધકારમાં ન્યાયનો દિવો પ્રગટાવ્યો, કેવી રીતે એક ધાર્મિક સમૂહમાંથી માનવ સમાજ ઘડવાનો વિચાર આપ્યો અને કેવી રીતે ભારતને માત્ર એક સંવેદનશીલ રાજ્ય નહીં, પણ સંકલ્પશીલ સમાજ તરીકે દોરવણી આપી. ''જ્યાં ન્યાય નથી, ત્યાં ન તો ધર્મ હોય શકે, ન શાંતિ કે ન કોઈ સાચું રાષ્ટ્ર હોઈ શકે. ન્યાય એ રાષ્ટ્રની આત્મા છે, તેની હાજરી રાષ્ટ્રને જીવંત બનાવે છે અને તેની ગેરહાજરી રાષ્ટ્રને એક સંકુચિત બંધારણમાં પરિવર્તિત કરી દે છે.'' આપણે ડૉ. આંબેડકરના રાષ્ટ્રીય ચિંતનનો મર્મ સમજવો રહ્યો, જે રાષ્ટ્રને માત્ર ભૌગોલિક કે રાજકીય રચના તરીકે નહીં પણ નૈતિક, સામાજિક અને આર્થિક સમરસતાની અને સમાનતાની એક જીવંત સંરચના તરીકે માનતા હતા. તેમના દૃષ્ટિકોણમાં રાષ્ટ્ર ત્યારે બનતું હોય છે, જ્યારે દરેક નાગરિકને

બિનશરતી અને સંપૂર્ણ ન્યાયના આધારે સમાન હક, આત્મસન્માન તેમજ અવાજ મળે. ડૉ. આંબેડકરનું રાષ્ટ્રીય ચિંતન આજે પણ એટલું જ લાગુ પડે છે જેટલું ભારતના આઝાદી પછીના પહેલાં દાયકામાં લાગુ પડતું હતું, કારણ કે, રાષ્ટ્ર માટે સૌથી મોટું તત્વ માત્ર વિકાસ નહીં, પણ નૈતિકતા અને ન્યાય છે. "Where there is no justice, there can be no peace and no true nation."

# ૨. ડૉ. આંબેડકરનું રાષ્ટ્રીય ચિંતન

"જ્યાં ન્યાય નથી, ત્યાં રાષ્ટ્રની કલ્પના પણ ખોખલી છે"

ડૉ. આંબેડકરનું રાષ્ટ્રીય ચિંતન ખાસ કરીને જાતિવાદને ઉખાડીને ફેકી દેવા પર કેન્દ્રિત હતું. તેમણે જણાવ્યું કે જાતિવ્યવસ્થા રાષ્ટ્રની એકતા માટે સૌથી મોટો અવરોધ છે. **"જાતિ એ માનવતા વિરુદ્ધ ષડયંત્ર છે. જ્યાં જાતિ છે, ત્યાં રાષ્ટ્ર નથી."** તેમનું પુસ્તક Annihilation of Caste એ માત્ર સામાજિક વિમર્શ નહીં પણ રાષ્ટ્રીય એકતાના મેનિફેસ્ટોનું એક રૂપ હતું. ડૉ. આંબેડકરનું રાષ્ટ્રીય ચિંતન આપણને એ પાઠ ભણાવે છે કે, સાચું રાષ્ટ્ર ત્યાં જ બને છે જ્યાં નાગરિકોના હકોના સંરક્ષણ સાથે સમાજના અંતિમ માનવીનું યોગ્યરૂપે સન્માન થાય. જ્યાં ન્યાયનો પડઘો માત્ર ન્યાયાલયમાં જ નહીં પણ લોકોને નજરો નજર ખુલ્લા રસ્તા પર સાંભળાય અને લોકોને દેખાય. તેઓ માટે રાષ્ટ્ર એ એવા લોકશાહીના સ્વરૂપમાં જીવતું હતું જ્યાં દરેક વ્યક્તિની જાતિ નહીં, જાતિથી ઉપર ઊઠેલી માનવતા જોઈ શકાતી હોય.

"જાતિવાદ એ રાષ્ટ્રનિર્માણનો દુશ્મન છે."

"રાષ્ટ્ર એક નૈતિક સંકલ્પ છે, ન કે માત્ર નકશો."

"શોષિત અને ગરીબનો અવાજ જ્યારે સંસદ સુધી પહોંચે, ત્યાંથી રાષ્ટ્રની શરૂઆત થાય છે."

ડૉ. આંબેડકરનું રાષ્ટ્રીય ચિંતન માત્ર નાગરિક હિતના મૌલિક સિદ્ધાંતોનું દર્શન નથી, પણ એક વૈચારિક ચેતનાનું પ્લેટફોર્મ છે જે ભારતને માત્ર રાજકીય નહીં, પણ નૈતિક રીતે જાગૃત, સમાનતાવાદી અને ન્યાયપ્રધાન રાષ્ટ્ર તરીકે ઘડવાનો સંકલ્પ હતો. તેમણે રાષ્ટ્રને નાગરિકો માટે એક નૈતિક સમુદાય તરીકે જોવાનું સૂચન કર્યું હતું, જ્યાં સહઅસ્તિત્વ, સામૂહિક જવાબદારી અને વ્યાપક હિતનું ન્યાય હોય. રાષ્ટ્રનો અર્થ નૈતિકતા આધારિત નાગરિક સમુદાય હોય છે, આંબેડકર માટે રાષ્ટ્ર એ ભૌગોલિક અવધિ નહીં, પણ નાગરિકોની સામૂહિક સંવેદના અને નૈતિક સંકલ્પ છે. તેઓ કહે છેઃ "એક સાચું રાષ્ટ્ર ત્યારે બને છે જ્યારે તેની અંદર રહેનારા લોકો એકબીજાના દુઃખ અને સુખ સાથે સંકળાયેલા હોય." તેમના મતે, વિવિધ ભાષા, ધર્મ, જાતિના હોવા છતાં સમાન નાગરિક

અધિકાર, જવાબદારી અને નૈતિક સંમતિ ધરાવનાર સમાજ જ રાષ્ટ્ર બની શકે છે. ડૉ. આંબેડકરનું રાષ્ટ્રીય વિઝન તેમની બંધારણાત્મક વિચારશ્રેણીમાં કેન્દ્રસ્થાન ધરાવે છે. તેઓ ભારત માટે એવું બંધારણ ઘડવા માંગતા હતા, જે માત્ર શાસનની રીત જ નક્કી ન કરે, પણ શોષણના તમામ રૂપોને નાબૂદ કરીને નાગરિકોને સમાનતા, સ્વતંત્રતા અને માનવઅધિકારોની સંપૂર્ણ જાગૃતિ આપે. તેઓ માનતા કે બંધારણ એ એવો જીવંત દસ્તાવેજ હોવો જોઈએ, જે સમાજના અંતિમ પંક્તિએ બેઠેલા માણસ માટે આશા અને સન્માનનો પાયો પૂરું પાડે. તેમના માટે બંધારણ માત્ર સંવિધાનિક વ્યવસ્થાનો કાયદાકીય પથ ન હતો, તે એક નૈતિક દિશાસૂચક યંત્ર હતું. તેમણે ઘડેલા ભારતીય બંધારણમાં નાગરિક હકો અને નૈતિકતા વચ્ચેનો સૂત્રબંધ પ્રગટ થાય છે. તેમની દૃષ્ટિમાં બંધારણ એ માત્ર કાયદાનો દસ્તાવેજ નહોતો, પણ સમાજને નૈતિક આધાર આપતું વિઝન ડૉક્યુમેન્ટ હતો.

- **મૌલિક હકોની ગેરંટી :** ધારા ૧૪ થી ૩૨ સુધીની કલમો દરેક નાગરિકને ધર્મ, ભાષા, જાતિ, જાતિભેદ વિના સમાન હકો આપે છે. આ હકો માત્ર કાયદામાં નહિ, સમાજમાં વ્યવહારમાં પણ જીવંત બને તેવો તેમનો આશય હતો.
- **શોષિત વર્ગોની ભાગીદારી માટે અનામત :** તેઓ જાણતા હતા કે માત્ર કાનૂની સમાનતા જ પૂરતી નથી. અસમાન સામાજિક, ઐતિહાસિક પૃષ્ઠભૂમિ ધરાવતા વર્ગોને ઉદ્ધાર માટે સરકાર દ્વારા વિશિષ્ટ જોગવાઈ જરૂરી છે. તેથી શૈક્ષણિક, રોજગાર અને રાજકીય ક્ષેત્રે અનામતને બંધારણીય રક્ષણ આપ્યું હતું.
- **રાજ્યના ધ્યેયો :** ભાગ ૪ હેઠળ આવતી "રાજ્યના નીતિનિર્માણના નિર્દેશક તત્વો" (Directive Principles of State Policy) દ્વારા તેઓ એવું ભારત ઘડવા માંગતા હતા જયા ગરીબી દૂર થાય, શિક્ષણને સર્વસામાન્ય બનાવવું, જાતિભેદ અને લિંગભેદ નાબૂદ કરીને શશક્ત ભારતનું નિર્માણ કરવું, મજૂરવર્ગ માટે સમાન મજૂરી, આરોગ્ય અને સલામતી સુનિશ્ચિત કરવી.
- **આંબેડકરની દૃષ્ટિમાં બંધારણ :** "જ્યારે એક સમાજમાં રાજકીય સમાનતા હોય પણ સામાજિક અને આર્થિક અસમાનતા બની રહી હોય, ત્યારે એ રાજકીય સમાનતા એક ભ્રમ છે. બંધારણ એ હકીકતમાં આ ભ્રમને તોડી

વાસ્તવિકતામાં બદલવાનું સાધન છે.'' તેઓ કહેતા કે ભારતનું લોકશાહીભરેલું બંધારણ તદ્દન નિષ્પક્ષ હોવું જોઈએ, એવું કે જ્યાં બ્રાહ્મણ હોય કે વાલ્મીકી (ભંગી) બંને પોતાના હકો માટે સમાન અવાજ ઉઠાવી શકે અને ન્યાય મેળવી શકે.

- **આજના દૃષ્ટિકોણથી સંબંધ :** જ્યારે રાજકારણમાં ધ્રુવીકરણ, સમાજમાં બેફામ અસમાનતા અને ન્યાય માટે લાંબી રાહ જોવી પડે છે, ત્યારે આંબેડકરનો બંધારણશીલ વિચારવિસ્તાર આપણા માટે નવી દિશા આપે છે. આ ઘડતર માત્ર ઐતિહાસિક સિદ્ધિ નહિ, એક જીવંત સંકલ્પ છે, જે ભારતના આત્માને ન્યાય, સમાનતા અને ગુણવત્તાયુક્ત નાગરિકત્વ તરફ દોરી જાય છે.

જાતિવાદનો ભેદ ઊંડો અને ઉકેલ પણ તેટલો જ વ્યાપક ઊંડો રહેલો છે, જાતિવાદને આંબેડકરે ભારતના રાષ્ટ્રીય વિકાસમાં સૌથી મોટો અડચણકારક માન્યો હતો. તેમણે કહ્યું છે કે, "જાતિવ્યવસ્થા લોકો વચ્ચે વિશ્વાસનો અંત લાવે છે અને રાષ્ટ્રીયતા માટે ખતરો ઊભો કરે છે.'' આ માટે તેમણે ધાર્મિક નીતિ, શિક્ષણ, કાનૂની સુધારા અને જનચેતનાના માર્ગે ચાલવાનું સૂચન કર્યું હતું. આર્થિક ન્યાય સર્વાંગી વિકાસ માટેના માર્ગદર્શક વિચાર આપ્યો હતો, આંબેડકર અર્થતંત્રને માત્ર ઉત્પત્તિ અને વેચાણનું માધ્યમ માનતા ન હતા, પણ શ્રમનું સન્માન અને શોષણમુક્ત વ્યવસ્થા તરીકે જોતા હતા. તેમણે અર્થતંત્રમાં પછાત વર્ગો માટે સંવેદનશીલ અને સક્રિય હિસ્સેદારી જરૂરી ગણાવી હતી.

- ન્યાયયુક્ત આવક વિતરણ
- સામૂહિક ઉદ્યોગ અને સહકારી નીતિ
- ઔદ્યોગિક તાલીમ અને ટેક્નિકલ શિક્ષણ
- શ્રમના કાનૂનો
- અર્થતંત્રમાં નૈતિકતા અને ભાગીદારીનો સંકલ્પ ભરોભાર જોવા મળે છે.

ડૉ. આંબેડકરના શબ્દોમાં "શિક્ષણ એ વર્ગવિહીન સમાજ ઘડવાનું અદ્ભુત હથિયાર છે.'' તેઓ શિક્ષણને ક્રાંતિના મૂળ રૂપમાં જોયું હતું. તેમણે એવું માન્યું કે કોઈ પણ સમાજની મુક્તિ માટે પ્રથમ પગલું જ્ઞાન છે.

- પછાત વર્ગો માટે શિક્ષણમાં અનામત
- ઉચ્ચ શિક્ષણ માટે વિદેશી અભ્યાસવૃત્તિઓ

- વ્યાવસાયિક તાલીમ કેન્દ્રો
- જ્ઞાન અને વિજ્ઞાનના સંકલનથી સમાજનું ઉદ્ધાર કરવો

વૈશ્વિક દૃષ્ટિએ રાષ્ટ્રીય મુદ્દાઓને આંતરરાષ્ટ્રીય ચિંતનથી જોડવા, એ આંબેડકરનું રાષ્ટ્રીય વિઝન હતું, તેઓનું વિઝન ક્યારેય સંકુચિત નહોતું. UNO અને ILO જેવી સંસ્થાઓમાં ભારતના પ્રતિનિધિ તરીકે તેઓએ માનવાધિકાર, શ્રમહકો તેમજ શોષણવિરોધી નીતિઓ માટે મજબૂત વકીલાત કરી. તેમણે રાષ્ટ્રીય મુદ્દાઓને વૈશ્વિક પાયાની નૈતિકતા સાથે જોડ્યાં હતા. તેઓના ચિંતન સૂત્રો પણ આપણને ખુબ જ ઊંડો સંદેશ આપે છે, ડૉ. આંબેડકરનું રાષ્ટ્રીય ચિંતન એ નાગરિકોના અધિકાર અને નૈતિક ફરજના સંતુલનની વાત કરે છે. તેમણે ભારતને માત્ર આજ માટે નહીં, પણ આવનારી પેઢીઓ માટે ન્યાયપ્રધાન, સભ્ય અને જ્ઞાનમય રાષ્ટ્ર બનાવવા માટે વિચારીને દિશા આપી છે. તેમના વિચારો આજે પણ અનંત પ્રકાશરૂપ અને બંધારણશીલ ભારત માટે પથદર્શક છે. તેમણે જણાવ્યું ‘‘મારું કાર્ય માત્ર દસ્તાવેજ તૈયાર કરવાનું નથી, પણ એવા ન્યાયના માળખાને ઘડવાનું છે, જે ભવિષ્ય માટે ભારતને સમાનતાવાદી બનાવી શકે.’’ બંધારણના તત્વોમાં ડૉ. આંબેડકરની દૃષ્ટિ સ્પષ્ટપણે અનુભવી શકાય છે.

ડૉ. આંબેડકર બંધારણથી આગળ વધીને ભારતીય સમાજના ઢાંચાને ધમરોળનારા ધાર્મિક અને સામાજિક સંસ્કારો સુધી ગયા છે. ૧૯૫૧માં તેમણે હિંદૂ કોડ બિલ રજૂ કર્યું જે નારીમુક્તિ માટે ઐતિહાસિક કસોટી હતી. તે મુજબ તેઓ ઈચ્છતા હતા કે,

- સ્ત્રીઓને વારસામાં સમાન હક્ક મળે
- પુનર્વિવાહનો અધિકાર મળે
- સંતાન દત્તક લેવા જેવી ધાર્મિક મંજૂરી મળે

આના લીધે તેમને ભારે વિરોધ સહન કરવો પડ્યો. પણ આંબેડકરે તેમની રાહ બદલાવી નહિ. તેમણે મંત્રીપદનો ત્યાગ કરતાં જણાવ્યું કે ‘‘ન્યાય માટે હું મંત્રીપદની આહુતિ આપવા માટે પણ તૈયાર છું.’’ ડૉ. આંબેડકર માટે મુખ્ય ધ્યેય હતો કે, બંધારણ કોઈ શક્તિશાળી વર્ગ માટે કાયદાનું શસ્ત્ર ન રહે એ દરેક નાગરિક માટે ન્યાય, સન્માન અને સમાન હક્કોની ખાતરી આપે. તેમણે ભારતીય બંધારણને એવું દિશામાન દસ્તાવેજ બનાવ્યું, જેમાં શોષિત સમાજ માટે અવાજ હતો, નારી માટે હક્ક હતો, શ્રમજીવી માટે સુરક્ષા હતી. એમના મતે બંધારણ

એ ભવિષ્ય માટે સામાજિક સમાનતાનું વિઝન હતું. તેમનું લક્ષ્ય રાજકીય મંચ ઉભો કરવાનું ન હતું પણ માનવતાના મૂલ્યાંકનથી ભરેલું સમાજશાસ્ત્રીય રાષ્ટ્ર ઊભું કરવાનું હતું. ડૉ. આંબેડકરનું યોગદાન એ માત્ર સંવિધાન ઘડવાનું નહિ, પણ સમગ્ર સમાજને નીતિ, ન્યાય અને માનવતાની ભીત પર ઊભું કરવાનું યશસ્વી કાર્ય હતું. તેમણે ''કલમથી ક્રાંતિ'' ઘડી અને એ કલમ આજે પણ નાગરિકોને તેમના અધિકાર અને જવાબદારી બંનેની જાગૃતિ આપે છે. ''બંધારણ એ માત્ર રાજકીય દસ્તાવેજ નહિ, પણ એ દબાયેલા માનવીના સ્વર માટે ન્યાયપર્ણ ધ્વનિ છે.''

# ૩. માનવતાવાદથી રાષ્ટ્રની પ્રગતિ

"જ્યાં ન્યાય છે, ત્યાં માનવતા છે. જ્યાં માનવતા છે, ત્યાં સાચું રાષ્ટ્ર છે."

ડૉ. આંબેડકરનું સમગ્ર જીવન અને કાર્ય એ માનવતાવાદના ઉદ્દાત તત્ત્વોથી પ્રેરિત હતું. તેમનું માનવું હતું કે, કોઈપણ રાષ્ટ્રની સાચી પ્રગતિ એ ત્યારે શક્ય બને છે જ્યારે તે રાષ્ટ્રના નાગરિકો વચ્ચે માનવમુલ્યોના આધારે સંબંધો રચાય અને દરેક વ્યક્તિને સમાન હક, સન્માન અને અવકાશ મળે. તેમના માનવતાવાદી દ્રષ્ટિકોણે ભારતને માત્ર રાજકીય રીતે નહિ, પરંતુ નૈતિક અને સામાજિક રીતે પણ શક્તિશાળી બનાવવાનું સ્વપ્ન દર્શાવ્યું. રાષ્ટ્રની પ્રગતિ માત્ર ઔદ્યોગિક વિકાસ, નાણાકીય ઉન્નતિ કે સૈનિક શક્તિથી જ ન માપી શકાય, તે માનવીના સર્વાંગી વિકાસ અને સમાજમાં વ્યાપેલી કરુણા, ન્યાય અને સમાનતાની ભાવના દ્વારા નિર્મિત થાય છે. ભારતના સંવેદનશીલ વિચારક અને રાષ્ટ્રીય પથદર્શક ડૉ. આંબેડકરે દેશને એવી જ દિશા આપી, જ્યાં માનવતાવાદ એ વિકાસનો મર્મ છે અને ન્યાય એ તેનો શ્વાસ છે.

સમાજનું ધ્યેય એ છે કે, જેમાં દરેક મનુષ્યને સ્વતંત્રતા, સ્વાભિમાન અને દયામુક્ત જીવનની શરતો પ્રાપ્ત થાય. તેમને લાગતું કે ભેદભાવ અને શોષણવાળી રચનાઓમાં માનવતાનું અસ્તિત્વ સંભવ નથી. તેઓએ કહ્યું હતું કે, "જો તમે માનવતા ગુમાવો છો તો દરેક વસ્તુ ગુમાવી બેસો છો." તેમનો માનવતાવાદ 'એકતા, બંધુતા અને સમાનતા'ના મજબૂત સ્તંભો પર આધારિત હતો. તેઓ પીડિતો માટે નહીં, પરંતુ સમગ્ર માનવજાતિ માટે સ્વતંત્રતા અને સન્માનના અધિકાર માંગતા હતા.

ડૉ. આંબેડકરે જે બંધારણ ઘડ્યું તેમાં રાજકીય સ્વતંત્રતા પૂરતી ન હતી, તેમાં સામાજિક અને આર્થિક ન્યાયના સિદ્ધાંતો પણ અંતરનિહિત હતા. તેઓએ હકારાત્મક પગલાંના રૂપમાં અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓ તેમજ શોષિત વર્ગોને શૈક્ષણિક, રોજગાર અને રાજકીય ક્ષેત્રે અનામતની વાત કરી. તેમનું માનવતાવાદ કાર્યપ્રવૃત્ત ન્યાયમાં પરિણમ્યું. તેમના માટે રાષ્ટ્ર એક સજીવ સંસ્થા હતી, તે જેટલું મજબૂત હશે, તેટલો તેનો અંતિમ નાગરિક મજબૂત હશે. તેમણે 'અંતિમ પંક્તિના વ્યક્તિ'નું કલ્યાણ રાષ્ટ્રપ્રેમના કેન્દ્રીય મૂલ્ય તરીકે સ્વીકાર્યું હતું.

તેમનો મજબૂત વિશ્વાસ હતો કે શિક્ષણ છે જે પછાતને ઉન્નત બનાવી શકે છે. શિક્ષણને તેમણે માનવમૂલ્યના પ્રગટ (સ્વયં બ્રહ્મ) સ્વરૂપ તરીકે જોયું અને તેનું મહત્વ માત્ર રોજગાર માટે નહીં પણ આત્મમૂલ્યાંકન અને સામૂહિક ઉદ્ધાર માટે પણ ગણાવ્યું હતું. કોઈ ભાવનાત્મક અભ્યાસ નહીં, પણ કાર્યક્ષમ, સંઘર્ષમય અને વિચારેલી વાત હતી. તેમના માટે વિકાસનો અર્થ એ હતો જે સમાજના અંતિમ નાગરિક સુધી પહોંચે. તેમણે સંસદમાં કે સંઘર્ષના મેદાનમાં બંને જગ્યાએ એક જ વાત કહીઃ ''રાષ્ટ્ર એ નકશો નથી, રાષ્ટ્ર એ મનુષ્યોથી બને છે અને જે રાષ્ટ્રના મનુષ્યને ન્યાય મળતો નથી, એ રાષ્ટ્રને ક્યારેય ન્યાય ન મળ્યો હોય.'' આજના સમયમાં જ્યારે આપણે ભવિષ્યના ભારતની કલ્પના કરીએ છીએ, ત્યારે ડૉ. આંબેડકરના માનવતાવાદી વિઝનને કેન્દ્રમાં રાખીને સમાજ અને રાજ્યની રચના કરીએ તો જ સમાનતા, બંધુતા અને ન્યાય પર આધારિત ભારત રળિયામણું અને શક્તિશાળી બની શકે.

ડૉ. આંબેડકરની સોચ હતી કે, ''માણસે માણસ બનવું પડે, ત્યાંથી જ સાચી માનવતા જન્મે છે.'' ભારતના મહામાનવ ડૉ આંબેડકરનું જીવન માત્ર સંઘર્ષોનો પરિચય નથી, પણ માનવતાની ઉચ્ચતમ મૂલ્યો તરફ ઉદ્‌ગમ પામતી એક જીવંત ગાથા છે. જ્યાં એક એક પુષ્પ પર સંપૂર્ણ સદીની વેદના પડેલી હોય, ત્યાંથી સંવેદનાનો શ્રેષ્ઠ પ્રકાશ ફૂટે, એ જ પ્રકાશના સ્તંભ તરીકે બાબાસાહેબ આજે પણ ઊભા છે. માનવતાનું અર્થઘટન કરવું હોય, તો તેમની નજરથી જ કરવું પડે. જાતિ, ધર્મ અને સમાજના ભેદભાવથી વેરવિખેર થયેલ ભારતભૂમિને તેમણે વૈજ્ઞાનિક દૃષ્ટિ, સંવિધાનિક ન્યાય અને માનવમૂલ્યોથી નવી દિશા આપી. તેમણે લખેલું બંધારણ માત્ર એક કાનૂની દસ્તાવેજ નથી; તે માનવતાના સિદ્ધાંતોનો પથદર્શક ગ્રંથ છે, જ્યાં પુરુષ હોય કે સ્ત્રી, શ્રમજીવી હોય કે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, દરેકના અધિકારોને સમાન પ્રતિષ્ઠા અપાય છે. આજે પણ સમાજમાં જ્ઞાતિવાદ, અન્યાય અને સામાજિક ભેદભાવ દેખાય છે. શિક્ષણ, રોજગાર, ધર્મ અને સ્ત્રી અધિકાર જેવી અનેક બાબતોમાં સમાજમાં અસમાનતા ઘૂસેલી છે. ત્યારે ડૉ. આંબેડકરનો સંદેશ વધુ સમકાલીન લાગે છે. ''માણસે માણસ બનવું પડે'' એ કોઈ સાધારણ ઉપદેશ નહોતો, તે માનવીય રૂપાંતરનો સંકેત હતો.

ન્યાય, સમાનતા અને સહઅસ્તિત્વનો લય ભારતનું બંધારણ આપે છે, તે માત્ર કાનૂની દસ્તાવેજ નથી; એ રાષ્ટ્રના જીવંત આત્માનો અવાજ છે, જ્યાં

ન્યાય એ શ્વાસ છે, સમાનતા એ ધબકાર છે અને સહઅસ્તિત્વ એ અંતરંગ લય છે. ડૉ. આંબેડકર દ્વારા ઘડાયેલ આ મહાગ્રંથ એ આધુનિક ભારતની નૈતિક અને વૈજ્ઞાનિક ધારણાઓનું વિમર્શલય છે. એમાં માનવતાના એવાં મૂળ તત્વો શામેલ છે કે જે રાષ્ટ્રને માત્ર રાષ્ટ્ર નહીં પણ સંસ્કૃતિ અને સભ્યતાનું પ્રમાણપત્ર આપે છે. ન્યાય રાષ્ટ્રની નસનસમાં વહેતી ધારા છે, ન્યાય એ બંધારણના મૂળ ચતુષ્કોણનો પ્રથમ તત્વ છે. પરંતુ ન્યાય ફક્ત કોર્ટ રૂમ સુધી જ સીમિત ન હોવો જોઈએ, એ ગરીબ માણસની ખાલી થેલીમાં પણ એવી જ આશા અને સંતોષ પેદા કરવો જોઈએ. ડૉ. આંબેડકર માટે ન્યાય એ માત્ર કાનૂની મુદ્દો નહિ, પણ સમાજ વ્યવસ્થાનું અંતર્ગત સ્વરૂપ હતું. તેઓએ જણાવ્યું હતું કે જ્યાં સુધી સમાજમાં ન્યાય નથી, ત્યાં સુધી વિકાસ કમજોર છે અને લોકશાહી અધૂરી છે.

સમાનતા એ સમૃદ્ધ ભારતની મૂળભૂત શરત છે, ભારતના બંધારણમાં દર્શાવેલી સમાનતા એ માત્ર લાયકાતની નહિ પણ માનવતાની પણ સમાનતા છે. જન્મના આધારે કરવામાં આવતી ભૂમિકા વહેંચણીને અસ્વીકારતી અને દરેક નાગરિકને એક સમાન સંવૈધાનિક અવકાશ આપતી ભાવના એ ભારતની સૌથી મોટી સાંસ્કૃતિક ક્રાંતિ છે. સમાનતા એ છે જ્યાં સ્ત્રી કે પુરુષ, દલિત કે બ્રાહ્મણ, હિંદૂ કે મુસલમાન સૌ કોઈને મનુષ્ય તરીકે સમાન માન મળવું જોઈએ. સહઅસ્તિત્વ વૈવિધ્યભર્યા ભારતની હાર્મોની છે, સહઅસ્તિત્વ એ છે જ્યાં મતભેદ હોવા છતાં શ્રદ્ધા હોય. ભારતની અંદર રહેલી વિવિધ ભાષાઓ, સંસ્કૃતિઓ, ધર્મો અને જાતિઓ વચ્ચે સહઅસ્તિત્વ એ રાષ્ટ્રની સૌથી મોટી સફળતા છે. બંધારણ એ સિદ્ધાંતોથી ભરપુર છે, જ્યાં દરેક તંત્ર સહકારથી કાર્ય કરે, વિરુદ્ધ ના રહે. ડૉ. આંબેડકરનો દૃષ્ટિકોણ વૈજ્ઞાનિક અને નૈતિક ન્યાયશાસ્ત્રીનો હતો, ડૉ. આંબેડકર એ માત્ર બંધારણ રચયિતા નહીં, પણ ન્યાયશાસ્ત્રના સંગીતકાર હતા. જેમ સંગીતમાં દરેક નોટ મહત્ત્વની હોય છે, એમ તેમને લાગતું હતું કે બંધારણની દરેક કલમ રાષ્ટ્રના અંતિમ નાગરિક સુધી પહોંચે તેવી હોવી જોઈએ. તેઓએ રાજ્યઘટનાની પદ્ધતિને પીઠબળ પૂરું પાડતી મૌલિક હક્કોની રચના કરી, જેમ કે સમાનતાનો હક, અભિવ્યક્તિની સ્વતંત્રતા, ધર્મપાલનની મુક્તિ વગેરે.

આજના સમયમાં જ્યારે બંધારણના મૂલ્યો સામે વારંવાર પડકાર ઉભા થાય છે, ભેદભાવ, ધ્રુવીકરણ અને નફરતના પડછાયામાં ઊંડા ઘાઉ થવા લાગ્યા છે, ત્યારે બંધારણને માત્ર વાંચવું નહિ, પણ જીવનમાં ઉતારવું જરૂરી બની

ગયું છે. ડૉ. આંબેડકરે જણાવ્યું હતું, ‘‘જ્યાં સુધી રાજકીય સમાનતા સાથે સામાજિક અને આર્થિક અસમાનતા રહેશે, ત્યાં સુધી બંધારણ એક કાગળની કવાયત બની રહેશે.’’ તેમના માટે બંધારણ એ ઐતિહાસિક દસ્તાવેજ નહોતું, એ તો સંવેદનશીલ, સામાજિક અને વ્યાવહારિક ન્યાય માટેનો પડકાર હતો. બંધારણ એટલે સમૂહ જીવનનું સંગીત છે, આજે જ્યારે આપણે ‘‘અમૃતકાલ’’ તરફ આગળ વધી રહ્યા છીએ, ત્યારે એ મહત્ત્વપૂર્ણ છે કે, આપણે આપણા બંધારણને માત્ર કાયદાના પુસ્તક તરીકે નહિ, પણ સમૂહ જીવનના સંગીત તરીકે સમજી શકીએ. એમાં ન્યાય છે, જે અસહાયને ધૈર્ય આપે છે, એમાં સમાનતા છે, જે સંઘર્ષને અભિવાદન આપે છે અને એમાં સહઅસ્તિત્વ છે, જે ભિન્નતાને ભવ્યતામાં ફેરવે છે. ડૉ. આંબેડકરનું દ્રષ્ટિવલય અહીં જીવંત થઈ ઊભું છે, જ્યાં ધ્વનિ નથી, પણ લય છે. બંધારણ એ છે જ્યાં રાષ્ટ્રના સૌથી નિમ્ન નાગરિકને પણ અવાજ કરવાની છૂટ આપે છે અને એ અવાજ જ માનવતાની સૌથી ઊંચી ગૂંજ છે.

ડૉ. આંબેડકરે ભારતની સ્ત્રીઓ માટે એક નવી દિશા સુચવી. તેમણે સ્ત્રીને માત્ર ઘરના પરિસરમાં નહીં, પરંતુ રાષ્ટ્રીય આંદોલનમાં, કાયદાકીય હક્કોમાં અને સમાજ વ્યવસ્થામાં પ્રમાણભૂત સ્થાન આપવાની બાબતમાં આગેવાની લીધી. હિન્દૂ કોડ બિલ દ્વારા તેમણે વિવાહ, વારસા, સંપત્તિ અને પરિવાર સંસ્થામાં સ્ત્રીને સમાન અધિકાર આપવાના પ્રયાસ કર્યા. તેમના મતે, સ્ત્રી મુક્તિ એ સમગ્ર સમાજની મુક્તિ છે. સ્ત્રીના હક્કોનું રક્ષણ એટલે આધુનિકતાની મર્યાદાનું પાલન. તેમનો વિશેષ ભાર હતો કે, સ્ત્રી પણ સમાજની સમાન સાથી છે. તેને શિક્ષણ, સ્વાવલંબનનો અધિકાર, આત્મસન્માન અને અધિકારપ્રાપ્ત જીવન માટે તૈયાર કરવી એ રાષ્ટ્રની નૈતિક જવાબદારી છે. આજના સમયમાં તેમની વિચારધારાની તાત્કાલિકતા એટલે જરૂરી છે કે ૨૧મી સદીમાં, જ્યારે ભૌતિક વિકાસની સાથે અસમાનતા, હિંસા અને ધાર્મિક ધ્રુવીકરણ પણ વધી રહ્યા છે, ત્યારે ડૉ. આંબેડકરના માનવતાવાદી વિચારો વધુ જરૂરી બને છે. આજે જ્યારે લોકો જાતિ, ધર્મ, લિંગ કે પેઢી આધારિત ભેદભાવથી પીડાઈ રહ્યા છે, ત્યારે તેમની દૃષ્ટિ આપણા માટે ચેતનાનું દિપ્તિમાન કિરણ બની ઊભી થાય છે. તેમનો આ વિચાર ‘‘જ્યાં સુધી સમાજમાં ઊંચ-નીચ છે, ત્યાં સુધી લોકશાહી માત્ર ઔપચારિક રહેશે’’ આજે પણ એટલો જ સાર્થક છે. ભારત જેવા વિવિધતાભર્યા રાષ્ટ્ર માટે માનવતાવાદ એક

અવિભાજ્ય આધાર બનાવવો છે. અર્થશાસ્ત્ર માત્ર આંકડાકીય વિશ્લેષણ અથવા નીતિપ્રસ્તાવ નહોતો, પરંતુ એક વ્યાપક માનવવાદી દૃષ્ટિથી સમૃદ્ધ વિચારધારા હતી. તેમનું આર્થિક વિઝન એ હતું કે વિકાસનું કોઈપણ મોડેલ તદ્દન સર્વસમાવેશક હોવું જોઈએ, જ્યાં સમાજના પછાત, દલિત, શ્રમિક અને મહિલાઓના હિતો કેન્દ્રમાં હોય. તેઓ અર્થતંત્રમાં ન્યાય લાવવાના હિમાયતી હતા, જે નફાખોરી કે પૂંજીવાદી શોષણથી પર હોય.

આધુનિક નાણાકીય નીતિના શિલ્પકારે ૧૯૨૩માં રજૂ કરેલું પુસ્તક, “The Problem of the Rupee : Its Origin and Its Solution” આજે પણ આર્થિક વિચારવિમર્શમાં અગ્રગણ્ય છે. તેમણે ભારતમાં સ્થિર નાણાકીય વ્યવસ્થાની પ્રાથમિકતા નક્કી કરી અને ‘‘મુદ્રાની સ્થિરતા અને વ્યવસ્થિત જથ્થો’’ જાળવવા માટે સંસ્થાકીય વ્યવસ્થા ઊભી કરવાની વાત કરી. તેમના આગ્રહથી રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયા (૧૯૩૫)ની સ્થાપનાની ઔપચારિક પ્રક્રિયા શરૂ થઈ, જેનો ડ્રાફ્ટ તેમના સૂચનો પરથી તૈયાર થયો હતો.

ભારતનો ખરો વિકાસ કૃષિ અને જમીન મુદ્દાઓના ન્યાયસભર ઉકેલમાં હતો. તેમણે Small Holdings in India and Their Remedies નામના સંશોધનપત્રમાં દર્શાવ્યું હતું કે, દેશની બહુમતી કૃષિ પર આધારિત છે અને જમીન પરના હક્ક, ખેતમજૂરોની સ્થિતિ અને પશ્ચિમી ઉદ્યોગમંડળોની પાર્શ્વે રહેલા પછાત વર્ગો માટે નીતિગત ન્યાય ફરજિયાત હોવો જોઈએ. તેઓ કૃષિ રાષ્ટ્રીયકરણના પ્રબળ હિમાયતી હતા, જેથી જમીનના હક્કમાં સમાનતા આવે અને ખેતી વ્યવસાય વધુ ન્યાયી બને. ડૉ. આંબેડકરે ૧૯૪૭માં પોતાની States and Minorities, નામની દસ્તાવેજીકૃત સૂચનાવાળી યાદીમાં ‘‘રાજ્ય સમાજવાદ’’નું વિઝન રજૂ કર્યું હતું, જેમાં પંચવર્ષીય યોજના આવ્યા પહેલાં સમાજવાદી વિકાસની વાત કરવામાં આવી. તેમણે જાહેર ક્ષેત્ર દ્વારા પેદાશના મુખ્ય સાધનો ખનિજ, કૃષિ, જળસંચય, ઉદ્યોગ વગેરે રાજ્યના નિયંત્રણ હેઠળ લાવવા અને સમાજના તમામ વર્ગોના હિત માટે ઉપયોગ કરવાની ભલામણ કરી. તેઓ માનતા હતા કે ખાનગી મૂડી ગરીબોની ગરીબી નહીં હટાવે, પરંતુ રાજ્યમાર્ગે થતી સમૃદ્ધિ જ લોકોને સાચો અવસર આપી શકે. ડો આંબેડકરે નિરંતર આહવાન કર્યું કે, દલિત અને પછાત વર્ગોને માત્ર વેતનભોગી નોકરી સુધી મર્યાદિત ન રાખવામાં આવે, પરંતુ તેમને ઉદ્યોગસાહસિકતામાં પ્રવૃત્ત થવા માટે

નાણાકીય સહાય, તાલીમ અને નીતિગત પ્રોત્સાહન મળે. આ વિચાર ૨૧મી સદીમાં હજી ઘણું કરવાનું બાકી છે.

તેમની દૃષ્ટિમાં સમૃદ્ધિનું અર્થઘટન ફક્ત GDP વધારામાં નહિ, પરંતુ સમાજના તમામ વર્ગોને તેમાં સહભાગી બનાવવા અને શ્રમના ગૌરવને સ્થાપિત કરવાનો હતો. તેઓ માનતા હતા કે, શ્રમ વિનાની સંપત્તિ અનૈતિક છે અને શ્રમિક હિતને ઔદ્યોગિક નીતિમાં મુખ્ય સ્થાન મળવું જોઈએ. તેમણે શ્રમિકો માટે ઓછી કામગીરીના કલાકો, પગાર સુરક્ષા અને સ્ત્રીઓ માટે માતૃત્વ લાભની ભલામણ પણ આપી હતી. ડૉ. આંબેડકરનું આર્થિક વિઝન કોઈ એક વર્ગ કે દલિત સમુદાય માટે જ નહોતું, તે ભવિષ્યના ભારત માટે ન્યાયયુક્ત, અર્થસભર અને સમાનતાવાદી વિકાસનું દિશાદર્શન હતું. આજે જ્યારે અર્થતંત્રની નીતિઓ મહામંદી, બેરોજગારી, ખેડૂતોની આત્મહત્યાઓ અને શહેર-ગામ અંતરના પડકારોથી ઝઝૂમી રહી છે, ત્યારે ડૉ. આંબેડકરનો આર્થિક વિચાર આપણા માટે નવી દિશા પ્રગટાવે છે. તેમણે જે ન્યાયસૂત્ર આપ્યું હતું, ''વિકાસ એ ત્યાં સુધી અધૂરો છે જ્યાં સુધી સમાજનો અંતિમ નાગરિક તેમાં ભાગીદાર ન બને'' એ આપણા માટે આજે પણ સંપૂર્ણ માર્ગદર્શક છે.

# ૪. "માનવતાની મૂર્તિ" ડૉ. આંબેડકર

"રાજકીય સ્વતંત્રતા જેટલી મહત્ત્વપૂર્ણ નથી જેટલું સામાજિક અને આર્થિક ન્યાય."

આજના સંદર્ભમાં અવનવી ચિંતાઓ અને આધુનિકતાના પડછાયામાં પણ ડૉ. આંબેડકરના વિચારો આજે પણ એટલાં જ તાજા છે, કારણ કે ભારતે ભલે આત્મનિર્ભરતા, ફાઈવ ટ્રિલિયન (5T) ઈકોનોમી વાત હોય, છતાં કરોડો લોકો હજુ સુધી વાસ્તવમાં 'ન્યાયપુર્ણ સ્વતંત્રતા' નો સ્વાદ નથી માણી શક્યા. આજે જ્યારે ભારત ૨૧મી સદીમાં વિશ્વસ્તરે પોતાના વિકાસના દાવા સાથે આગળ વધી રહ્યું છે, ત્યારે એક ખૂબ જ આધુનિક અને સ્પષ્ટ પ્રશ્ન ઊભો થાય છે, "શું આ વિકાસ સમાનતાવાદી છે?" ડૉ. આંબેડકરે સ્પષ્ટપણે કહ્યું હતું કેઃ "જ્યા સુધી નાગરિકના મગજમાંથી અસ્પૃશ્યતા દૂર નહીં થાય, ત્યાં સુધી એ રાષ્ટ્રને સક્રિય રીતે વિકસિત કે ન્યાયસભર નહીં બનાવી શકાય." વિકાસશીલમાંથી વિકસિત ભારત બનવાનો માર્ગ એ માત્ર જીડીપીના આંકડાઓથી નક્કી થતો નથી, પણ સમાજના અંતિમ નાગરિક સુધી ન્યાય, સન્માન અને અવકાશ પહોંચે છે કે નહીં એ પરથી નક્કી થાય છે. આજના સમયમાં, આઝાદીના ૭૮ વર્ષ પછી પણ રાજકીય સ્તરે દલિત, આદિવાસી અને પછાત વર્ગો માટે અનામત જરૂરી છે. ડૉ. આંબેડકરે અનુમાનિત કર્યું હતું કે, જ્યારે બંધારણની જોગવાઈ ઓછી થશે, ત્યારે સામાજિક ભેદભાવ પાછો ચહેરો દેખાડશે અને એ થયું પણ છે. ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં આજે પણ દલિત વિધાર્થીઓને Ph.D. માર્ગદર્શક મળવામાં વિલંબ, તિરસ્કાર કે અવગણના મળે છે. ઉદ્યોગસાહસિકોના મૌલિક અધિકારોને બેંકોના બહાના, ઋણ આપવાના નકારાત્મક જવાબ ચારે દિશામાંથી જોવા મળે છે, તે પણ સામાજિક શંકાઓ દ્વારા અને જ્ઞાતિવાદથી કરવામાં આવે છે. અસ્પૃશ્યતાની માનસિકતા આજે "Merit" ના નામે નવી શૈલીમાં આગળ વધી રહી છે.

રાષ્ટ્રીય ભાવના એ માનવમૂલ્યોનો પાયો છે. આંબેડકર માનતા હતા કે, "રાષ્ટ્રીય ભાવના એ માત્ર દેશપ્રેમ નથી, પણ દરેક નાગરિકમાં અન્ય માટે માનવતા, બોધ અને સહભાગીતા ઉભી કરવી છે." તેમના જીવનની ગરીબી, ગંગાધરના અવસાન સમયે મૃત્યુદેહને ઢાંકવા માટે નવા કપડાંના અભાવે પત્ની રમાબાઈની સાડીમાંથી કાપેલ ટૂકડો, એ વાત આજે પણ કહે છે કે, "વિશ્વના

શ્રેષ્ઠ બંધારણના ઘડવૈયા પણ વ્યક્તિગત સ્તરે કેટલાં મોટા ત્યાગમાંથી પસાર થયા હતા.'' તેમ છતાં આ બંધારણકારે પોતાનું આત્મસન્માન કદી ગુમાવ્યું નહીં, ''ક્યારેય બિક્યા નહીં અને ક્યારેય ઝુક્યા નહીં.'' આજે જ્યારે સમગ્ર વિશ્વ સામાજિક ન્યાયના નવા માપદંડ શોધી રહ્યું છે, ત્યારે ડૉ. આંબેડકરના વિચારો નવી ઊર્જા આપે છેઃ ''અસ્પૃશ્ય સમુદાયના ઉત્થાન માટે પુરુષાર્થ કરવો એ રાષ્ટ્રસેવાની શ્રેષ્ઠ પરિભાષા છે.'' (જનતા સામયિક, ૧૫ જૂન, ૧૯૩૨) એટલે આજે રાજકીય, શૈક્ષણિક અને આર્થિક સ્તરે સાચો ન્યાય લાવવા માટે નીતિગત સંકલ્પ જરૂરી છે, એવી નીતિઓ જે માત્ર તાપમાન જ ન ચકાસે, પણ તાત્કાલિક સામાજિક મૈત્રીના સાધન બને એ જરૂરી છે.

આ દાવાઓની સામે આજે પણ પ્રશ્ન ઊભો થાય છે, આપણે સ્વતંત્રતા પ્રાપ્ત કરી, પરંતુ ''સમાન અવકાશ'' હજી સાવ અપૂર્ણ છે. ''મનથી અસ્પૃશ્યતા'' હજુ ગાઢ છે. ''વિકસિત ભારત'' એ રીતે જ શક્ય છે કે જ્યાં દરેક વ્યક્તિની શકિત, મેરીટ અને વિચાર દેશની સુખાકારીમાં વપરાય, ભેદભાવ વગર ન્યાય મળે. આપણે ડૉ. આંબેડકરનું શ્રેષ્ઠ બંધારણ મેળવ્યું છે. હવે એના જીવંત અમલ માટે આપણું સભાન થવું જરૂરી છે. ''ન્યાય વિનાનું રાષ્ટ્ર ખોખલું હોય છે.'' એ કહેવત આજે પણ તદ્દન યોગ્ય છે. ''સાચુ રાષ્ટ્ર નિર્માણ એ છે, જ્યાં એક ગરીબ બાળકી પણ રાજ્યના નકશા ઘડી શકે અને ભારતના ભાવિ માટે અવાજ ઊઠાવી શકે.'' ''માત્ર તાત્કાલિક વિકાસ નહીં, માનવમૂલ્ય આધારિત સમાનતા'' એ જ ભારતનું સચોટ ભવિષ્ય છે. ''ગરીબીથી ઝૂકવાનું નથી, ન્યાય માટે ઊભા રહેવાનું છે, એ જ રાષ્ટ્રની સાચી સેવા છે.''

ડૉ આંબેડકરનું જીવન અને વિચારધારા ધર્મ અને અધ્યાત્મના મામલામાં એક નવો પરિપ્રેક્ષ્ય આપે છે. તેમણે ધર્મને કાયમી મૂલ્યોના વ્યવહારૂ અભ્યાસ તરીકે જોયો, ન કે માત્ર પરંપરાગત કર્મકાંડી વ્યવસ્થાનું અનુસરણ. તેમની દૃષ્ટિમાં ધર્મ એટલે માનવમૂલ્યોને વ્યવસ્થિત કરતું નૈતિક ચિંતન, જેમાં સર્વજ્ઞાતિના લોકોને સમાનતા, ન્યાય અને સ્વાભિમાન મળે. તેઓ માટે ધર્મ કોઈ અલૌકિક ભયથી શાસિત માન્યતાઓ નહીં, પણ માનવીની મુક્તિ અને ઉદ્ધાર માટેનું આધ્યાત્મિક અને સમાજનાયક તત્વ હતું. તેમનું માનવું હતું કે, ધર્મનો પાયો નૈતિકતા પર હોવો જોઈએ. ધર્મ એવા જીવનમૂલ્યોને સ્થિર કરે, જે વ્યક્તિને અન્યના દુઃખ

અને અસ્મિતાની અનુભૂતિ કરાવે. તેઓ કહેતા, "ધર્મ જ ન્યાય આપે, સમાનતા આપે અને માણસને માણસ બનાવે છે. જે ધર્મ આ દેતો નથી, એ ધર્મ નથી, તે દુશ્મન છે." તેમના માટે નૈતિકતાએ આધ્યાત્મિક વિકાસની પાયાની ઈંટ હતી, કોઈ દેવમૂર્તિની આરાધના કરતા પણ વધુ મહત્વની હતી. બુદ્ધ ધર્મ તરફ વળવાનો અર્થ આધ્યાત્મિક વિમુક્તિનો માર્ગ હતો, ધર્મ અને નૈતિકતા - આધ્યાત્મિક માનવતાવાદને ડૉ આંબેડકરનો ધર્મવિધાન માત્ર આધ્યાત્મિક નહીં, પણ નૈતિક આધાર પર ઊભેલો હતો. જે જ્ઞાન, દયાળુતા અને સામ્યના સિદ્ધાંતો પર નિર્મિત છે. તેમને લાગતું કે સાચો ધર્મ એ છે જે શોષણના સામ્રાજ્યને પડકારે અને સર્વજનને સુખી બનાવે. તેઓ માટે ધર્મ એ વ્યક્તિગત મુક્તિની સાથે સામૂહિક ઉદ્ધારની યાત્રા હતી. આજના સમયમાં જ્યારે ભૌતિક વિકાસની સાથે અસમાનતા, હિંસા અને ધાર્મિક ધ્રુવીકરણ પણ વધી રહ્યા છે, ત્યારે ડૉ. આંબેડકરના માનવતાવાદી વિચારો વધુ જરૂરી બને છે. ભારત જેવા વિવિધતાભર્યા રાષ્ટ્ર માટે માનવતાવાદ એક અવિભાજ્ય આધાર છે.

નાગપુરનો ઈતિહાસ રચતો દિવસ ૧૪ ઓક્ટોબર, ૧૯૫૬ નાગપુરની પવિત્ર ધરતી પર ૪ લાખથી વધુ અનુયાયીઓ સાથે તેઓએ બૌદ્ધ ધર્મનો સ્વીકાર કર્યો. ત્યાં તેમણે ૨૨ પ્રતિજ્ઞાઓ લઈ અસ્પૃશ્યતાને એક તાર્કિક અને આધ્યાત્મિક વિદાય આપી અને નવબૌદ્ધ ચળવળની શરૂઆત કરી. આ આધ્યાત્મિક ક્રાંતિનું મહત્ત્વ આ ધાર્મિક પરિવર્તન માત્ર ધર્મબદલી નહોતું, તે એક "આત્મમર્યાદાનું પુનર્નિર્માણ" હતું. જ્યાં એક જાતિદુરાચારથી વંચિત સમાજે પોતાનું ઈજ્જતભર્યું માનવીય સ્થાન પાછું મેળવ્યું. ડૉ. આંબેડકરે ધાર્મિક પરિવર્તન દ્વારા એ બતાવ્યું કે મુક્તિ કેવળ રાજકીય અને આર્થિક હોવી પૂરતી નથી. આધ્યાત્મિક અને માનસિક મુક્તિ વિના પૂર્ણ માનવમુક્તિ અશક્ય છે. અત્યંત નૈતિક અને સાદા જીવનધોરણ ધરાવતા નેતા ડૉ. આંબેડકરનું જીવન સાર્વજનિક જીવનમાં "વૈભવી જીવનશૈલી અને સત્તાખોર વલણો સામે અડગ ઊભેલા નૈતિક પ્રતિબદ્ધતાનું દ્રષ્ટાંત છે. આજે દેશની ધરતી પર એક તરફ લક્ઝરી ગાડીઓની વૈભવીકતા છે, તો બીજી તરફ લાખો લોકો ને કૂવા અને કૂંપન પર આધાર રાખીને જીવન ચલાવવું પડે છે, આ વિકાસની વિરોધાભાસી વાસ્તવિકતા છે. આ નિર્ણય માત્ર ધાર્મિક રૂપાંતર નહોતો, પણ એવું આધ્યાત્મિક વિમોચન હતું, જે સમાજના શોષિત વર્ગને

નવી ઓળખ, આધાર અને આત્મવિશ્વાસ આપતું હતું. બૌદ્ધ ધર્મની ચતુરાર્ય સત્ય, અષ્ટાંગિક માર્ગ, અહિંસા અને અનુપેધ આ બધામાં તેઓને એક નવો માનવધર્મ દેખાયો. તેમણે ૨૨ પ્રતિજ્ઞાઓ દ્વારા જીવનમાંથી બ્રાહ્મણવાદ, અંધશ્રદ્ધા, ભેદભાવ અને હિન્દુ શ્રેણી પ્રણાલીનો પરિત્યાગ કર્યો. આ બધું માત્ર વિચારપૂર્વક નહિ, પણ ઐતિહાસિક રીતે પાયા ધરાવતું આધ્યાત્મિક વિમર્શ હતું. અધ્યાત્મનો અર્થ આધુનિક આત્મસંવાદ આંબેડકર માટે અધ્યાત્મ એ ક્યારેય લોક વિમુખ પ્રવૃત્તિ ન હતી. તેઓ માનતા હતા કે અધ્યાત્મ એ જાતિ, લિંગ કે ધર્મથી પર રહેતી એવી આંતરિક જગૃતિ છે જે માણસને સભાન, સમજદાર અને સમાજમાં પોતાની ભુમિકા અંગે જવાબદાર બનાવે છે. તેમણે આધ્યાત્મને બુદ્ધિપ્રેરિત, સંવેદનશીલ અને વૈજ્ઞાનિક ચેતનાથી જડેલું માન્યું. તે માટે તેમણે અનેક વખત ધર્મનાં આધુનિકીકરણની માંગ ઉઠાવી. તેમના માટે ઈશ્વર કોઈ સ્વરૂપ નહીં, પણ સત્ય, દયા, ન્યાય અને મિતવૃત્તિત્વ જેવા ગુણધર્મોથી બનેલો અભ્યાસ હતો.

ડૉ. આંબેડકરે માત્ર ભારતમાં જ નહીં, પણ વૈશ્વિક સ્તરે પણ ધર્મવિચારના ક્ષેત્રમાં પોતાનું મહત્વ પ્રતિષ્ઠિત કર્યું. તેઓને વિશ્વધર્મોની તુલનાત્મક સમીક્ષા કરીને સમજાયું કે, બૌદ્ધ ધર્મ માનવીને આત્મશોધ અને સમાનતાનું પ્રેરક માર્ગ દર્શાવે છે. તેઓ જણાવી ગયા કે ધર્મ કોઈ એક વર્ગનું શસ્ત્ર બનવું જોઈએ નહિ, પણ સમાજમાં સૌના હિત માટે હોઈ શકે એવો દૃષ્ટિબિંદુ હોવો જોઈએ. ડૉ. આંબેડકરનું ધર્મવિજન એ માનવીના સ્વના ઉચ્ચતમ રૂપનું પ્રતિબિંબ હતું. તેમણે દર્શાવ્યું કે જ્યાં ધર્મ ભેદભાવ પેદા કરે છે ત્યાં સમાજ તૂટે છે. અને જ્યાં ધર્મ દયા, ન્યાય, સમાનતા અને બુદ્ધિ માટે માર્ગ બનાવે છે ત્યાં માનવીય સમાજ ઊંચા સ્તરે ઊઠે છે. તેમનો અધ્યાત્મ ન વેદોની શક્તિથી, ન મંદિરોની ભવ્યતા પરથી ઓળખાયો, પણ ધૂળ ખાધેલી દલિત બસ્તીઓમાં, ત્યાગમય કર્મોમાં અને ભવિષ્યમાં માનવતાનું પ્રકાશ પથ પ્રગટાવનારા સંકલ્પોમાં જીવંત રહ્યો. આજના વિશ્વમાં, જ્યારે ધર્મ ઘણી વખત રાજકીય સાધન બની ગયો છે, ત્યારે ડૉ. આંબેડકરની દૃષ્ટિ ધર્મને ન્યાય સ્નાતક શિક્ષક તરીકે અને અધ્યાત્મને માનવતાવાદી વિઝન તરીકે વિકસાવવી વધુ પ્રસ્તુત, વધુ સમયોચિત છે. તેમની આવશ્યકતાને નમન કરવો એ માત્ર અતીતની યાદગિરિ નહિ પણ ભવિષ્ય માટેના વિવેકસભર પથની શરૂઆત છે. બાબાસાહેબનું ભારત માત્ર આધુનિક ન હતું,

પણ માનવીય સંવેદનાઓ પર આધારિત દૃષ્ટિ ધરાવતું હતું. તેમણે આપણે સૌને શીખવ્યું કે, વિજ્ઞાન વગર ચેતના ઊભી નહીં થાય, ન્યાય વગર રાષ્ટ્ર ઊભું રહી શકતું નથી, અને માનવતા વગર કોઈ પણ સંસ્કૃતિ જીવંત રહી શકતી નથી. ‘‘જો માનવતાના પક્ષમાં જલાવેલા દીવાઓને આપણે જીવંત રાખી શકીએ તો એ રાષ્ટ્રનો સાચો પુનર્જન્મ થશે.’’

ડૉ. આંબેડકર માત્ર એક વિચારક નહોતા, તેઓ ભારતના બંધારણના દર્પણકાર હતા. તેઓએ ‘‘એક વ્યક્તિ, એક મત, એક મૂલ્ય’’ની ઊંચી કલ્પના ભારતીય લોકશાહીને આપી. તેમણે જે સંવિધાન ઘડ્યું એ માત્ર કાયદાનો દસ્તાવેજ નહોતો, એ જાતિદહન બાદ સર્જાયેલુ નવુ ભારત હતું, જ્યાં ન્યાય, સમાનતા અને સ્વાતંત્ર્યના તત્વો શ્વસન કરે છે. તેઓ સ્પષ્ટપણે માનતા, ‘‘લોકશાહીની પ્રથમ શરત છે કે સમાજમાંથી ઊંચ-નીચના ભેદ હટાવવામાં આવે.’’ તેમણે માત્ર દલિતો માટે નહીં, પણ તમામ પીડિત, અગણિત અને ગુમનામ લોકો માટે અવાજ ઊભો કર્યો, એ શ્રમિકો હોય કે મહિલાઓ, ખેડૂત હોય કે હિંમતહીન યુવાવર્ગ. તેઓએ પોતાના વિચારોને શસ્ત્ર બનાવી, ભવિષ્યના ભારત માટે નવો નકશો ઘડ્યો. તત્વદ્રષ્ટિ અને વારસો, આજના સમય માટે સંદેશ, બાબાસાહેબનો વારસો આજે પણ જીવે છે. તેમણે એવી ભારતભૂમિની કલ્પના કરી હતી જ્યાં ન્યાય અને સમાનતા માત્ર કાગળ પર નહીં, પરંતુ જીવનના દરેક ક્ષેત્રે અનુભૂતિરૂપે જીવાય. તેઓ કહેતા, ‘‘સફળતા હસ્તરેખામાં નથી, સંકલ્પમાં છે અને સંકલ્પનું શસ્ત્ર છે શિક્ષણ.’’ તેમના માટે શિક્ષણ, સંગઠન અને સંઘર્ષ જીવનના ત્રિવેણી સંગમ હતા. તેઓ એ વિચારોના દેવદૂત હતા જેમણે જ્ઞાતિવાદ, ધર્મવાદ અને જાતિવાદ જેવી સાંકળો તોડી હતી. તેઓના વિચારો આજે પણ જીવન જીવવા માટે દિશાદર્શક છે. પ્રેરણાનાં પ્રકાશપુંજ, ડૉ. આંબેડકર એ એવા મશાલધારી હતા જેમણે જાતપાત, શોષણ, અવગણના અને અંધકાર વચ્ચે માનવતાનો દીવો પ્રગટાવ્યો. તેમના વિચારો આજે પણ એટલા જ અસરકારક છે જેટલા તે તેમના યુગમાં હતા. ભારતને જો વાસ્તવમાં ગૌરવશાળી બનાવવું હોય તો ડૉ. આંબેડકરના વિચારોને કાગળ ઉપર નહીં, જીવનમાં ઉતારવા પડશે. ‘‘તમારો ઉદ્ધાર તમે જ કરી શકો છો. બીજાની રાહ જોવી એ અંધકાર છે.’’ તેમનું જીવન એ શીખવે છે કે ‘‘એક માણસ જો ઇચ્છે તો આખી વ્યસ્થાને બદલી શકે છે જો તે સંકલ્પબદ્ધ

હોય.'' આ રીતે, બાબાસાહેબનો આ વિચારપ્રકાશ સમગ્ર રાષ્ટ્ર માટે જ નહીં પણ માનવતા માટે દિશાસૂચક દીવો બની રહ્યો છે અને હંમેશાં રહેશે.

ડૉ. આંબેડકર રાષ્ટ્ર માટે કેવો વિચાર ધરાવતા હતા તે એમની નીતિઓ અને નિવેદનોમાંથી સ્પષ્ટ થાય છે. વિષય છે વર્ષ ૧૯૪૦ની જૂલાઇનો. દ્વિતીય વિશ્વ યુદ્ધ ચાલી રહ્યું હતું. બ્રિટન અને તેના સહયોગી દેશો, જેમ કે જર્મનીનો હિટલર જાપાન સામે યુદ્ધ લડી રહ્યાં હતાં. યુદ્ધની શરૂઆતમાં બ્રિટન હજુ નબળું પડ્યું નહોતું. તે સમયે મહાત્મા ગાંધી અને કોંગ્રેસે બ્રિટિશ વાઇસરૉયને કહ્યું હતું કે, જો બ્રિટન યુદ્ધ પછી ભારતમાં સ્વતંત્રતા આપે, તો તેઓ ભારતીય સૈનિકો બ્રિટનની તરફથી યુદ્ધમાં મોકલવા તૈયાર છે. પણ બ્રિટને આ શરત સ્વીકારી ન હતી. પછી સંજોગો બદલાયા. ૧૯૪૨માં બ્રિટનને ભારતીય સૈનિકોની જરૂર પડી. બ્રિટીશરોએ કોઈ પણ શરત વગર સૈનિકો માંગવા શરૂ કર્યા. ત્યારે કોંગ્રેસે પણ તેમને પૂરો સહકાર આપ્યો. પરંતુ એક એવા મહાન નાયક હતા જેમણે આ સ્થિતિ સામે અવાજ ઉઠાવ્યો. તેઓ 'ઇમ્પિરિયલ લેજિસ્લેટિવ કાઉન્સિલ'ના સભ્ય હતા. તેમનું નામ હતું ડૉ. બાબાસાહેબ આંબેડકર. ફેબ્રુઆરી ૧૯૪૩માં તેમણે વાઈસરોય કાઉન્સિલમાં "Injury in War and Compensation with Insurance" નામે બિલ રજૂ કર્યું. તેમણે દલીલ આપી કે, ''યુદ્ધમાં ઘણા ભારતીય સૈનિકો ઘાયલ થશે, શહીદ થશે, ગુમ થશે. તેમના પરિવારો નિરાધાર બની જશે. તેથી તેમને વળતર મળવું જોઈએ.'' તેમણે વધુમાં જણાવ્યું કે, ''યુદ્ધ ભારતમાં પણ લડાશે. જેના પરિણામે ખેડૂતો, નાગરિકોના માલમત્તાને ખેતીને નુકશાન થશે. તો બ્રિટન કેમ મફતમાં આપણા સૈનિકો અને આપણી ભૂમિનો ઉપયોગ કરે'' ત્યાર પછી ૫ માર્ચ, ૧૯૪૩ના રોજ ડૉ. આંબેડકરના જોરદાર તર્કો અને દલીલોથી આ બિલ પાસ થયું. એ સમયથી કાયદો બની ગયો કે યુદ્ધમાં શહીદ સૈનિકોના કુટુંબોને પેન્શન અને જમીન મળશે. યુદ્ધગ્રસ્ત વિસ્તારના ખેડૂતોને અને નાગરિકોને વળતર મળશે. આ કાયદો આખા એશિયા અને વિશ્વમાં સૌપ્રથમ ભારતે બનાવ્યો. ત્યાં સુધી અમેરિકા, બ્રિટન કે જર્મનીમાં પણ એ રીતે કાયદો નહતો. પછી ૧૯૫૬માં તેમાં સુધારા કર્યા અને આજદિન

સુધી એ કાયદો અમલમાં છે. ભારતીય સૈનિકો અને તેમના પરિવારજનોને આજેય તેનો લાભ મળે છે. એવો કાયદો લાવનાર મહા પુરુષ હતા ડૉ. બાબાસાહેબ આંબેડકર.

૧૪ એપ્રિલ, સોળે દિશાઓનો સંકલ્પ દિન તરીકે મનાવવાનો સમૂહ અને સુગંધમાં પરીણમેલો જોવા મળે છે, "૧૪ એપ્રિલ એ માત્ર પુષ્પાંજલિ આપવાનો દિવસ નથી, એ એવો દિવસ છે જ્યાં આપણે ભૂતકાળના સાહિત્ય નહિ, પણ ભવિષ્ય માટેની પ્રતિબદ્ધતાનું પાનું લખીએ, જ્યાં પુષ્પો નથી, પરંતુ સંકલ્પ ખીલે છે, જ્યાં સ્તુતિ નહી, પરંતુ સંઘર્ષને જીવવાની શપથ ઉદભવે છે, જ્યાં સ્મૃતિ નહી પરંતુ એક જીતી લેવી હોય એવી જાગૃતિ જન્મે છે." એ દિવસ છે જ્યાં આપણે ડૉ. આંબેડકરના વિચારો સામે નમન કરતી વાણીને નહીં પણ તેમની દિશા અનુસરણ કરવાની પ્રતિજ્ઞા કરીએ એ ક્ષણ છે. જ્યાં મૌન નહિ, પણ સંકલ્પ બોલે છે, જ્યાં સમારોહ નહિ, પણ સામૂહિક જાગૃતિનો આગાઝ થાય છે." ૧૪ એપ્રિલ, માત્ર ડૉ. આંબેડકરની જન્મજયંતિ નથી, એ છે વિચારશક્તિ, દિશા અને સંકલ્પનો દિવ્ય તહેવાર. આ દિવસ ભારતના જનમાનસ માટે માત્ર સ્મરણનો અવસર નથી, પરંતુ એ વિચારજાગૃતિ અને ક્રિયાપ્રેરણા માટેના અહિંસક ઈતિહાસનું ગૌરવગાન છે.

**૧૪ એપ્રિલ એ માત્ર પુષ્પાંજલિ દિવસ નહી પણ...**

૧. **માનવતા દિવસ :** જ્યાં દરેક માનવીનું માનવત્વ સર્વોપરી માનવામાં આવે; ભૂખ્યા માટે અન્ન, શોષિત માટે અવાજ, અને નબળાને સાથ આપવો આપણું કર્તવ્ય બને.

૨. **મહિલા ઉત્થાન દિવસ :** જ્યાં સ્ત્રીને સુરક્ષા, સ્વાતંત્ર્ય અને સ્વમુલ્યાંકન મળે, તે ઘરના નહીં, સમગ્ર સમાજના વિકાસનું કેન્દ્રબિંદુ બને.

૩. **વિચારમુક્તિ દિવસ :** શારીરિક નહીં, વિચાર અને અવાજની પણ સંપૂર્ણ મુક્તિ જ્યાં દરેક વ્યક્તિ પોતાના વિચારો વ્યક્ત કરવામાં નિર્ભય રહે.

૪. **સમાનતા દિવસ :** જ્યાં ન કોઈ ઊંચો ન કોઈ નીચો; ભૂતકાળનાં ભેદ વિસરાય અને ભવિષ્ય માટે સમતાનો પાયો મજબૂત બને.

૫. **બંધુતા દિવસ :** જ્યાં ધર્મ, ભાષા કે જાતિના ભિન્નતાને ભૂલીને ભ્રાતૃત્વ, સહઅસ્તિત્વ અને મૈત્રીના મજબૂત મકાનો ઊભાં થાય.

૬. **જ્ઞાન અને વિજ્ઞાન દિવસ :** જ્યાં શીખવું માત્ર પદ્ધતિ ન રહી જાય, પણ દરેક બાળક અને યુવાનમાં વૈજ્ઞાનિક દૃષ્ટિ અને પ્રશ્નશક્તિ વિકસે.

૭. **શિક્ષણ ક્રાંતિ દિવસ :** જ્યાં અભ્યાસ માત્ર પદવી મેળવવાનો માર્ગ નહીં રહે, પણ શોષણ વિરુદ્ધ લડતનો યંત્ર બને.

૮. **સંઘર્ષ અને સાહિત્ય દિવસ :** જ્યાં સંઘર્ષના ગીતો લખાય, શોષિતની વાર્તા કહેવામાં આવે અને સાહિત્ય દ્વારા એક નવી ચેતના ફેલાય.

૯. **રાષ્ટ્રીય એકતા દિવસ :** જ્યાં દેશની વિવિધતાને સાથમાં લઇને એક તત્વરૂપે એકતા ઊભી થાય, 'એક દેશ, એક ચેતના'.

૧૦. **સામાજિક ન્યાય દિવસ :** જ્યાં દરેક વ્યક્તિ જાતિ, વર્ગ, પેઢી કે પેદાશથી પર માનવી તરીકે ન્યાય મેળવવાનો અધિકારી બને.

૧૧. **રાજકીય ન્યાય અને જવાબદારી દિવસ :** જ્યાં ભાગીદારી માત્ર મતદાનથી નહીં પણ લોકશાહી સંસ્કૃતિની સ્થાપનાથી જણાય.

૧૨. **આર્થિક ન્યાય અને સુસંસ્કૃતિ દિવસ :** જ્યાં દેશના દરેક નાગરિકને જીવી શકે તેવો માનવયોગ્ય જીવનમાપદંડ મળે અને શોષણવિહોણી અર્થવ્યવસ્થા ઊભી થાય.

૧૩. **આધ્યાત્મિક ચેતના દિવસ :** જ્યાં ધર્મ અંધશ્રદ્ધા નહીં પણ સત્ય, દયા અને બુદ્ધિ આધારિત માર્ગ દર્શાવે.

૧૪. **વૈશ્વિક નાગરિકતા દિવસ :** જ્યાં આપણે માત્ર ભારતીય નહીં, સમગ્ર માનવજાતિના દયાળુ અને જવાબદાર નાગરિક બનીએ.

૧૫. **વારસાનો સંકલ્પ દિવસ :** જ્યાં આપણે ડૉ. આંબેડકરના વિચારોને જીવનમાં ઉતારવાનો સંકલ્પ લઈએ, નહીં તો વારસો ભૂમિકા બનશે, નહિ તો તકો પણ (અવસર) મૌન થઈ જશે.

વિચારસંગ્રહમાંથી વિજયપંથ સુધી ૧૪ એપ્રિલનું ભાવાત્મક અને બૌદ્ધિક ઉદ્ઘોષ આપણા માટે મહત્વનું છે, ડૉ. આંબેડકર એ છેલ્લા ૨૫૦૦ વર્ષના ભારતીય ઈતિહાસના એવા પ્રથમ રાષ્ટ્રીય નેતા હતા, જેમણે પછાત અને અનુપેક્ષિત વર્ગમાંથી ઉદય લઈને વૈશ્વિક સ્તરે વિચારધારાનું એવું મંચ ઊભું કર્યું કે જ્યાં

ન માત્ર ભારતમાં પણ દુનિયાભરમાં ''જે માનવી શોષણ હેઠળ દબાયેલો રહ્યો છે, તે હવે માર્ગદર્શન માટે હુકમની આંગળીઓ નહીં પણ આંબેડકરના વિચારોના દીપથી પોતાના માર્ગ શોધી શકે છે. તેઓ માત્ર રાજકીય પાયોનિયર નહોતા, તેઓ જાતિવાદ સામે વૈજ્ઞાનિક અને તર્કયુક્ત યુદ્ધ લડનાર જ્ઞાન યોદ્ધા હતા. તેઓ માનવીય હક્કો અને મૂલ્યોને આધુનિકતાથી જોતાં શિક્ષણપ્રેમી દર્શનશિલ્પી હતા. તેઓ એ દ્રષ્ટા હતા જેમણે શિક્ષણને મુક્તિનો માર્ગ બનાવ્યો અને ''શિક્ષિત બનો, સંઘર્ષ કરો, સંગઠિત રહો'' ના સૂત્રને જીવી બતાવ્યો. તેઓ માત્ર વ્યક્તિ નહોતા, તેઓ તો સમગ્ર યુગના મૌન પીડિતો માટે એક ''વિચારસંગ્રહ'' હતા. જે આજે પણ સમાજના દરેક અવાજવિહિન માટે લાઈટહાઉસ બની ઉભા છે. એનો અર્થ એ કે, ડૉ. આંબેડકરના વિચારો અને કાર્ય દાયકાઓ સુધી કેવળ એક ક્ષેત્ર સુધી મર્યાદિત નહોતાં, તેમણે સમાજના દરેક વિષય પર દિશાદર્શન આપ્યું. શિક્ષણ, આર્થિક ન્યાય, રાજકીય સશક્તિકરણ, નારીમુક્તિ, આધ્યાત્મિકતામાં તર્ક, ધર્મમાં મર્યાદા, બંધારણમાં નૈતિકતા, કાર્યમાં પરિવર્તન અને સંઘર્ષમાં સાંસ્કૃતિક ગૌરવ. સાહિત્યિક અને સ્પષ્ટ દીશા ''તેઓએ એવો પ્રકાશ ફેલાવ્યો હતો, જે પ્રકાશિત થઈને વિચારો દિપક બની ઊભા રહ્યા.'' સર્વત્ર પ્રકાશ ફેલાવતા વિચારપ્રેરક દીપ તરીકે ખીલ્યા હતા. તેઓ એક એવા દ્રષ્ટા હતા જેમણે કાચા ઘરોમાં રહેતા લોકોને પણ વિચારથી મહેલ તરફ દોરી શક્યા હતા.''

યુગપ્રવર્તક ડૉ. આંબેડકરના જીવનને સંપૂર્ણ રીતે સમજવું અને તેમના દ્રષ્ટિકોણને સર્વાંગી રીતે આંકલન કરવું સરળ નથી, કારણ કે તેઓ પોતાના સંક્ષિપ્ત જીવનકાળમાં સમાજ અને રાષ્ટ્રના અનેક પાસાઓને સ્પર્શે છે. રાષ્ટ્રનું બાંધકામ કરવું હોય તો 'નેશન ફર્સ્ટ'ના સૂત્ર સાથે દરેક વ્યક્તિને સ્વતંત્રતા, સમતા અને બંધુત્વના વ્યવહારમાંથી વિભાવનાનો અનુભવ થવો જોઈએ. ડૉ. આંબેડકરે ધાર્મિક, સામાજિક, રાજકીય અને આર્થિક વિષયો પર વિશાળ પ્રમાણમાં લખાણ કર્યું અને વક્તૃત્વ આપ્યું છે, જેમાં તેમનો રાષ્ટ્રીય દ્રષ્ટિકોણ સ્પષ્ટ દેખાય છે. જો આપણે તેમનો વિચાર સુક્ષ્મતાથી અભ્યાસ કરીએ તો અમૂર્ત ચિંતનમાંથી ઊભો થતો એક મહાન રાષ્ટ્રનાયક દેખાય છે. તેમનું યોગદાન રાષ્ટ્ર નિર્માણમાં ઐતિહાસિક છે. તેમની તુલના અબ્રાહમ લિંકન, માર્ટિન લ્યૂથર કિંગ, ફ્રેડરિક ધ ગ્રેટ અને ક્રોમવેલ જેવા મહાન નેતાઓ સાથે કરી શકાય છે.

ડૉ. આંબેડકર કાર્યપ્રધાન વિચારધારાના પુરસ્કર્તા હતા. તેમના કેટલાંક સુવિચારો આપણને રાષ્ટ્રીય દ્રષ્ટિકોણ તરફ દોરી જાય છે. રાષ્ટ્રનિર્માણમાં સમાન તકના સિદ્ધાંતનો સ્વીકાર અગત્યનો છે. આત્મવિશ્વાસ જેવી બીજી કોઈ દવા નથી. વ્યક્તિગત હિત કરતાં સામૂહિક હિતને મહત્ત્વ આપવું જોઈએ. સંગઠન, શિસ્ત અને શીલ દ્વારા સમાજનો વિકાસ શક્ય છે. જે સમાજ સમર્પણશીલ છે તે સમાજ અવશ્ય પ્રગતિશીલ બને છે. બંધારણીય હક મેળવવા માટે દરેક નાગરિકે ડૉ. આંબેડકરનો ઋણ માનવો જોઈએ. તેઓ માત્ર ભારત માટે નહીં, સમગ્ર વિશ્વ માટે પણ એક વિખ્યાત ધારાશાસ્ત્રી, ચિંતક અને વિદ્વાન હતા. જ્યારે મનુસ્મૃતિએ દલિતોના હકોનું હનન કર્યું ત્યારે ડૉ. આંબેડકરે દેશ માટે બંધારણ રચ્યું અને હિંદુ કોડ બિલ તૈયાર કર્યું, જેને અમલમાં લાવવામાં અનેક અડચણો આવી. આજે રાજકીય સમાનતા મૌલિક હક તરીકે છે, પરંતુ સામાજિક અને આર્થિક સમાનતા હજી દૂરસ્વપ્ન છે. જો આ વિસંગતિ દૂર નહીં થાય તો પીડિત વર્ગો લોકશાહીનો વિરોધ કરશે. કાયદો તત્વતઃ ન્યાયસંગત રહે તે જરૂરી છે. સ્ત્રીઓના હકો માટે ડૉ. આંબેડકરનું યોગદાન અદ્વિતીય છે. રમાબાઈ આંદોલનશીલ સંગીની તરીકે ડૉ. આંબેડકર સાથે હતા. તેમણે સ્ત્રી શિક્ષણ, લગ્નની સ્વતંત્રતા, બહુપતિ પ્રતિબંધ, વિધવા પુનર્વિવાહ અને મેટરનીટી લાભો જેવા હકોના પાયાઓ ઘડ્યા. તેમની હિંદુ કોડ બિલ સંબંધી કોશિષોએ સ્ત્રીઓના જીવનમાં ક્રાંતિ લાવી. ખેતમજૂર, ખેડૂત, કારખાનાં કામદારો માટે તેઓએ ખાસ કાયદા ઘડ્યા, 'સ્વતંત્ર મજૂર પાર્ટી'ની રચના કરી. ખેતપ્રથા, વતનદારી જેવી શોષણકારી વ્યવસ્થાઓનો અંત લાવ્યા. તેમણે હંમેશા જણાવ્યું કે જાતિવિહીન સમાજ વિના સ્વરાજ્ય અધૂરૂં છે. શિક્ષણને પ્રથમ એજન્ડા તરીકે રાખીને "અન્ન વગર શરીર જીવી શકે નહીં, પરંતુ જ્ઞાન વગર આત્મા પ્રકાશિત થઈ શકે નહીં. ભૂખ્યા રહીને પણ પુસ્તક ખરીદનાર ડૉ. આંબેડકર સાચા અર્થમાં જન્મથી મૃત્યુ સુધી વિદ્યાર્થી રહ્યા." આ જ તેમનો આત્મવિશ્વાસ હતો. "મને મારી ગરીબીએ કદી નમાવ્યો નહીં" એમ તેમણે કહ્યું હતું. ડૉ. આંબેડકર ધર્મનિરપેક્ષતાના સિદ્ધાંતના અભ્યાસી હતા. તેમના મતે ધર્મ બાબતે રાજ્ય નિષ્પક્ષ રહેવું જોઈએ. કાયદો લોકો માટે હોય છે, કાયદા માટે લોકો નહીં. અંતે, નવી પેઢીએ ડૉ. આંબેડકર પાસેથી પ્રેરણા લઈ જીવનમાં ઉદ્દીષ્ટ ધ્યેય માટે અવિરત પ્રયત્ન કરવો જોઈએ. તેમના વિચારો આજે પણ

જીવંત છે અને સમાજના પુનઃ જાગરણ માટે પ્રકાશપથ સમાન છે. મહાન કાર્યો ક્યારેય સરળતાથી સિદ્ધ થતા નથી. સમય, ધૈર્ય અને અઢળક ઇચ્છાશક્તિથી જ મહાન સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. જીવનમાં એક જ વિચારોને પકડીને તેને જીવનમંત્ર બનાવો આ એમનો સંદેશ હતો. ‘‘તમે જેટલા ઉદાર બની શકો, તેટલી ઊંચાઈ હાંસલ કરી શકો’’ એમ તેઓ માનતા. સાચું નેતૃત્વ એ વાણીની મીઠાશ અને પાવનતા પર નિર્ભર હોય છે. તેમની વાણીમાં વિવેક, કરુણા અને આકર્ષણ હતું. ડૉ. આંબેડકરે જાતપાત અને અસ્પૃશ્યતાની વ્યથા જાતે અનુભવી હતી. તેમણે જીવનભર ‘‘સ્વાભિમાન, સ્વાવલંબન અને આત્મોદ્‌ધાર’’ના સૂત્રો દ્વારા સમાજના ઉદ્ધાર માટે અવિરત કાર્ય કર્યું.

# ૫. ગોળમેજીથી વિશ્વમંચે દલિત અવાજ

**“મને આમંત્રિત કર્યો છે, મને મારા જ્ઞાતિબંધુ માટે બોલવાની તક આપો.” “અમારા માટે કોઈ બીજું ન બોલે, હવે અમે અમારા માટે બોલીશું!”, “અમે પોતે બોલીશું, અમારો અવાજ અમારો અધિકાર!”** ડૉ. આંબેડકર વૈશ્વિક માધ્યમ પર ૧૯૩૦ના દાયકામાં ભારતના રાજકીય દ્રશ્યપટ પર એક ઐતિહાસિક પળ આવી, જ્યા ભારતનું ભવિષ્ય નક્કી કરવા લંડનમાં બોલાવાયેલ ગોળમેજી પરિષદ (Round Table Conference) માટે વિભિન્ન સમાજો, ધર્મો અને રાજકીય આગેવાનોના પ્રતિનિધિઓએ ભાગ લીધો. આમ તો આ ગોળમેજી સંમેલનો બ્રિટિશ રાજ્યશક્તિ અને ભારતીય રાજકીય નેતાઓ વચ્ચેનો સંવાદ હતો, પણ તેમાં ડૉ. આંબેડકરનું ઉપસ્થિત થવું અને દલિતોના અવાજને વૈશ્વિક સ્તરે સ્પષ્ટપણે રજૂ કરવું એ ભારતના ઈતિહાસની નોંધપાત્ર ઘટના છે. તેમણે રજૂ કરેલો દ્રષ્ટિકોણ દલિત મુક્તિ ચળવળના આંતરરાષ્ટ્રીયકરણનો પ્રારંભ હતો.

ગોળમેજી પરિષદ ત્રણ તબક્કામાં યોજાઈ હતી,

૧. **પ્રથમ (૧૯૩૦) :** કોંગ્રેસે ભાગ લીધો નહિ. આંબેડકર સહિત અન્ય જૂથોની હાજરી.

૨. **બીજું (૧૯૩૧) :** ગાંધીજી ઉપસ્થિત. આંબેડકર સામે હિન્દુ સમુદાયના એકમત્વ માટે દલીલો.

૩. **ત્રીજું (૧૯૩૨) :** રાજકીય માળખા માટે અંતિમ વિચારવિમર્શ

આ તમામ સંમેલનો લંડનમાં વેસ્ટમિનિસ્ટર પેલેસ ખાતે યોજાઈ હતી. પ્રથમ ગોળમેજી પરિષદમાં દલિત અવાજના પ્રવેશદ્વાર, ૨ નવેમ્બ, ૧૯૩૦ થી ૧૯ જાન્યુઆરી ૧૯૩૧, આ કોન્ફરન્સમાં ભારતીય નેશનલ કોંગ્રેસે ભાગ લીધો ન હતો, કારણ કે, તે સમયે ગાંધીજી અને કોંગ્રેસના નેતાઓની ગાંધી-ઈર્વિન કરાર માટેની ચર્ચા ચાલી રહી હતી. “ઈર્વિન” એટલે લોર્ડ ઈર્વિન (Lord Irwin), જે ૧૯૨૬ થી૧૯૩૧ સુધી ભારતમાં વાયસરોય અને ગવર્નર જનરલ હતા. તેમ છતાં, બ્રિટિશ સરકાર દ્વારા અન્ય રાજકીય સમૂહ, દેશી રાજાઓ અને સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ આમંત્રિત કરવામાં આવ્યા હતા. ડૉ. આંબેડકર દક્ષિણ

મુંબઈના દબાયેલા તેમજ કચડાયેલા વર્ગોના પ્રતિનિધિ તરીકે ભાગ લેનારા પહેલા દલિત નેતા બન્યા. આ તેમની પ્રથમ આંતરરાષ્ટ્રીય ઉપસ્થિતિ હતી, જેમાં તેમણે દલિતો માટે અલગ રાજકીય ઓળખ અને મતાધિકારની ગૂંજ ઉઠાવતાં કહ્યું કે, "અમે પણ ભારતના મૂળમાં છીએ. ભારતની રાજકીય રેખાઓમાં અમારું સ્થાન સ્વીકૃત હોવું જોઈએ." તેમણે દલીલ કરી કે દલિતો હિન્દુ સમાજથી વિમુખ છે અને તેમની સમસ્યાઓ સાંસ્કૃતિક નહીં, પરંતુ સામાજિક શોષણ પર આધારિત છે. આ રીતે તેમણે રાષ્ટ્રીય સ્વતંત્રતાની સાથે સામાજિક મુક્તિની માંગ વૈશ્વિક સંમેલનમાં મૂકી. જેથી આંબેડકરનો અવાજ બ્રિટિશ સાહિત્યકારો અને પત્રકારો વચ્ચે ચર્ચાનો વિષય બન્યો. આ કોન્ફરન્સમાં ભારતના દબાયેલા વર્ગોની મુશ્કેલીઓને પહેલી વખત લંડનની રાજકીય ક્ષેત્રમા મૂકવામાં આવ્યો.

બીજી ગોળમેજી પરિષદ આંબેડકર-ગાંધી ટકરાવ અને રાજકીય વિમર્શ અને દલિત હક માટેનો અભૂતપૂર્વ સંઘર્ષ ૭ સપ્ટેમ્બર, થી ૧ ડિસેમ્બર, ૧૯૩૧ ઈતિહાસના વળાંક પર ઊભા થયેલા બે ચિંતકો, ડૉ. આંબેડકર અને મહાત્મા ગાંધી, એકજ ધ્યેય ધરાવતા હતાં સમાજનું નૈતિક ઊધ્ધાર. પરંતુ તેમના માર્ગ અલગ હતા. આ અધ્યાય એ વિચારોની અથડામણના અને અંતે સર્જાયેલી વ્યવસ્થાઓના ઈતિહાસની યાદ છે. ગાંધી અને આંબેડકર વચ્ચે પ્રથમ મુલાકાત ૧૪ ઓગસ્ટ, ૧૯૩૧ના રોજ મણિભવન, મુંબઈ ખાતે ગાંધી અને આંબેડકર વચ્ચે પ્રથમ મુલાકાત યોજાઈ. બંને દલિતહિતમાં કાર્યરત હતાં પણ રિતિગત મતભેદ હતાં. આંબેડકરનું માનવું હતું કે, "કોંગ્રેસની દલિતો પ્રત્યેની સહાનુભૂતિ ઔપચારિકતામાં પૂરતી રહી છે." જ્યારે મહાત્મા ગાંધીએ તેમને "મહાન દેશભક્ત" ગણાવ્યા, ત્યારે આંબેડકરે જણાવ્યું, "ગાંધીજી, મારી કોઈ માતૃભૂમિ નથી. ત્યાં ગૌરવ કેવી રીતે અનુભવી શકાય જ્યાં કૂતરા અને બિલાડાં કરતાં પણ ખરાબ વ્યવહાર દલિતો સાથે થાય છે?" "બીજી ગોળમેજી પરિષદમાં દલિતો માટે 'અલગ ચૂંટણી મતવિભાગો' (Separate Electorates) ની માગણી ઉઠાવવામાં આવી હતી." અલગ ચૂંટણી મતવિભાગો કરવામાં આવ્યું. માટે ડૉ. આંબેડકરે દલીલ કરી કે દલિતો હિન્દૂ ધર્મનો એક ભાગ નહીં પણ એક અલગ સામાજિક અને ઐતિહાસિક પીડાઓનો ભોગ બનતી જાતિ છે. તેથી તેઓને રાજકીય રીતે પણ અલગ ઓળખ આપવી જોઈએ.

- પોતાનું પ્રતિનિધિત્વ નિમવું
- પોતાની મતાધિકાર પદ્ધતિ હોવી
- દબાયેલા વર્ગો માટે સુરક્ષા નિતી હોવી

બીજી ગોળમેજી પરિષદ ૧૯૩૨ પછી બ્રિટિશ સરકારે દલિતો, શીખો, મુસ્લિમો, ઈસાઈઓ વગેરે માટે અલગ ચૂંટણી ક્ષેત્રો જાહેર કર્યા. આ અંતર્ગત દલિતો માટે ૭૧ અનામત બેઠકો હતી, જ્યાં માત્ર દલિત ઉમેદવાર અને દલિત મતદારોએ મત આપવાનો. અંગ્રેજોએ આને ''સપેરેટ ઈલેક્ટોરેટ'' તરીકે જાહેર કર્યું. ગાંધીજી વિરોધ કરીને યરવડા જેલમાં ઉપવાસ પર ઉતર્યા. સમગ્ર દેશમાં તણાવનો માહોલ ઊભો થયો. આંબેડકરે કહેલું કે, ''હું ચર્ચા માટે તૈયાર છું પણ ગાંધીજી કોઈ તર્કસભર પ્રસ્તાવ લાવે.'' ૨૨ સપ્ટેમ્બર, ૧૯૩૨ના રોજ આંબેડકર યરવડા જેલમાં ગાંધીજીને મળ્યા, બંને વચ્ચે ઘનિષ્ઠ સંવાદ બાદ આખરે ૨૪ સપ્ટેમ્બર,ના રોજ ''પૂના કરાર'' થયો. સ્વતંત્ર ચૂંટણી ક્ષેત્રના બદલે ૧૪૭થી વધુ અનામત બેઠકોને મંજૂરી મળી. આંતરિક રીતે ડૉ. આંબેડકર માટે આ રાજકીય સમાધાન હતું, પણ તેમને વિશ્વાસ હતો કે દલિતોની સ્વતંત્ર રાજકીય ઓળખ પર સમાધાન કરવામાં આવ્યુ છે. તેમણે ત્યારબાદ કોંગ્રેસથી દૂર રહેવાનું ધોરણ અપનાવી લીધું.

ત્રીજી ગોળમેજી પરિષદ રાજકીય માળખાના અંતિમ વિચારવિમર્શ ૧૭ નવેમ્બર, ૨૪ ડિસેમ્બર, ૧૯૩૨ ત્રીજી કોન્ફરન્સ સૌથી ઓછી ભાગીદારી ધરાવતી પરિષદ હતી. તેમાં કોંગ્રેસના આગેવાનો ગેરહાજર રહ્યા. બ્રિટિશ સરકારે હવે આખરી મુસદો તરીકે નક્કી કરેલું બંધારણ દસ્તાવેજ તૈયાર કરવાનો પ્રયાસ કર્યો. આંબેડકરે તેમનું દઢ વલણ જાળવી રાખ્યું. તેમણે દલીલ કરી કે દલિતો માટે રાજકીય અનામત અને અલગ મતાધિકાર જરૂરી છે નહીંતર લોકશાહી માત્ર એક નામની બનીને ઉભી રહેશે હિન્દુ ધર્મ માટે વિચાર વિમર્શમાં ડૉ. આંબેડકરે સ્પષ્ટપણે કહ્યું કે દલિતો હિન્દુ ધર્મની આસ્થાથી ભીંજાયેલા નથી, પણ તેના શોષણથી પીડિત છે. તેમણે કહ્યું કે, ''અમે હિન્દુ નથી. શૂદ્ર અને અસ્પૃશ્યને હિન્દુ તરીકે ઓળખાવવા એ ઐતિહાસિક ભ્રમ છે.'' આ વિમર્શ ગાંધીજીના ''હરિજન'' જેવા અભિગમ સામે સ્પષ્ટ વિરોધ હતો. બ્રિટિશ સરકારને પડકારતા તેમણે બ્રિટિશ સરકાર સામે કહ્યું કે, જ્યારે તેઓ ભારત માટે લોકશાહી માળખું

ઘડી રહ્યા છે, ત્યારે તેઓએ શોષિત સમુદાયોને માત્ર આંકડા તરીકે નહીં, પણ અલગ એકમ તરીકે સ્થાન આપવું જોઈએ. ડૉ. આંબેડકરની આ એક પ્રબળ દલીલ હતી.

ડૉ. આંબેડકરનો લંડનમાં દ્વિવધા (દબાયા) વગરનો અવાજ માત્ર રાષ્ટ્રીય નહીં, પણ વૈશ્વિક દૃષ્ટિ ધરાવતો હતો. તેમણે સમાજને આર્થિક, સામાજિક અને ધાર્મિક સ્તરે વિભાજન કરતા તંત્રનો ખુલ્લેઆમ વિરોધ કર્યો તેથી દલિત મુદ્દો હવે માત્ર ભારતીય સમસ્યા ન રહ્યો, તે માનવ અધિકાર અને ન્યાયના આંતરરાષ્ટ્રીય મુદ્દા તરીકે ઊભો થયો. આ ત્રણ ગોળમેજી પરિષદ એ માત્ર રાજકીય સંમેલન ન હતા, એ દલિત સમાજના આંતરરાષ્ટ્રીય અવાજના ઉત્થાનની શરૂઆત હતી. ડૉ. આંબેડકરે દરેક તબક્કે પોતાના સમુદાયના હિતો માટે લડ્યા હતા. તેમના પ્રખર વિચાર અને ન્યાયની માંગ આજે પણ સંવિધાનિક તંત્ર અને સમાજના તણાવબિંદુઓમાં સંભળાય છે. ગોળમેજી પરિષદમાં ડૉ. આંબેડકરનું પ્રતિનિધિત્વ એ એક અસામાન્ય ચરણ હતું, જેમાં એક દલિત વિચારક વૈશ્વિક રાજકીય મેદાન પર પોતાના સમુદાય માટે અવાજ ઊભો કરે છે. તેમણે સાબિત કર્યું કે દલિતત્વ કોઈ શરમજનક ઓળખ નથી પણ ચિંતન, વિમર્શ અને ન્યાય માટેનો સાકાર સંઘર્ષ છે. આજનો દલિત ચેતનાવાદ જે અવાજમાં બોલે છે તેનું મૂળ ત્યાં સુધી જાય છે જ્યાં લંડનની ઐતિહાસિક ગોળમેજી પરિષદમાં ડૉ. આંબેડકર વિશ્વ સામે અસ્વીકૃતિનો દળદાર દાવ લગાવતા હતા.

૨૯ નવેમ્બર, ૧૯૩૦ના મહારાજા સયાજીરાવ ગાયકવાડે, ડૉ. આંબેડકરને સન્માન આપવાનું નક્કી કર્યું. તેમણે માત્ર આમંત્રણ ન આપ્યું, પણ તેમના નિવાસસ્થાન હાઈડ પાર્ક હૉટેલ, લંડન ખાતે રાત્રિભોજન માટે ખાસ આમંત્રિત કરીને વિશ્વના સામાજિક નકશામાં એક નવો અભ્યાસ વિષય ઊભો કર્યો. આ પ્રસંગે હાજર મહેમાનોમાં મુખ્યત્વે હતા, ડૉ. આંબેડકર, મહારાજા રાવ ગાયકવાડ, બહાદુર સર, એન.એસ.પટેલ. સંયમ અને સંવેદનાના વાતાવરણ વચ્ચે સમાજશાસ્ત્ર, શિક્ષણ અને ભારતીય રાજકીય મુદ્દાઓની ચર્ચા થઈ. એ સંવાદ જે ઈતિહાસ બની ગયો, ભોજન દરમિયાન મહારાજાએ ભાવુક સ્વરમાં કહ્યું: ''રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં આપના ભાષણે મને ખુબ પ્રભાવિત કર્યો છે. મેં તમારા શિક્ષણ માટે જે કરેલું તેનું ફળ આપે મને આપી દીધું વ્યાજ સાથે.'' તે સમયે ડૉ. આંબેડકર

હળવાશભર્યા ગૌરવથી કહે છેઃ ‘‘આ ભોજન માત્ર ખોરાકનો પ્રસંગ નથી, આ તો સામાજિક ભેદભાવ સામે માનવતાનો મૌન વિરોધ છે. જ્યારે આપણે ભેદભાવ વિના સાથે બેઠા ભોજન કરીએ છીએ, ત્યારે આપણે માત્ર એક જ ટેબલ નહિ પણ સમાનતાવાદી ભારત માટેનું દૃષ્ટિબિંદુ વહેંચીએ છીએ.’’ તેઓ વધુમાં ઉમેરે છે કે, ‘‘જાતિ વ્યવસ્થાનો સાચો ઇલાજ ભોજન કે મિત્રતાથી આગળ છે, તેનો સત્યાર્થ અંતરજાતિય લગ્ન છે. લોહીનું મિલન જ હૃદયનું સ્નેહબંધન પેદા કરી શકે. “Dinner Diplomacy” એક ક્ષણ અનેક સંકેત આ સમારંભે સમગ્ર બ્રિટિશ મીડિયામાં પણ સ્થાન મેળવ્યું. New York Times એ શીર્ષક આપ્યું. “Prince and Outcaste at Dinner in London End Age-old Barrier” જેના માધ્યમથી ડાબી-જમણી બંને તરફ એ ચર્ચાનો વિષય બની ગયો. સામાજિક સ્વીકૃતિ માટે ડૉ. આંબેડકરનું આ ભોજન એક નિશ્ચિત અભિયાનનું આરંભબિંદુ હતું. સમાજ બદલાય છે ત્યારે મન બદલાય છે, લંડનની શીત લહેર વચ્ચે થયેલા આ ભોજનની ગરમાહટ એ સાબિત કરતી હતી કે સમાજને બદલવા માટે ક્યારેક માત્ર ઘોષણાઓ નહિ, પણ મૌન સંકેતો પૂરતા હોય છે. રાજા અને અસ્પૃશ્ય વચ્ચેનો આ માનવતા ભરેલો સંવાદ એ ભારતના જાતિવિહિન ભવિષ્ય માટેનો આશાવાદી પ્રકાશ હતો. ડૉ. આંબેડકર અને મહારાજા સયાજીરાવ બંનેએ એક બીજાને માત્ર માન આપ્યુ નહિ, પણ સમગ્ર માનવજાતિને શીખ આપતી ઉદાહરણરૂપ ક્ષણ સર્જી, જ્યાં માનવતાના પંખીએ ભેદભાવના આકાશને ચીરી ઉડીને સમાનતાનું સૌરમંડળ ઊભું કર્યું.

# ૬. આંતરરાષ્ટ્રીય શ્રમ નીતિઓના શિલ્પકાર

શ્રમ એ માત્ર રોજગાર નથી, તે માનવાધિકાર છે. ‘‘એવું ડૉ. આંબેડકર કહેતા, કે દલિત મુક્તિના નેતા તરીકે જ જાણીતા નથી પણ તેઓ શ્રમવિમર્શના ક્ષેત્રે પણ દિગ્દર્શક રીતે આગળ વધેલા વિચારક હતા. ૧ મે વિશ્વ મજૂર દિવસના અવસરે તેઓએ મજૂર હિત માટે ચળવળ શરૂ કરી. ૧૯૩૬માં સ્વતંત્ર મજૂર પાર્ટીની સ્થાપના કરી. ૧૯૩૮માં મનમાડ રેલવે મજૂર સંમેલનમાં તેમણે ત્રણ કલાક ભાષણ આપી મજૂરોની સ્થિતિ વર્ણવી અને વિધાનસભાના ભાષણમાં પણ આ મુદ્દાઓ લીધા. હડતાળના અધિકારના બિલ સામે તીવ્ર વિરોધ દર્શાવ્યો અને તેઓએ મજૂર હિત તરફી ઐતિહાસિક મંતવ્યો મૂક્યા. ૧૯૪૨થી ૧૯૪૬ દરમિયાન તેઓ બ્રિટિશ સરકારના શ્રમ વિભાગમાં મંત્રી તરીકે નિયુક્ત રહ્યા ત્યારે તેમણે જે નીતિઓનો અમલ કર્યો તે આજે પણ શ્રમિક હિતમાં માળખાગત સ્થિરતા આપે છે. ડૉ. આંબેડકર માત્ર અનુપમ સામાજિક વિચારક કે બંધારણશિલ્પી હતા એટલુ જ નહીં પણ શ્રમવિમર્શના અત્યંત પ્રબળ દીઘર્દ્રષ્ટા તેમજ વક્તા હતા. ૧૯૪૨ થી ૧૯૪૬ના સમયગાળામાં તેઓ બ્રિટિશ ભારતના વાઈસરોયની એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં શ્રમ વિભાગના મંત્રીપદે નિયુક્ત થયા અને નિરંતર ભારતીય શ્રમ નીતિઓના ઉન્નત સ્વરૂપને દિશા દર્શાવનારા વિચારક તરીકે સામે આવ્યાં. તેમના પ્રયત્નો ભારતની શ્રમશક્તિ માટે માનવાધિકાર અને સામાજિક ન્યાયના નૂતન અધ્યાયના સ્થાપક સાબિત થયા. ડૉ. આંબેડકરે કહ્યું કે, ‘‘જે દેશમાં શ્રમશક્તિ જ્ઞાતિના આધારે પૃથક્કરણ પામે છે, ત્યાં સાચી લોકશાહી ક્યારેય ન ઊભી રહી શકે.’’ ડૉ. આંબેડકર શ્રમિકો માટે મર્યાદિત અને માનવતાપૂર્વકના કાર્યદિન માટે દૃઢ પ્રતિબદ્ધ હતા. તેમણે ઔદ્યોગિક ક્ષેત્રે ૮ કલાકના કાર્યદિનની નીતિનું કાનૂની સ્વરૂપે અમલીકરણ કરાવ્યું. અગાઉ મજૂરો ૧૨થી૧૪ કલાક સુધી અનિયમિત શરતોમાં કામ કરતાં હતા. ડૉ. આંબેડકરે શોષણની આ વ્યવસ્થાને પડકારતા કહ્યું હતું કે, ‘‘શ્રમ એ ધન ઉત્પન કરે છે અને તે માટે મજૂરને આરામ, સુરક્ષા અને માનવીય ગૌરવ મળવું જોઈએ.’’ આ ઐતિહાસિક પગલું વિશ્વ શ્રમ ઈતિહાસમાં પણ નોંધપાત્ર રહ્યું છે.

ડૉ. આંબેડકર સ્ત્રી શ્રમશક્તિ માટે પણ વિશેષ દૃષ્ટિ ધરાવતા હતા. તેમણે પ્રસૂતિની અવસ્થામાં મહિલાઓને વેતન સાથે પેઈડ લિવ અને આરોગ્ય સુરક્ષા મળે એ માટે મેટરનિટી બેનિફિટના વિચારને કાનૂની સ્વરૂપ આપ્યું. તેમણે આ મુદ્દે કહ્યું હતું કે, "સ્ત્રી મજૂરને માતૃત્વમાં મહેનત માટે દંડ નહીં પણ અધિકાર મળવો જોઈએ." આજે ભારતના મેટરનિટી બેનિફિટ અધિનિયમના મૂળમાં ડૉ. આંબેડકરની જ દૃષ્ટિ છે. નારી શ્રમિકો માટે આગવી વચનબદ્ધતા ડૉ. આંબેડકરે એ વખતની સમાજવ્યવસ્થામાં સ્ત્રીની હકીકત ખૂબ ઊંડાણ પૂર્વક સમજી હતી. એમણે મહિલાઓ માટે શ્રમ ક્ષેત્રે ઘણાં સુધારાઓનાં આગવા પગલાં ભર્યાં જેમ કે

- પ્રસૂતિ દરમ્યાન પગારસહિત અવકાશ (Paid Leave)
- બાળપણમાં શ્રમ રોકવા માટેના નીતિગત દૃષ્ટિકોણ
- મહિલા મજૂરો માટે આરોગ્ય અને સુરક્ષા બાબતોમાં નિયંત્રણ અને ભથ્થાં

Industrial Disputes Bill, ૧૯૪૨ શ્રમિકો અને માલિકો વચ્ચે ઉદ્ભવતા વિવાદોને સંવાદશીલ રીતે ઉકેલવા માટે Industrial Disputes Bill લાવવામાં આવ્યું. આ બિલ દ્વારા ટ્રેડ યુનિયનના અધિકાર, હડતાળના નિયમો અને મજૂરોના કલ્યાણ માટેના નિયમો ઘડાયા. ડૉ. આંબેડકરે આ બિલ દ્વારા શ્રમવિમર્શને સમાનતાવાદી દૃષ્ટિથી કાયદાકીય માળખામાં ગોઠવ્યો. અને રોજગારી માટે કાર્યસંધાન પૂરું પાડવા માટે તેમણે Employment Exchange Centre ની સ્થાપના માટે ધોરણ ઘડ્યા. આ કેન્દ્રો દ્વારા રોજગાર માટે જરૂરી માહિતી અને નોકરી શોધવાની પ્રક્રિયા વધુ સુગમ બની. એમનું માનવું હતું કે "રોજગાર એ વ્યક્તિનો હક છે, ભિક્ષા નહીં." આંતરરાષ્ટ્રીય મંચ પર યોગદાનથી ૧૯૪૫માં ડૉ. આંબેડકર ILO (International Labour Organization) ના શિકાગો સંમેલનમાં ભારતના પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત રહ્યા. તેમણે વૈશ્વિક સ્તરે શ્રમના હકો માટે ભારતના અભિગમને સ્પષ્ટ રીતે રજૂ કર્યો. ખાસ કરીને દલિત અને પછાત વર્ગના શ્રમિકો માટે તેઓએ વૈશ્વિક સમુદાય સમક્ષ અવાજ ઊભો કર્યો. તેમણે ટ્રેડ યુનિયનોને કાનૂની ઓળખ અપાવવાનો પ્રયાસ કર્યો જેથી શ્રમિકો સંગઠિત થઈને પોતાનો અવાજ ઊભો કરી શકે. આ રીતે શ્રમિકો માત્ર ઉદ્યોગના સાધન નહીં, પણ સામાજિક ન્યાયના હકદાર તરીકે માન્ય બન્યા.

માનવાધિકાર અને UN સાથે સંવાદ દ્વારા ડૉ. આંબેડકરનું માનવાધિકાર ચિંતન માત્ર રાષ્ટ્રીય નહિ પણ વૈશ્વિક દૃષ્ટિવાળું હતું. તેમણે માનવમૂલ્યોને કેન્દ્રમાં રાખીને એવાં તત્વો રજૂ કર્યા કે જે સંયુક્ત રાષ્ટ્ર સંઘ (UN) ના ૧૯૪૮ના Universal Declaration of Human Rights (UDHR) ની ભાવનાને અનુરૂપ હતાં. તેમની દૃષ્ટિમાં શિક્ષણ, રોજગાર, સમાનતા અને માનવ ગૌરવ એ મૂળભૂત અધિકાર હતા. તેઓ માનતા કે સમાજમાં સમાનતા ન હોય ત્યાં લોકશાહી ફળીભૂત થઈ શકતી નથી. આ બાબતે તેમનું ચિંતન વૈશ્વિક સ્તરે માન્યપત્ર સમાન છે. તેમણે આવા માનવાધિકારોને માત્ર આદર્ષ રૂપે નહિ પણ નીતિ અને કાયદા દ્વારા સંસ્થાગત બનાવવાની દિશા આપી. ૧૯૪૭ના આસપાસ જ્યારે વિશ્વ યુદ્ધ પછી Universal Declaration of Human Rights (UDHR) જેવી ચર્ચાઓ ચાલી રહી હતી ત્યારે ડૉ. આંબેડકર પણ એ વિચારધારામાં યોગદાન આપે છે. સમાનતા એ માત્ર કાયદાનો શબ્દ નહીં, પણ જીવનશૈલીનું આંતરિક મંત્ર છે. તે માટે તેમણે બેઠકો, પ્રવચનો અને લેખો દ્વારા 'અસ્પૃશ્યતા'ને એક અંતરરાષ્ટ્રીય શોષણના માળખા રૂપે રજૂ કર્યું.

આંબેડકરના શ્રમવિમર્શનું ઐતિહાસિક મૂલ્યાંકન તેમના કાર્યકાળ દરમ્યાન જે નીતિઓ અમલમાં આવી તેની ભારતના કામદારો માટે લાંબા ગાળે સકારાત્મક અસર થઈ. આજે જે શ્રમ કાયદાઓ (જેમ કે Factories Act, Minimum Wages Act, Maternity Benefit Act, Industrial Disputes Act વગેરે) અમલમાં છે તેના મૂળ તત્વો ડૉ. આંબેડકરના કાર્યકાળમાં જ નખાયા હતા. તેઓ માટે શ્રમ એક પવિત્રતાસભર, માનવગૌરવથી ભરેલો અધિકાર હતો, જે માત્ર પગાર માટે નહીં પણ માનવતાની સ્થાપનાની ક્રિયા છે. ડૉ. આંબેડકરનો શ્રમવિમર્શ ભારતના ઈતિહાસમાં એક વૈચારિક ક્રાંતિ સમાન છે. તેમણે શ્રમિકોની જમીન પર બાંધેલી લાગણીને કાયદાની ભાષા આપીને રાજકીય ટેબલ પર શ્રમના મુદ્દાને ઊભો કરવાનું સાહસ કર્યું અને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની પ્રતિષ્ઠાને શ્રમમૈત્રીની ભુમિકા આપી. એમનું શ્રમવિમર્શ આજે પણ સમાજ માટે સંવેદનાની સલામતી છે. ડૉ. આંબેડકરનો શ્રમવિમર્શ એ માત્ર નીતિની વાત નહોતી, પણ તે સામાજિક ન્યાયની રણનીતિ હતી. તેમણે શ્રમને ગૌરવ આપીને શ્રમિકોને

સુરક્ષા, સંરક્ષણ અને અધિકાર આપી ભારતને ન્યાયયુક્ત રાષ્ટ્ર બનાવવાની દિશા આપી. તેમનું યોગદાન આજે પણ Industrial Disputes Act, Minimum Wages Act, Maternity Benefit Act, Factories Act અને Employment Exchanges Act જેવા કાયદાઓમાં જીવંત છે. તેઓ સાચા અર્થમાં શ્રમસંસ્કૃતિના દ્રષ્ટા અને શ્રમિક હિતોના વકીલ હતા. "The progress of any society depends not on the capital it holds, but on how it treats its labour."

ડૉ. આંબેડકરના વિઝન હેઠળ ભારતનું ઔદ્યોગિક અને સામાજિક ઊત્થાનથી બીજા વિશ્વયુદ્ધ પછીનું ભારત માત્ર ઉપનિવેશી ગુલામીમાંથી મુક્ત થયેલું ન હતું પરંતુ તેને પોતાની જાતને ફરીથી ઘડવાનો ઐતિહાસિક મોકો મળ્યો હતો. આ સમયે ભારતના પુનઃનિર્માણ માટે જરૂર હતી એક એવી દૃષ્ટિની જે કાયદાકીય, આર્થિક, સામાજિક અને ટેકનિકલ સ્તરે સમાનતાવાદી, ઔદ્યોગિકીકૃત અને વૈજ્ઞાનિક હોય. ડૉ. આંબેડકર એ વ્યક્તિ હતા જેઓએ આ દૃષ્ટિને વિચારથી કાયદા અને પછી તેના અમલ સુધી પહોંચાડી. ડૉ. આંબેડકરે ભારતના આર્થિક વિકાસમાં વોટર મેનેજમેન્ટ, સિંચાઈ, ઊર્જા અને ટેકનિકલ શિક્ષણ માટે જીવનભર યોગદાન આપ્યું.

સેન્ટ્રલ વોટર કમિશન (CWC) જળસંચય માટે સંસ્થાકીય દૃષ્ટિએ ડૉ. આંબેડકર ૧૯૪૫માં વોટર રિસોર્સ કમિટીના ચેરમેન બન્યા. તેમણે ભારતની જળસંપત્તિને વૈજ્ઞાનિક રીતે સંચાલિત કરવા માટે કેન્દ્રીય સંસ્થા રચવાની જરૂરિયાત રજૂ કરી હતી. અને તેમણે જાહેર કર્યું હતું કે, જળસંચય માત્ર કૃષિ માટે નહીં પરંતુ વીજ ઉત્પાદન, પૂર નિયંત્રણ અને લોકોને જીવન પુરવઠો આપવા માટે પણ મહત્વપૂર્ણ છે. CWC એ તેમણે ઘડેલી દૃષ્ટિનું પરિણામ છે, જે આજે પણ દેશની મોટી જળસંચય યોજનાઓનું માર્ગદર્શન કરે છે. ‘‘જળ અને ન્યાયનું વિઝન ડૉ. આંબેડકર અને નદી યોજનાઓ’’ રાષ્ટ્રીય વિકાસના સ્તંભ, સ્વતંત્રતા પછી ભારતે જે સંરચનાત્મક પરિવર્તન અપનાવ્યું તેમાં નદી યોજનાઓ, જળસંચય અને ઔદ્યોગિકીકરણ અત્યંત મહત્વના તત્વ હતા. પરંતુ આ વિકસાવવાની દિશા માત્ર શારીરિક પાયાની રચના નથી. તે સામાજિક ન્યાય, આર્થિક હિસ્સેદારી અને

શ્રમજાતિઓના ઉત્થાન સાથે સંકળાયેલી છે. ડૉ. આંબેડકરે આ યોજના માત્ર તંત્ર માટે નહીં, પણ આધુનિક ભારતના નાગરિક માટે, ખાસ કરીને પછાત વર્ગો માટે, વિજ્ઞાનયુક્ત વિકાસ માન્યો હતો. ડૉ. આંબેડકર માટે નદી માત્ર ધર્મ નહિ, જીવનનું યાંત્રિક તત્વ હતું. તેમણે હીરાકુંડ કે દામોદર યોજના જેવી વ્યવસ્થાઓને સામાજિક સમાનતા માટેના સાધન ગણાવ્યા. આ બધું તેમના "જળ અને ન્યાય"ના વિઝનનો અભિન્ન અંગ હતું, જે ભારતના સર્વ સમાવેશક વિકાસના પાયાઓ ઘડે છે.

ડૉ. આંબેડકર ભારતના જળ આર્કિટેક્ટ, ડૉ. આંબેડકરનું નામ સામાન્ય રીતે બંધારણના ઘડવૈયા તરીકે લેવામાં આવે છે. પરંતુ તેમના વિચારવિશ્વમાં માત્ર કાયદો અને સમાજ સુધારણાનો વિષય જ નહોતો, પરંતુ આર્થિક વિકાસ અને જળ સંસાધનોનું વિજ્ઞાનપ્રેરિત પુનર્નિર્માણ પણ હતું. તેમણે પાણી અને ઊર્જાને "રાષ્ટ્રની સંપત્તિ" ગણાવી તેને સર્વહિત માટે વાપરવાનો દૃઢ સંકલ્પ વ્યક્ત કર્યો.

દામોદર વેલી યોજના ઘાતક પૂરને વૈજ્ઞાનિક પડકાર, ૧૯૪૪માં, શ્રમ મંત્રી તરીકે, આંબેડકરે દામોદર નદીની વિનાશકારી પૂરની સમસ્યાને અમેરિકાની Tennessee Valley Authority (TVA) ની પ્રેરણાથી ઉકેલવાનો માર્ગ શોધ્યો. તેમણે આ પ્રોજેક્ટને ભારતની પહેલી મલ્ટિપર્પઝ જળ યોજના બનાવ્યો હતો તેમનો હેતુ, પૂર નિયંત્રણ, વીજળી ઉત્પાદન, સિંચાઈ અને ઔદ્યોગિક વિકાસ હતો. આ યોજના પૂર્વ ભારતને માત્ર જળ સુરક્ષા જ નહીં પરંતુ નવી ઔદ્યોગિક ઊર્જા પણ આપતી બની છે.

ભાખરા નાંગલ યોજના વિકાસ અને વિશ્વાસનો પાયો ૧૯૪૦ના દાયકામાં જ આંબેડકરે ભાખરા નાંગલ પ્રોજેક્ટનો પાયો મૂક્યો હતો. તેમની દૃષ્ટિ સ્પષ્ટ હતી કે પાણી એ પ્રજાની સામૂહિક મિલકત છે. આ યોજનાથી પંજાબ, હરિયાણા અને ઉત્તર ભારતની કૃષિ જીવનરેખા ટકાવી રાખવામાં આવી છે. સ્વતંત્રતા પછી આ પ્રોજેક્ટ અમલમાં આવ્યો, પરંતુ તેના પાયાના વિઝન પાછળ આંબેડકરની આર્થિક દૃષ્ટિ જ કાર્યરત હતી.

હિરાકુંડ યોજના ઊર્જા અને ખાદ્ય સુરક્ષાનું કેન્દ્ર બિંદુ છે, હિરાકુંડ ડેમ (ઓડિશા) એ એશિયાનો સૌથી મોટો earthen dam છે. આંબેડકર માટે આ

યોજના માત્ર વીજળી ઉત્પન્ન કરવાનો સાધન નહોતું, પરંતુ, સિંચાઈ, ખાદ્ય સુરક્ષા, માછીમારી, પરિવહન અને ગ્રામિણ વિકાસનું કેન્દ્ર હતું. ૧.૫ લાખથી વધુ લોકોએ સ્થળાંતરનો સામનો કર્યો ત્યારે આંબેડકરે સ્થાનાંતરિતોના માનવાધિકાર માટે દલીલો રજૂ કરી અને તેમણે તેઓના અધિકારોનું રક્ષણ પણ કર્યું હતું. તેમણે પ્રાદેશિક ટેક્નિકલ તાલીમ કેન્દ્રો અને આરોગ્ય સુવિધાઓ શરૂ કરાવવાની દિશા દર્શાવી હતી.

કૃષ્ણા ગોદાવરી નદી જોડાણ પાણીનું સમાન વિતરણએ ડૉ. આંબેડકરે દક્ષિણ ભારતના સુકાં વિસ્તારો માટે કૃષ્ણા-ગોદાવરી નદી જોડાણ યોજનાના પ્રેરક હતા. તેઓનું માનવું હતું કે પાણીનો અધિકાર માત્ર જમીનદારોને નહીં, દરેક ખેડૂત પરિવારમાં હોવો જોઈએ. Inter-basin linkage દ્વારા જાતિ આધારિત ખેતી-વ્યવસ્થા તોડવાનો પ્રયત્ન તેમણે કર્યો. તેમનું કથન આજે પણ પ્રેરણાત્મક છે. ''ભારતના નકશામાં નદીઓને સાંસ્કૃતિક નહિ, સમાજ જાગૃતિના નમૂના બનાવો.'' ડૉ. આંબેડકર માત્ર સમાજસુધારક કે બંધારણકાર ન હતા, તેઓ રાષ્ટ્રના પાણી-ઉર્જા વિકાસના વિઝનરી આર્કિટેક્ટ પણ હતા.

દામોદરથી હિરાકુંડ સુધીની યોજનાઓમાં તેમની વિજ્ઞાનપ્રેરિત દૃષ્ટિએ પાણીનું સમાનતાવાદી વિતરણ અને માનવતા આધારિત અભિગમ સ્પષ્ટ દેખાય છે. આથી તેમને ફક્ત ''ભારતના બંધારણકાર'' તરીકે જ નહિ, પરંતુ ''ભારતના જળ આર્કિટેક્ટ'' તરીકે ઓળખવું વધુ યોગ્ય છે.

ફાઇનાન્સ કમિશન ન્યાયસંગત કેન્દ્ર-રાજ્ય સંબંધો માટેની રચના ડૉ. આંબેડકર માનતા હતા કે સંવૈધાનિક ન્યાય માત્ર કાયદાની કચેરીઓમાં નહીં, પરંતુ નાણાકીય વહેંચણીમાં પણ દેખાવો જોઈએ. તેથી તેમણે ફાઇનાન્સ કમિશનની રચનાનું સિદ્ધાંત વિકસાવ્યું. આ સંસ્થાએ દેશના કેન્દ્ર અને રાજ્ય વચ્ચે નાણાં વિતરણ અને કરવેરા હિસ્સેદારીના મુદ્દે ન્યાયપૂર્ણ માળખું ઉભું કર્યું. લેબર કમિશન અને શ્રમિક હિત વિકાસ સાથે માનવમર્યાદાએ ડૉ. આંબેડકરે શ્રમિકોને શ્રમમુક્ત નહીં પરંતુ સન્માનમય જીવન માટે નીતિનિર્માણ કર્યું. તેઓ માનતા હતા કે મજૂર દેશની પીઠબળ પૂરું પાડનાર એક બળ છે અને જ્યારે શ્રમિક સુરક્ષિત હોય, ત્યારે જ રાષ્ટ્ર મજબૂત બનતું હોય છે.

નૈતિક ઔદ્યોગિક વિકાસ અને NTPC જેવી સંસ્થાઓ માટેનું માર્ગદર્શન જ્યારે ડૉ. આંબેડકર નીતિનિર્માતા તરીકે કાર્યરત હતા, ત્યારે તેમણે ઊર્જા વિકાસ માટે મજબૂત ઢાંચાની ભલામણ કરી. NTPC જેવી સંસ્થાઓ ત્યાર પછી શરૂ થઈ, પણ તેમની નીતિદૃષ્ટિએ એવું સિદ્ધ કર્યું કે ઊર્જા વિકસે પણ માત્ર અમીર વર્ગ માટે નહીં, સમગ્ર રાષ્ટ્ર માટે. તેથી વીજળીના જાહેરવિતરણ અને ટેકનિકલ જનહિતની બાજુએ તેઓ ઊભા રહ્યા.

ભવિષ્યદ્રષ્ટા આંબેડકરનું રાષ્ટ્રનિર્માણ વિઝન ડૉ. આંબેડકરના આ તમામ ઐતિહાસિક પગલાંએ ભારતીય પુનઃનિર્માણ માટેની પ્રસ્થાના રચી છે. તેમણે રાષ્ટ્રના ઔદ્યોગિક, જળ, નાણાંકીય અને શ્રમ ક્ષેત્રોને માત્ર આધુનિક બનાવ્યાં નહીં, પરંતુ સમાનતાવાદી દિશામાં ઘડ્યાં. આજે જ્યારે આપણે વિકાસની નવી દિશા તરફ જોતા હોઈએ, ત્યારે આ ઐતિહાસિક પગલાંઓનું યાદગાર ભવિષ્યદ્રષ્ટા માર્ગદર્શન રૂપે પુનર્મૂલ્યાંકન માટે જરૂરી બની રહ્યું છે.

## ૭. સંકલ્પદિન ઐતિહાસિક ક્ષણ અને માનવતાની પ્રતિજ્ઞા

સંઘર્ષમાંથી ચેતનાની શરૂઆત વડોદરાનો અનુભવે ડૉ. આંબેડકરના જીવનનો માત્ર એક પ્રસંગ ન હતો, પણ સમગ્ર ચિંતનયાત્રાનો મુળસ્રોત બની ગયો હતો. જ્યારે મહારાજા સયાજીરાવ ગાયકવાડે એમને વિદ્યા માટે શિષ્યવૃત્તિ આપી અને તેમના વિચારોની દિવ્યશક્તિને માન આપ્યું, ત્યારે એવું લાગ્યું કે, સમાજ કદાચ બદલાઈ રહ્યો છે, પણ વાસ્તવિકતા અલગ હતી. વિદેશથી અભ્યાસ પૂર્ણ કરી પરત ફરીને વડોદરામાં નોકરી કરવાનું શરૂ કરતાં જ ડૉ. આંબેડકરને સામાજિક વાસ્તવિકતા અને કઠોર અન્યાયનો સામનો કરવો પડ્યો. તેમના માટે રહેઠાણ મળતું નહોતું, ભાડે મકાન આપનાર લોકો જ્યારે તેમની જાતિ વિશે જાણતા ત્યારે ઘરોના દરવાજા બંધ થઈ જતાં. તેમને પોતાના નામ સાથે ઓળખ છુપાવવી પડતી હતી. એક સમયે જ્યારે તેઓ વકીલ હોવા છતાં ‘અસ્પૃશ્ય’ તરીકે ઓળખાયા ત્યારે તેઓને હોસ્ટેલમાંથી પણ બહાર કાઢવામાં આવ્યા હતા. કચેરીમાં તેઓ અધિકારી હતા, પરંતુ નાની પદવિ ધરાવનાર સેવક પણ તેમને પાણી આપતા ન હતા, ચા પણ અલગ વાટકીમાં આપીને એ વાટકીને ફેંકી દેવામાં આવતી. આ તમામ ઘટના માત્ર વ્યક્તિગત નહીં, પણ સમગ્ર દલિત સમુદાયના શોષણનું દર્પણ હતું. તેમણે પોતાના પુસ્તકમાં લખ્યું હતું કે, ‘હું મારા પોતાના દેશમાં પણ પરદેશી જેવો લાગું છું.’ આ અનુભવોએ તેમને માત્ર અસ્વીકાર નહિ, પણ આંતરિક રીતે ક્રાંતિની ભઠ્ઠી બનાવી. તેઓ સમજી ગયા કે પદ અને અભ્યાસ જેટલાં પણ ઊંચા હોય, જો સમાજની માનસિકતા અસ્પૃશ્યતા અને જાતિવાદથી ઘેરાયેલી હશે, તો ન્યાય શક્ય નથી. વડોદરાના આ દુઃખદ અનુભવોએ તેમને અંદરથી ઝંઝોડ્યા અને તેઓએ નક્કી કર્યું કે સામાજિક પુનઃગઠન સિવાય ન્યાય પ્રાપ્ત થવો અસંભવ છે. તેઓએ એ વાસ્તવિકતા અનુભવી કે કાયદો મસ્તક પર હોય તો પણ જો હૃદયપર્વની કરુણા અને નૈતિકતા શૂન્ય હોય તો ન્યાય ફક્ત કાગળ પર જ રહેશે. આંતરિક રીતે આ અવમાનનાના અનુભવોમાં એમણે નવો દૃષ્ટિકોણ શોધ્યો હતો. “સમાજમાં ક્રાંતિ લાવવા માટે યોગ્ય શિક્ષણ, નીતિગત ચેતના અને ધર્મપરિવર્તન જેવા માર્ગો જરૂરી છે.” આમ વડોદરાનો

આ અનુભવ ડૉ. આંબેડકરના જીવનમાં એક સંઘર્ષપૂર્ણ વળાંક રહ્યો, જ્યાંથી તેઓ 'વિદ્વાન'થી 'વિચારપૂર્વક ક્રાંતિકારી' બન્યા. આ અનુભવ તેમની અનેક કૃતિઓમાં પ્રતિબિંબિત થાય છે. જેમ કે Annihilation of Caste, The Untouchables અને બીજા અનેક લેખો. તેઓએ સમજ્યું કે જાતિવાદ એ માત્ર સામાજિક દુઃખ નથી, પણ રાજકીય અને ધાર્મિક ષડયંત્ર છે જેને ભાંગવા માટે જાતિવાદી પાયો નષ્ટ કરવો ફરજિયાત છે. તેમનો દરેક વિચાર વાક્ય અને હરણફાળ સામાજિક ન્યાયના સંકેતરૂપ હતો. તેમના વડોદરાના અનુભવો એ સાબિત કરે છે કે સમાજમાં માનવમુલ્યોના અભાવથી ઊભેલો તિરસ્કાર વ્યક્તિને તોડી નાખે છે, જો કે અહીં એ તૂટવું નહિ પરંતુ ઉર્જાવાન બન્યું. ડૉ. આંબેડકર માટે વડોદરા એ નિશાની હતી કે જેમાં તત્કાલીન ભારતના સંતાપ અને ભવિષ્યના ઉધ્ધાર વચ્ચેની મોટી ખાઈ સ્પષ્ટ દેખાતી હતી. તેઓ માત્ર પીડિત ન હતા પણ પીડાની ઊર્જાને અનુસંધાન અભ્યાસ અને સમાજસંસ્કારના કાર્યમાં બદલનાર મહામાનવ હતા. તેઓએ જાતિનો નાશ લાવવાની વાત કરીને ન્યાયમૂળક બંધારણ ઘડ્યું અને ભારતને એના અંતિમ માનવી સુધી પહોંચે તેવો વિચાર આપ્યો. તેઓ માટે વડોદરાનો અનુભવ એ એક સજીવ દસ્તાવેજ હતો. સમાજના ભેદભાવ સામે ઊભી થયેલી જીવંત ચેતનાથી આજે કોઈ સમાજ, વ્યવસ્થા કે શિક્ષિત નાગરિક તરીકે સામાજિક સમતાના પંથે આગળ વધી રહ્યા હોઈએ, તો એ યાત્રાની પહેલ વડોદરાના એવા એક ખંડિત દરવાજેથી થાય છે, જ્યાં એક મહાન આત્મા માટે રહેવા જેવી જગ્યા પણ ન હતી. પણ આજે એ આત્માનો અવાજ સમગ્ર વિશ્વના અંતિમ ઘર સુધી પહોંચી રહ્યો છે.

ડૉ. આંબેડકરે સમગ્ર જીવન માટેનો અભૂતપૂર્વ સમાજકાળજી કરતો સંકલ્પ ૨૩ સપ્ટેમ્બર, ૧૯૧૭નો દિન હતો, જ્યારે ડૉ આંબેડકર મુંબઈ તરફ જતી ટ્રેન ચૂકી જતા વડના વૃક્ષ નીચે બેઠા હતા. તે ક્ષણે માનવ ઈતિહાસની એક નવી દિશા ચાલુ થઈ રહી હતી. એ કોઈ સામાન્ય બાબતની પળ નહોતી. એ હતી એક મહાપરિવર્તનના સંકલ્પની ક્ષણ. ઐતિહાસિક રીતે આ ક્ષણ આજે ''સંકલ્પદિન'' તરીકે ઓળખાય છે. એ સમયે ભારતમાં અંગ્રેજ શાસન ચાલી રહ્યું હતું પણ સાથે સાથે ભારતીય સમાજ અંદરથી તૂટેલો અને વિખરાયેલો હતો. સામાજિક

ઊંચ-નીચ, અસ્પૃશ્યતા, જાતિવાદ અને શિક્ષણમાં પ્રવેશના અવરોધો. આ બધુ દલિત સમુદાયને અત્યંત અપમાનજનક જીવન જીવવા મજબૂર બનાવ્યો હતો. ડૉ. આંબેડકર આ બધા દુઃખોથી સારી રીતે વાકેફ હતા. તેઓએ બાળપણથી ભોગવેલી અસહ્ય અછૂતતા અને તિરસ્કાર તેમના આંતરિક મનમાં એક જ્વાળા રૂપે સંગ્રહિત થયેલ હતી. પણ એ જ સમયે તેઓ વિદ્વત્તા અને જ્ઞાન માટેનો તીવ્ર વિચાર રાખતા. તેઓ કોલંબિયા યુનિવર્સિટીથી અભ્યાસ કરીને ભારત પરત ફર્યા હતા અને હવે એમને ખબર હતી કે ફક્ત શિક્ષણથી નહીં પણ એક દૃઢ માનવતાવાદી સંકલ્પથી જ સમાજમાં પરિવર્તન શક્ય છે. સંકલ્પદિનના અર્થઘટનથી વડના ઝાડ નીચે બેસેલા ડૉ. આંબેડકરે એ દિવસે મનમાં એક પ્રતિજ્ઞા લીધી હતી, કે "હું મારા જીવનને માત્ર અંગત સફળતા માટે નહીં પણ શોષિતો અને વંચિતો માટે સમર્પિત કરીશ." તેમનો આ સંકલ્પ માત્ર દલિત સમુદાય માટે નહીં પણ સમગ્ર માનવજાતિ માટેની પ્રતિજ્ઞા બની રહ્યો. એ દિવસે તેમણે ત્યાગ, જાતિવિહોણો  સમાજ, ન્યાય અને સમાનતા માટે પોતાનું જીવન સમર્પિત કર્યું. એ ક્ષણે એક વ્યકિતમાંથી વિચારપૂર્વક "વિચારપુરૂષ"નો જન્મ થયો. સંકલ્પદિન અને માનવતા આ સંકલ્પમાં બે બાબતો અદ્વિતીય હતી, આંતરિક આંતરિકત્વ આ એક એવી ક્ષણ હતી, જ્યાં કોઈ સત્તા, પ્રવચન કે સંસ્થાનો ન હતા, ફક્ત એક દલિત યુવાન અને તેની અંતઃચેતના વચ્ચેનો સંવાદ હતો. વિશ્વમૂલ્યોનું પ્રતિનિધિત્વ આ સંકલ્પ ફક્ત દલિતોને ભણાવવાનો કે ઉન્નત કરવાનો ન હતો, પણ સમગ્ર માનવજાતિના માટે ન્યાય, સમાનતા અને અધિકારોથી ભરેલ રાષ્ટ્રના નિર્માણનો સંકલ્પ હતો. તેઓ કહેતા, "હું કોઈ જાતિના વિરોધમાં નહિ, પણ માનવતાના પક્ષમાં છું." આ જ વાક્ય તેમના સંકલ્પની વિશિષ્ટતા જણાવે છે કે સંકલ્પથી સાકાર સુધીનો માર્ગ આ પૃષ્ઠભૂમિમાં જન્મ્યો હતો જેમાં આ બધાં પગલાં એ "સંકલ્પદિન"ના ઉદ્ભવથી જ અમલમાં આવ્યો. આજે સંકલ્પદિન કેમ જરૂરી છે? જ્યારે સમાજમાં નવા પ્રકારના વિભાજન, બેરોજગારી, શૈક્ષણિક અસમાનતા અને જાતિવાદ નવા સ્વરૂપે દેખાય છે, ત્યારે આ સંકલ્પ ફરીથી સ્મરણ કરવો ખૂબ જ જરૂરી છે. સંકલ્પદિન એ વ્યક્તિગત સફળતાને સામૂહિક કલ્યાણમાં રૂપાંતરિત કરવાનો સંકેત છે, શોષણ સામે જ્ઞાનપૂર્વક લડવાનો માર્ગ બતાવે છે,

વિચારશક્તિને જ્વલંત અનુસંધાનમાં ફેરવવાનો સંદેશ આપણને આપે છે. ડૉ. આંબેડકર વડના ઝાડ નીચે માત્ર થાકેલા મુસાફર તરીકે નહોતા બેઠા, પણ એમણે ત્યાંથી એક નવા ભારતનો નકશો દ્રષ્ટિમાં લીધો. એ ક્ષણ આજે પણ આપણને યાદ અપાવે છે કે જ્યાં-જ્યાં પીડા હોય ત્યાં વિચાર, સંકલ્પ અને સેવાની આગ સળગવી જ જોઈએ. “સંકલ્પદિન” એટલે “માનવતાના તેજથી દરેક વ્યક્તિ પરિવર્તનનો દૂત બને તેવો દિવસ.” આ માત્ર ઈતિહાસ નથી, આ છે જીવંત ચેતના હતી.

# ૮. જ્ઞાનયુગથી રાષ્ટ્રીય જાગૃતિનો માર્ગ

“આગામી સદી જ્ઞાનની છે પરંતુ એ જ્ઞાનની સદી આપણા માટે સમાનતાની બને, એ માટે આજે જ પ્રયત્નો જરૂરી છે.” જ્યારે વિશ્વ ઊર્જાની, ટેકનોલોજીની અને માહિતીની સ્પર્ધામાં ખુબજ આગળ વધી રહ્યું છે ત્યારે આપણો પ્રશ્ન એ છે, કે આપણો જ્ઞાતિવાદી, સમાંતવાદી સમાજ ક્યાં ઊભો છે, જ્ઞાન એ માત્ર પુસ્તકોની બાબત નથી, તે વિચારની તેજસ્વિતા છે અને તે માત્ર વિચારોની ગૂંચવણ પણ છે, તે સમાજ માટેના કાર્યની પ્રજ્વલિત જ્યોત છે. “આગામી સદી જ્ઞાનની છે” આ વાક્યમાં આશા છે, શક્તિ છે પરંતુ જવાબદારી પણ છે. આપણે આપણા સમાજ માટે એ જ્ઞાનને કેવી રીતે ઉપયોગી બનાવીએ એ પ્રશ્ન સૌથી મોટા સંકલ્પની માંગ કરે છે. દલિત, આદિવાસી અને પછાત સમુદાયોની મુશ્કેલી એ નથી કે તેઓ માહિતીથી વંચિત છે, સમસ્યા એ છે કે તેમને સાધનો અને દિશા મળી નથી અને એ સાધન આપણાં હાથમાં છે શિક્ષણ, જે અત્યાર સુધી નથી થયુ તે હવે થવું જોઈએ. સમાજના ગ્રામીણ વિસ્તારમાં શિક્ષણની જ્યોત પહોંચવી જોઈએ, દરેક બાળકને શિક્ષણ મળે એ માત્ર હક નહીં પણ જવાબદારી બનવી જોઈએ. યુવાનો માટે રોજગાર અને સ્પર્ધાત્મક ક્ષમતા ઊભી કરવી, સમાજના મહેનતી, નમ્ર અને અંતિમ પંક્તિએ રહેલા લોકો માટે વિશ્વાસ ઊભો કરવો જોઈએ. આ કામગીરી સરકાર કે નેતા માત્ર નહીં કરી શકે તે માટે ‘જાગૃત સમાજ‘ જરૂરી છે. હવે પ્રશ્ન એ નથી કે આપણે ક્યાં પહોચ્યા અને શું કર્યું, પ્રશ્ન એ છે કે આપણે ક્યાં જઈ રાહયા છીએ, જો સમર્પિત થઈએ તો કહેવાય છે, “કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી.” તો ચાલો, સમાજના દરેક શ્રેણીમાં સાહિત્યકારથી લઈને શિક્ષક સુધી, મેમ્બર ઓફ પાર્લામેન્ટથી લઈને દરરોજની મજુરી કરી પેટ ભરતા માણસ સુધી, દરેક પોતાનું ધ્યેય નક્કી કરીએ. હું મારા ગામમાં પાંચ બાળકોને સ્કૂલમાં દાખલ કરાવવાનો સંકલ્પ લઉં, હું સામાજિક જાગૃતિનો એક પિરીયડ ગામમાં દર અઠવાડિયે યોજીશ. હું દરેક યુવકને સ્પર્ધાત્મક પરીક્ષાની માહિતી પહોંચાડીશ, હું મારા વિસ્તારના દરેક કાર્યકર સુધી ભણાવવાનું કાર્ય છે તેને મદદ રૂપ થઈશ. શબ્દોથી નહી કાર્યથી સમાજ બદલાય છે. ત્યારે હવે લેખન નહીં, લક્ષણ સર્જવા જોઈએ. “વિચારથી વિમુક્તિ, વિમુક્તિથી વિકાસ, વિકાસથી

સાચી સમાનતા'' એ યાત્રા આપણે જ લખવી પડશે. આમ, આ ધ્યેય અંતે નહીં પરંતુ આરંભનો સંકેત છે, જ્ઞાનયુગના દરવાજે ઊભેલા સમાજ માટેનો સંકલ્પપત્ર લાખવો છે.

સાંસ્કૃતિક દ્રષ્ટિ અને ભાષાકીય ન્યાય માટે ડૉ. આંબેડકરનો અભિગમ "What's wrong with Sanskrit?" દ્વારા તેમના મતે ભાષા એ માત્ર સંવાદનું માધ્યમ નથી, પરંતુ સંસ્કૃતિ, ઓળખ અને સત્તાની રાષ્ટ્રીય વ્યવસ્થાની ઘડીયાળ છે. ભારતની સ્વતંત્રતા પછી જ્યારે નવી રાષ્ટ્રભાષાની પસંદગીને લઈને સંસદમાં ઉગ્ર ચર્ચા ચાલતી હતી, ત્યારે એક વિસ્મયજનક વાત સામે આવી, દલિત ચિંતક ડૉ. આંબેડકર સંસ્કૃત ભાષાને રાષ્ટ્રભાષા બનાવવાની દલીલ કરી રહ્યા હતા. આ દલીલ માત્ર ઐતિહાસિક નહિ પણ ન્યાયસંગત અને ભવિષ્યદ્રષ્ટિપૂર્ણ હતી. શૈક્ષણિક ભેદભાવના અનુભવો ડૉ. આંબેડકર જ્યારે પોતાના કોલેજકાળમાં હતા, ત્યારે તેમણે સંસ્કૃત વિષય રાખવાનો ઈરાદો વ્યક્ત કર્યો હતો. પરંતુ તેમને એમના જાતિ આધારિત અસ્વીકારને લીધે સંસ્કૃત ભણવાનો અધિકાર ન મળ્યો. આ ઘટના એ સમયની શૈક્ષણિક અસ્પૃશ્યતા અને બ્રાહ્મણવાદી સંસ્થા પદ્ધતિઓની નિર્મમ યાદગાર બનેલી ઘટના છે. આ પ્રસંગે તેઓએ જણાવ્યું હતું, ''મારે સંસ્કૃત ભાષા એટલી જ રુચિથી ભણવી હતી જેટલું એક બ્રાહ્મણ વિદ્યાર્થી ભણે, પણ સમાજે મારી ઈચ્છા દબાવી.'' સંસ્કૃતને રાષ્ટ્રીય ભાષા બનાવવાના પ્રયાસથી ડૉ. આંબેડકર માને છે કે સંસ્કૃત ભારતની સજીવ સાંસ્કૃતિક પરંપરાનું પ્રતિબિંબ છે. બંધારણ ઘડતરના સમયે તેમણે સંસદમાં સંસ્કૃતને રાષ્ટ્રીય ભાષા બનાવવાનો પ્રયાસ કર્યો. લક્ષ્મીકાંત મૈત્રી સાથેની ચર્ચા દરમિયાન તેમણે નિખાલસપણે કહ્યું, "What's wrong with Sanskrit?" તેમના મંતવ્યો અનુસાર, સંસ્કૃત કોઈ એક વર્ગની આધિપત્ય ભરેલી નથી, પરંતુ સમગ્ર ભારતીય સંસ્કૃતિની સાચી વારસદાર છે. હિન્દી અને અંગ્રેજી વચ્ચે ચાલી રહેલા વિવાદો અને રાજકીય ધ્રુવીકરણની સામે સંસ્કૃત એક તટસ્થ અને સાંસ્કૃતિક રીતે સમૃદ્ધ વિકલ્પ બની શકે છે.

અકારણ વિરોધ અને રાજકીય અવરોધ તેમના આ પ્રયત્ન સામે રાજકીય અવરોધ ઉભા કરાયા હતા. જેમાં બી. પી. મૌર્ય દ્વારા અકારણ વિરોધ રજૂ થયો. જોકે, પછીથી તેમણે ખૂદ કબૂલ્યું કે, ''મારે એ સમયે સમાજના દબાણ હેઠળ

આવું કરવું પડ્યું. ડૉ. આંબેડકર કહી રહ્યા હતા, તેમાં સાહિત્ય અને સંસ્કૃતિ માટે ઊંડો તાત્વિક અર્થ હતો.'' ભાષાકીય ન્યાયના વિઝનરી આગેવાન ડૉ. આંબેડકર ભાષાના ક્ષેત્રમાં ન્યાય સ્થાપિત કરવા માંગતા હતા. તેમના માટે ભાષા એ ઓળખનો પ્રશ્ન હતો, જેમાં કોઇ જાતિ, ધર્મ કે વર્ગને ઉચ્ચ કે નીચ બનાવી ન શકાય. તેઓ કહે છે, કે ''ભાષા ત્યારે રાષ્ટ્રીય બની શકે, જ્યારે તે દરેક નાગરિકની હક (કોઈ વસ્તુ પર ન્યાયસંગત અને અધિકારપૂર્ણ દાવો) અને ગર્વ બની શકે.'' ડૉ. આંબેડકરનો સંસ્કૃત પ્રત્યેનો અભિગમ એ સાબિત કરે છે કે, તેઓ માત્ર દલિતોના નેતા નહીં, પણ ભાષા, સંસ્કૃતિ અને ન્યાયના વ્યાપક વિચારક હતા. આજના ભારત માટે પણ તેમનો ભાષાકીય ન્યાયનો વિચાર ઉપયોગી અને માર્ગદર્શક છે. તેઓ માટે ભાષા એ પીડાની પ્રતિસાધ અને ગૌરવની યાત્રા હતી.

ડૉ. બાબાસાહેબ આંબેડકરનું સમાજવિજ્ઞાન અને આધુનિક ભારતના દલિત ચેતનાનું દ્રષ્ટિબિંદુ ડૉ. આંબેડકર દલિત સમાજ માટે માત્ર નેતા નહોતા, તેઓ ચિંતક, વિદ્વાન, ધર્મવિદ, અર્થશાસ્ત્રી, સંવિધાનશિલ્પી અને સમાજ સંશોધક હતાં. તેમનું જીવન એ માત્ર આંદોલન નહીં પરંતુ વિચારક્રાંતિનું દ્રષ્ટાંત હતું. તેમણે પ્રશ્ન કર્યો કે, ''દલિતો તમે સમાજ માટે શું કર્યું છે,'' આ એક અસ્વીકારની નહીં, પણ જાગૃતિ લાવવાની ચેતવણી હતી. તેઓ દલિતોને કહેતાં કે માત્ર ગૃહસંસાર પૂરતા જ ન રહો, સમૂહ માટે, સમાજ માટે ત્યાગ કરો. તેમણે ચેતવણી આપી કે જો વિવિધ રાજકીય પક્ષો જાતિવાદી ધ્યેય પર આગળ વધશે તો દેશની સ્વતંત્રતા ફરી સંકટમાં આવશે. તેઓ રાષ્ટ્રને પક્ષથી ઊંચું માનતા. વાણીનું મહત્વ તેમનો દ્રઢ વિશ્વાસ હતો કે, નેતૃત્વ કરવા માંગો તો વાણીમાં મીઠાસ હોવી જ જોઈએ. વાણી શાંત, વિવેકપૂર્ણ અને આત્મનિર્ભર હોવી જોઈએ.

પોલીટિકલ રિઝર્વેશન પ્રતિનિધિત્વ માટે અનામત જોગવાઈઓથી ઉપર ઉઠીને, સમાજનું પ્રતિનિધિત્વ એવા ક્ષેત્રોમાં પણ સચવાય જ્યાં અનામત ન હોય, એ તેમનું દ્રષ્ટિબિંદુ હતું. ત્યારે આપણને તેઓ યાદ આવે છે.

- જ્યારે યુનિવર્સિટીમાં દલિત વિદ્યાર્થીઓ માર્ગદર્શન વિના ભટકે છે.
- જ્યારે ન્યાયતંત્રમાં અસમાનતાની ઝાંખી જોવા મળે છે.
- જ્યારે દલિત ઉદ્યોગસાહસિકોને લોન માટે સંઘર્ષ કરવો પડે છે.

- જ્યારે બેકારી, ભૂખમરી અને શોષણ જીવનનો એક ભાગ બને છે.
- જ્યારે લિંગભેદ મહિલાની આગળ વધવા માટે અવરોધ બની રહે છે.

આજની સદીમાં પણ ડૉ. આંબેડકરના વિચારો એટલા જ મહત્વ અને અર્થપૂર્ણ છે. તેઓ માનતા કે દેશનું ભવિષ્ય બુદ્ધિજીવી વર્ગ પર આધારિત છે. જો બુદ્ધિજીવી વર્ગ સ્વતંત્ર અને ઈમાનદાર હશે, તો રાષ્ટ્ર સાચા નેતૃત્વ દ્વારા આગળ વધશે. તેમણે કહ્યું હતું કે, ''રાષ્ટ્રીય ભાવના ન હોય તો રાષ્ટ્ર ટકી ન શકે.'' આજે જ્યારે હજી પણ બેરોજગારી, ભ્રષ્ટાચાર, અભણતા, અશિષ્ટતા છે ત્યારે પુછવું પડે કે શું આપણા સ્વપ્નો પૂરાં થયા છે, અનુસૂચિત જાતિના વિકાસની દષ્ટિએ તેઓ કલાર્કથી લઈને કલેક્ટર, પ્રોફેસરથી લઈને ન્યાયાધીશ, સાંસદથી લઈને વૈજ્ઞાનિક બન્યા, મંગળયાન બનાવનાર ડૉ. કે. સિવાન જેમના પ્રયાસોના ઉત્તમ ઉદાહરણ છે, ડૉ. આંબેડકરનું જીવન એ કાર્યમય વિચારધારાનું ઉદાહરણ છે. તેમણે સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાના ત્રિપાદના આધારે એક સમાન સમાજ રચવાનું સ્વપ્ન જોયું અને તેના માટે સર્વસ્વ અર્પણ કર્યું. તેમના વિચારો માત્ર ભૂતકાળનું સાહિત્ય નથી, તે ભારતના ભવિષ્યનું દિશાસૂત્ર છે.

ડૉ. આંબેડકરનું દ્રષ્ટિકોણ અને આજનું ભારત ડૉ. બાબાસાહેબ આંબેડકર પોતાના સમાજ માટે અનેકવાર સ્પષ્ટ શબ્દોમાં કહેતા હતા, ''હું મારા દલિત ભાઈઓને પ્રશ્ન પૂછવા ઈચ્છું છું, કે તમોએ સમાજ માટે શું કર્યું, તમે માત્ર ગૃહસંસારની જંજાળમાં ન રહેતાં પોતાના સમાજની પરિસ્થિતિ તરફ પણ ધ્યાન આપો. સમાજની ઉન્નતિ માટે શક્ય એટલો ત્યાગ કરો. નોકરી કરતા કરતાં પણ જરૂરતમંદોને મદદ કરો. ભણતર અને સરકારી સહાયનો પુરેપુરો લાભ લો, અને પ્રાપ્ત થયેલી પદવી કે હોદ્દા પછી પણ તમારા સમાજને ભૂલશો નહીં.'' ડૉ. આંબેડકરના વિચારો આજના સમયમાં પણ સમકક્ષ રીતે અનુરૂપ લાગુ પડે છે. તેઓ એવી ભીતિ વ્યક્ત કરતા કે ભારતમાં જાતિભેદના આધારે રાજકીય પક્ષો ઊભા થશે અને દેશનું ભવિષ્ય સંકટમાં મુકાઈ શકે છે. આ જ કારણોસર તેઓ સતત રાષ્ટ્રીય એકતાને મજબૂત કરવાની ભૂમિકા નિભાવતા રહ્યા હતા.

તેઓએ ૧૯૨૮માં રજૂ કરેલી, ''થિયરી ઑફ ઈકોનોમિક ડેવલપમેન્ટ'' માં સ્પષ્ટ કહ્યું હતું કે, ''વિકાસ એ રીતે ન હોવો જોઈએ અમુક વર્ગના લોકોને લાભ મળે અને અન્ય વર્ગો માત્ર રાહ જોતા રહે. વિકાસનું માળખું દરેક વર્ગ

માટે લાભદાયક હોવું જોઈએ.'' તેઓ માનતા કે આર્થિક નીતિઓમાં પણ ન્યાયનું તત્વ હોવું જોઈએ અર્થતંત્ર માત્ર GDP કે રોકાણથી માપી શકાય તેવું નથી પણ પછાત અને અભણ રહેલાં વર્ગના માનવ અધિકારો, રોજગારી, ધરતી અને શ્રમના હક અને સામાજિક સુરક્ષા પણ વિકાસનું માપદંડ હોવું જોઈએ. ૨૧મી સદી માટે આપણું કાર્ય છે આ અર્થતંત્રને માનવતાવાદી દિશામાં લઈ જવું, જ્યાં ''વિકાસ''નો અર્થ થાય દરેકના જીવનમાં મૂલ્યવૃદ્ધિ અને સંવર્ધન.

સમાજના ભેદભાવ સામે ચેતનાથી બાબાસાહેબ માનતા હતા કે સમાજમાં સ્ત્રી અને પુરુષ બે જ જાતિ છે. બાકી દરેક પ્રકારની ઊંચ-નીચ, ધર્મવાદ, જાતિવાદ એ માનવસર્જિત છે. તેઓ જણાવી ગયા કે જ્ઞાતિવાદ એ રાષ્ટ્ર માટે સૌથી નબળી કડી છે. જે સમાનતાના સિદ્ધાંતોને નકારે છે તે રાષ્ટ્ર ભવિષ્યમાં પોતાનું મૂલ્ય ગુમાવે છે. તેમણે અસ્પૃશ્યતાના ભયાનક સ્વરૂપોને ઓળખીને સમાજ સુધારણા માટે મંદિર પ્રવેશ, પાણીના હક, શૈક્ષણિક હક્કો અને ધર્મસ્વતંત્રતાની લડત લડી. તેઓ હિન્દુ ધર્મની અંદર અસ્પૃશ્યો માટે સમાન હકોની માંગણી કરતા હતા. તેમનું મંતવ્ય સ્પષ્ટ હતું, જો તમે સફળ થવા માંગો છો તો એ સફળતા જાતિથી નહીં પણ કૌશલ્ય અને જ્ઞાનથી મળવી જોઈએ. દરેક રાષ્ટ્રના ઈતિહાસમાં ક્યારેક એવું આગવું વ્યક્તિત્વ જન્મે છે, જે માત્ર નેતૃત્વ પૂરું પાડતું નથી પણ આખા યુગને નવી દિશા આપે છે. આવા મહાનુભાવ પોતાના ''સ્વ''થી ઊંચા ઉઠીને ''સમાજ'' અને ''રાષ્ટ્ર'' માટે પોતાનું સર્વસ્વ અર્પિત કરે છે. તેમનું જીવન કોઈ પદ અથવા સ્થાન માટે નહિ પણ વિચાર અને વિઝન માટે હોય છે. ડૉ. ભીમરાવ આંબેડકર એ એવા દિશાદર્શી નેતા હતા જેમણે એક સંકોચાયેલી અને પીડાયેલી જાતિને માત્ર પ્રતિનિધિત્વ ન આપ્યું પરંતુ તેને અભિવ્યક્તિ, અવાજ અને અસ્તિત્વ પણ આપ્યું. તેમની નેતાગીરી હાંકવાની નહોતી, દોરી લેવાની હતી. તેમણે સમાજને સંગઠન, શિક્ષણ અને ક્રાંતિના માર્ગે આગળ વધાર્યું. તેમનું નેતૃત્વ સંકટ સમયે સમાજ માટે ઢાલ બની રહેવું, પોતાને દુઃખ આપી સામૂહિક હિત માટે કાર્ય કરવું, પ્રતિકુળઓ વચ્ચે પણ વિકલ્પો શોધી લાવવાની ક્ષમતા અને સૌથી અગત્યનું રાષ્ટ્રસેવા માટે સાહસ ધરાવવું, ''આંબેડકર એવા અડગ નેતા હતા, જેઓ જીવનભર અન્યાય અને અસમાનતા સામે ઝઝૂમ્યા, પરંતુ ક્યારેય અન્યાય સામે ઝુક્યા નહીં. જેમણે જાતીય અપમાનોને પોતાની શક્તિમાં ફેરવી દીધા.

જેમણે ભીડમાંથી સ્વયંને અલગ સાબિત કર્યા. જેમણે ‘દલિત’ તરીકે જન્મેલા બાળકમાંથી ‘રાષ્ટ્રના બંધારણકાર’ સુધીની યાત્રા આદર્શ બનાવી. તેમણે હકીકતને સ્વીકારી પણ, હાર માન્યા વગર નવી હકીકત રચી. એટલે જ આજે જો આપણે ‘‘દિશાદર્શન’’નું પ્રતીક શોધીશું, તો તે કોઈ પદ પર બેસેલા નેતામાં નહિ પણ સમર્પિત જીવન જીવેલા ડૉ. આંબેડકર જેવા યુગપુરુષમાં જોવા મળશે. તેમનું જીવન એ જ શીખવે છે કે ‘‘સ્વાભિમાન એ સમયથી નહિ, સંકલ્પથી જીતી શકાય છે.’’ આપણે પણ સમાજ માટે એવું કંઈક કરીએ, જેનાથી આપણું જીવન પણ કોઈ દિશાની શરૂઆત કરી શકે.

માનવતા, શિક્ષણ અને સમાજઉદ્ધારનો માર્ગ, જેમાં એક એક પુષ્પ પર પૂરી સદી સમાઈ જાય તેવી વેદના પડેલી છે, એ વેદના માણસ ધારે તો દૂર કરી શકાય તેમ છે, જો માણસ માણસના કર્મો કરે અને માણસ બની રહે તો, ડૉ. આંબેડકરનું ચિંતન એનું જ દ્રષ્ટાંત છે કે માનવતાના ધર્મથી જ ન્યાય શક્ય બને છે. તેમણે પોતાના સમગ્ર જીવનથી સાબિત કર્યું કે જો માનવતાની આ સંકલ્પશક્તિ તાકાત બની જાય, તો સમાજમાં વ્યાપેલી વિઘટનશીલતા, જાતિવાદ અને અશિક્ષણ પણ દૂર થઈ શકે. તેઓ માનતા હતા કે ધર્મ એટલે માનવતા અને માનવતા એ જ ધર્મ છે. પરંતુ અસલ સમસ્યા ત્યારે ઊભી થાય છે જ્યારે ધર્મના નામે ભેદભાવ અને અત્યાચાર વધે છે. આંબેડકરે આ વિઘટનને ખંડિત કરવા માટે શૈક્ષણિક, સામાજિક અને ધાર્મિક સ્તરે જનજાગૃતિ અને દૃઢ વિચારધારા ઉભી કરી હતી. આંબેડકરનો સાહિત્ય અને ઈતિહાસપ્રતિનો દ્રષ્ટિકોણ, આંબેડકર કહેતા કે સાહિત્યકારોએ જીવનમૂલ્યો અને માનવમૂલ્યોને જાગૃત કરવું જોઈએ. ઈતિહાસકારો દ્વારા દલિત, આદિવાસી અને ઓબીસી સમાજના યોગદાનોને અવગણવામાં આવ્યા છે. તેમનો ઈતિહાસ વિમૂક રાખવામાં આવ્યો છે, એ વિમર્શ આજે અનિવાર્ય છે.

શિક્ષિત બનીને સમાજને ઉદ્ધારવાનો સંકલ્પ, ડૉ. આંબેડકરે માત્ર શિક્ષિત થવાનું જ નહીં, પણ પોતાના શિક્ષણ દ્વારા પછાત સમુદાયના સમૂહોને ઊંચા પથ પર લાવવાનો સંદેશ આપ્યો. તેઓએ કહ્યું હતું કે, ‘‘જેણે જ્ઞાન મેળવ્યું છે તેની ફરજ છે કે એ સમાન જ્ઞાન અન્ય પણ મેળવે એ માટે એ પ્રયત્ન કરે.’’ તેઓ શિક્ષણને આત્મસાત કરવાનું મુખ્ય હથિયાર માને છે. શિક્ષણથી જ વ્યક્તિ

પોતાની ઓળખ ઊભી કરી શકે છે અને સમાજમાં પોતાની જગ્યા પાકી કરી શકે છે. રાજકીય અનામત અને મતાધિકારનું દાન, ડૉ. આંબેડકર ભારતના પ્રથમ નેતા હતા જેમણે એક વ્યક્તિ, એક મત, એક કિંમતના સિદ્ધાંતને બંધારણમાં સ્થાપિત કર્યો. જ્યારે ૧૯૩૫ના એક્ટમાં માત્ર ૧૫% લોકોને મતદાનનો અધિકાર હતો, અત્યારે સંવિધાન દ્વારા દરેક નાગરિકને સરખો મત અધિકાર મળ્યો એ લોકશાહી માટેનું સૌથી મોટુ પગલું હતું. જે શિક્ષણને લક્ષ્યમાં રાખે છે, અને નાગરિકોની વિચારસક્ષમતા ઊભી કરે છે. "જ્ઞાતિની સાંકળની સૌથી નબળી કડી જો તૂટે, તો આખું રાષ્ટ્ર તૂટી શકે, અને weakest link determines the strength of a nation." ડૉ. આંબેડકરનો સંદેશો આજે પણ છે, જે સમાજ પોતાનું દુઃખ ભુલાવીને શિક્ષણ તરફ વળે છે, તે જ સમાજ પોતાના ભવિષ્યને ઘડી શકે છે. "રાષ્ટ્રની સમૃદ્ધિ માટે પ્રથમ શરત છે ન્યાય, શિક્ષણ અને માનવમૂલ્યો. જે રાષ્ટ્ર આ ત્રણે સિદ્ધ કરે છે, તે જ વૈશ્વિક નેતૃત્વ માટે પાત્ર બને છે." ડૉ. આંબેડકરનું માનવતાવાદ, શિક્ષણપ્રેમ અને રાષ્ટ્રનિર્માણનું ચિંતન આજે પણ જીવંત છે અને દરેક યુવાન માટે માર્ગદર્શક છે.

# ૯. સર્વહિતકારી આર્થિક વિકાસ માટે ડો. આંબેડકરનું વિઝન

૨૧મી સદીનું ભારત ભૌતિક રીતે ઝડપથી વિકસતું, મહાનગરો અને ઔદ્યોગિકમાં સતત વિકાસના વિક્રમી આંકડાઓ દર્શાવતો દેશ બની ગયો છે. ૧૪૨ કરોડથી વધુ વસ્તી ધરાવતું ભારત આજે વિશ્વની સૌથી મોટી લોકશાહી તરીકે ઓળખાય છે અને ૩ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા ધરાવે છે. છતાં આ આંકડાઓ પાછળ એક ગંભીર વિસંગતતા છુપાયેલી છે, એક એવું ભારત કે જ્યાં કરોડો લોકો હજી સુધી આર્થિક વિકાસના પાયાની જરૂરિયાતથી વંચિત છે. અસમાન વિકાસ અને પડકારો, આજનું આર્થિક વિઝન મોટા ભાગે ઉદ્યોગપતિઓ, મહાનગરો અને ટેકનોલોજી કેન્દ્રિત છે. જ્યારે દેશના સૌથી મોટી વસ્તી ધરાવતાં વર્ગો, અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST), અન્ય પછાત વર્ગો (OBC) અને લઘુમતી સમુદાયો, હજી પણ પ્રાથમિક સુવિધાઓ અને આર્થિક ભાગીદારીથી વંચિત છે. આ વર્ગોનો સમગ્ર જીડીપીમાં યોગદાન દર્શાવવા માટે પૂરતી સામાજિક નીતિઓ અમલમાં લાવવામાં આવી નથી. સામાજિક સુરક્ષા, જમીનનો હક, શિક્ષણમાં પ્રવેશ અને નોકરીઓમાં સમાન તક માટે હજુ પણ ઘણા સ્થળોએ અવરોધો છે.

ડૉ. આંબેડકરનું આર્થિક વિઝન, ન્યાય આધારિત વિકાસ એ ડૉ. આંબેડકરનું અર્થતંત્ર માત્ર નાણાંકીય વૃદ્ધિ અથવા બજારમૂલ્યથી નિર્ધારિત પરિણામ નહોતું. તેઓ માટે આર્થિક નીતિ એ નૈતિક દસ્તાવેજ હતો, જેનો ઉદ્દેશ સામાજિક ન્યાય, સશક્તિકરણ અને માનવમર્યાદા સુધી પહોંચવાનો હતો. "જે આર્થિક વ્યવસ્થા બધા માટે ન્યાય અને સહભાગીતા આપી શકતી નથી, એ માત્ર ગૃહસ્ત વેપાર છે, રાષ્ટ્રની રચના નથી." તેમનો દૃષ્ટિકોણ સ્પષ્ટ હતો, રાષ્ટ્રના વિકાસમાં તમામ વર્ગોનું સહ પ્રમાણ  સહભાગિત્વ હોવું જોઈએ. તેઓ કર્મયોગ્યતા, મહેનત અને પ્રતિભાને લાયક તકો આપવાનું મહત્વ માને છે. જમીન સુધારાઓ અને ઔદ્યોગિક નીતિઓ દ્વારા ડૉ. આંબેડકરે જમીન ધારણ કરનાર વર્ગોના ઊંચા શોષણ સામે જમીન સુધારાની વકિલાત કરી હતી. તેમણે ઉત્પાદન સાધનોમાં હક અને પછાત વર્ગોના ભાગીદારીના મુદ્દે અનેકવાર જોર આપ્યું હતું. જમીનના પુનર્વિતરણ,

ટેક્સ માફી, સહકારી ખેતીના નમૂનાઓ અને રાજ્ય દ્વારા નિયંત્રણિત ઔદ્યોગિક વિકાસ જેવી બાબતો તેમની દૃષ્ટિમાં કેન્દ્રસ્થાને હતી. તેઓ માને છે કે રાજકીય શાશન સિવાય આર્થિક શાસન પણ ન્યાયયુક્ત હોવું જોઈએ.

નીતિગત સંકલ્પ સ્ટેટ સોસિયલિઝમમાં ૧૯૪૦ના દાયકામાં ડૉ. આંબેડકરે ભારત માટે જે આર્થિક રૂપરેખા રજૂ કરી તેમાં ‘‘સ્ટેટ સોસિયલિઝમ’’નું વિઝન હતું, મોટા ઉદ્યોગો પર રાજ્યનો માલિકી હક હોવો જોઈએ, કૃષિ, ઉદ્યોગ અને મજૂરી ત્રણે ક્ષેત્રોમાં ન્યાયપૂર્ણ વિતરણ થાય, શિક્ષણ અને આરોગ્ય સર્વસામાન્ય એટલે કે ગરીબો માટે ચોકસ અને નિર્ધારિત અને મફત હોવું જોઈએ. આ વિઝન પછીના વર્ષોમાં રાષ્ટ્રની આર્થિક નીતિઓમાં અનુકૂળ રીતે અમલ પામ્યો નથી, પરંતુ તેની આગવી અસર સામાજિક ન્યાયની ચળવળો પર પડી છે.

આજના સંદર્ભમાં આંબેડકરનો માર્ગદર્શક દ્રષ્ટિકોણ એ 'Inclusive Growth' એટલે કે સર્વસમાવેશી વિકાસ આજે માત્ર જાંજવાના જળ શબ્દરૂપે રજૂ થાય છે. પરંતુ તેના મૂળ તત્વો ડૉ. આંબેડકર અગાઉથી રજૂ કરી ચૂક્યા હતા. તેઓનો સંકલ્પ હતો કે, ભારત વિકાસ પામે પણ શું એ વિકાસ સમાજના તમામ વર્ગો સુધી પહોંચ્યો છે, ૨૧મી સદીના ભારત માટે હવે નવી રીતે આંબેડકરના આર્થિક દૃષ્ટિકોણને સમજવાનો અને અમલમાં લાવવાનો સમય આવી ગયો છે. ‘‘જ્યાં સુધી દેશના દરેક પછાત નાગરિક સુધી અર્થતંત્રની તકો નહીં પહોંચે, ત્યાં સુધી વિકાસ એક ધારણા છે, હકીકત નહીં.’’ આમ ડૉ. આંબેડકરનો ન્યાયિક, માનવમૂલ્ય આધારિત અને સર્વહિત દ્રષ્ટિકોણ ૨૧મી સદીમાં શક્તિ ધરાવતા ભારત માટે માર્ગદર્શક બને છે. દેશના ગરીબ લોકો માટે દેખાય એવી નીતિ, જ્યાં દેશની સૌથી મોટી વસ્તી ધરાવતાં સમાજવર્ગો સમગ્ર અર્થતંત્રના ફળોમાંથી નહીવત હિસ્સો પણ મેળવી શક્યા નથી. આ એક મૂલ્યસભર પ્રશ્ન છે, શું આ વિકાસ બધાનો છે, તો જવાબ ના, આ દૃષ્ટિકોણનું પુનઃમૂલ્યાંકન ડૉ. આંબેડકરનો આંતરિક આર્થિક વિઝન માટે અર્થતંત્ર એ માત્ર નાણાંકીય વૃદ્ધિનો વિષય નહોતો તેમની દૃષ્ટિમાં કોઈપણ સમૃદ્ધિનું મૂલ્યાંકન એ છે, કે તેની અંદર ગરીબ, શોષિત, પછાત અને અભાવગ્રસ્ત લોકો કેટલા આગળ વધ્યા છે. તેમનું સ્પષ્ટ માનવું હતું કે, ‘‘જે આર્થિક રાષ્ટ્રની રચના નથી.’’ અસમાનતાના આંકડા

દેશ સામે છે, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની કુલ વસ્તી મળીને ભારતમાં લગભગ ૨૬%થી વધુ છે. અન્ય પછાત વર્ગોની વસતી પણ ૫૨%થી વધુ છે. છતાં, દેશના ફોર્મલ અર્થતંત્રમાં, ખાસ કરીને વેપાર, નાણા, ઉદ્યોગ અને ટેક્નોલોજી ક્ષેત્રે આ વર્ગોની ભાગીદારી ૧૦%થી પણ ઓછી છે. જમીનમાલિકી, ઉદ્યોગોનો હિસ્સો, ટેકનોલોજીકલ બિઝનેસ, નાણાંકીય સેવાઓ, આ ક્ષેત્રોમાં આ વર્ગો તદ્દન નબળા છે. ભારતની ટોપ ૧૦૦ કંપનીઓના ટોચના સંચાલનમાં દલિત અને આદિવાસી અધિકારીઓનું પ્રમાણ ૦.૧% કરતાં ઓછું છે. આ તટસ્થતા એ સંકેત છે કે આર્થિક ન્યાય હજી સુધી બંધારણીય અભિગમથી વ્યાપક વાસ્તવિકતામાં ઘણો દુર પણ જોવા મળતો નથી. ડૉ. આંબેડકર સમાજના નબળા વર્ગોને કેન્દ્રમાં રાખીને વિકસિત ભારતની કલ્પના કરતા હતા. તેમના જીવનના માપદંડોમાં સુધારો, સુવિધાઓની સમાનતા અને વ્યક્તિગત સશક્તિકરણ હતો. આર્થિક ન્યાય વિના વિકાસ અધુરો છે આજના ''વિક્સિત ભારત''ના દાવાઓ પાછળ ડૉ. આંબેડકરનો એક સાર્વજનિક પ્રશ્ન ઊભો થાય છેઃ ''આપણું ભારત કોના માટે વિકસિત છે, અને કોણે એ વિકાસ ગઢ્યો છે,'' જ્યારે વંચિત વર્ગો આજે પણ લઘુમતી તરીકે નહિ પણ 'ગરીબ બહુમતી' તરીકે રહેલા છે ત્યારે વિકાસમાં ભાગીદારી મજબૂત બનાવવાની નીતિઓને નવી દિશા આપવાની જરૂર છે. ઈકોનોમી છે તો માત્ર આંકડાઓ નહીં, એ છે સમાનતાનું અવકાશ ડૉ. આંબેડકરનું ભારત એ હતું જ્યાં દરેક વર્ગને અર્થતંત્રમાં અવકાશ મળે, વૃત્તિ મળે અને સન્માન મળે. જ્યાં જીડીપીમાં માત્ર નમૂનાના આંકડાઓ નહીં, પણ ન્યાય આધારિત લોકોની ભાગીદારી જોવા મળે. તેમનું વિઝન એ સમજાવે છે કે ''રાજકીય સ્વતંત્રતાનો સાર એ છે કે, દરેક નાગરિકને આર્થિક અને સામાજિક રીતે ઊભો થવાની તક મળે. નહીંતર સ્વતંત્રતા પણ ભ્રમ હશે.'' આ દૃષ્ટિ આજે પણ આપણા માટે દિશાદર્શક છે, કારણ કે વિશ્વના સૌથી મોટા લોકશાહી ધરાવતા દેશમાં વિકાસ એટલે કેવળ વર્ગ વિશેષની સમૃદ્ધિ નહિ પણ સમૂહની સાથસંગત યાત્રા હોવી જોઈએ.

# ૧૦. સમાજઘાતી વિચારધારાનો પ્રતિસાદ

ડૉ. બાબાસાહેબ આંબેડકર માત્ર ભારતના બંધારણકાર નહોતા, તેઓ માનવમુલ્યના તબીબ હતા. તેમણે ઓળખ્યું હતું કે ભારતના દુઃખનું મૂળ માત્ર ભૌતિક ઘાત નથી પણ, અત્યંત ઘાતક, અસામાજિક અને વિભાજક “જાતિવાદ” છે, તેમણે જાતિવાદને માત્ર સામાજિક વિરોધ નથી ગણાવ્યો પણ, ધર્મના કાપડમાં છૂપાયેલા અધર્મ તરીકે ચિન્હરૂપ કર્યો. તેઓ કહેતા કે “જાતિવાદ એ અધર્મ છે, અને તેનો વિરોધ કરવો એ માનવતા તરફનું પહેલુ પગથિયું છે.” આધુનિક સમાજમાં પ્રાચીન અભિગમ, યાદવ કથાવાચકની ઘટના એક જીવંત ઉદાહરણ ૨૧મી સદીના ભારતની વિસંગતિ એ છે કે એ કૃષ્ણના દેશના સમકાલીન વારસદાર યાદવો ને પણ જાતિપ્રથાના આધારે દબાવવામાં આવે છે. તાજેતરમાં એક યાદવ સમાજના કથાવાચક પર થયેલો હુમલો એ આપણાં માટે લજ્જાસ્પદ અને ચિંતન કરવા જેવી ઘટના છે. યાદવ જાતિના હોવા છતાં તેણે શ્રીમદ ભાગવત્ કથા કરવી ગેરલાયક ગણવામાં આવી અને તેને ઘાતકી રીતે અપમાનિત કરવામાં આવ્યો, વાળ કપાયા, શારીરિક હિંસા થઈ અને સ્ત્રીના પેશાબનો છંટકાવ કરીને અપમાન કરવાનો ઘૃણાસ્પદ પ્રયાસ થયો. આ કથાવાચક એ કથામાંથી કૃષ્ણચેતનાનું વિતરણ કરતો હતો. કૃષ્ણ, જેઓ પોતે યાદવ કુળના હતા, જેમણે જાતિના તમામ બંધનો તોડીને એક લોક ભોગ્ય કાર્યો કર્યાં હતા. આવી ઘટના એ માત્ર વ્યક્તિગત દુશ્મનાવટ નથી, પરંતુ સમગ્ર હિન્દુ સમાજના અધાર્મિક મનુવાદી ચહેરાને ઉઘાડો પાડે છે.

ડૉ. આંબેડકરની આગાહી અને ચેતવણીમાં તેમણે કહ્યું હતુંઃ “હું હિંદુ તરીકે જન્મ્યો છું, પણ હિંદુ તરીકે મરવાનો નથી!” આ શબ્દો આજે પણ એટલાં જ સચોટ છે. જ્યારે બ્રાહ્મણવાદી તત્ત્વો સમાજમાં જાતિ આધારે ધાર્મિક સ્થાન અને અધિકાર નક્કી કરે છે, ત્યારે એ ‘ધર્મ’ નહિ, પણ ‘અધર્મ’ છે. મૌન એ સહમતિ છે આ ઘટનાની સામે મોટા વર્ગમાંથી કોઈ આક્રોશ ન ઉઠે એ પણ ગંભીર સમસ્યા છે. મૌન એ ક્યારેક છૂપાયેલ સહમતિનું પ્રતિક હોય છે. આ સ્થિતિમાં મૌન એ વિમૂક્તિ નહિ, સહભાગી ગુનાહગારત્વ છે. ડૉ. આંબેડકરનું સામાજિક ન્યાયનું દ્રષ્ટિકોણ તેમના માટે ન્યાય એ માત્ર કોર્ટમાં મળતી સુનાવણી

નહિ, પણ સમાજની રોજિંદી વ્યવહારની નૈતિકતા હતી. તેઓ માને છે કે ન્યાય માટે 'જાતિ' નહીં પણ 'જ્ઞાતિથી ઉપર ઉઠેલી માનવતા' માપદંડ હોવો જોઈએ. ''મનથી અસ્પૃશ્યતા ન જાય ત્યાં સુધી રાષ્ટ્ર ન્યાયી નથી થઈ શકતું.'' એને સાકાર કરવા માટે આજના યુગે આ જાતિવાદી માનસિકતા સામે શસ્ત્રો નહિ, પણ શાસ્ત્રથી મળેલા જ્ઞાન અને ન્યાયના શસ્ત્ર વડે લડવું પડશે. તેથી જ યાદવ કથાવાચક પર હુમલો થયો, એ હુમલો માત્ર વ્યક્તિગત નથી, એ ભારતના બંધારણીય મૂલ્યો પર હુમલો છે. શ્રી કૃષ્ણનું નામ લઈને જાતિ આધારિત વિભાજન કરનારાઓ એ શ્રી કૃષ્ણના સત્યધર્મના સિદ્ધાંતોના પણ શત્રુ છે. શ્રી કૃષ્ણે ગીતા દ્વારા કહ્યું હતું કે, ''જન્મના આધારે નહિ, કર્મ અને ગુણના આધારે માનવતાનું મૂલ્યાંકન થવું જોઈએ.'' એમ છતાં આજના સમયમાં યાદવો જેવી પછાત જાતિઓને હજુ પણ કથામાં પ્રવેશ નહિ, ધાર્મિક સ્થાન પર પણ નહિ, તત્વજ્ઞાનનું અધિકાર નહિ તો પછી એ ભારત કેવું અને એ ધરમ કેવો, ''જ્યાં સુધી જાતિના આધારે ઈજ્જત અપાય છે અને ન્યાય રડતો રહે છે, ત્યાં સુધી સંવિધાનને જીવંત રાખવાનો દાવો કરનાર લોકો વાસ્તવમાં તેના વિરોધી જ છે.'' ડૉ. આંબેડકરની વિરાસત એ છે કે દરેક માનવીને તેની જાતિથી ઉપર ઉઠીને માનવતાથી ઓળખ અપાવવી હતી. પણ આજે સમય આવી ગયો છે, કે આ બાબતને ધ્યાનેલય હરકોઈ સમાજમાં લાયકને પ્રચલન બનાવવાની જરૂર છે.

વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને સમાજસંસ્કાર દ્વારા ડૉ. આંબેડકરે આંદોલનકારી વિમર્શશીલ વૈજ્ઞાનિક દૃષ્ટિથી સમાજની હકીકતોને નિહાળી. આ દ્રષ્ટિમાં મંત્ર, સંસ્કાર કે કરમકાંડી રીતો નહીં, પણ માનવહિત, સમાનતા અને તર્કનું સ્થાન છે. ''જ્ઞાતિવાદ, ધર્મવાદ, અને જાતિવાદ, આ ત્રણેય આપણા દેશને બાંધી રાખે છે. જયારે તેમાથી મુક્ત થશે, ત્યારે સમાજમાં અને રાષ્ટ્રમાં સાચી લોકશાહી આવી જશે.''

# ૧૧. આજના ભારત માટે દિશાદર્શક બંધારણ

તત્વચિંતનથી બંધારણ સુધી ડો આંબેડકરનું બંધારણ માત્ર કાયદાનો ગ્રંથ નથી, તે માનવતાનું સંકલ્પપત્ર છે. આજે ભારત જ્યારે 'વિક્સિત ભારત ૨૦૪૭', (5T) ઈકોનોમી, અને ડિજિટલ યુગ તરફ દોડે છે ત્યારે એવું લાગે છે કે બંધારણ માત્ર ઔપચારિકતાનો દસ્તાવેજ ન રહે, પણ એ જનસામાન્યના જીવંત હકોનું સુરક્ષાકવચ બને. ડૉ. આંબેડકરે જે વિચારવિશ્વ દ્વારા બંધારણ રચ્યું હતું, એ રાજકીય, સામાજિક અને આર્થિક સમાનતા માટેનું વિઝન છે જે આજના ભારત માટે પથદર્શક બનતું જાય છે. બંધારણ અને આધુનિકતા સાથે ડૉ. આંબેડકરે એક એવો દસ્તાવેજ ઘડ્યો જેમાં ભાષા, ધર્મ, જાતિ, લિંગ અને ધનના આધાર પર ભેદભાવ ન રહે તે માટે નૈતિક અને કાનૂની બંધારણો સ્થાપ્યા.

"રાષ્ટ્ર એ લોકોના શોષણ માટે નહિ, પરંતુ લોકોના કલ્યાણ માટે હોવું જોઈએ." રાષ્ટ્રનું અસ્તિત્વ પ્રજાના સુખ, સુરક્ષા અને સર્વાંગી વિકાસ માટે છે, માત્ર શાસકોના સ્વાર્થ માટે નહિ. દરેક નાગરિકને ન્યાય માટે પોતાનો અવાજ ઉઠાવવાનો હક, પોતાનો અધિકાર મેળવવાનો અવસર અને રાષ્ટ્રના નિર્ણયો પર પ્રભાવ પાડવાની તક હોવી જોઈએ. સાચું સશક્તિકરણ માત્ર કાનૂની જોગવાઈઓમાં સીમિત નથી, તે સમાજના દરેક વર્ગને વિકાસના ફળોમાં સમાન ભાગીદારી આપતું હોવું જોઈએ. "નાગરિક સશક્તિકરણ" એ માત્ર ચૂંટણીની પદ્ધતિ અથવા મતદાનનો અધિકાર નથી, પરંતુ એક એવી વ્યાપક દૃષ્ટિ છે જ્યાં રાષ્ટ્રની નીતિઓ, યોજનાઓ અને વિકાસના લાભો સૌ સુધી સમાનપણે પહોંચે. અહીં દરેક નાગરિક માત્ર મતદાતા જ નહિ, પરંતુ રાષ્ટ્રના ઘડતરકર્તા તરીકે ગૌરવ અનુભવે. ડૉ. આંબેડકરના મતે નાગરિક સશક્તિકરણ એ સામાજિક ન્યાય, યોગ્ય પ્રતિનિધિત્વ અને પ્રતિસાદ આપનાર શાસન છે, જે નાગરિકોની જરૂરિયાતો અને પ્રશ્નોને ઝડપથી, સંવેદનશીલતાથી અને નૈતિક જવાબદારીથી સાંભળે. બંધારણમાં સંકલિત સપ્રભુતા, સમાજવાદ, ધર્મનિરપેક્ષતા, લોકશાહી અને નાગરિક સશક્તિકરણના સિદ્ધાંતો માત્ર કાનૂની શબ્દો નથી, તે ભારતના નાગરિક સશક્તિકરણના મૂલ્યોનું અવિનાશી શિલાલેખ છે. "મારી ઓળખ મારી જાતે ઘડવી છે, કોઈ પાવર નહી આપે, પણ મારી સમજ આઝાદી અપાવે છે."

ડૉ. બાબાસાહેબ આંબેડકરની લોકશાહી દૃષ્ટિને સમર્પિત છે, નાગરિક સશક્તિકરણ (Citizen Empowerment) એ માત્ર રાજકીય મતાધિકાર સુધી મર્યાદિત નથી. તે અર્થ છે વ્યક્તિને તદ્દન સમજૂતીભર્યું જ્ઞાન હોવું કે તેણે પોતાના હક્કો, ફરજો અને જવાબદારી સાથે દેશના બંધારણ, નીતિઓ અને વ્યવસ્થાઓમાં ભાગ લેવા માટે આત્મવિશ્વાસ પ્રાપ્ત કર્યો હોય. ડૉ. આંબેડકર માટે નાગરિક એ માત્ર મતદાર ન હતો, એ વિચારશીલ, જાગૃત અને જવાબદાર લોકોનો સંગઠિત સમૂહ હતો, જે રાષ્ટ્રના તાનાબાના માટે ઉત્સાહી અને સહભાગી બની શકે. ભારતીય બંધારણ દરેક નાગરિક માટે સ્પષ્ટતા કરે છે કે, વિચારાધિકાર એટલે વ્યક્તિને પોતાની બુદ્ધિ, અંતરાત્મા અને અનુભવના આધારે વિચારી શકે તેવો હક્ક. આ હક્ક કોઈપણ લોકશાહી સમાજનો આધાર છે, કારણ કે વિચારોની સ્વતંત્રતા વિના માનવીનો વિકાસ અને રાષ્ટ્રની પ્રગતિ શક્ય નથી. વિચારાધિકારનો અર્થ માત્ર અંદરથી વિચારવાની છૂટ જ નહીં, પણ એ વિચારો પર આધારિત જીવન જીવવાની શક્તિ પણ છે.

ડૉ. આંબેડકર માનતા હતા કે, સમાજમાં સમાનતા અને ન્યાય સ્થાપવા માટે દરેક વ્યક્તિને પોતાના વિચારો રચવા અને તેમને વ્યક્ત કરવાની આઝાદી હોવી જ જોઈએ. વિચારાધિકાર માણસને અંધશ્રદ્ધા અને જુલમથી મુક્ત કરી સાચા જ્ઞાન અને સમજણ તરફ દોરી જાય છે. "જેઓ વિચારી શકતા નથી, તેઓ જીવી શકતા નથી, અને જેઓ વિચારવાની હિંમત નથી કરતા, તેઓ ક્યારેય મુક્ત નથી થતાં." પરંતુ હક્કો માત્ર લખેલા શબ્દો પૂરતા નથી હોતા, તેઓ ત્યારે જ જીવંત બને, જ્યારે નાગરિક પોતે પોતાનો હક્ક જાણે, સમજે અને જરૂરી હોય ત્યારે તેનું રક્ષણ પણ કરે. નાગરિક સશક્તિકરણના સ્તંભ શિક્ષણ એ સશક્તિકરણનું મૂળ છે, શિક્ષણ એ એવા સામર્થ્યનું બળ આપે છે, જેનાથી નાગરિક ભેદભાવ અને અંધશ્રદ્ધા સામે લડી શકે. લોકશાહીમાં શંકા કરવી ગુનો નથી, પ્રજાપ્રધાનતા એ લોકશાહીનું હૃદય છે, જ્યાં સત્તા "જનતા માટે, જનતા દ્વારા અને જનતા ની" હોય છે, અને રાજ્યવ્યવસ્થા એ લોકકલ્યાણને સર્વોચ્ચ ધ્યેય માને છે. વ્યવસ્થામાં નાગરિકને અધિકાર છે કે તેઓ શાસનસત્તાને પ્રશ્ન કરે. શાસનની નિષ્પક્ષતા, જવાબદારી અને પારદર્શિતા નાગરિકના અભિપ્રાયથી જ

નિર્ધારિત થાય છે. મૌન નહિ, અવાજ બનો, મૌન એ ઘણી વાર અન્યાયના સાથી બને છે. નાગરિકના અવાજમાં વિકાસનું સંવેદન હોય તો જ રાષ્ટ્ર સજાગ બને છે. આજની દુનિયામાં નાગરિક સશક્તિકરણ કેમ મહત્વનું છે, ૨૧મી સદીના ભારતે ડિજિટલ, ટેક્નોલોજી, અર્થતંત્ર અને વૈશ્વિક ફોરમ પર પ્રવેશ કર્યો છે. પરંતુ જો સામાન્ય નાગરિક પોતાના હક્કો અંગે અજ્ઞાન છે, તો એ વિકાસનો લાભ મૂઠિભરને ભાગે આવે છે.

જાગૃત નાગરિકતાનો પંથ એ છે કે, સામાજિક ન્યાય માટે લડવું હોય તો માત્ર ભાવનાઓ પૂરતી નથી, સંવિધાનનું જ્ઞાન ફરજિયાત છે. કારણ કે આરોગ્ય, શિક્ષણ, રોજગાર, કે મહિલાઓ પર થતા અન્યાય સામે લડવાનું સાચું શસ્ત્ર આપણા સંવિધાનમાં છે. આ સંવિધાનિક અધિકારો આપણને માત્ર કાગળ પરના વાક્યો તરીકે નહિ, પણ જીવંત ઢાલ અને તલવાર તરીકે રક્ષણ આપે છે. ગરીબ દેશ અને ગરીબ પ્રજાની અસમાનતા ન્યાય નથી, એ તો એક કડવું વ્યંગ્ય છે. આ વ્યંગ્ય દૂર કરવાનો માર્ગ માત્ર આર્થિક સુધારામાં નથી, પરંતુ નાગરિકના વિચારો, જાગૃતિ અને તેના અવાજમાં છે. જ્યારે નાગરિક પોતાના હકોને ઓળખે છે, ત્યારે જ તે અસમાનતાની દિવાલો તોડી શકે છે. ડૉ. આંબેડકરે જે ભારતનું સ્વપ્ન જોયું, તેમાં નાગરિક માત્ર શાસનના કાચા હિસ્સા નહોતા; તેઓ જાગૃત સહયોગી હતા, વિચારોના સર્જક અને ન્યાયના રક્ષક. અહીં નાગરિકનું માનવીપણું માત્ર જન્મથી મળેલા હકોમાં નથી, પરંતુ રાજકીય હકો અને જવાબદારીની સમતોલ જ્યોતિમાં છે. બંધારણ આપણને વ્યાવહારિક રીતે વિચારસ્વતંત્રતા અને નાગરિક અધિકારો માટે સંઘર્ષ કરવાની દિશા આપે છે. ન્યાયનું વર્તમાન દ્રષ્ટિકોણ હેટ સ્પીચ સમાજમાં વ્યાપતી અસહિષ્ણુતા અલ્પસંખ્યકો સામે હિંસા અને આરક્ષણના મુદ્દા પર શંકા ઉપજાવે છે કે, હજી પણ ન્યાય અંતિમ નાગરિક સુધી પહોંચી શક્યો નથી. ડૉ. આંબેડકરનું સ્વપ્ન માત્ર કાનૂની ન્યાય સુધી મર્યાદિત ન હતું, તેઓએ હંમેશા ‘સામાજિક ન્યાય’ માટે વિશ્વવ્યાપી ધોરણો ઉભા કરવા માટે વાત કરી હતી. વહીવટી વ્યવસ્થા અને લોકશાહી સંતુલન મૂલ્યોથી બંધારણ ફેડરલ પદ્ધતિની સ્થાપના કરીને કેન્દ્ર અને રાજ્ય વચ્ચે સંતુલન લાવે છે, પણ આજના સમયમાં કેન્દ્રશાસન વધુ સક્રિય બનતું જાય છે અને રાજ્યની

અર્ધસ્વતંત્રતા પ્રશ્નચિન્હ હેઠળ આવે છે. આવી સ્થિતિમાં બંધારણમાં નિર્ધારિત લોકશાહી તંત્ર અને પાવર સેન્ટ્રલાઈઝેશનના સિદ્ધાંતો ફરીથી મહત્વ માટે વિચારવા જરૂરી થયા છે.

આજના યુવાનોને નાગરિક હકો અંગે જાગૃત કરવાનો સમય છે. તેમના માટે અભિવ્યક્તિની આઝાદી, ડિજિટલ હકો, શિક્ષણમાં સમાનતા અને રોજગારમાં ન્યાય મળવો એ બંધારણ દ્વારા મળેલા હકો છે, આપત્તિ સમયે ઉભી થતી સ્થિતિ સામે લડવાના સાધન છે. આંબેડકરે યુવા પેઢીને પરિવર્તનના વાહક તરીકે જોયા હતા. "બંધારણ, એ માત્ર કાયદો નથી, એ રાષ્ટ્રની આત્મા છે, જે ન્યાય, માનવમુલ્યો અને સમાનતાના આધારે એક ઉત્તમ ભારતીય સમાજનું નિર્માણ કરે છે. આ સાબિત કરે છે કે "ડૉ.આંબેડકરનું વિચારવિશ્વ આજના ભારત માટે સંબંધિત જ નહીં, પણ જીવનમૂલ્યોના રક્ષણ માટે અજોડ માર્ગદર્શક હતું અને છે." ડૉ. આંબેડકર માત્ર સામાજિક ક્રાંતિકારી નહિ, પણ એક વિદ્વાન વિચારક અને રાષ્ટ્રનિર્માતા હતા. તેમના વિચારોનો અભ્યાસ કરવો હોય તો પ્રામાણિક શાસ્ત્ર મહત્વપૂર્ણ છે. થિયરી ઑફ ઈકોનોમિક ડેવલપમેન્ટ ૧૯૨૮, જે ડૉ. આંબેડકરે લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સમાં રજૂ કરેલું હતું. આ થિયરીમાં તેમણે ભારતના વિકાસ માટે સામાન્ય જનતાને કેન્દ્રમાં રાખીને અર્થવ્યવસ્થાનું આકલન કર્યું હતું. તેમાં તેમણે કહ્યું હતું કે વિકાસનું મોડેલ એવું હોવું જોઈએ જે પછાત વર્ગો, કામદારો અને ખેડૂતોને સીધો લાભ આપે. "આ વિચાર આજે પણ સર્વસમાવેશક વિકાસ (Inclusive Growth) અને ટ્રિકલ-ડાઉન મોડલ જેવી આર્થિક ચર્ચાઓમાં આધારરૂપ માનવામાં આવે છે." એટલે કે, ડૉ. આંબેડકરના મૌલિક વિચારો માત્ર તેમના સમય સુધી મર્યાદિત નથી રહ્યા, પરંતુ આજના આર્થિક નીતિગત ચર્ચાઓમાં પણ તે માર્ગદર્શક તરીકે પ્રાસંગિક છે. પ્રવર્તનક્ષમ ન્યાયિક અધિકાર ડૉ. આંબેડકરની ન્યાયદ્રષ્ટિએ ભારતીય બંધારણમાં મૂળભૂત અધિકારો માત્ર શાબ્દિક ઘોષણાઓ નથી, પરંતુ તે એવું શક્તિશાળી સાધન છે જે દરેક નાગરિકને પોતાના હક્ક માટે લડવાની સંવિધાનિક સત્તા આપે છે. ડૉ. આંબેડકરે એમ માન્યું હતું કે સામાજિક ન્યાય ત્યારે જ શક્ય બને છે, જ્યારે નાગરિકોને પોતાના અધિકાર ભંગ થવા પર ન્યાયિક રાહત મેળવવાનો સીધો માર્ગ ઉપલબ્ધ હોય. આથી તેઓએ

બંધારણમાં એવી શરતો સામેલ કરી કે જે પ્રવર્તનક્ષમ અને ન્યાયિક પથ પર લઈ જાય છે.

- અનુચ્છેદ ૧૫, ભેદભાવ વિરુદ્ધ અધિકાર
- અનુચ્છેદ ૧૭, અસ્પૃશ્યતાનું સંપૂર્ણ નિર્વારણ
- અનુચ્છેદ ૨૧, જીવન અને વ્યક્તિગત મુક્તિનો અધિકાર
- અનુચ્છેદ ૩૨, ન્યાય માટે સીધો સુપ્રીમ કોર્ટનો માર્ગ પણ ખુલ્લો મૂક્યો
- દરેક નાગરિકને સમાનતા, વાણી, ધર્મ, સંસ્થાઓમાં ભાગ લેવાનો અધિકાર.
- આંબેડકર માટે "સમાન ન્યાય" એ રાજ્યની ફરજ હતી, ન કે કોઈ પરોપકાર.
- નાગરિકોની નૈતિક જવાબદારી, જે નાગરિક સશક્તિકરણને જીવંત રાખે છે.
- આંબેડકરે કહ્યું: "પ્રજાપ્રધાનતા એ શિખર છે, પણ શિખર પર રહેવા માટે સમતાનાં પગથિયાં ચઢવા પડે."
- લોકશાહીનું નામ લેવાય છે, પણ નીતિઓ, ધારાઓ, ટેક્સ, કાર્યો પ્રજાને જાણ્યા વગર પસાર થાય છે.
- આંબેડકર માટે "જ્ઞાન વગરની લોકશાહી એ માત્ર ભ્રમ છે."
  રાષ્ટ્રમાં ઘટતી નાગરિક ભાગીદારી, યુવાનોમાં મતદાનમાં ઘટાડો, નીતિઓ પર ટિપ્પણી ન કરવી, આ એક પ્રકારની નાગરિક સશક્તિકરણની અવગણના છે. સંસ્કૃતિ અને ધાર્મિક ઉગ્રતા વાટાઘાટ પર છવાય છે. જ્યારે ધર્મનિરપેક્ષતાની જગ્યાએ ધર્માધિકરણ સત્તાએ નક્કી કરે, ત્યારે પ્રજાપ્રધાનતા રાષ્ટ્ર માટે એ સિદ્ધાંત છે કે "દેશ પ્રજાનો છે, શાસન પ્રજાનું છે અને સત્તા પણ પ્રજાની છે." નાગરિક સશક્તિકરણ એ આત્મા છે તેઓના દ્રષ્ટિકોણે "નાગરિક સશક્તિકરણ એ છે જ્યાં નાગરિક રાજા હોય છે, અને સરકાર માત્ર તેની સેવા માટે હોય."
- જ્યારે નાગરિક શિક્ષિત, જાગૃત અને જવાબદાર થાય છે ત્યારે નાગરિક સશક્તિકરણ ટકી રહે છે.

- જ્યારે નાગરિકો ભાષણ કરતા નેતાઓને પ્રશ્ન કરતા થાય, ત્યારે નાગરિક સશક્તિકરણથી જીવે છે.
- જ્યારે ન્યાયાલય, સંસદ, મિડિયા અને શૈક્ષણિક સંસ્થાઓ પ્રજાની રક્ષા કરે છે, ત્યારે રાષ્ટ્રમાં ખરું નાગરિક સશક્તિકરણ થાય છે.
- "નાગરિક સશક્તિકરણ ત્યારે જીવંત હોય છે, જ્યારે નાગરિકો સજાગ અને જવાબદારીથી જીવે છે."
- "સામાન્ય નાગરિકનો અવાજ બંધારણની તાકાત છે અને શાસન માટે દિશાસૂચક છે."
- "લોકશાહી એ મતાધિકારથી વધુ છે, એ વિચારાધિન છે."
- "જ્યાં ન્યાય માટે અવાજ ઉઠાવવો પડે, ત્યાં નાગરિક સશક્તિકરણ મુશ્કેલીમાં છે."
- "જાગૃત નાગરિક જ દેશને પ્રજાપ્રધાન બનાવે છે."
- "તમારો મત તમારી તાકાત છે, ઉપયોગ કરો, અવગણના નહિ."
- "શિક્ષણ તમારા વિચારને મજબૂત કરે છે, અને વિચાર શાસનને વલોવે છે."
- "નાગરિક હોવું માનવાધિકાર છે, જાગૃતિ નાગરિક હોવું એ ફરજ છે."

**"મારું નામ નાગરિક છે, મારી ઓળખ તર્ક છે, મારો ધર્મ છે, ન્યાય."**

- હું માનું છું કે બંધારણ ફક્ત કાયદો નથી, તે મારા સ્વતંત્ર નાગરિક હક્કો છે.
- હું વચનો નહિ, કાર્યમાં માનું છું, ન્યાય અને સમાનતા માટે અવાજ ઉઠાવું છું.
- હું જાતિવાદ, ધર્માંધતા અને અન્યાય સામે અવાજ ઊઠાવું છું, શાંતિથી, પણ દૃઢતાથી.
- હું દરેક મતદાનને ફરજ માનું છું, કારણ કે પ્રજાપ્રધાન દેશમાં મૌન પણ પાપ બની શકે છે.
- હું મારી જવાબદારી સ્વીકારું છું, ખરાબ શાસન માટે મૌન નાગરિકો પણ જવાબદાર હોય છે.

"જ્યાં ન્યાય સ્થિર છે, ત્યાં દેશ વિકસે છે. જ્યાં ન્યાય ડોલે છે, ત્યાં લોકશાહી શંકાસ્પદ છે." "હું મારી જાતને તાકાતવર બનાવવાનો સંકલ્પ કરું છું, કારણ કે દેશની તાકાત મારા જેવી વ્યક્તિઓમાં છુપાયેલી છે."

- "યુવા હોવું એ ઉર્જા છે, પણ જાગૃત યુવા હોવું એ ઈતિહાસ રચવાની તક છે"
- "પ્રશ્ન કરતા શીખો, કારણ કે સમર્થ નાગરિક એ છે જે સવાલ કરે છે, મૌન રહેતો નથી."
- "તમારું સંવિધાન તમને આઝાદી આપે છે, પણ તમારી સમજ અને હિંમત જ તેને જીવંત રાખે છે."

આ તમામ અધિકારો "પ્રવર્તનક્ષમ ન્યાયિક અધિકાર" તરીકે ઓળખાય છે એટલે કે નાગરિક કાયદાના ઉલ્લંઘન સામે સીધા હાઈકોર્ટ અથવા સુપ્રીમ કોર્ટમાં રિટ દાખલ કરી શકે છે. ડો આંબેડકરની દ્રષ્ટિએ "Constitution is not a mere lawyer's document; it is a vehicle of Life." એટલે કે બંધારણ માત્ર કાનૂની ભાષાની રચના નથી, તે જીવન અને ન્યાય માટે જીવંત સાધન છે. તેમની દૃષ્ટિમાં, ન્યાય માત્ર કાગળ પર નહીં, પણ અદાલતોના દરવાજા ખોલે તેટલો સક્રિય હોવો જોઈએ અને આ જ વાતે ભારતના નાગરિકોને બંધારણ સાથે જીવંત સંબંધ આપી દીધો. ભારતના બંધારણમાં સમાનતા, સ્વતંત્રતા અને બંધુતાના સિદ્ધાંતો માત્ર શાબ્દિક નહિ પણ આ ત્રણ તત્વોના વિચાર (૧૯૨૮), સંઘર્ષ (૧૯૩૨) અને બંધારણ (૧૯૫૦)એ ડૉ. આંબેડકરની મૌલિક અનુસંધાન યાત્રાના ત્રણ સ્તંભ છે. તેમના દ્વારા સ્થાપિત આ દિશાઓ આજે પણ નવી સદીના વિચારક અને નીતિ-નિર્માતાઓ માટે માર્ગદર્શક છે. "ધર્મ, સમાજ અને રાષ્ટ્ર એ ડૉ. આંબેડકરનું સર્વાંગી દ્રષ્ટિકોણ" હતો, ડૉ. આંબેડકર વિદ્વત્તા અને સંવેદનાનો સમન્વય હતા.

"સપનામાં નહીં, હકીકતમાં વસે એ સ્વતંત્રતા,
જ્યાં ન્યાયનો સૂર્ય સૌને સમાન તક આપે.
જ્યાં નાગરિક માત્ર નામનો નથી,
પરંતુ પરિવર્તનનો શિલ્પી બને."

“જાગૃત નાગરિક, મજબૂત રાષ્ટ્ર” ડૉ. આંબેડકરે આપણને માત્ર બંધારણ આપ્યું નહીં, પરંતુ એક જીવંત દૃષ્ટિકોણ આપ્યો, કે રાષ્ટ્ર માત્ર જમીનનો ટુકડો કે રાજકીય સંસ્થા નથી, પરંતુ તે માનવમૂલ્યો, સમાનતા અને ન્યાયના જીવંત સંગમ પર નિર્માણ પામે છે. સામાજિક ન્યાયનો માર્ગ સામાજિક ન્યાય માટેની લડાઈ કાયદા કે અદાલતોમાં પૂરતી નથી, તે આપણા ઘરો, ગામો, શહેરો અને મનમાં લડવી પડે છે. રાજ્યની નીતિઓ અને વિકાસના ફળો દરેક સુધી પહોંચે, સમાજના સૌથી નબળા માણસ સુધી પણ, એ જ એક જીવંત લોકશાહીની ઓળખ છે.

“રાષ્ટ્રનો સાચો શણગાર તેના મહેલો કે રસ્તાઓમાં નથી, પરંતુ તેમાં છે જેમાં દરેક નાગરિક પોતાનો અવાજ નિર્ભયતાથી ઉઠાવી શકે, પોતાનો હક સમાનતાથી મેળવી શકે અને પોતાના દેશના ભવિષ્યને ઘડવામાં ભાગીદાર બની શકે. ડૉ. આંબેડકરનું સ્વપ્ન એ જ હતું. નાગરિકો માત્ર પ્રજા નથી, પરંતુ રાષ્ટ્રના શિલ્પી છે. આજનું ભારત ત્યારે જ પૂર્ણ બનશે, જ્યારે નાગરિક જાગૃતિ, નૈતિક જવાબદારી અને સામાજિક ન્યાય દરેક હૃદયમાં વસશે. આ માર્ગ લાંબો છે, પણ દરેક જાગૃત નાગરિકે આ પગલું ભવિષ્યની સ્વર્ણિમ સવાર તરફ લઈ જાય છે.” દરેક નાગરિકને સમાન અધિકાર અને તક આપવી એ જ આંબેડકરનો સાચો સંદેશ છે.

# ૧૨. જ્ઞાનયુગ અને સમાજની ભૂમિકા

આગામી યુગ, જ્ઞાનનો યુગ છે, ૨૧મી સદી જ્ઞાન અને માહિતીનો યુગ છે. વિશ્વમાં વિકાસના માપદંડ હવે માત્ર ઉદ્યોગ કે ભૌતિક સમૃદ્ધિ પર નહીં, પણ માનવીય મૂલ્ય, નૈતિકતા અને જ્ઞાન પર આધારિત રહેશે. તે આપણા માટે માત્ર તક નહીં, પણ એક મોટી જવાબદારી પણ છે. જ્ઞાન, આશાનું કિરણ જો આપણે આ યુગમાં સમર્પિત સંકલ્પ અને કઠિન પરિશ્રમ કરીએ, તો જ્ઞાન આપણા સમાજ માટે નવી આશાઓ અને ઉજળા ભવિષ્યના દરવાજા ખોલી શકે છે. જ્ઞાન એ માત્ર પુસ્તકોમાં નહિ, જીવનમાં ઉતારવા જેવી ચેતન શક્તિ છે. આ યુગમાં સમાજના આગેવાનો, શિક્ષિત વર્ગ, સાહિત્યકારો, વિચારકો અને રાજકીય નેતાઓએ માત્ર ભાષણો નહીં, પણ ઉંડા ચિંતન અને વ્યવહારમાંથી સમાજને દિશા આપવી જરૂરી છે. તેમના વિચારો અને કૃત્યો લોકોને ઉદ્દેશિત અને પ્રેરિત કરવા જોઈએ. સૌ નાગરિકે, પોતાને એક સવાલ પુછવો જોઈએ, "હું મારા સમાજના સૌથી પાછળ ઊભેલા વ્યક્તિ માટે શું કરી શકું" આ વિચાર જ એક સાચો નાગરિક બનાવે છે, એક એવો નાગરિક જે પોતાની સફળતામાં પણ પછાતોની સમસ્યાઓના ઉકેલ શોધે છે. સશક્તિકરણની દિશા સામાજિક સશક્તિકરણ ગામડાઓથી શરૂ થઈને શહેરો, જિલ્લાઓ, રાજ્યો અને આખા રાષ્ટ્ર સુધી પહોંચે, એ દૃષ્ટિકોણ આજે અત્યંત જરૂરી છે. વિકાસની ગતિ ત્યારે સાચી ગણાય જ્યારે તે નીચેના તબક્કાઓ સુધી સમાન રીતે પહોંચે.

જ્ઞાનસંસ્કૃતિનો ઊગતો સૂર્ય જ્યાં જ્ઞાન હોય ત્યાં જ વિકાસ છે અને જ્યાં જ્ઞાન સાથે નૈતિકતા હોય ત્યાં જ સાચો માનવ વિકાસ છે. આવું જ્ઞાનયુગ ઘડવા માટે આપણે સૌએ પ્રતિબદ્ધ થવું પડશે, શિક્ષણ આપવું પડશે, માનવતાવાદ જીવંત રાખવો પડશે અને સમાજના અંતિમ માનવી સુધી પહોંચી શકનાર નીતિ ઘડવી પડશે. નસીબ સામે સંઘર્ષ, એક સંઘર્ષમય યાત્રા ડૉ. આંબેડકરનું જીવન માત્ર વિચારશીલ યાત્રા નહોતું, પણ દુઃખદ ઘટનાઓ, ઉપેક્ષા અને સંઘર્ષથી ભરેલું હતું. નસીબે તેમને ક્યારે પણ સરળ માર્ગ આપ્યો નહિ, પરંતુ તેમણે નસીબને જાતે જ લખવાનું શીખી લીધું. હુબલીમાં એક સામાજિક કાર્યક્રમમાં ભાગ લેવા

જતી વખતે તેમને લઈ જવા માટે કોઈ પણ ટાંગાવાળો તૈયાર ન થયો, કારણ કે તેઓ એક દલિત હતા. ટાંગવાળાએ એવી સરત મૂકી કે ટાંગો ડૉ. આંબેડકરને જાતે ચલાવવો પડશે. માર્ગમાં ઘોડો ભડક્યો, અકસ્માત થયો અને તેઓ ગંભીર રીતે ઘાયલ થયા. તેઓએ બે મહિના પથારી પર વિતાવ્યાં. પણ, આ શારીરિક પીડા અને સામાજિક ઉપેક્ષાએ તેમનાં સંકલ્પને ન ડગાવ્યો. તેઓએ એ સમય પણ વ્યર્થ ન કર્યો અને જવા પણ ન દીધો. અભ્યાસ ચાલુ રાખ્યો, વિચારો લખ્યા, સમાજ માટેનું દૃષ્ટિચિંતન ચાલુ રાખ્યું. તેમનો સંદેશ આજે પણ પ્રેરણાદાયક છેઃ "શિક્ષિત બનો, સંગઠિત બનો, સંઘર્ષ કરો." આ સુત્રમાંથી જ ઉજાગર થાય છે કે જે વ્યક્તિએ જાતે જીવનભર સંઘર્ષ કર્યો, તેણે આખા સમુદાયને લડવા માટે શીખવી દીધું, શિક્ષણ, એકતા અને સંઘર્ષનો માર્ગ.

ડૉ. ભીમરાવ આંબેડકર માત્ર પછાત વર્ગો માટે નહીં, પણ ભારતની તમામ મહિલાઓ માટે પણ સામાજિક ન્યાયના વકીલ હતા. ભારતના બંધારણ દ્વારા માનવીને સમાનતાનું હક મળ્યું, પરંતુ રોજિંદા જીવનમાં સમાનતા માટે ધર્મસંહિતાઓ અને પીડાદાયી કાયદાઓમાં સુધારાની તાતી જરૂર હતી. ૧૯૫૦ના દાયકાની શરૂઆતમાં, તેમણે સંસદમાં એક મહત્ત્વપૂર્ણ પહેલ કરી, જેની અસર સમગ્ર હિન્દુ સમાજના જીવનચક્ર પર પડી, એ હતી હિન્દૂ કોડબિલ. તેમણે સ્પષ્ટ કર્યું કે સામાજિક સમાનતા માત્ર ઘોષણા દ્વારા નહીં, પરંતુ ઘરની અંદરથી શરૂ થતી સંસ્થાગત ન્યાયપદ્ધતિથી જ સાધ્ય બને છે.

**હિન્દૂ કોડબિલના પાંચ મુખ્ય મુદ્દાઃ**

- વિવાહ અને દત્તકવિધાનમાં સુધારા
  જીવનસાથી પસંદગીમાં સમાનતા અને દત્તક સંતાનના અધિકારની સ્પષ્ટતા.
- એકપતિ-એકપત્ની પદ્ધતિનો આગ્રહ
  પુરૂષ માટે પણ એકપત્ની જ સાચો ધર્મજીવન હોવાનું જણાવ્યું.
- કાયદેસર રીતે વિવાહવિચ્છેદનો અધિકાર
  સ્ત્રી અને પુરુષ બંને માટે મુક્તિની પસંદગીનો અધિકાર.

- પુત્ર અને પુત્રીમાં સમાન વારસાધિકાર
  પુત્રીને વારસાની ભાગીદારીનો પૂર્ણ હક આપતો ઐતિહાસિક પગલું.
- સ્ત્રીને પિતા અને પતિ બંનેની સંપત્તિમાં અધિકાર
  કાયદેસર માલિકી અને આત્મસન્માનનો પાયો.

આ નીતિઓ આધુનિકતા અને ન્યાયના આધારે રચાયેલી હતી, પરંતુ એ સમયે ઘણા પરંપરાવાદી વિરોધમાં ઊભા રહ્યા. તેઓએ એમ પણ કહ્યું કે, આ કોડબિલ હિન્દુ ધર્મને ખતમ કરવાનું ષડયંત્ર છે. પરંતુ ડૉ. આંબેડકરનો ધર્મપ્રત્યેનો દૃષ્ટિકોણ હૃદયપૂર્વક અધ્યાત્મવાદી હતો. તેઓ ધાર્મિક મૂલ્યોથી વિમુખ નહોતા, તેઓ ધર્મનું ''શુદ્ધિકરણ'' ઇચ્છતા હતા. તેમનું ધ્યેય ધાર્મિક શૂદ્ધિ, નૈતિક મૂલ્યો અને સામાજિક ન્યાયની સ્થિરતામાં હતું. મહિલા ઉદ્ઘોષના વક્તા અને ક્રાંતિશીલ દ્રષ્ટા ડૉ. આંબેડકરે મહિલાઓ માટે માત્ર કાયદા નહીં, પણ એક સ્પષ્ટ આહવાન લઈને આવ્યા. તેમણે ભારતીય મહિલાને ઉઠી ને ચાલવા માટે કહેલું, તેમના જીવનસાથી તરીકે નહીં, પણ રાષ્ટ્રના સમાન નાગરિક તરીકે તેમનું આહવાન કર્યું, તમારાં સંતાનોને ભણાવો, દુર્ગુણોથી દૂર રહો, સ્વચ્છ રહેવા શીખો, સજ્જ રહીને જીવવું શીખો, ઘરના સંસ્કાર પર કાળજી રાખો, તેમના માટે સ્ત્રી કોઈ ઘરકામવાળી ન હતી. તે ''ઘરની લક્ષ્મી'' હતી અને ''રાષ્ટ્રીય સંસ્કારની પ્રથમ શિક્ષિકા'' પણ હતી.

# ૧૩. ડૉ. આંબેડકરનું ન્યાયદર્શન

ડૉ. આંબેડકર એક પ્રખર ધારાશાસ્ત્રી, માનવીય તત્વજ્ઞાની અને લોકશાહી વિચારધારાના ઘડવૈયા હતા. તેમના વિચારો આજના ન્યાયપથ માટે પણ માર્ગદર્શક છે.

આજના ન્યાયપથ માટે માર્ગદર્શક તત્ત્વો,

- કાયદો લોકહિત માટે હોવો જોઈએ
  કાયદાનું મૂળ ધ્યેય ફક્ત શાસન ચલાવવું નહીં, પરંતુ ન્યાય આપવાનું છે. તે દરેક નાગરિકના હિતને કેન્દ્રમાં રાખી રચવામાં આવવી જોઈએ.
- કાયદો ભયમુક્ત હોવો જોઈએ
  કાયદો ધમકી કે દંડના ભયથી નહીં, પરંતુ સમજણ, સંવેદના અને માનવતાના આધારે માન્ય થવો જોઈએ.
- કાયદો ધર્મનિરપેક્ષ હોવો જોઈએ
  કોઈ એક ધર્મને પ્રાધાન્ય આપ્યા વિના, સર્વ ધર્મો તથા નિર્મુખ માનવી માટે કાયદો સમાન રહે એ જ તેનું યથાર્થ સ્વરૂપ છે.
- કાયદાને ઈશ્વરપ્રેરિત ન માનવો
  કાયદો કોઈ દેવીશક્તિની અમૂર્ત પ્રેરણા નથી, પરંતુ માનવીય સમજ, અનુભવ અને સામાજિક જરૂરિયાતોના આધારે બનેલું પરિણામ છે.
- કાયદામાં સમયાનુસાર સુધારા આવશ્યક છે
  સમાજ સતત બદલાતો રહે છે, તેથી કાયદો પણ સમયની માંગ અને પરિસ્થિતિ પ્રમાણે બદલાતો રહે. આ જ લોકશાહીનું જીવંત લક્ષણ છે.

ડૉ. આંબેડકરે સમજૂતી, વિચારશક્તિ અને માનવીય મૂલ્યોના આધારે કાયદા અને ન્યાયની વ્યાખ્યા પુનઃસ્થાપિત કરી. તેઓ માટે કાયદો અર્થશાસ્ત્ર, નૈતિકતા અને સામાજિક ન્યાય પર ચાલવાનો માર્ગ હતો. તેઓ આજે પણ ન્યાયમાર્ગના દીપસ્તંભ સમાન છે. અનન્ય શબ્દભંડોળ અને ભાષાકૌશલ્ય ડૉ. આંબેડકર માત્ર વિચારક કે કાયદાશાસ્ત્રી જ નહોતા, પરંતુ ભાષાનો અદભૂત સામર્થ્ય ધરાવતા ભાષા કવિ પણ હતા. શિવાજી યુનિવર્સિટીના અભ્યાસ અનુસાર

તેમના લખાણોમાં આશરે ૮,૫૦૦ જેટલા અલગ-અલગ શબ્દોનો ઉપયોગ જોવા મળે છે, જે તેમનાં ભાષાકૌશલ્ય અને વિચારોની વિપુલતા દર્શાવે છે. તેઓ સંસ્કૃત, પાલી, પ્રાકૃત, હિન્દી, અંગ્રેજી, પર્શિયન અને ઘણી ભાષાઓમાં પ્રવીણતા ધરાવતા હતા. એ તેમના વ્યાખ્યાનો, લેખો અને વિધાન પરિષદ સભામાં આપવામાં આવેલી ભાષણોમાં સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે. સંસ્કૃતને રાષ્ટ્રીય ભાષા બનાવવાનો ઐતિહાસિક પ્રયાસ પણ તેમણે કર્યો હતો, કારણ કે તેઓ સંસ્કૃતને ભારતીય ભાષાઓની મૂળ તરીકે અને વિજ્ઞાન, ધર્મ અને શાસ્ત્રના પ્રાચીન ભંડોળના રૂપમાં માનતા હતા. તેમનો ભાષા પ્રત્યેનો અભિગમ કોસ્મોપોલિટન પણ હતો આ વાક્ય કહે છે કે, વ્યક્તિ કે વિચાર માત્ર આધુનિક કે સપાટી પરનો નહોતો, પરંતુ તેના પાછળ પરંપરાગત જ્ઞાન, સાંસ્કૃતિક મૂલ્યો અને ઐતિહાસિક પૃષ્ઠભૂમિનો ઊંડો આધાર પણ હતો. એટલે કે તેના વિચારો નવીનતમ હોવા છતાં પરંપરાગત સંદર્ભો સાથે ઊંડા જોડાયેલા હતા. તેમની ભાષા માત્ર અભિવ્યક્તિ માટેનું સાધન નહીં, પણ સંઘર્ષ અને સંકલ્પનું શક્તિસ્થાન હતું. તેમની લેખનશૈલી, પાટાવાર્તા અને ઉદ્દઘોષણાઓ આજે પણ ન્યાયપ્રેમી અને સમાજચિંતકો માટે પથદર્શક છે. તેમની આર્થિક દૃષ્ટિ સંપૂર્ણપણે ‘‘સર્વસામાન્યના હિત’’ ‘‘માટેના મોડેલ પર આધારિત હતી. આ બોધ આપે છે કે તેઓ માત્ર વિદ્વાન નહોતા, પરંતુ દ્રષ્ટિકોણદાર નીતિનિર્માણ કર્તા પણ હતા. તેઓ ખંડણીય કે શોષક અર્થતંત્રની જગ્યાએ સમતાવાદી અને ગતિશીલ અર્થતંત્રની રચના માટે વલણ ધરાવતા હતા. કૃષિ ક્ષેત્રના રાષ્ટ્રીયકરણ, સસ્તા અને ખૂબ જ પરિશ્રમ કરીને થાકી ગયેલો, ગભરાયેલો કે અત્યંત તકલીફભર્યા માણસ માટેના કરજની યોજના, જમીનનો ન્યાયસર વિતરણ, અને લઘુ ઉદ્યોગોને લાભ આપતી નીતિઓના હિમાયતી હતા. ડૉ. આંબેડકર, અર્થશાસ્ત્રના માનવકેન્દ્રી વિચારક હતા, ડૉ. આંબેડકરનું આર્થિક ચિંતન માત્ર શૈક્ષણિક વિદ્વતા પૂરતું મર્યાદિત નહોતું, પરંતુ તેનું આધાર તેમનાં અનુભવોથી ઊભેલું માનવકેન્દ્રી ચિંતન હતું. તેઓનું માનવું હતું કે ‘‘વિકાસનું મોડલ એવું હોવું જોઈએ કે જેમાં દરેક વર્ગને સરખી હિસ્સેદારી મળે.’’ તેઓ કૃષિ ક્ષેત્રમાં પણ રાષ્ટ્રિયકરણના હકદાર હતા. તેમનું માનવું હતું કેઃ ‘‘ધન માત્ર થોડા લોકોએ સંગ્રહેલું હોય, એ દુર્ભાગ્ય છે, હકીકતમાં

ધન એ એવું સાધન હોવું જોઈએ, જે લોકોના હિત માટે વપરાય.'' તેઓ ''આર્થિક ન્યાય''ને ''સામાજિક ન્યાય''ના વિસ્ફોટક સાધન તરીકે જોતા હતા. જમીનના પુનર્વિતરણ, શ્રમજીવી વર્ગના હિત અને સરકારી નીતિમાં પછાત વર્ગના હક માટે તેઓએ સતત અવાજ ઉઠાવ્યો. તેમનો વિકાસમૂલક દૃષ્ટિકોણ આ મુદ્દાઓ પર આધારિત હતો, કૃષિ અને જમીનનો પુનર્વિતરણ, સંચાલન અને નાણાંકીય ધોરણોમાં સામાજિક સમાનતાની બાબતો, શ્રમિકો માટે વ્યવસ્થિત રોજગાર અને સુરક્ષા, રોજગાર માટે ઉત્પાદન સાધનો પર સર્વજન હક્ક માટે ડૉ. આંબેડકર કહેતા કે, ''જ્યાં સુધી સમાજના પછાત વર્ગોને આર્થિક સ્તરે હક્ક નહીં મળે, ત્યાં સુધી લોકશાહીની સફળતા કેવળ દાવાપંચ રહેશે.'' ડૉ. આંબેડકર આદર્શ અર્થતંત્રના દ્રષ્ટા હતા, જેણે ન્યાય અને સમતાના મૂલ્યો સાથે અર્થશાસ્ત્રને મજબૂત કરવાનું કાર્ય કર્યું. તેમના આર્થિક વિચારોએ અનેક અર્થશાસ્ત્રીઓને પ્રેરણા આપી છે. નોબેલ વિજેતા ડૉ. અમર્ત્ય સેને પણ માન્યું છે કે, ડૉ. આંબેડકરનો અર્થશાસ્ત્રીય અભિગમ ન માત્ર અત્યંત વૈજ્ઞાનિક હતો, પણ એ ભારતના તાત્કાલિક અને લાંબા ગાળાના ઉદ્ધાર માટે પણ ખૂબ જ યોગ્ય દિશાદર્શક હતો. આમ, ડૉ. આંબેડકરનો આર્થિક વિચાર આજે Inclusive Growth (સમાવિષ્ટ વિકાસ)ના આધુનિક ઢાંચામાં પણ નિઃસંદેહ સમાયેલો છે. તેઓ માટે અર્થતંત્ર એટલે ગરીબ, દલિત, શ્રમિક અને લઘુવર્ગના ન્યાય માટેનું સાધન હતું.

ન્યાયશાસ્ત્ર અને બંધારણીય ન્યાયના સિદ્ધાંતો ડૉ. આંબેડકરનું ન્યાયવિદ માનસ માત્ર ભારતના બંધારણના શિલ્પી નહિ પરંતુ ન્યાયશાસ્ત્રના જીવંત સિદ્ધાંતોના ઉપદેશક હતા. તેમના માટે ન્યાય કાયદાની શૂન્યભાવના ન હતી, ન્યાય એટલે નૈતિકતા, માનવતાવાદ અને મુક્તિમાં તેઓ માનતા હતા કે કાયદો એવાં સમાજ માટે હોવો જોઈએ જ્યાં વ્યક્તિનું ગૌરવ અને સમાનતા અખંડિત રહે. ડૉ. આંબેડકરની દ્રષ્ટિએ ન્યાયશાસ્ત્ર સંપૂર્ણપણે બૌદ્ધ વિચારધારાના કરુણાસભર નૈતિક મૂલ્યો પર આધારિત હતું. તેઓ સમાજ માટે એવું ન્યાયચક્ર ગોઠવી રહ્યા હતા જ્યાં કોઈ શોષિત ન રહે, કોઈ પછાત ન રહે અને કોઈ પુરુષ કે સ્ત્રી અપમાનિત ન થાય. તેમનો ''ન્યાય'' શબ્દ એટલે માત્ર ન્યાયાલયમાં મળતો ચુકાદો નહીં, પરંતુ ન્યાય એ જીવનની વ્યવસ્થિત ચેતના હતી. બંધારણીય ન્યાયના

તત્વો દ્વારા ડૉ. આંબેડકરે ભારતીય બંધારણમાં ત્રણ મુખ્ય પ્રકારના ન્યાયની સ્થાપના કરી. સામાજિક ન્યાય બધા વર્ગોને માનસિક-સામાજિક સમાનતાનો અધિકાર આપે, આર્થિક ન્યાય સંપત્તિમાં સમાન હિસ્સેદારી અને રોજગારના સમાન અવસરો આપે, રાજકીય ન્યાય એક વ્યક્તિ, એક મત, એક કિંમતનો સિદ્ધાંત. તેમનો દૃષ્ટિકોણ હતો કે બંધારણ માત્ર શાસન માટેનું સાધન નથી, પણ તે શોષણ સામે રક્ષણની ઢાલ છે.

કાયદાની મૂલ્યપ્રણાલી અંગેનો દૃષ્ટિકોણ કાયદો અંધ ન હોવો જોઈએ, તે માનવ કલ્યાણ માટે હોવો જોઈએ. તેઓએ કહ્યું હતુંઃ "Indians today are governed by lawyers, not by the law." તેઓ ધર્મના નામે થતો કાનૂની ભેદભાવનો વિરોધ કરતા રહ્યા, ધર્મનિરપેક્ષતા એટલે ન્યાયની સ્વતંત્રતા એ ડૉ આંબેડકરની દ્રષ્ટિએ જોવા મળે છે. પ્રવર્તનક્ષમ ન્યાયિક અધિકાર ડૉ. આંબેડકર સમજતા હતા કે, ન્યાયિક અધિકારને માત્ર પુસ્તકની પંક્તિઓમાં ન મુકાય, પણ એ ‘‘પ્રવર્તનક્ષમ’’, એટલે કે લાગુ પાડી શકાય એવો હોવો જોઈએ. એટલે તેમણે મૂળભૂત હક્કોને દાખલ કરી, તેમને બિનલઘુત્તરીય બનાવ્યા અને ન્યાયાલયને તેને લાગુ પાડવાનો અધિકાર આપ્યો.

# ૧૪. ભારતીય આધુનિકતાના પ્રણેતા ડૉ. આંબેડકર

ડૉ. ભીમરાવ આંબેડકરનું સ્થાન આધુનિક ભારતીય વિચારવલયમાં અતિ વિશિષ્ટ અને વિસ્ફોટક છે. તેમનું યોગદાન ફક્ત સમકાલીન નાયકોથી જ ભિન્ન નથી પણ અનેક રીતે વધુ ઊંડું અને વ્યાપક છે. જ્યોતિબા ફુલેએ દલિત અને શોષિત વર્ગ માટે શિક્ષણ અને સ્વાધિનતાની વિજ્ઞાનસર્જક જ્યોત પ્રગટાવી, ત્યારે ડૉ. આંબેડકરે આ સમગ્ર વિચારધારાને રાષ્ટ્રીય અને બંધારણીય સ્તરે પ્રતિષ્ઠિત કરી. તેઓ માત્ર વિચારક નહિ પરંતુ રચનાત્મક ક્રાંતિકારી અને કાયદાશાસ્ત્રી હતા, જેમણે તેમના વિચારને સ્થાયી બંધારણ અને નીતિરૂપ અંતિમ સ્વરૂપ આપ્યું. આ જ કારણ છે કે, તેઓના વિચારને માત્ર સામાજિક વિચાર તરીકે નહિ, પરંતુ ભારતીય રાજકીય ધોરણના આધારસ્તંભ તરીકે પણ જોવામાં આવે છે.

બંધારણ અને પ્રજાપ્રધાન વ્યવસ્થામાં લોકોની ભૂમિકાઓ માટે ડૉ. આંબેડકરને મક્કમ વિશ્વાસ હતો કે કોઈપણ રાષ્ટ્રનું ભવિષ્ય માત્ર સંવિધાનની કલમો પર નિર્ભર નથી, પરંતુ તેના અનુસંધાન અને અમલ પર આધારિત છે. તેઓએ સ્પષ્ટ રીતે જણાવ્યું હતું કે, “કોઈ બંધારણ ભલે વિશ્વમાં શ્રેષ્ઠ હોય, પરંતુ જો તેને અમલમાં મૂકનારા લોકો ઈમાનદાર અને પ્રજાના હિતમાં કાર્યરત ન હોય, તો તે બંધારણ નિષ્ફળ સાબિત થાય છે.” આ વિચાર માત્ર સિદ્ધાંત નથી, તે એક લોકશાહી સંસ્કૃતિના આધારે રચાયેલ નૈતિક માવજત છે. તેમના મત પ્રમાણે, લોકશાહીમાં બંધારણ તો એક રૂપરેખા છે, પરંતુ તેનો જીવ તેના અમલમાં છે, અને આ અમલના મુખ્ય કેન્દ્રીય પાત્રો છે “લોકો” પોતે. જો લોકો જાતિયતાથી પર ઉઠીને, નૈતિકતા અને જવાબદારીથી બંધારણની ધારાને જીવંત કરે, તો કોઈપણ બંધારણ સફળતાપૂર્વક દેશના હિતમાં કાર્ય કરી શકે છે, ભલે તેમાં સંસ્થાગત ખામીઓ હોય. અન્યત્ર, જો કોઈ દેશની સંવિધાનિક રચના ભલે યોગ્ય હોય, પણ જો એને ચલાવનાર લોકો જાતિવાદ, ભ્રષ્ટાચાર કે નૈતિક પતનથી ગ્રસ્ત હોય, તો લોકશાહી માત્ર કાગળ પર જ રહેશે. સંવિધાન લોકો માટે છે, એનો આત્મા પ્રજાની જાગૃતિ, જવાબદારી અને પ્રતિબદ્ધતામાં વસે છે. આથી, ડૉ. આંબેડકરે ન્યૂ ઇન્ડિયાની કલ્પનામાં માત્ર ઘોષણાઓ નહીં, પરંતુ જીવનશૈલી, નીતિ,

વ્યવહાર અને ન્યાયની સંસ્કૃતિ માટે લોકોની સક્રિય ભાગીદારીને અવશ્યક માની હતી.

હૈદરાબાદ રિયાસત, ધર્માંતર અને રાષ્ટ્રીયતા સાંપ્રદાયિક રાજકારણના ઉછાળભર્યા સમયમાં, હૈદરાબાદ રિયાસતની ઇતેહાદુલ મુસ્લીમ સરકારે દલિત વર્ગને લલચાવવાનું એક સુગઠિત ષડયંત્ર રચ્યું હતું. તેઓ ધર્માંતરના માધ્યમથી દલિતોનું વલણ બદલવા ઈચ્છતા હતા. મોઢે સમાનતા અને કરુણાની વાતો કરતા આ તત્ત્વો પાછળથી રાજકીય હેતુઓ હાંસલ કરવા ઈચ્છતા હતા. એ સમયે ડૉ. આંબેડકરે તદ્દન સ્પષ્ટ અને મક્કમ અવાજમાં કહ્યું હતું કે, "કોઈપણ સંજોગોમાં આપણી જાતિ, આપણી ઓળખ અને આપના આદર્શોનો ત્યાગ કરી શત્રુધર્મ અથવા શત્રુની નીતિ સાથે જોડાવું નહીં." તેઓને મળેલા પ્રલોભનોમાં શાસક વર્ગ તરફથી પણ ખામી નહોતી. હૈદરાબાદના નવાબ તરફથી હીરા-માણેકની ઓફરો આવી હતી. બીજી તરફ ઇસાઈ મિશનરીઓએ તેમને અને તેમની ચળવળને આધાર આપવાનો આગ્રહ કર્યો. પણ ડૉ. આંબેડકર સ્વાભિમાની અને રાષ્ટ્રીયતાવાદી દૃષ્ટિકોણ ધરાવતા હતા. તેમણે બધાં પ્રયાસો નકારી કાઢ્યા અને સ્પષ્ટ કહ્યું કે, "મુસ્લિમ ધર્મ ઘણીવાર ભારતના આંતરિક શત્રુઓ માટે પ્રવેશદ્વાર બની રહે છે અને ખ્રિસ્તી ધર્મને સ્વીકારવો એ બ્રિટિશ શાસનના હિતોને મજબૂત કરવાનો માર્ગ છે." આ પ્રવૃત્તિઓની સામે તેમણે માત્ર નકાર આપ્યો ન હતો, પણ જાતિના ધબકારા કરતાં વધારે એક નવી ઓળખ, આધુનિક, વિજ્ઞાનસંગત અને નૈતિક આધારે આધારિત ભારતના નાગરિકની કલ્પના ઊભી કરી. તેમનું ધર્માંતરના પ્રશ્નો અંગેનું અવલોકન આધ્યાત્મિક શુદ્ધિકરણથી વધુ રાષ્ટ્રીય ભવિષ્ય સાથે જોડાયેલું હતું. તેમણે કહ્યું હતું કે, "હું હિન્દુ ધર્મનો શત્રુ નથી, પરંતુ તેના અધમ અને અન્યાયી સ્વરૂપનો ટીકાકાર છું. હું માનું છું કે, એક દિવસ હિન્દુ સમાજ મારા પ્રયાસોને સમજે અને મારા ઉપકારની કદર કરશે." આવું તેઓએ જણાવ્યું હતું. તેઓ કોઈ સામપ્રદાયિકતાથી નહીં, પણ માનવતાના મૂલ્ય અને ભારતની રાષ્ટ્રીયતાની ભલાઈ માટેનો વિચાર તેમના મનમાં રમતો રહ્યો હતો. ધર્માંતર તેમના માટે વ્યક્તિગત કલ્યાણ માટે નહિ, સામૂહિક ઉદ્ધાર અને ચિંતનશીલ આધ્યાત્મિક ક્રાંતિ માટેનું મંચ હતું. એ માટે તેઓએ બૌદ્ધ ધર્મને પસંદ

કર્યો, ભારતભૂમિમાંથી ઉદભવેલા અને માનવમૂલ્ય આધારિત તત્વદર્શન તરીકે.

કલમ ૩૭૦ અંગે સંવિધાનિક અભિગમ જમ્મુ-કાશ્મીરને ભારતના અન્ય રાજ્યોની સરખામણીમાં વિશિષ્ટ દરજ્જો આપતી કલમ ૩૭૦ અંગે ડૉ. આંબેડકરનો દૃઢ અને સત્તાવાર વિરોધ નોંધાયો હતો. જ્યારે કાશ્મીરના નેતા શેખ અબ્દુલ્લાએ વડાપ્રધાન જવાહરલાલ નેહરુના સૂચન પર ડૉ. આંબેડકરને વિનંતી કરી કે, તેઓ કલમ ૩૭૦નું સંવિધાનિક ડ્રાફ્ટિંગ કરે, ત્યારે ડૉ. આંબેડકરે અતિ સ્પષ્ટ અને તટસ્થ ભાષામાં જવાબ આપ્યો કે, "તમારે ભારત પાસેથી તમામ પ્રકારની સુરક્ષા જોઈએ છે. સેના, નાણાંકીય સહાય અને આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિત્વ પણ ભારતના અન્ય નાગરિકોને કાશ્મીરમાં સમાન અધિકાર આપવાનો ઈનકાર કરો છો? એવું હું કરી શકતો નથી. હું દેશ સાથે દ્રોહ કરી શકતો નથી." આ બોલચાલથી સ્પષ્ટ થાય છે કે ડૉ. આંબેડકર માટે સંવિધાન માત્ર ધારાઓનો સમૂહ નહોતો, પણ તે રાષ્ટ્રની એકતા અને નાગરિકોની સમાનતાના મૌલિક તત્વોનો દસ્તાવેજ હતો. તેમનું એ મંતવ્ય હતું કે, દેશના કોઈપણ રાજ્યને વિશિષ્ટતાના નામે અન્ય નાગરિકોની ન્યાયસંગત પ્રવેશ અને અધિકારોથી વંચિત રાખવો એ સંવિધાનિક સમતાના સિદ્ધાંતોની વિરુદ્ધ છે. ડૉ. આંબેડકરની સ્પષ્ટ નિષ્ઠાને કારણે તેમણે પોતે આ કલમનું ડ્રાફ્ટિંગ કરવામાં ભાગ ન લીધો. અંતે, કલમ ૩૭૦ને સંવિધાનસભામાં ગોપાલસ્વામી અયંગરે રજૂ કરી અને મંજૂર કરાવવામાં આવી, ડૉ. આંબેડકરનાં મૌન વિરોધ વચ્ચે. આ ઘટના એ સાબિત કરે છે કે, ડૉ. આંબેડકર સમાજના પછાત વર્ગો માટે જેટલા દૃઢસંકલ્પી હતા, તેટલાં જ દૃઢ હતા રાષ્ટ્રની અખંડતા, નાગરિક સમાનતા અને ન્યાયસંગત સંવિધાન માટે પણ.

રાજકીય ન્યાય અને પ્રતિનિધિત્વ ડૉ. બાબાસાહેબ આંબેડકર માટે રાજકીય ન્યાય એ માત્ર બંધારણની ધારાઓનું પાલન નહીં, પરંતુ સમાજના દરેક વ્યક્તિ માટે સમાન અવસરની ખાતરી આપવાનો જીવંત સંકલ્પ હતો. તેઓ માનતા હતા કે જ્યાં સુધી પછાત અને વંચિત વર્ગોને નિર્ણાયક સંસ્થાઓમાં પ્રતિનિધિત્વ નહીં મળે, ત્યાં સુધી ન્યાય માત્ર કાગળ પર જ રહેશે. તેમણે રાજકીય ન્યાયની સ્થાપના માટે અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) માટે લોકસભા, વિધાનસભા અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં અનામતના

અધિનિયમનો પ્રસ્તાવ આપ્યો. આ અનામતનો ઉદ્દેશ પછાત વર્ગોને રાજકીય પ્રવાહમાં સામેલ કરીને તેમનો અવાજ સાંભળવો અને નીતિ-નિર્માણમાં તેમની સીધી ભાગીદારી સુનિશ્ચિત કરવો હતો. આ અનામતની વ્યવસ્થા આજ સુધી અસરકારક રીતે અમલમાં છે. વિશેષ વાત એ છે કે, આજે અનામત ક્ષેત્રોમાં SC/ST સમુદાયના પ્રતિનિધિઓ ચૂંટાઈ આવે છે, ત્યારે એ બાબત ડૉ. આંબેડકરની દ્રષ્ટિની વિઝનશીપ અને સફળતાનું સાક્ષાત્ પ્રમાણ છે. તેમનો સ્પષ્ટ મત હતો કે, "મન અને શરીરની અસ્પૃશ્યતા નષ્ટ કર્યા વિના સમાનતા અસંભવ છે." આ દર્શાવે છે કે, તેઓ માત્ર કાયદાકીય સુધારાની વાત કરતા ન હતા, પરંતુ સમાજની આંતરિક ચેતનાને જાગૃત કરવાનો પ્રયાસ કરતા હતા. તેમના માટે સમાનતા એ હૃદય અને ચેતનાની સ્વીકાર્યતા હતી, જે રાજકીય પ્રતિનિધિત્વ દ્વારા જ શક્ય બનતી હતી.

આત્મસન્માન અને નિષ્ઠાએ ડૉ. બાબાસાહેબ આંબેડકરનું જીવન માત્ર વિચારશીલતાનું નહિ, પણ અસીમ ત્યાગ અને આત્મસન્માનથી ભરેલું હતું. તેમની જીવનયાત્રામાં અનેક પીડાઓ, નાણાકીય તંગીઓ અને વ્યક્તિગત દુઃખદ ઘટનાઓ આવી, છતાં તેઓ કદી પણ ઝુક્યા નહિ અને પોતાના સિદ્ધાંતો સાથે સમર્પિત રહ્યા. તેમના પુત્ર ગંગાધરના અવસાન સમયે તેઓ આર્થિક સંજોગોમાં એટલા પીડાતાં હતાં કે મૃતદેહને ઢાંકવા માટે કપડું પણ ઉપલબ્ધ ન હતું. અંતે તેમણે પોતાની પત્ની રમાબાઈની સાડી ફાડીને બાળકના અંતિમ સંસ્કાર માટે ઉપયોગ કર્યો. આ ઘટનામાં પિતા તરીકેનું દુઃખ અને આર્થિક વિપત્તિ છુપાયેલી હતી, છતાં તેમનું આંદોલન અટક્યું નહિ, કે તેમણે ક્યારેય પોતાના આત્મસન્માનને ઠેસ પહોંચવા દીધી નહીં. ત્યાગ જ તેમને અત્યંત ઉચ્ચ સમાનતાવાદી નેતા બનાવે છે. તેમનું જીવન સંદેશ આપે છે કે, "પરિસ્થિતિ જેવી પણ હોય, માનવી પોતાની ચેતના અને આત્મસન્માનથી ઊભો રહી શકે છે, જો તે મક્કમ અને નિષ્ઠાવાન હોય." તેઓ ન તો વૈભવને ભજવતા હતા, ન તો ક્યારેય પોતાની હાકલ માટે સહાનુભૂતિ માગતા હતા. તેમનો દરેક દિવસ એક સંઘર્ષમય હતો, અને દરેક સંઘર્ષને તેમણે આત્મસન્માન સાથે જીતી લીધો અને જીવી ગયા.

# ૧૫. રાષ્ટ્રીય ભાવના અને ભાવિ ભારત

ડૉ. આંબેડકરનો દ્રષ્ટિકોણ કદી પણ માત્ર અનુ.જાતિ સુધી મર્યાદિત ન રહ્યો. તેઓ ભારતના સર્વાંગી વિકાસ માટે સમગ્ર રાષ્ટ્રના ઉદ્ધારને અનિવાર્ય માનતા. તેમનો દ્રઢ વિશ્વાસ હતો કે ભારતને સાચા અર્થમાં વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે રાષ્ટ્રીય એકતા અને માનવતાવાદી ચેતનાને મજબૂત કરવી જરૂરી છે. તેમના માટે રાષ્ટ્રીયતા એ માત્ર દેશપ્રેમ નહિ, પણ એક સમાન નૈતિક અને આદર્શ ચેતના હતી, જ્યાં દરેક નાગરિક પોતાના કર્તવ્ય અને અધિકારને સમજે અને રાષ્ટ્રના કલ્યાણ માટે જાતિ, ધર્મ, ભાષા કે પ્રદેશના ભેદથી ઉપર ઉઠીને સહયોગ આપે. તેઓ કહેતા કે, "હું એવું ભારત જોઉં છું જ્યાં દરેક વ્યક્તિને સમાન માનવી તરીકે માન્યતા મળે, જેને કોઈ પણ જાતિના જાતિ કે ધર્મના આધારે નકારી ન શકાય." તેમની દ્દષ્ટિમાં "ભારત" માત્ર ભૌગોલિક પ્રદેશ નહિ, પણ સામૂહિક વિચારશક્તિ, નૈતિકતાનો પ્રકાશ અને દયાભાવ ધરાવતું એક જીવંત રાષ્ટ્ર હતું.

તેઓએ ભાવિ ભારત માટે એવો દ્દષ્ટિકોણ અપનાવ્યો જ્યાં વિકાસ માત્ર અર્થતંત્રમાં નહિ, પણ માનવમૂલ્યમાં પણ થાય. દરેક નાગરિક સ્વાવલંબન, શિક્ષણ અને સંવિધાનિક સજાગતાથી સજ્જ બને. રાષ્ટ્રનું બળ તેના દરેક નાગરિકના અવાજ અને ભાગીદારીમાંથી ઊગે. આ રીતે ડૉ. આંબેડકર એક એવા ભારત માટે જીવનભર લડી ગયા કે જ્યાં દરેક સંતાનને એકસમાન પ્રેમ, સન્માન અને અવકાશ મળે. એ જ હતી તેમની 'રાષ્ટ્રીય ભાવના'ની સાચી વ્યાખ્યા. ડૉ. આંબેડકર માત્ર ઐતિહાસિક પાત્ર ન હતા, તેઓ ભારતના નવનિર્માણના કેન્દ્રમાં રહેલા જાગૃત વિચારપુરુષ હતા. તેમણે હંમેશા તત્કાલ દિશા માટે પોતાની દ્દષ્ટિ સ્પષ્ટ રીતે મૂકી છે, એમની દ્દષ્ટિમાં માત્ર જાતિવાદનો નાશ કે ભેદભાવનું ખંડન પૂરતું નથી, પરંતુ એક નવો સમાજ, નવું ભારત ઘડવાનું છે, જે ન્યાય, સમાનતા અને માનવમૂલ્યો પર આધારિત હોય. તેમના માટે "સામાજિક ન્યાય" એ ત્રિકોણની માત્ર એક બાજુ હતી. તેમના દ્રષ્ટિકોણમાં "આર્થિક ન્યાય" અને "રાજકીય ન્યાય" એ પણ એટલા જ મહત્વના છે. તેઓને શ્રદ્ધા હતી કે, "અસ્પૃશ્ય સમાજનો ઉદ્ધાર એ રાષ્ટ્રસેવા છે." આ શબ્દો માત્ર લાગણીશીલતાથી ભરેલા નથી, એ એક પ્રકારની રાષ્ટ્રીય નૈતિકતા છે, જે દરેક નાગરિક અને

નીતિનિર્માતા માટે અમલની માગ કરે છે. તેઓનું માનવું હતું કે, હિંદુ સમાજ જો પોતાનું આત્મ-પરીક્ષણ નહિ કરે અને પોતાના અંદરના અનૈતિક ભેદભાવને દૂર નહિ કરે, તો તે ક્યારેય સાચી આધુનિકતા અને માનવતાવાદી દિશામાં આગળ વધી શકશે નહિ. હજારો વર્ષોથી શોષિત લોકો માટે માત્ર કાનૂની અધિકાર નહીં, પણ માનવિય ગૌરવ અને આત્મસન્માન પણ પાછું અપાવવું એ રાષ્ટ્રની મૂળ ફરજ છે.

તેઓનું સામાજિક વિચારધારાત્મક માળખું એટલું વ્યાપક હતું કે, તેમાં એક સાથે નર-નારી, ગુરુ-શિષ્ય, ઉદ્યોગપતિ-મજૂર અને શાસક-શાસિત બધાને સ્થાન મળતું હતું. તેઓ એક એવું ભારત રચવા માંગતા હતા જ્યાં દરેક વ્યક્તિની ઓળખ તેના માનવ હોવાના આધાર પર થાય, તેના ધર્મ, જાતિ કે લિંગ પર નહીં. આપણે જો આ દૃષ્ટિકોણથી આજના ભારતને જોઈએ તો સ્પષ્ટ બને છે કે બેરોજગારી, મોંઘવારી, ઔદ્યોગિક અસમાનતા અને શિક્ષણમાં વિભાજન હજુ પણ ડૉ. આંબેડકર જેવો દ્રષ્ટિપુરુષ માંગે છે. અર્થતંત્રમાં ભાગીદારી માટે "ઇન્કલૂસિવ ગ્રોથ" અને રાજકારણમાં "વિશ્વાસપૂર્વક પ્રતિનિધિત્વ" એ નવા દિશાનિર્દેશ તરીકે અમલમાં આવવા જોઈએ. નવા યુગના નાગરિક તરીકે આપણે માત્ર પોતાનાં હક નહી, પણ પોતાના ફરજોને પણ સાચી રીતે નિભાવવી પડશે.

ડૉ. આંબેડકરનું જીવન અને વિચારધારા એ માત્ર ઈતિહાસ નથી, તે જીવનમાર્ગ છે, દિશા છે, સંકલ્પ છે. તેઓએ કહ્યું હતું, સમાજે અસ્પૃશ્યતા બનાવી, જેમણે બનાવ્યું છે, એ નાશ પણ કરી શકે છે. હવે એ નાશ અને નવી રચના માટેની જવાબદારી આપણા બધાની છે, એ જ બાબાસાહેબને સાચી શ્રદ્ધાંજલિ ગણાશે. અવિશ્રામ સંઘર્ષના યશસ્વી યાત્રિ ડૉ. આંબેડકર એ ભારતના ઈતિહાસમાં એક એવું પ્રેરણાસ્રોત છે, જેમણે માત્ર પોતાના જીવનમાં નહીં, પરંતુ સમગ્ર પછાત સમુદાય માટે એક નવા યુગની શરૂઆત કરી, તેમના જીવનની યાત્રા ઉપેક્ષા અને તિરસ્કારથી શરુ થઈ, પરંતુ તેમણે તેને જાગૃતિ અને ક્રાંતિમાં ફેરવી, તેઓ માત્ર દલિત સમાજના નાયક નહીં, પરંતુ સમગ્ર ભારતના પુનઃનિર્માણકર્તા હતા.

ડૉ. આંબેડકર માત્ર એક વિચારક નહિ, પરંતુ એક વિચારયુગના સ્થાપક હતા. તેમના વિચારો આજે પણ સમાજમાં અસમાનતા, ભ્રષ્ટાચાર અને અન્યાય સામે લડવા માટે પ્રકાશપથ છે. તેઓ એક એવી દશદિશાવાળી દિશા છે જે

સમાજના અંતિમ વ્યક્તિને પણ વિકાસની રેખામાં સ્થાન આપે છે. વિચારથી વિજય સુધી ડૉ. આંબેડકરની દૃષ્ટિ અને દિશા માત્ર સમાજ સંશોધક કે બંધારણશિલ્પી નહોતા, તેઓ માનવતાવાદી દૃષ્ટિ અને ક્રાંતિપ્રેરક વિચારોના મૌલિક સંયોજન હતા. ‘‘વિચારથી વિજય સુધી’’ તેમનાં જીવનસૂત્રને પકડે છે, એક એવો માર્ગ, જ્યાં વિચારશક્તિ દ્વારા સમાજને નવી દિશા અને વિશ્વાસ મળ્યો. તેમની દૃષ્ટિ શૈક્ષણિક સ્વતંત્રતાથી શરૂ થાય છે, જ્યાં તેઓ લંડન, કોલંબિયા જેવી યુનિવર્સિટીઓમાં અભ્યાસ કર્યો છે, પરંતુ તેનો ઉદ્દેશ માત્ર શૈક્ષણિક સફળતા નહોતો, પરંતુ શોષિત સમાજ માટે વિચારરચના દ્વારા ઉદ્ધારનું સાધન તૈયાર કરવું હતું. ‘‘શિક્ષણ મુક્તિનું પ્રથમ પગથિયું’’એમ તેમણે સંખ્યાબંધ પ્રસંગે જાહેર રીતે જણાવ્યું હતું. તેમની દિશા એકસાથે બૌદ્ધિક, રાજકીય, અને આધ્યાત્મિક ક્રાંતિ તરફ દોરી જાય છે. બંધારણ રચનામાંથી લઈને હિન્દૂ કોડ બિલ, ધર્માંતર અને આંતરરાષ્ટ્રીય ધોરી મુદ્દાઓ સુધી તેઓએ સતત એક વિચારે પ્રજાની કલ્પના જાગૃત રાખી. તેમની દિશામાં નૈતિકતા, ન્યાય, સમાનતા, અને કાર્યશીલતા સમાયેલી છે. તેઓ માટે વિચાર એ મુક્તિનું સાધન હતો. આજે જ્યારે સમાજ બેધડક ભાવે ભેદભાવ અને અસમાનતાને માને છે ત્યારે આ વિચારો વધુને વધુ લાગુ પડે છે. આ દૃષ્ટિ એ છે કે વિચારથી સંઘર્ષ ઊભો થાય, અને સંઘર્ષથી વિજય પ્રાપ્ત થાય. વિચારશીલતા તેમણે સમાજને આપેલી સૌથી મોટી ભેટ હતી.

સમાજના ઉદ્ધારક ડૉ. આંબેડકરનું વિચારસંગ્રામનું જીવન એ એક વિચારસંગ્રામ છે. જ્યાં તેમણે પોતાની જાત માટે નહીં, પણ સમગ્ર પછાત વર્ગના માટે એક સતત અભિયાન ચાલ્યું. આ વિચારસંગ્રામ માત્ર હક માટેની લડત નહોતી, પણ ન્યાય માટેની એક તિવ્ર આધ્યાત્મિક અને માનવીય પડકાર હતી. તેમના મહાડ સત્યાગ્રહથી લઈને પૂના પેક્ટ સુધીના સંઘર્ષો એ દર્શાવે છે કે તેઓની રણનીતિ વિચારઆધારિત હતી. તેમને ખબર હતી કે સમાજને તળિયેથી બદલી નાખવો હોય તો માત્ર આંદોલન નહિ, પણ વિચારશક્તિથી લોકોને જાગૃત કરવાં પડે. આ વિચારસંગ્રામમાં તેમણે શિક્ષણ, સંગઠન અને સંઘર્ષના મંત્ર આપ્યા. તેમના લેખન, ભાષણો અને સમાજમાં કરેલા સંવાદો દ્વારા તેઓએ જુદી જુદી જાતિઓને જોડવાનું કાર્ય કર્યું. વિચારસંગ્રામ એટલે તેમના માટે એક શાંતિપૂર્ણ માનવીય ક્રાંતિ. જે માનવમૂલ્ય, નૈતિકતા અને સમાનતાના આધારે ચાલે. તેમજ, તેઓ માનતા હતા કે સમાજનું ખોટું ચિત્ર સુધારવા માટે દરેક વ્યક્તિએ પોતાની

જવાબદારીપૂર્વકનું સ્થાન લેવું જોઈએ. તેઓના વિચારો આજે પણ સંઘર્ષ કરનાર દરેક વ્યક્તિ માટે શસ્ત્રરૂપ છે.

ડૉ. આંબેડકર ચિંતન અને ચેતનાનું સમગ્ર જીવન બહુજન માટેના ચિંતન અને ચેતનાનું પ્રતિબિંબ. "બહુજન સુખાય, બહુજન હિતાય" એમ. તેઓએ પોતાના વિચારમંડળનું મૂળ સિદ્ધાંત બનાવ્યો હતો. તેમનો દરેક નિર્ણય સમૂહહિત માટે રહેલો હતો. તેઓ કહેતા હતા કે સમાજના ૯૦% લોકો જ્યારે પછાત અને શોષિત છે ત્યારે કોઈ પણ વિકાસની નીતિ તત્કાલ અસરકારક થઈ શકે નહીં, જો તેમાં બહુજનની ન્યાયસભર ભાગીદારી ન હોય. તેમણે શિક્ષણ, અર્થશાસ્ત્ર, ધર્મ, રાજકીય અભિગમ અને નૈતિક મૂલ્યોના માધ્યમથી બહુજન સશક્તિકરણની વાત આગળ ધપાવી. બહુજન ચેતનાને તેઓ માત્ર ધર્મ કે જાતિથી પર ન માનીને અર્થતંત્ર, ઉદ્યોગ અને રોજગારની નીતિઓમાં પણ પ્રતિબિંબિત કરતા હતા. તેમના વિચારો આજે પણ જનકલ્યાણના ક્ષેત્રે કાર્યરત તમામ નીતિઓ માટે માર્ગદર્શક છે. અંત્યજથી અમૃતતાની તરફ ડૉ. આંબેડકરનો દૃષ્ટિકોણ એ હતો કે સમાજમાં જો અંત્યજ પણ મર્યાદા અને સન્માનથી જીવી શકે, તો એ સમાજ સાચા અર્થમાં સમૃદ્ધ છે. તેમણે પોતે પોતાને "અંત્યજ સમાજનો પ્રતિનિધિ" માનીને પોતાના મંતવ્યો રચ્યા અને એક માનવતાવાદી સમાજ દિશામાં પ્રયાણ કર્યો હતો.

રાષ્ટ્રસર્જકના સંઘર્ષ રત્ન ડૉ. આંબેડકરના વિચારો એ સંઘર્ષની ભઠ્ઠીમાંથી તપાવેલા છે. તેઓએ જીવનભર સંઘર્ષ કર્યો, પણ ક્યારેય પોતાના સિદ્ધાંતો છોડ્યા નહિ. તેઓ "રાષ્ટ્રસર્જક" હતા કારણકે, તેમણે માત્ર વિરોધ ન કર્યો, પણ વિકલ્પો રજૂ કર્યા. તેમના વિચારોમાં શોષિત વર્ગ માટે જ નહીં, પણ સમગ્ર રાષ્ટ્ર માટે સામાજિક ન્યાય, આર્થિક વિકાસ અને નૈતિક પુનઃજાગરણનો અભિગમ હતો. તેઓ માનતા હતા કે દેશમાં જેટલી માત્રામાં નૈતિક જાગૃતિ વધશે તેટલો દેશ પણ ઉજળો અને શક્તિશાળી બનશે. તેમના વિચારો આજે શિક્ષણની નીતિ, મહિલાઓના અધિકાર, ધર્મની સ્વતંત્રતા, કાર્યસ્થળની સમાનતા અને જાહેર નીતિમાંથી ભ્રષ્ટાચાર દૂર કરવા માટે માર્ગદર્શક બની શકે છે. તેવું સ્ફટિક સ્પષ્ટ દૃષ્ટિકોણ અને નમ્રતાથી ભરેલું વ્યક્તિત્વ આજે ભારતને વધુ ન્યાયસંગત અને સામાજિક રીતે સમાન બનાવવાનું સપનું સાકાર કરી શકે છે.

# ૧૬. સામાજિક ન્યાયથી રાષ્ટ્રનિર્માણની યાત્રા

ડૉ. આંબેડકર એ માત્ર એક વ્યક્તિ નહીં, એક વિચારોની સંસ્કૃતિ હતા. તેમની યાત્રા એ એક અવિશ્રામ સંઘર્ષની સાક્ષાત્કાર છે, શૈશવથી અંતિમ શ્વાસ સુધી તેઓએ જે લડત આપી, તે માત્ર પછાત વર્ગ માટે નહિ, પણ સમગ્ર માર્ગદર્શક સાબિત થઈ, તેમના જીવન અને કાર્યને રાજકીય, આર્થિક અને આધ્યાત્મિક દ્રષ્ટિકોણથી જોવાનું હોય તો તેમના વિચારો અને સંકલ્પોમાં રહેલી ઊંડાણથી સમજી શકાય છે. રાજકીય વિઝન અને બંધારણ રચનાથી ડૉ. આંબેડકરે ભારતના બંધારણનું ઘડતર માત્ર કાનૂની દસ્તાવેજ તરીકે નહિ, પણ એક નૈતિક-સામાજિક દિશા રૂપે કર્યું. માનવમાંથી મહામાનવ, ડૉ. આંબેડકરનું જીવન સંઘર્ષ, આત્મવિશ્વાસ અને સમાજસેવાના અવિરત યથાર્થનું જીવંત પ્રતિક છે. બાળપણથી જ તેમણે જાતિવાદ, ઊંચ-નીચ, અને શોષણની દાહક અનુભૂતિઓ ભોગવી. છતાં, અભ્યાસ, વિચારશક્તિ અને દ્રઢ સંકલ્પના બળથી તેમણે પોતાને માત્ર મહાન વિચારક નહીં, પણ સમાજસંસ્કારક અને રાષ્ટ્રનિર્માતા તરીકે સ્થાપિત કર્યા. તેમનો દૃષ્ટિકોણ એવો હતો કે, ‘‘રાષ્ટ્રની પ્રગતિ ફક્ત આર્થિક વિકાસથી નહીં, પણ સામાજિક સમતાથી શક્ય બને છે.’’ તેમણે માન્યું કે સ્ત્રી-પુરુષ સમાનતા, શિક્ષણ અને આત્મસન્માન એ સમૃદ્ધ ભારતના ત્રણ આધારસ્તંભ છે. તેઓએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું, ‘‘તમારો ઉદ્ધાર તમારાં હાથમાં છે. તમારા માટે કોઈ તૃતીય શક્તિ આવશે એવી ધારણા ખોટી છે. જો તમારું મૂલ્ય વધારવું હોય તો શિક્ષણનો માર્ગ અપનાવો.’’ ડૉ. આંબેડકરનું સમગ્ર જીવન ‘વિચારના મહાસાગરમાંથી અમૃતમંથન‘ જેવું રહ્યું. તેમણે શોષણ, અસ્પૃશ્યતા અને અધમ માન્યતાઓ સામે લડતાં લડતાં એક નવયુગનાં સંસ્કાર પૂરાં પાડ્યા. તેઓ માનતા કે જો રાષ્ટ્રને સાચા અર્થમાં સમૃદ્ધ બનાવવું હોય તો સૌથી પછાત, સૌથી દુઃખી, શ્રમિક, સ્ત્રી અને દલિત વર્ગને મુખ્ય પ્રવાહમાં લાવવો આવશ્યક છે. તેઓએ પોતાનું સંપૂર્ણ જીવન સમાજના અંતિમ માનવી માટે સમર્પિત કર્યું. મહાડ સત્યાગ્રહ, કોલ્હાપુર પરિષદ, મંદિર પ્રવેશ આંદોલન અને છેલ્લે નાગપુરમાં બૌદ્ધ ધર્મદિક્ષા, all milestones of liberation, એમના જીવનના સંસ્કારમય

સંકલ્પો હતા. તેમણે માત્ર વિષ પીધું નહિ, પણ સમાજને વિચારરૂપ અમૃત આપ્યું. તેઓ કહેતા, "લોકશાહીની પહેલી શરત એ છે કે સમાજમાં ઊંચ-નીચ ન હોય. જ્યાં સુધી સમાનતા નહીં આવે ત્યાં સુધી લોકશાહી ઔપચારિક રહેશે." તેમની દૃષ્ટિમાં વિકાસનો અર્થ ફક્ત શહેરી દ્રશ્યપરિવર્તન નહોતો, એ તો આંતરિક માનવીય ઊર્જાનું નૈતિક જાગરણ હતું. તેઓએ ખંડિત માનવતાને એકજૂથ કરવાનો પ્રયત્ન કર્યો. દરેક ક્ષેત્રે તેમનો વિચારપ્રેરિત દૃઢ યોગદાન નોંધપાત્ર છે. વિશ્વના વિદ્વત્તાઓ તરફથી માન્યતા મેળવનાર આ જ્ઞાનતપસ્વી અર્થશાસ્ત્રી, ધારાશાસ્ત્રી, ઈતિહાસકાર, સમાજવિદ, પત્રકાર, શિક્ષણશાસ્ત્રી અને શ્રમિક હિતના પ્રણેતા, all in one, હતા. તેઓએ કહ્યું હતું, "તમારું હથિયાર શિક્ષણ છે. એને તીક્ષ્ણ બનાવો અને શોષણ સામે લડવાનો પ્રયાસ કરો." આજના ભારતમાં, જ્યારે જૂના ભેદભાવ નવી ચામડીમાં ફરી ઊભા થવાની કોશિશ કરે છે, ત્યારે ડૉ. આંબેડકરના વિચારો વધુ તાત્કાલિક, લાગૂ અને પ્રેરણાત્મક બનેલા છે. તેમનું જીવન એ સિદ્ધ કરે છે કે રાષ્ટ્રસેવા એ ત્યાગ, દૃઢતા અને નૈતિક યાત્રા છે, જે સાવ વિશિષ્ટ જીવનમૂલ્યો સાથે સંચાલિત થાય છે. તેઓ ખરેખર 'માનવમાંથી મહામાનવ' બનેલા ઐતિહાસિક નાયક હતા, જેમણે પોતાના દુઃખમાંથી સમાજ માટે વિચારજન્ય અમૃત ઉત્પન્ન કર્યું. આજે જ્યારે આપણે તેમના વિચારો પર વિચાર કરીએ છીએ, ત્યારે એ અમૃત આપણને ઉજાસ તરફ દોરી જાય છે, અને ભવિષ્ય માટે નિર્મલ દિશા પણ આપે છે.

# ૧૭. ઋષિઓ અને મુક્તિસંગ્રામી યોદ્ધાઓ

ભારતના ઈતિહાસમાં અનુસૂચિત જાતિ વર્ગે આપેલું યોગદાન ઘણીવાર મુખ્યપ્રવાહના ગ્રંથોમાં અવગણાયું છે. તેમ છતાં, તેઓએ સ્વતંત્રતા, સામાજિક સમાનતા અને માનવતાના આદર્શો માટે અવિસ્મરણીય કાર્ય કર્યું. આમાં અમે તે યોદ્ધાઓ, ઋષિઓ અને પ્રેરણાસ્ત્રોત સ્ત્રીઓના કાર્યનો ઉલ્લેખ કર્યો છે, જેમણે પોતાના પરિમાણોથી આગળ વધીને રાષ્ટ્રના ઈતિહાસમાં અક્ષય સ્થાન મેળવ્યું. આ બધા યોદ્ધાઓ, સ્ત્રીઓ અને ઋષિઓએ બતાવ્યું કે અનુસૂચિત જાતિનો ઈતિહાસ શૌર્ય, ત્યાગ અને માનવતાથી ભરેલો છે. તેઓ માત્ર પોતાના સમય માટે નહીં, પરંતુ ભવિષ્ય માટે પણ માર્ગદર્શક છે. જ્યારે આપણે આજે સામાજિક ન્યાય, સમાનતા અને માનવધિકારની વાત કરીએ છીએ, ત્યારે તેમની યાદ અમને સંગ્રામ માટે પ્રેરણા આપે છે. અનુસૂચિત જાતિના યોદ્ધાઓ, ઋષિઓ અને સ્વાતંત્ર્ય સેનાનીઓનો એક ઉજળો ઈતિહાસ રહ્યો છે, ભારતના ઈતિહાસમાં અનેક એવા યોદ્ધાઓ, ઋષિઓ, સંતો, ક્રાંતિકારીઓ અને સમાજસુધારકો થયા છે, જેમણે પોતાના જીવન અને લોહીના બલિદાનથી રાષ્ટ્રની નૈતિકતા અને માનવતાની મર્યાદા ઊંચી કરી છે. પરંતુ, દુર્ભાગ્ય એ છે કે અનુસૂચિત જાતિના આ મહાન પુત્રો અને પુત્રીઓના યોગદાનને મુખ્ય ધારાના ઈતિહાસમાં પુરતું સ્થાન આપવામાં આવ્યું નથી. આનો ઉદ્દેશ, અર્થ એ છે કે આપણે આ ભુલાયેલા વીરોને ફરીથી ઓળખી શકીએ અને તેમના વારસાને પેઢી દર પેઢીઓને પહોંચાડીએ જેથી વાસ્તવિકતા નિર્માણ થાય.

ઋષિઓ અને આધ્યાત્મિક આગેવાનો, ઋષિ ચોખામેલા, ૧૪મી સદી પંઢરપુરના ભક્તિકાળના મહાન સંત, જેમણે વિઠ્ઠલ ભક્તિ દ્વારા સમાનતા અને માનવતા પર આધારિત આધ્યાત્મિક માર્ગ દર્શાવ્યો. અસ્પૃશ્યતાનો વિરોધ, સમાનતા અને ભક્તિનું સંગમએ તેમનો મંત્ર હતો, ‘‘ભગવાન ત્યાં જ છે જ્યાં સમાનતા છે. સંત ચોખામેલા મહાર સમાજ મહારાષ્ટ્ર, ૧૪મી સદીમાં મંગલવેડા ગામે મહાર સમાજમાં જન્મેલા. પંઢરપુરના વિઠ્ઠલભક્ત, જાતિભેદના કારણે મંદિરપ્રવેશમાંથી વંચિત રહ્યા.

- "माझे माते मायबाप विठ्ठल"

- "आम्ही चंद्रकांता, तुम्ही सूर्यनारायण"
- "जात पात विचार नाही विठ्ठलाला"

વિઠ્ઠલભક્તિ ચળવળના દલિત પ્રતિનિધિ હતા તેમની સમાધિ પંઢરપુરના મંદિર બહાર છે, સમાનતાનો સંદેશ આપતી ઐતિહાસિક નિશાની આપણે જોઈ શકીએ છીએ, સંત કબીર ભક્તિ, માનવતા અને સત્યના પ્રતીક હતા, સંત કબીર ૧૫મી સદીમાં વારાણસી નજીક જન્મેલા. પરંપરા મુજબ તેઓ જુલાહા (વણકર) સમાજના હતા. આ સમુદાય સામાન્ય રીતે કપડાં વણવાનું કામ કરતા હતા, પરંતુ કબીરનો જીવન ઉદ્દેશ ફક્ત વ્યવસાય પૂરતો મર્યાદિત ન રહ્યો, તેમણે ધાર્મિક, સામાજિક અને માનવતાના ઊંડા સંદેશ આપીને લોકજીવનમાં અવિસ્મરણીય સ્થાન મેળવ્યું. તેમનો જન્મ અને જીવનવિગતો અંગે વિવિધ કથાઓ છે, પરંતુ તેઓ બાળપણથી જ ધાર્મિક, જાતિભેદ અને ખોટી માન્યતાઓ સામે બળવો કરતા હતા. ભક્તિ અને વિચારધારા સંત કબીર હિંદુ ભક્તિ પરંપરા અને મુસ્લિમ સુફી સંસ્કૃતિના સંગમ હતા. તેમના ઉપદેશોમાં એકેશ્વરવાદ, માનવસમાનતા અને સત્યની પ્રાથમિકતા સ્પષ્ટ જોવા મળે છે. તેઓ માને છે કે ઈશ્વર એક જ છે, તેને ‘‘અલ્લાહ’’ કહો કે ‘‘રામ’’, તે નામ માત્રનો ભેદ છે. સંત કબીરે મંત્રોચ્ચાર, વિધિ-વિધાન, અને ખોટા ધાર્મિક અભિયાન નો વિરોધ કર્યો. તેઓ માટે ધર્મનો અર્થ હતો, સચ્ચાઈ, પ્રેમ અને પરોપકારનો જીવંત આચરણ થકી સમાજ પરીવર્તન લાવવું હતું, લોકપ્રિય કબીરના વચનો સરળ ભાષામાં હતા પરંતુ જીવનના ઊંડા તત્વજ્ઞાનને સ્પર્શતા, "साधो, यह मुरदों का गांव", દુનિયામાં સચ્ચાઈ અને આત્મજાગૃતિ વગરનું જીવન મૃતકોના ગામ જેવું છે. "अल्लाह राम एक है", ઈશ્વર એક જ છે, નામના ભેદ માનવ બનાવે છે. "पोथी पढ़ पढ़ जग मुआ", માત્ર ગ્રંથો વાંચવાથી જ્ઞાન નથી મળતું, સાચો જ્ઞાન અનુભવ અને આત્મસાધનાથી આવે છે. સંત કબીરે કબીરપંથની સ્થાપના કરી, જે આજે પણ વિશ્વભરમાં અનુયાયીઓ ધરાવે છે. તેમણે જાતિધર્મના ભેદ દૂર કરવા માટે અખંડ માનવતાવાદી આંદોલન ચલાવ્યું. હિંદુ-મુસ્લિમ એકતા, શ્રમની મહિમા, અને ખોટી આડંબરોથી મુક્તિ તેમના ઉપદેશોના મુખ્ય આધાર હતા. તેઓનો વારસો, કબીરના ભજન, સાખી અને દોહા આજે પણ લોકજીવનમાં જીવંત છે. તેમના વિચારો ડૉ. આંબેડકર સહિત અનેક સમાજસુધારકો માટે પ્રેરણાસ્રોત રહ્યા છે. તેઓના જીવનસંદેશમાં

કોઈ ધાર્મિક દિવાલ ન હતી, માત્ર સત્ય, સમાનતા અને પ્રેમની સરહદો હતી.

સંત રવિદાસજી જીવન, દર્શન અને બેગમપુરાની કલ્પના, સંત રવિદાસજી (૧૫મી-૧૬મી સદી) ઉત્તર પ્રદેશના વારાણસી નજીક સ્થિત સીર ગોવિંદપુર ગામમાં જન્મેલા. તેઓ ચર્મકાર (ચમાર) સમુદાયના હતા, જે સમયના સામાજિક બંધારણમાં અસ્પૃશ્ય ગણાતા હતા. વ્યવસાયે ચર્મકાર હોવા છતાં, તેમના હૃદયમાં ભક્તિનો અકલ્પનીય સાગર હતો. બાળપણથી જ તેઓ ભક્તિ, સમાનતા અને માનવસેવાના પંથ પર ચાલ્યા તેઓએ સામાજિક વિચારધારા અને સંઘર્ષ તે સમયમાં જાતિવાદ એટલો ગાઢ હતો કે અસ્પૃશ્ય જાતિના લોકો મંદિરોમાં પ્રવેશી શકતા નહોતા, સામાજિક સમારંભોમાં સામેલ થઈ શકતા નહોતા, અને શિક્ષણથી વંચિત રાખવામાં આવતા. સંત રવિદાસે આ અન્યાય સામે અહિંસક પણ તીક્ષ્ણ અવાજ ઉઠાવ્યો. તેમણે જાતિની ઊંચ-નીચની માન્યતાને ખોટી સાબિત કરી અને કહ્યું કે, સાચો માનવી એ છે જેનું મન શુદ્ધ અને કરુણાભર્યું હોય, જન્મથી જાતિ નહિ. બેગમપુરાની કલ્પના સંત રવિદાસનું સૌથી મહાન સ્વપ્ન હતું, ‘‘બેગમપુરા’’, જેનું અર્થ છે ‘ગમ રહિત નગર’, બેગમપુરામાં કોઈ દુ:ખ, ગરીબી અથવા અન્યાય થી પડિત ન હોય. દરેકને સમાન હક અને સન્માન મળે છે. જાતિ, ધર્મ અથવા વર્ગના આધારે કોઈ ભેદભાવ નથી. નાગરિકોને અન્ન, આશ્રય અને સુરક્ષા સમાન રીતે મળે છે. આ કલ્પના માત્ર એક આધ્યાત્મિક સ્વપ્ન નહોતું, પરંતુ સમાનતાવાદી અને ન્યાયનો દ્રઢતા હતી, જે આજના બંધારણીય મૂલ્યો સાથે મેળ ખાતી છે. તેઓનો ઉપદેશ અને લોકપ્રિય પંક્તિઓ સંત રવિદાસના વચનો સરળ, લોકભાષામાં અને ઊંડા તાત્વિક અર્થ ધરાવતા હતા;

"मन चंगा तो कठौती में गंगा", જો મન શુદ્ધ છે તો સાધારણ પાત્રમાં પણ ગંગાજીનો પવિત્ર અનુભવ થાય.

"ऐसा चाहूँ राज मैं, जहाँ मिले सब को अन्न", હું એવો રાજ ઇચ્છું છું જ્યાં સૌને અન્ન મળે અને કોઈ ભૂખ્યું ન રહે.

"बेगमपुरा शहर का नांव", મારા સપનાનું નગર જ્યાં ગમ, ભય, અછત કે ભેદભાવ નથી.

તેઓનો વારસો અને પ્રેરણા, સંત રવિદાસે રચેલા રવિદાસી પંથ આજે પણ અનુસૂચિત જાતિના આંદોલનોમાં પ્રેરણાસ્ત્રોત છે. તેમના વિચારો ડૉ. બી.આર.

આંબેડકર, કબીર, અને સમાનતાના અન્ય સંતો-વિચારકો સાથે મુલ્યવાન છે. તેઓ ભક્તિ આંદોલનના એવા દીપક છે જેઓએ ધર્મને સમાનતાના સાધન તરીકે જીવંત રાખ્યો.

**ઋષિ નારાયણ ગુરુ** સામાજિક સુધારણાનો પ્રજ્વલિત દીવો હતા, ઋષિ નારાયણ ગુરુ (૧૮૫૬-૧૯૨૮) કેરળ રાજ્યના એક મહાન સામાજિક અને ધાર્મિક સુધારક હતા. તેમનો જન્મ કેરળના તિરુવનંતપુરમ નજીક ચેંગાનુર વિસ્તારમાં એક પછાત વર્ગના ઈઝહવા સમુદાયમાં થયો હતો. આ સમુદાય તે સમયના બ્રાહ્મણવાદી અને ઉચ્ચવર્ગીય પ્રથાઓ હેઠળ સામાજિક ભેદભાવ, અસ્પૃશ્યતા અને ધાર્મિક પ્રતિબંધોનો ભોગ બનતો હતો. સામાજિક અને ધાર્મિક સુધારણા દ્વારા નારાયણ ગુરુએ જાતિભેદ અને અસ્પૃશ્યતા સામે અવાજ ઉઠાવ્યો. તેઓ માનતા હતા કે માનવીની મહાનતા તેના કર્મ અને નૈતિકતામાં છે, જન્મ અથવા જાતિમાં નહીં. તેમણે એક જાતિ, એક ધર્મ, એક ભગવાનનો મંત્ર આપ્યો, જે કેરળમાં સામાજિક ક્રાંતિનું સૂત્ર બની ગયું. તેમણે મંદિર પ્રવેશ આંદોલનથી અસ્પૃશ્ય ગણાતા વર્ગો માટે મંદિરોના દ્વાર ખોલવાની પહેલ કરી. ૧૮૮૮માં તેમણે શિવનું મંદિર સ્થાપ્યું, જેમાં તમામ જાતિના લોકોને સમાન અધિકારથી પૂજા કરવાનો અધિકાર મળ્યો. અને દક્ષિણ ભારતના જ્ઞાતિવાદ વિરોધી આંદોલનોના આધારસ્તંભ બન્યા.

**ગુરુ ઘાસીદાસજી** મહારાજ ૧૭૫૬થી ૧૮૫૦ છત્તીસગઢ પ્રદેશના પ્રખ્યાત સતનામી પંથના સ્થાપક અને દલિત સમાજના આધ્યાત્મિક-સામાજિક સુધારક હતા. તેઓ ચમાર (અથવા ચર્મકાર) સમાજમાંથી આવતાં હતા, જે તે સમયના સામાજિક વ્યવસ્થામાં અત્યંત શોષિત અને વંચિત ગણાતા હતા. ગુરુ ઘાસીદાસજી એ જાતિવાદી ભેદભાવ, અંધશ્રદ્ધા અને છુઆછૂતનો વિરોધ કરીને માનવસમાનતા, સત્ય અને અહિંસાનું સંદેશ આપ્યો. ગુરુ ઘાસીદાસે બાળપણથી જ સમાજમાં ભેદભાવ, અસમાનતા અને શોષણ જોયું, જેના પ્રત્યે તેમને ઉંડો વિરોધ હતો. તેમણે નાની વયથી જ સત્ય અને ન્યાય માટે ત્યાગી જીવન અપનાવ્યું. સામાજિક સુધારણા અને ઉપદેશ, ગુરુ ઘાસીદાસે સતનામી પંથની સ્થાપના કરી, જેનું મુખ્ય સિદ્ધાંત હતું, ‘‘સત નામ’’ (અર્થાત્ સત્ય જ ઈશ્વર છે). તેમના ઉપદેશો, જાતિભેદનો વિરોધ, દરેક માનવી સમાન છે, કોઈ ઊંચ-નીચ નથી. અહિંસા,

હિંસા, શરાબ, માંસાહાર, જુગાર અને ખોટા આચરણથી દૂર રહેવું. સતનામનો જાપ, સત્યના સ્મરણ દ્વારા આધ્યાત્મિક ઉન્નતિ. સામાજિક ન્યાય, સ્ત્રીઓના સન્માન, શોષિતોના હક્ક અને ન્યાય માટે લડત. ગુરુ ઘાસીદાસે બ્રિટિશ કાળમાં પણ સામાજિક ચેતના ફેલાવી. તેમનો સતનામી પંથ આગળ ચાલી ને દલિત મુક્તિ આંદોલનોનો આધાર બન્યો. ૧૯મી સદીમાં સતનામી અનુયાયીઓએ અનેક વાર સામાજિક અન્યાય વિરુદ્ધ સંગઠિત પ્રતિકાર કર્યો. તેમના અનુયાયીઓ આજે પણ "ગુરુઘાસીદાસ જયંતી" ઉજવે છે. છત્તીસગઢ રાજ્યમાં ગીરોદપુરી ખાતે ગુરુ ઘાસીદાસ સ્મારક અને વિશાળ જયંતી મેળો યોજાય છે. છત્તીસગઢનું ગુરુ ઘાસીદાસ વિશ્વવિદ્યાલય તેમના નામે છે. ઐતિહાસિક મહત્ત્વ ગુરુ ઘાસીદાસને માત્ર ધાર્મિક નેતા નહીં, પણ દલિત જાગૃતિના પ્રણેતા તરીકે યાદ કરવામાં આવે છે. તેમણે છત્તીસગઢ સહિત મધ્ય ભારતના પછાત વર્ગોને આત્મસન્માન, સમાનતા અને આધ્યાત્મિક સ્વતંત્રતાનો માર્ગ બતાવ્યો. તેઓનું કાર્ય અહિંસા, સમાનતા અને સત્યનો સંદેશ. "માનવ સેવા જ પરમ ધર્મ છે." ચંડરકાંતા મહાર ૨૦મી સદી કાર્ય દ્વારા દલિત સ્ત્રીઓના હક્કો માટે સંગઠન અને શિક્ષણ પ્રસાર. "સ્ત્રી સશક્તિકરણ વિના સમાજ સશક્ત નહીં બને."

સ્ત્રી આગેવાનો **સાવિત્રીબાઈ ફુલે** (૧૮૩૧-૧૮૯૭) ભારતમાં પ્રથમ દીકરીઓના શાળા ૧૮૪૮માં પુણેમાં શરૂ કરી અસ્પૃશ્યતા અને સ્ત્રીશિક્ષણના વિરોધીઓ સામે શિક્ષણ ક્રાંતિ. "શિક્ષણ એ જ આત્મસન્માનનું તાળું ખોલે છે." ભારતમાં છોકરીઓનું પ્રથમ શાળું શરૂ કરનાર, સ્ત્રી-દલિત શિક્ષણની માતા તરીકે ઓળખાય છે. પોતાના પતિ મહાત્મા જ્યોતિબા ફુલેસાથે મળીને અસ્પૃશ્યતાના વિરોધમાં જીવનવ્યાપી લડત લડીયા.

**મુક્તાબાઈ સાલ્વે,** ૧૩ વર્ષની ઉંમરમાં જ પોતાના વિચારોને ક્રાંતિના શસ્ત્રમાં રૂપાંતરિત કરનાર એક દલિત મહિલા માત્ર ઈતિહાસમાં નામ પૂરતું સ્થાન ધરાવતી વ્યક્તિ નહોતી, પરંતુ જાતિવાદ વિરોધી અને સ્ત્રી મુક્તિના પ્રખર મોરચે ઊભેલી પ્રથમ પંક્તિની યોધ્ધા હતી. શૈશવમાં જ સંઘર્ષનો દીવો, ૧૮૫૫માં, જ્યારે સમાજમાં સ્ત્રીઓના શિક્ષણ અંગે અંધશ્રદ્ધા, સંકુચિત માન્યતાઓ અને જાતિ આધારિત ભેદભાવનો ઘોર અંધકાર હતો, ત્યારે મુક્તાબાઈએ માત્ર ૧૩ વર્ષની ઉંમરે "સ્ત્રી-શિક્ષણ" પર એવો લેખ લખ્યો, જે તે સમયની સામાજિક પરંપરાઓને

ઝંઝોડીને રાખી દે છે. આ લેખ માત્ર શિક્ષણની આવશ્યકતા વિશે નહોતો, પરંતુ તે શિક્ષણના અભાવે સ્ત્રીઓ પર થતા અન્યાય અને દલિત સ્ત્રીઓના દ્વિગુણ શોષણનો હૃદયસ્પર્શી વિસ્ફોટ હતો. કલમ, શૃંખલા તોડવાનું શસ્ત્ર હતું, મુક્તાબાઈએ પોતાની કલમને માત્ર વિચારો વ્યક્ત કરવાનું સાધન નથી ગણ્યું, તેમના માટે કલમ એ બંધનો તોડનાર હથિયાર હતું. ''કલમ એ શૃંખલા તોડવાનું શસ્ત્ર છે'', આ વાક્ય તેમનું જીવનમંત્ર હતું. આ શૃંખલાઓ માત્ર સામાજિક નહોતી, પણ માનસિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક ગુલામીના પ્રતીક હતી, જેને તોડવા માટે તેમણે શબ્દોને વાલ્મીકિની વાણી જેવી તીવ્રતા આપી. જાતિવાદ અને પિતૃસત્તા સામેનો સંકલ્પ મુક્તાબાઈનું લેખન દલિત સ્ત્રીઓની પીડાને જાહેર કરતું હતું, એક તરફ જાતિવાદી શોષણ અને બીજી તરફ પિતૃસત્તા બંધનો. તેમણે પોતાના લેખમાં સ્પષ્ટ લખ્યું કે, શિક્ષણ વિના સ્ત્રીઓ માત્ર ઘરના કામકાજ સુધી મર્યાદિત રહી જાય છે, જ્યારે શિક્ષણ તેમને સમાજના નિર્ણયો સુધી પહોંચાડે છે. તેઓ માનતી કે શિક્ષણ એ જાતિની ગંદકી ધોઈ શકે તેવું શક્તિશાળી સાબુ છે. મુક્તાબાઈ સલ્વે આજે પણ દલિત મહિલા સશક્તિકરણના પ્રેરણાસ્ત્રોત છે. તેમનો અવાજ ૧૮૫૫માં જેટલો પ્રખર હતો, એટલો જ આજે પણ છે. તેમનું જીવન સાબિત કરે છે કે ઉંમર નાની હોય કે મોટો, સંકલ્પ અને હિંમત હોય તો કલમથી આખા સમાજના હૃદયમાં પરિવર્તનના બીજ વાવી શકાય છે.

**ઉદા દેવી પાસિ** એક પ્રેરણાત્મક દલિત યોદ્ધાની કથા છે, તેમણે ૧૮૫૭નો સ્વાતંત્ર્ય સંઘર્ષ માત્ર ઉચ્ચ વર્ણના શૂરવીરોની વાર્તાઓ સુધી સીમિત નથી, તે ભારતના વંચિત, શોષિત અને પીડિત વર્ગના લોહી અને બલિદાનથી પણ લખાયો છે. એજ ઇતિહાસમાં તેજસ્વી પ્રતીક બની ઊભી છે ઉદા દેવી પાસિ એક દલિત યોદ્ધા, જેણે સમાજના જાતિબંધનો અને ભયને પાર કરીને દેશની મુક્તિ માટે હથિયાર ઉઠાવ્યું. ઉદા દેવી પાસિનો જન્મ ૩૦ જૂન, ૧૮૩૦ના રોજ ઉત્તર પ્રદેશના લખનઉ નજીક ગોમતીનગર વિસ્તારમાં થયો હતો. પાસિ સમાજની એક સામાન્ય પરિવારમાં જન્મેલી ઉદા દેવીનું બાળપણ ગરીબી અને સામાજિક ભેદભાવ વચ્ચે પસાર થયું. પરંતુ બાળપણથી જ તેમની અંદર અદમ્ય હિંમત, તીવ્ર સ્વાભિમાન અને અણગમતા અન્યાય સામે ઊભા રહેવાની દૃઢતા હતી. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંઘર્ષમાં પ્રવેશ માટે જ્યારે ક્રાંતિનો શંખનાદ વાગ્યો, ત્યારે

ઉદા દેવી માત્ર દર્શક રહી નહોતી. વાજદ અલી શાહની ગઠિત મહિલા બટાલિયનમાં સામેલ થઈ, તેમણે સ્વતંત્રતા સેનાની તરીકે તાલીમ લીધી. આ બટાલિયનનું કાર્ય માત્ર પ્રતિકાત્મક ન હતું, પરંતુ એ સમયે સ્ત્રીઓ માટે યુદ્ધક્ષેત્રમાં સક્રિય ભાગ લેવો એક અનોખો અને સાહસિક પગલું હતું. ૧૬ નવેમ્બર, ૧૮૫૭ના રોજ લખનઉના સિકંદરબાગમાં બ્રિટિશ સેનાની સામે લડાઈમાં ઉદા દેવીની યુદ્ધયુક્તિએ શત્રુને આશ્ચર્યમાં મૂકી દીધા. વૃક્ષ પર ચડીને તેમણે સૈનિકો ઉપર ગોળીબાર કર્યો, જેના કારણે ઘણા બ્રિટિશ સૈનિકો માર્યા ગયા. તેમની હિંમત, ઝડપી નિર્ણાયક ક્ષમતા અને નિર્ભયતા એ સાબિત કર્યું કે દલિત સ્ત્રી પણ યુદ્ધમેદાનમાં અડીખમ ઊભી રહી શકે છે. માત્ર ૨૭ વર્ષની વયે, ૧૬ નવેમ્બર, ૧૮૫૭ના રોજ, ઉદા દેવી પાસિ શહીદ થઈ. તેમનું બલિદાન કોઈ સામાન્ય વ્યક્તિનું નહીં, પરંતુ એક એવા હૃદયનું હતું જેમાં ભારત મુક્તિના સ્વપ્ના જોઈ રહ્યું હતું. પ્રેરણારૂપ પ્રતિક ઉદા દેવી પાસિનું જીવન એ સાબિત કરે છે કે સ્વાતંત્ર્યના સંઘર્ષમાં કોઈ જાતિ અવરોધ બની શક્તિ નથી. તેઓ દલિત સમાજ માટે જ માત્ર ગૌરવ નથી, પરંતુ ભારતની સ્ત્રી શક્તિનું અડગ પ્રતિક છે. તેમનું શૌર્ય સંદેશ આપે છે, ‘‘સાચું સત્ય એ છે, જ્યાં નારી પણ યોદ્ધા બની શકે.’’ ઉદા દેવી પાસિનું નામ આજે પણ એ યાદ અપાવે છે કે ૧૮૫૭ની ક્રાંતિમાં ભારતના દરેક વર્ગ, ખાસ કરીને વંચિત અને શોષિત વર્ગે પોતાનું લોહી અર્પણ કર્યું હતું.

**જલકારીબાઈ વીરાંગનાની જીવનયાત્રા,** જલકારીબાઈનો જન્મ આશરે ૧૮૩૦માં ઉત્તર પ્રદેશના ઝાંસી નજીકના એક ગરીબ કુમ્હાર પરિવારમાં થયો હતો. બાળપણથી જ તેણી શ્રમ અને સંઘર્ષ સાથે પરિચિત હતી. કુટુંબ ગરીબ હતું, પરંતુ જલકારીનું મન મજબૂત અને આત્મબળથી ભરેલું હતું. બાળપણમાં જ તેણીએ પરંપરાગત સ્ત્રીઓના સીમાઓને તોડી, ઘોડેસવારી, તલવારબાજી અને શસ્ત્રપ્રયોગ શીખ્યો. ગામના લોકો તેને ‘‘ઝાંસીની શૂરવીર કન્યા’’ તરીકે ઓળખવાતા હતા. ઝાંસીની રાણી સાથેનો સંબંધ જ્યારે જલકારીબાઈ લગ્ન કરીને પોતાના પતિ પુરૂષોત્તમ સાથે ઝાંસીમાં આવી. અહીં તેણીનું પરિચય થયું રાણી લક્ષ્મીબાઈ સાથે. રાણી લક્ષ્મીબાઈએ જલકારીબાઈમાં જોયું કે એ સામાન્ય સ્ત્રી નથી, એ એક યોદ્ધાના ગુણ તેમનામા છે, તેમનામાં નેતૃત્વ છે. જેથી જલકારીબાઈ

ધીમે ધીમે રાણીની સેના સાથે જોડાઈ અને "દુર્ગા દળ" નામની સ્ત્રી સેનામાં અગત્યની સભ્ય બની ગઈ હતી.

યુદ્ધની ઘડીઓ ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંઘર્ષ દરમ્યાન આકાર લઈ રહી હતી, તે સમયમાં બ્રિટિશ સૈન્ય ઝાંસી પર ચઢાઈ કરી, ત્યારે જલકારીબાઈએ પોતાના અદમ્ય શૌર્યનું પ્રદર્શન કર્યું. ઝાંસીની કિલ્લાની દીવાલોમાં તોપોના ગોળા પડતાં હતા, પરંતુ જલકારીબાઈએ હિંમત ગુમાવી નહિ. તેણીનું મુખાકૃતિ રાણી લક્ષ્મીબાઈ જેવી હતી, તેથી એક કૌશલ્યપૂર્ણ યોજના ઘડી. રાણી લક્ષ્મીબાઈ સલામત રીતે કિલ્લાથી બહાર નીકળી શકે, તે માટે જલકારીબાઈએ પોતે રાણીનો વેશ ધારણ કર્યો અને શત્રુસૈનિકોના સામે પહોંચી. આ સમયએ બ્રિટિશ સૈનિકો જલકારીબાઈને રાણી માનીને ઘેરી લીધા. તેણી બહાદુરીથી અંત સુધી લડી, તલવાર ચલાવી, ગોળીઓ ચલાવી, પરંતુ અંતે શહીદ થઈ ગઈ. તેની આ શહીદી નિરર્થક ન ગઈ. રાણી લક્ષ્મીબાઈ કિલ્લામાંથી સહિસલામત નીકળી વધુ દિવસો સુધી લડી શકી. ઝાંસીની ધરતી પર એક દલિત સ્ત્રીએ પોતાના જીવનનું બલિદાન આપી સ્વાતંત્ર્યના યુદ્ધને નવી ઉર્જા આપી. જલકારીબાઈનું વારસો, જલકારીબાઈ માત્ર એક યોદ્ધા નહોતી, તે એક પ્રતિક હતી દલિત સ્ત્રીઓના શૌર્ય અને માનવતાવાદી ચેતનાની. તેણીએ બતાવ્યું કે, સ્વાતંત્ર્યના યુદ્ધમાં સ્ત્રીઓનું યોગદાન પુરુષોથી ઓછી ન હતું. તેણી એ સાબિત કર્યું કે સમાજની નીચી ગણી આવેલી જાતિમાંથી આવેલી સ્ત્રી પણ રાષ્ટ્ર માટે શહીદી આપી શકે. આજે પણ તેને "ઝાંસીની વીરાંગના" તરીકે યાદ કરવામાં આવે છે. "જલકારીબાઈનું જીવન એ સાબિત કરે છે કે ગરીબી, જાતિવાદ સામે લડતી સ્ત્રી પણ ઈતિહાસના પાનાંઓ પર અમર બની શકે છે. તેણે પોતાના જીવનથી એક નવો સંદેશ આપ્યો સાચું શૌર્ય એ છે કે પોતાના રક્તથી રાષ્ટ્રને નવજીવન આપવું."

ભારતના ઈતિહાસમાં અનેક યુદ્ધો અને વિજયગાથાઓનું મહત્ત્વ છે, પરંતુ થોડા પ્રસંગો એવા છે કે જે ફક્ત સામ્રાજ્યવિસ્તાર કે સૈન્યવિજય સુધી મર્યાદિત નથી રહેતા, પરંતુ જે સામાજિક મર્મ, માનવીય સમાનતા અને રાષ્ટ્રીય સ્વાભિમાનની ઊંડાણભરી હારમાળા બની જાય છે. ભીમા-કોરેગાંવનું યુદ્ધ એવો જ એક ઐતિહાસિક પ્રસંગ છે જે માત્ર સામાજિક ટક્કર નહીં, પણ એક આલેખ છે બહિષ્કૃત સમાજના શૌર્ય, સમર્પણ અને ઓળખના અધિકારનો. ભીમા-કોરેગાંવ

વિસ્મૃત જ્ઞાનપીઠનું પુનર્લેખન ૧૧મી જાન્યુઆરી, ૧૮૧૮ના રોજ પેશવાઓની ૨૮,૦૦૦ની લશ્કરી સેના સામે ફક્ત લગભગ ૫૦૦ મહાર યોદ્ધાઓએ યુદ્ધ લડ્યું. ખાસ કરીને જુઓ તો એ એક સૈન્ય મુકાબલો હતો, પણ તેનો ઊંડો સાર એ હતો કે પેશવાઈના બ્રાહ્મણવાદી શાસન સામે જાતિવિશિષ્ટ સમાજે સામાજિક અને નૈતિક અવમાનના સામે પોતાનું અસ્તિત્વનું રક્ષણ કર્યું. વિજયસ્તંભ આજે પણ એ ઘડતરના એક સાક્ષીરુપે ઊભો છે, જેમાં અપમાનિત અને શોષિત સમુદાયે પોતાના અસ્તિત્વની ઘોષણા કરી અને શોષિતવર્ગનો ઝંડો ગાડી દીધો હતો. ઈતિહાસની અસમાનતાના વિસર્જનનો સંકેત આ યુદ્ધ ભારતના તત્કાલિન બ્રાહ્મણશાસિત વર્ગ સામે એક સામુહિક પ્રતિકાર હતો. મહાર સમુદાયએ યુદ્ધમાં માત્ર બળ બતાવવાનો પ્રયત્ન કર્યો નહોતો, પરંતુ સમાજને એ સંકેત આપ્યો કે 'મૌન દલિત' પણ અપરાજય હોય શકે છે. છતાં, ભારતના શાસક વર્ગે અને ઈતિહાસકારોએ આ પ્રસંગને મુખ્યધારાથી દૂર રાખ્યો. તે ઘટના "ઈતિહાસમાં સિસ્ટમેટિક દબાવી" દેવા માટે વિચાર પૂર્વકની યોજના બનતી હોય છે.

ડૉ. આંબેડકરે ભીમા-કોરેગાંવથી ભવિષ્યનો સંદેશ આપતા ડૉ. આંબેડકર ભીમા-કોરેગાંવને માત્ર ઐતિહાસિક નહી, પણ આધ્યાત્મિક અને સામૂહિક સાક્ષાત્કાર કરીકે સમજે છે. તેમણે અહીંના વિજયસ્તંભને દલિત સમુદાયના જુસ્સા અને લોભરહિત રાષ્ટ્રસેવાનો નમ્ર સ્મારક ગણાવ્યો. તેઓ માટે ભીમા-કોરેગાંવ એ મૌલિક સંસ્કૃતિના પુનર્જન્મનું સ્થાન હતું. તેમણે પોતાના અનુયાયીઓ સાથે અહીં શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી, અને સમાજને એમ જણાવ્યું હતું કે, સાચો ઈતિહાસલેખન એ ભવિષ્યની પેઢીઓનો અધિકારનો પાયો બનતો હોય છે. દસ્તાવેજીકરણ અને સંવેદનાનું અભાવ જોવા મળે છે, આવા અનેક યુદ્ધો, પ્રેરણાદાયક અને રાષ્ટ્રીય સમર્પણના પ્રસંગો દલિત સમાજે ભોગવ્યા છે, પણ તેના દસ્તાવેજો ઈતિહાસશાસ્ત્રના પુસ્તકોમાં નથી. ઝાંસીની રાણી માટે જલકારીબાઈનું બલિદાન, છત્રપતિ સંભાજી મહારાજના અંતિમ સંસ્કાર વખતે અનુસૂચિત જાતિના લોકોની સેવા આ બધું તે સાક્ષી છે કે દેશભક્તિ કોઈ જાતિ પૂરતી મર્યાદિત નથી. છતાં આ પ્રસંગો શાળા-પાઠ્યપુસ્તકો અને રાષ્ટ્રના ઈતિહાસમાંથી અદ્રશ્ય છે. અસલ ઈતિહાસ અને રાષ્ટ્રીય ઉદ્દઘોષ એ માત્ર ભવિષ્યનું ચિત્ર નથી, પણ તે રાષ્ટ્રની સંસ્કૃતિનું સમયચક્ર છે. આ સમયચક્રમાં અમુક ઘટનાઓની ઈરાદાપૂર્વક

અવગણના થાય, તેથી આપણે આપણી રાષ્ટ્રીય ઓળખને અધૂરી બનાવી રહ્યા છીએ. ભીમા-કોરેગાંવ એ યાદદાસ્ત અને ઓળખ વચ્ચેનો સંઘર્ષ છે. જ્યાં એક તરફ પેશવાઈ તણાવ હતો, તો બીજી તરફ એક એવા ભારતનું નિર્માણ થયું હતું કે જયા ન્યાય, સમાનતા અને અધિકાર માટે શસ્ત્રને સથવારે વિજય બન્યું હતું.

ભાવિષ્યની દ્રષ્ટિએ સમાનતાવાદી ઈતિહાસ જેમાં ડૉ. આંબેડકરે કહ્યું હતું, "જેમ સમાજનું બળ તળિયાની એકતામાં છે, તેમ રાષ્ટ્રનું ભવિષ્ય અસલ ઈતિહાસ સ્વીકારમાં છે." ભવિષ્યના ઈતિહાસકારોએ એમના વિચારોને કેન્દ્રીત કરીને નવી રીતથી શૈક્ષણિક દસ્તાવેજો તૈયાર કરવા જોઈએ. આજના યુવા, પત્રકારો, વિદ્વાનો અને નીતિનિર્માતાઓ માટે આવો ઇતિહાસ એક જાગૃત ઉર્જા છે. ભવિષ્ય માટેનો વિજયસ્તંભ માત્ર પથ્થરનો ઢેર નથી. એ દલિત સમાજના ઉદય, આત્મસન્માન અને ઐતિહાસિક મુસાફરીનું આરંભબિંદુ છે, જે  દિશા બતાવે છે. અને આશા આપે છે, જે સામે જોઈને સમાજ આગળ વધે તેવો પ્રકાશસ્તંભ છે. ભવિષ્ય માટે તેનો અર્થ છે જેની છાંયામાં ભવિષ્યના યુદ્ધો લડાશે, અશિક્ષા વિરુદ્ધ, જાતિવાદ વિરુદ્ધ, બેરોજગારી વિરુદ્ધ, સામાજિક અપમાન વિરુદ્ધ તેવું ડૉ. આંબેડકરનું રાષ્ટ્રનિર્માણ વિઝન ભીમા-કોરેગાંવથી શરૂ થતું નથી, પણ ત્યાંથી તેને ગતિ અને ગુણવત્તા મળે છે. ભવિષ્યના ઈતિહાસમાં, ભીમા-કોરેગાંવનો ઉજાસ એ રાષ્ટ્રને મન, મર્મ અને મસ્તિષ્કથી સાચું બનાવવાનો સંકેત છે.

ભૂલાયેલા ઇતિહાસના સપૂત ભીમા-કોરેગાંવથી ભવિષ્ય સુધી ભીમા-કોરેગાંવ યુદ્ધ કે યોગ્યતાનો દસ્તાવેજ ભીમા-કોરેગાંવનું યુદ્ધ ઇતિહાસમાં માત્ર એક લશ્કરી અથડામણ નથી, પણ એ એક "સામાજિક પ્રતિષ્ઠા માટેનું યુદ્ધ" હતું. ત્યારે એ માત્ર બળથી નહીં, પણ વિશ્વાસથી થતી લડાઈ હતી. આ વિજય સમાનતાની શરૂઆતનો સંકેત હતો, એક એવું શિલાલેખ જે આજે પણ વિજયસ્તંભ તરીકે ભીમા-કોરેગાંવમાં ઊભો છે. પરંતુ એ શિલાલેખ તો રહ્યો, શિલાલેખોની પાછળ રહેલો ઇતિહાસ શાંત થઈ ગયો. મુખ્યધારા ઇતિહાસએ એને સ્થાન ન આપ્યું. ત્યારે પ્રશ્ન ઊભો થાય છે, "ઇતિહાસ કોણ લખે છે" અને "કેવી રીતે જે હારી ગયેલા શાસકોએ પણ સ્થાન પામ્યું પણ જીતનારા શોષિતો વિસ્મૃતિમાં ગયા" શિક્ષકો માટે વિશિષ્ટ દૃષ્ટિકોણ સંવેદનાથી ન્યાય સુધી, ઈતિહાસશાસ્ત્ર એ

માત્ર ઘટનાઓના દિવસો અને વર્ષોની યાદી નથી. એ એક દ્રષ્ટિ છે, કોણ જોવા પાત્ર છે અને કોણ ભૂલાઈ જાય તે નક્કી કરવાની પ્રક્રિયા છે. શિક્ષક એક સેતુ બને અને જે ઇતિહાસને વર્ગખંડમાંથી સમાજ સુધી લઈ જાય છે. "તે અનન્ય ક્ષણ છે, જ્યાંથી દલિતોના સન્માન અને સમાનતાના માર્ગે ઈતિહાસે પ્રથમવાર પ્રકાશ દેખ્યો હતો, આશા, હિંમત અને દિશા બતાવતું એક જીવંત પ્રતિક."

જાતિ અને લિંગના અદૃશ્ય યોધ્ધાઓ, સામાજિક ન્યાયના નાયકો જલકારીબાઈ, ઉદા ડેવિ પાસી, શિહોરીના દલિતો, સંત રવિદાસ અને સંભાજી મહારાજના અંતિમ સંસ્કાર કરતા દલિત સમાજના લોકો, આ બધા એ ઈતિહાસના એવા કણ છે, જેમણે પોતાનું જીવન દેશને આપ્યું, પણ ક્યારેય ટેક્સબૂકમાં ન આવ્યા. એ દસ્તાવેજો છે કે જાતિના કારણે શ્રમ અને બલિદાનને સંકુચિત ગણવામાં આવ્યું. ડૉ. આંબેડકર સમજતા હતા કે શિક્ષણ એ "આત્મસન્માનનો સ્રોત" છે. તેઓ શિક્ષણને માત્ર પુસ્તકો સુધી નથી મર્યાદિત કરતા, પણ એ વિચાર, ઈતિહાસ અને હક્કના પ્રકાશરૂપે જુએ છે. સંચિત વિચાર જે ભૂલાઈ ગયાં તેમનું પુનઃસન્માન કરો, આજના યુગમાં જ્યારે ભારત "વિશ્વગુરુ" બનવાનું સપનું જુએ છે, ત્યારે તેના મૂળમૂલ્યમાં સમાનતા અને ન્યાય હોવા જરૂરી છે. ભીમા-કોરેગાંવ, શિવણી, શિહોરી, મહાડ, નાગપુર, એ સ્થળો માત્ર ભૂગોળ નથી, એ ઈતિહાસના પ્રેરક યજ્ઞખંડો છે. આ બધાં સ્થળોને સ્મારકરૂપ આપવું એ રાષ્ટ્રની ઋણસ્વીકાર્યતા છે. ન્યાયનો ઈતિહાસ એ સાચો ઈતિહાસ ડૉ. આંબેડકર કહે છે. "જ્યાં ઈતિહાસ એકતરફી હોય છે, ત્યાં ન્યાય અવરોધિત રહે છે." જેમ ભીમા-કોરેગાંવના યોધ્ધાઓએ જાતિવાદ સામે તલવારથી લડાઈ લડી હતી, આજે આપણે ઈતિહાસના સાચા પ્રકાશ માટે કલમથી લડવું પડશે. આજે, સાચો ઇતિહાસ એ ન્યાય માટેનું શસ્ત્ર છે. શિક્ષકો, લેખકો, અને નાગરિકો માટે એક મૌલિક ફરજ છે, ઇતિહાસમાંથી કોઈ અવગણાયેલો ન રહી જાય.

શૂદ્રોની ઓળખનો પુનર્જન્મ ડૉ. આંબેડકરની દૃષ્ટિએ ભારતીય વણાર્શ્રમ વ્યવસ્થાનું ચોથું સ્તર એટલે 'શૂદ્ર', જે ઐતિહાસિક દ્રષ્ટિએ સૌથી વધુ ખોટી રીતે રજૂ થયેલું છે. શૂદ્રોની ઓળખ વિશેની સામાજિક માન્યતાઓ, ધાર્મિક ઐકાંગી ભાષ્ય અને ઇતિહાસના સત્તાવાર વર્ણનોમાં પડઘાયેલી ખામી વિરુદ્ધ ડૉ. ભીમરાવ આંબેડકરે પોતાનું સઘન અને દસ્તાવેજી વિમર્શ "Who Were the Shudras"

૧૯૪૬ માં રજૂ કર્યું. આ ગ્રંથ માત્ર ઈતિહાસનું પુનઃલેખન નથી, પણ એક વૈચારિક મુક્તિસંઘર્ષ છે. આંબેડકરનું તર્ક શૂદ્રો ખરેખર કોણ હતા, ડૉ. આંબેડકરનું મૂળ તર્ક સ્પષ્ટ છે, શૂદ્રો મૂળતઃ આર્ય સમાજના સભ્ય હતા. તેઓ ક્ષત્રિય વર્ણના સમાનહકદાર હતા, જેમાંથી ઘણાં શાસક વર્ગમાં પણ હતા. પરંતુ, જ્યારે તેમના અને બ્રાહ્મણ વર્ગ વચ્ચે રાજકીય અને યાજ્ઞિક વિવાદો થયા, ત્યારે આ વિવાદોનો પરિણામ શૂદ્રોને ધીમે ધીમે હેતુપૂર્વક આધ્યાત્મિક અને સામાજિક રીતે નિમ્નવર્ગમાં સ્થાનાંતરિત કર્યા હતા. તેમના મતે, શૂદ્રોનું વર્ણ પરિવર્તન એ કોઈ આધ્યાત્મિક ‘કર્મફળ‘ નહીં, પણ રાજકીય દંડની પદ્ધતિ હતી.

શાસ્ત્રોનું તર્કસંગત ખંડન આંબેડકર મનુસ્મૃતિ, રામાયણ, મહાભારત, તથા પુરાણો અને ધર્મશાસ્ત્રોના સંદર્ભમાં તર્ક આપે છે, કે વણાર્શ્રમ એ જન્મ આધારિત વ્યવસ્થા નથી. તેઓ કહે છે, ‘‘જાતિ એ neither biological nor divine ordinance છે, પણ એક સમાજશાસ્ત્રીય વર્ગે દંડ વ્યવસ્થા ઊભી કરી છે.’’ તેમજ તેઓ માને છે કે, ‘શૂદ્ર‘ શબ્દનો વાસ્તવિક અર્થ સમય જતાં વિકાર પામ્યો છે, જે પહેલા સમાજમાં એક સક્રિય હિસ્સેદાર તરીકે ઓળખાતા હતા, તેઓને પછીથી અસ્પૃશ્ય બનાવવામાં આવ્યા. અસ્પૃશ્યતાનો અસ્વીકાર અને ધાર્મિક મૂલ્યાંકન ડૉ. આંબેડકરનું માનવું હતું કે, અસ્પૃશ્યતા એ હિંદુ ધર્મના મૂળ શાસ્ત્રોમાં નહિ પરંતુ તેની અનુક્રમિક રાજકીય વર્ણ વેવસ્થામાં ઉદ્ભવેલી દુર્ભાવનાઓનું પરિણામ છે. તેઓ શૂદ્રોને દયા પાત્ર તરીકે નહિ, ઈતિહાસના ભૂલાયેલા નાયક તરીકે સ્થાન આપે છે. તેમના શબ્દોમાં ‘‘શૂદ્રો મૂળ સ્વભિમાની જાતિના લોકો હતા. તેઓએ શાસ્ત્રો નથી બદલ્યાં, શાસ્ત્રો એ શૂદ્રોને બદલી નાખવામાં આવ્યા છે.’’ આજના સંદર્ભમાં આ વિચારો કેટલી હદે લાગૂ પડે છે, ડૉ. આંબેડકરનો શૂદ્રોના પાયાની પુનઃનિર્મિતાનો પ્રયાસ માત્ર ઈતિહાસશોધ નથી, એ તો રાષ્ટ્રની સામૂહિક નૈતિક જાગૃતિ માટેનું એક પાથેય છે. શૂદ્રોના અવમાનનાને ઈતિહાસથી દૂર કરવાની કોશિશમાં તેઓ સમગ્ર સમાજને પ્રશ્ન કરે છે,

- શું આપણે આપણું નૈતિક ઋણ ચૂકવી લીધું છે.
- શું સમાજના ગરીબ લોકો માટે સમાન અવસર અને ઈજ્જત પ્રાપ્ત થઇ રહી છે.
- શું શિક્ષણ અને સ્વાભિમાનનો પ્રકાશ શૂદ્ર તરીકે ઓળખાતા વર્ગ સુધી પહોંચ્યો છે.

આ પ્રશ્નો આજે પણ એટલાં જ અગત્યના છે, જેટલાં ૧૯૪૭માં હતા. ડૉ. આંબેડકર માટે "શૂદ્ર કોણ છે" એ માત્ર એક વિમર્શ નથી, એ એક યાત્રા છે શૂદ્રોના પુનઃસન્માનની. તેઓ જે દલીલો આપે છે તે સમાજને એ સમજાવે છે કે ઈતિહાસના ભ્રમોમાંથી બહાર આવીને આપણને સાચા સમાજને ઓળખવા અને ઓળખ આપવાની ફરજ છે.આજની પેઢી માટે સંદેશ "શૂદ્રનો અર્થ માત્ર જાતિ નથી, એ એક વિચારસંઘર્ષ છે, જે પોતાની ઓળખ અને પોતાના હક્ક માટે ઊભા થવાનો છે."

**સંભાજી મહારાજની અનુ જાતિ સમાજની ઐતિહાસિક સેવા,** સંભાજી મહારાજ ૧૬૮૯માં, મરાઠા સામ્રાજ્યના દ્વિતીય છત્રપતિ સંભાજી મહારાજને મુગલ બાદશાહ ઔરંગઝેબની સેનાએ તુરીણ (તુલાપુર) ખાતે કેદ કરી લીધા. તેમની ઉપર અતિ ક્રૂર યાતનાઓ કરવામાં આવી, આંખો ફોડી નાખવી, જીભ કાપવી, નખ ઉપાડી નાખવા જેવી અમાનવીય પીડા આપી. અંતે તેમનું શિર કપાયું અને શરીરના ટુકડાઓને અપમાનપૂર્વક ફેંકી દેવામાં આવ્યા, જેથી તેમના અનુયાયીઓ અંતિમ સંસ્કાર ન કરી શકે. સુરવીર સમાજના સેનાની સંભાજી મહારાજ ભારતના ઐતિહાસિક નાયક સંભાજી મહારાજ માત્ર એક શૂરવીર યુદ્ધસેનાપતિ નહોતા, તેઓ માનવતા, ધર્મસહિષ્ણુતા, અને આત્મગૌરવના જીવંત પ્રતિક હતા. છત્રપતિ શિવાજી મહારાજના પુત્ર સંભાજી, ૧૮ ભાષાના પંડિત, કવિ, અને એક ન્યાયપ્રેમી રાજવી હતા જેમણે ઔરંગઝેબના કટ્ટરવાદી ઈસ્લામિક સામ્રાજ્ય સામે અડગ રહીને ૩૩ દિવસ સુધી અતિક્રમ યાતનાઓ સહન કરી અને અંતે શહીદી વ્હોરી. તેઓ પાસે તેમની કુર રીતે હત્યા કરાયા પછી પણ એક મહત્વપૂર્ણ સંદેશો રહી ગયો હતો, માનવતા કોઈ પણ શાસનથી મોટી છે, અને ન્યાય માટે મરવું, જીવી જવાનું સૌથી ઊંચું રૂપ છે. શહીદ દેહના ટુકડા અને દલિત સમાજનું અદભુત યોગદાન સંભાજી મહારાજની શહીદી પછી ઔરંગઝેબે તેમના શરીરના માથેની ત્વચા ઉતારી, ગરમ પદાર્થથી દઝાડી અને દેહના ટુકડા-ટુકડા કરીને અનેક જગ્યા પર ફેંકવામાં આવ્યા આવું નરાધમ કૃત્ય કર્યું હતું, જેથી કોઈ તેમના દહસંસ્કાર પણ ન કરી શકે. પણ એ સમયે **"શિવેણી ગામના અનુસૂચિત જાતિના શૂરવીરો અને માનવતાવાદી લોકો"** એ તેમના દેહના વિવિધ ટુકડા એકત્ર કર્યા, રક્ત અને વેદનાથી ભરેલા, અને અત્યંત સંવેદનાશીલતા

અને શ્રદ્ધાથી તેમનો વિધિવત દેહસંસ્કાર કર્યો. આ ઘટનાનું ઐતિહાસિક મહત્વ એ છે કે જ્યારે આખો રાજવી સમાજ, બ્રાહ્મણ વર્ગ અને અન્ય ઉચ્ચ વર્ગો ભયથી દેહ સ્પર્શવાનો ઇનકાર કર્યો હતો, ત્યારે **દલિત સમુદાયના લોકો અવિચલ માનવતાના ધ્વજવાહક બન્યા.** એ દેહસંસ્કાર માત્ર નહોતો, એ એક સાંસ્કૃતિક પવિત્ર ક્રાંતિ હતી, વઢુ બુદ્રુકના મહાર સમાજની હિંમત, આ કપરા સમયે વઢુ બુદ્રુક ગામના મહાર જાતિના (અનુસૂચિત જાતિ) શૂરવીરોએ પોતાના પ્રાણની પરવા કર્યા વિના સંભાજી મહારાજના શરીરના અવશેષો એકત્રિત કર્યા. ગોવિંદ મહારના નેતૃત્વ હેઠળ ગામના લોકોએ ગોપનીય રીતે શરીરના ટુકડા એકત્ર કર્યા. તેમને ધોઈને શુદ્ધ કર્યા, હિંદૂ પરંપરાગત વિધિ અનુસાર અંતિમ સંસ્કાર કર્યા. ગામમાં સમાધિ બનાવી, જ્યાં આજે પણ સંભાજી મહારાજની અસ્થિસમાધિ પૂજનીય છે. તે સમયના કડક જાતિપ્રથા અને ઔરંગઝેબના દમનશાહી શાસન સામે માનવતાનું અને વફાદારીનું અદભુત ઉદાહરણ છે. સમરસતાનું પ્રતિક વઢુ બુદ્રુકમાં આજે બે સમાધિઓ છે, સંભાજી મહારાજની સમાધિ મરાઠા સામ્રાજ્યના શહીદ શાસક, ગોવિંદ મહારની સમાધિ, એસી સમાજના યોદ્ધા, જેમણે અંતિમવિધિમાં આગેવાની લીધી. આ બંને સમાધિઓની સાથે હાજરી દર્શાવે છે કે માનવતાનું જાતિ, ધર્મ, વર્ણની દીવાલો તોડે છે. ઈતિહાસમાં મહત્વ આ ઘટનાએ સાબિત કર્યું કે અનુસૂચિત જાતિઓએ માત્ર પોતાની જ લડત નહીં, પણ રાષ્ટ્રની ગૌરવગાથામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. દલિત સમાજની આ સેવા લાંબા સમય સુધી ઈતિહાસના મુખ્ય પ્રવાહમાં અવગણાઈ રહી, પરંતુ આજે તે સ્વીકૃતિ મેળવી રહી છે. વઢુ બુદ્રુકનું સ્મારક આજે પણ રાષ્ટ્રભક્તિ, સમરસતા અને ન્યાયપ્રેમનું જીવંત પ્રતિક છે. વઢુ બુદ્રુકની આ ઘટના એ સંદેશ આપે છે કે "જાતિ નથી, માનવતાનું ધર્મ સર્વોચ્ચ છે". ગોવિંદ મહાર અને તેમના સાથીઓએ માત્ર એક રાજાને નહિ, પણ રાષ્ટ્રની આત્માને સન્માન આપ્યું. સંભાજી મહારાજ અને અનુસૂચિત જાતિ સમાજના આ પવિત્ર બંધનને ઈતિહાસે અમર કર્યું છે. જેમાં માનવતાના મૂલ્યો જીત્યા અને નફરત હારી હતી. માનવતાની શ્રેષ્ઠતા અને અવગણાયેલ ઈતિહાસ આ ઘટના એ પ્રતીક છે કે ઈતિહાસ માત્ર રાજાઓ અને વિજયોનો ન હોવો જોઈએ, પરંતુ એમાં એ લોકોને પણ સ્થાન મળવું જોઈએ જેમણે ન્યાય માટે પોતાના જીવની પરવા કરી નહીં, અને એના

જીવ આપી દીધા. સંભાજી મહારાજ અને દલિત સમુદાય વચ્ચેનો એ મૌન સંબંધ આજના સમયમાં પણ રાષ્ટ્રવાદ અને સમાજસેવાના દ્રષ્ટિએ પ્રકાશમય છે. એવાં અનેક પ્રસંગો ઈતિહાસમાં છે જ્યાં દલિત સમુદાયે સમર્પણ અને ત્યાગ દ્વારા રાષ્ટ્રની રક્ષા કરી, પરંતુ તેમના યોગદાનને મુખ્યધારા ઈતિહાસમાં જગ્યા નથી મળી. સંભાજી મહારાજનો દેહસંસ્કાર એ દલિત સમુદાયના શ્રેષ્ઠ દસ્તાવેજી યોગદાનમાંથી એક છે, જેની નોંધ આપણાં શૈક્ષણિક અને સામાજિક દસ્તાવેજોમાં હોવી જોઈએ.

નવો દૃષ્ટિકોણ, નવો ઇતિહાસ આજે જ્યારે ભારત ''માટે'' પણ ''સાચો'' ઈતિહાસ લખવાનો પ્રયત્ન કરી રહ્યું છે, ત્યારે આવી ઘટનાઓ આપણા અસ્તિત્વને વધુ માનવતાવાદી, ઈમાનદાર અને સર્વસમાવિષ્ટ બનાવે છે. સંભાજી મહારાજના દેહના ટુકડા ભેગા કરી દેહસંસ્કાર કરનારા લોકોએ જે માનવતાનું ઝંઝાવાત જગાવ્યું, તે આજના યૂગ માટે દિશાસૂચક બની શકે છે. એવો ઇતિહાસ લખો કે જેમાં દલિત માત્ર પૃષ્ઠભૂમિ ન હોય, પણ નાયક બનીને ઉજાસ આપે. જ્યાં વીરમૃત્યુ પામનારને શ્રદ્ધાંજલિ મળવી એ માત્ર સંસ્કૃતિ નહીં, પણ સંયમ, કર્તવ્ય અને ૠણસ્વીકાર હોય. સંભાજી મહારાજ સમાજના સેનાની એટલે છે કે જેમના જીવન અને શહીદીમાં દલિત સમાજનો સાક્ષાત્કાર થયેલો છે. તેઓ એક એવા નાયક હતા ધર્મ, જાતિ કે પદ નહિ, પણ ન્યાય, કરુણા અને માનવતા હતી સાચી શાસનશક્તિ. દલિત સમુદાયે તેમનાં અંતિમ સંસ્કાર કરીને માત્ર માનવતાનું નહીં, પણ અખંડ રાષ્ટ્રભાવનું દહસંસ્કાર કર્યું હતું.

- ઈતિહાસના પુનઃલેખન માટે ચેતના ઉભી કરવી
  મુખ્યધારા ઈતિહાસમાંથી અવગણાયેલા સમાજો, ખાસ કરીને દલિતો, આદિવાસીઓ અને પછાત વર્ગોના યોગદાનોને જાહેર કરવો.
- શૈક્ષણિક નીતિમાં ન્યાયસંવેદનાનું સ્થાન સુનિશ્ચિત કરવું
  પાઠ્યક્રમમાં સામેલ કરી શકાય તેવા દસ્તાવેજીકૃત, મૌલિક અને મૌખિક ઈતિહાસના સ્રોતો એકત્ર કરવાના અભિયાનને પ્રોત્સાહન આપવું.
- વિદ્યાર્થીઓમાં સજીવ ઇતિહાસબોધ અને જાતિવિષયક સંવેદના વિકસાવવી
  ભૂમિકા, ડીબેટ, સંવાદ, લેખન વગેરે પ્રવૃત્તિઓ દ્વારા જ્ઞાતિવાદી ઈતિહાસના પડછાયામાં રહેલી વાસ્તવિકતાઓને બહાર લાવવી.

- દલિત સાહિત્ય અને લોકસંસ્કૃતિના અનુવાદ અને પ્રસાર માટે રાષ્ટ્રીય દૃષ્ટિકોણ વિકસાવવો
  માત્ર વાંચન માટે નહીં, પણ વિચારોના સંક્રમણ માટે દલિત સાહિત્યને યુવા સુધી પહોંચાડવાનું માધ્યમ વિકસાવવું.
- ઈતિહાસના નાયકોમાં સમાવિષ્ટતા (inclusion) વધારવી
  સરકારી, શૈક્ષણિક અને લોકજ્ઞાનાત્મક મંચોએ રાષ્ટ્રના દરેક નાગરિકના યોગદાનને સમાન ભાવથી રજૂ કરી, પ્રેરિત કરવું.
- સમાજમાં ન્યાય અને સમાનતાના મૂલ્યાંકનો માટે ઈતિહાસને સાધનરૂપ બનાવવું
  ઈતિહાસ માત્ર ભૂતકાળનો પ્રશ્ન નથી, તે ભવિષ્યના ન્યાય માટે ચેતનાનું સાધન બને એ દ્રષ્ટિ વિકસાવવી. "સમાનતાની લડાઈમાં શૌર્ય જ સચ્ચી પૂંજી છે."

# ૧૮. જોગેન્દ્રનાથ મંડળ દ્વારા ડૉ. આંબેડકરને બંધારણસભામાં મોકલાવવાની ઐતિહાસિક સહાય

ભારતના બંધારણની રચનાની પ્રક્રિયા માત્ર રાજકીય આકાર નહિ, પણ અનેક અસંગતીઓ અને અવરોધોને પાર કરીને ઊભેલી ન્યાયયાત્રાનું દર્પણ છે. ૧૯૪૬માં જ્યારે બ્રિટિશ સરકાર દ્વારા બંધારણસભાની રચના થઈ રહી હતી, ત્યારે તમામ પ્રદેશો માંથી પ્રતિનિધિઓ ચૂંટવામાં આવનાર હતા. ડૉ. ભીમરાવ આંબેડકર, જેમણે દલિતો અને પછાત વર્ગોના હિત માટે અવાજ ઉઠાવ્યો હતો, તેઓ મુંબઈ પ્રાંતમાંથી ચૂંટાવા ઈચ્છતા હતા. પરંતુ સ્થાનિક રાજકીય સમીકરણો, બ્રાહ્મણવાદી વિઘ્નો અને વિરોધના કારણે તેમને ત્યાંથી બેઠેક મળવી મુશ્કેલ બની. તેમનો પરાજય થશે તેવું લાગતું હતું, પણ તેમાં છુપાયેલો એક મોટો સંદેશ હતો, કે સામાજિક ન્યાય માટે લડનારા નેતાઓ માટે પણ પ્રવેશદ્વાર બંધ થઈ શકે છે. જ્યારે આ પરિસ્થિતિ સર્જાઈ, ત્યારે પૂર્વ બંગાળથી આવતો એક પ્રકાશપુંજ ઊભો થયો, તે હતા જોગેન્દ્ર નાથ મંડલ. તેઓ બંગાળના શૂદ્ર સમુદાયના વરિસ્ટ નેતા હતા અને એવા સમયના ભાગીદાર કે તેઓએ પણ જાતિવાદી શોષણ સહન કર્યું હતું. તેઓએ આંબેડકરના વિચારને માત્ર સમર્થન આપ્યું નહોતું, પણ એમના માટે રાજકીય રસ્તો ખોલી આપ્યો. મંડળે બંગાળ વિધાનસભાના લોકો સાથે વાત કરી, રાજકીય સહમતિ ઘડી અને ડૉ. આંબેડકરને બંગાળમાંથી પ્રતિનિધિ તરીકે પસંદ કરાવ્યાં. તેમના આ પ્રયાસોથી આંબેડકર બંધારણસભામાં પ્રવેશી શક્યા, અને દેશના ભૂવિધીકાર બની શક્યા. ડૉ. આંબેડકર બાદમાં 'ડ્રાફ્ટિંગ કમિટીના અધ્યક્ષ' તરીકે નિયુક્ત થયા અને ભારતના બંધારણનો ખાખો ઘડ્યો. જોગેન્દ્ર મંડળનો આ સહકાર માત્ર એક વ્યક્તિગત લાભ ન હતો, તે સંપૂર્ણ દલિત સમાજ માટે ન્યાયનો અવાજ આપવાનો ઐતિહાસિક પગથિયું હતું. મંડલ જાણતા હતા કે આંબેડકરની પ્રખર ચિંતનશક્તિ વિના બંધારણ અધૂરૂ રહેશે. તેમણે પોતાના રાજકીય મૂલ્યોને પથ પર મૂકી આંબેડકરને મંચ આપ્યો. પરંતુ પાકિસ્તાનના વિભાજન પછી જ્યારે મંડલ પાકિસ્તાન તરફ ખસી ગયા અને ત્યાં કાયદામંત્રી બન્યા, ત્યારે પણ તેઓએ ડૉ. આંબેડકરની દ્રષ્ટિ અને નૈતિકતાને વિશ્વસનીયતાથી

માનતા હતા, તે તેમના પત્રોમાં સ્પષ્ટ જોવા મળે છે. ભારત છોડીને પાકિસ્તાન ગયેલા મંડલે અંતે નિરાશ થઈ ભારત પરત આવ્યાં અને ડૉ. આંબેડકરની જે રીતે તેમણે પણ આત્મસંઘર્ષ અને માનવતાના પથને પસંદ કર્યો. જોગેન્દ્ર નાથ મંડલ અને ડૉ. આંબેડકર વચ્ચેનો સંબંધ એ માત્ર રાજકીય સમર્પણનો ન હતો, પણ મુક્તિના વિચારોનો ભવ્ય સંગમ હતો. મંડલના ઐતિહાસિક સહકાર વિના આજે આપણે જેને 'ભારતના બંધારણ ઘડવૈયા' કહીએ છે તે ડૉ. આંબેડકર કદાચ એ મંચ સુધી પહોંચી શક્યા ન હોત. તેથી મંડલ માત્ર સહયોગી નથી, તેઓ બંધારણના ભિતર દફન રહેલો નમ્રથી ભરેલો પથ છે, જે ચુપચાપ દેશના ન્યાયના દિશાસૂત્રને પાંખ આપે છે. આ ઘટનાએ માત્ર ડૉ. આંબેડકરની કે જોગેન્દ્ર મંડલની જ યાત્રાને નહીં, પણ સમગ્ર ભારતના બંધારણ અને ન્યાયદષ્ટિને જ આકાર આપ્યો. એક બંગાળી દલિત નેતાનો સહયોગ એક મહારાષ્ટ્રના દલિત વિદ્વાનને રાષ્ટ્રની નીતિ ઘડવામાં મજબૂત મંચ આપે છે, એ ભારતના સામૂહિક ચિંતનનો ઉત્તમ ઉદાહરણ છે. જોગેન્દ્ર નાથ મંડલ એ સમયે માત્ર રાજકીય મિત્ર ન હતા, પરંતુ એક દ્રષ્ટિવાન સાથી હતા, જેમણે ડૉ. આંબેડકર જેવી આધુનિક ચેતનાને રાષ્ટ્રીય સ્તરે અવાજ આપ્યો. તેમનો આ ઐતિહાસિક સહયોગ વગર કદાચ ભારતના બંધારણને ન્યાય, સમાનતા અને માનવ અધિકાર જેવી મજબૂત કડી મળી ન હોત. તેઓ દેશના બંધારણ માટે નાયક હતા. જોગેન્દ્ર નાથ મંડલ અને ડૉ. આંબેડકર, બંનેએ ભલે ભિન્ન માર્ગ અપનાવ્યા હોય, પણ બંનેના હૃદયમાં સમાનતાની ઝંખના, શોષણ વિરુદ્ધ અવાજ અને દલિત વિકાસની એકસમાન ઝંખના હતી. જોગેન્દ્ર નાથ મંડલે આપેલું સહકાર કોઈ રાજકીય લેણદેણ નહોતું, પણ માનવીય મુક્તિના મૂળમાં સમર્પણનું ઉદાહરણ હતું. ઈતિહાસની એ ઘટનાઓ જ્યાં બે ક્રાંતિવીર એકબીજાના વિચારોને ભરોશો આપે છે, એ દેશના ભાવિ માટે દિવ્ય સંવાદ બની રહે છે. સહયોગી ક્રાંતિવીર જોગેન્દ્ર નાથ મંડલ દ્વારા ડૉ. આંબેડકરને અપાયેલી સહાય જ્યાં સંબંધ માત્ર સામાજિક પીડાનો નહિ, પણ રાષ્ટ્રીય સમજૂતિનો પુલ બની રહ્યો તેઓ પણ ડૉ. આંબેડકરની જેમ સામાજિક ન્યાય, દલિત હિત અને રાજકીય ભાગીદારી માટે લડતાં એક ક્રાંતિવીર હતા. તેમની અને ડૉ. આંબેડકરના સંબંધોમાં એક પ્રકારની ભાવનાત્મક અને વૈચારિક

સહભાગિતા હતી, બંને નેતાઓએ દલિત સશક્તિકરણ અને હક્ક માટે એકબીજાને સાથ આપ્યો.

સહકારના પ્રકારોમાં એકબીજાની સાથે ઊભા રહ્યા, રાજકીય સહયોગ અને પ્રતિનિધિત્વ માટે સહાય, પૂના પેક્ટ દરમિયાન દૃઢ સહયોગ, હિંદુ કોડ બિલ અને ધાર્મિક મુક્તિના મુદ્દે સાથ આપ્યો, જોગેન્દ્ર નાથ મંડલ પાકિસ્તાનના કાયદામંત્રી તરીકે પણ ડૉ. આંબેડકર માટે સહાનુભૂતિ અને લખાણ અને ભાષણ દ્વારા વિચારની અને પ્રસારથી શાથે રહ્યા. પત્રના સંદર્ભમાં સહાનુભૂતિ જોગેન્દ્ર નાથ મંડળે ભારત વિભાજન સમયે પાકિસ્તાન છોડીને પાછા આવ્યા ત્યારે દુ:ખ વ્યક્ત કર્યું હતું અને ડૉ. આંબેડકરના દૃષ્ટિકોણ પ્રત્યે પોતાની સહમતિ દર્શાવી. આ પત્રોએ તેમના અંદરથી જોડાણનું પ્રતિબિંબ કરે છે.

બંધારણસભામાં ડૉ આંબેડકરનો પ્રવેશ પ્રથમ વખત માર્ચ ૧૯૪૬ માં બંગાળ પ્રાંતના શિલ્હેટ (Sylhet) મતવિસ્તારમાંથી બંધારણસભામાં ચૂંટાયા હતા. કોંગ્રેસ દ્વારા તેમને જ્ઞાતિ આધારિત નેતા માનીને અવગણવામાં આવ્યાં હતા. તેમ છતાં, આ સીટ ઉપર વિજય થયા, પરંતુ ઐતિહાસિક રીતે મહત્વપૂર્ણ વાત એ છે કે શિલ્હેટ વિસ્તાર ભારતના વિભાજન સમયે પાકિસ્તાનમાં શામેલ થઈ ગયો હતો. પરિણામે, ડૉ. આંબેડકર સભ્યપદ ગુમાવી બેઠા. આ સ્થિતિમાં, મહાત્મા ગાંધીજીએ એક સત્તાવાર રાષ્ટ્રહિતની ચિંતા વ્યક્ત કરી. તેમણે સરદાર પટેલ અને ડૉ. રાજેન્દ્રપ્રસાદને સ્પષ્ટ સૂચના આપી કે “આંબેડકર જેવા વિઝનરી નેતા બંધારણસભામાં હોવા જ જોઈએ”. ગાંધીજીનો મત હતો કે તેમનામાં બંધારણ રચવાનો મર્મ, શાસકીય વ્યવસ્થાઓની તટસ્થતા અને ન્યાયની વ્યાપક દૃષ્ટિ અવિસ્મરણીય છે. તેમના આ વિચારોને માન આપી કોંગ્રેસે મુંબઈ પ્રાંતમાંથી તેમને ફરીથી ચૂંટાવ્યા, અને ડૉ. આંબેડકર જુલાઈ ૧૯૪૭માં પુનઃ બંધારણસભાના સભ્ય બન્યા. આ પ્રસંગ માત્ર ઔપચારિક પુરાવા પૂરતો નહીં, પણ ભારતના ભવિષ્ય માટે ઘડાયેલા બંધારણના આધારસ્તંભ માટેનો નિર્ણાયક એતિહાસિક વળાંક હતો. ત્યારબાદ, ૨૯ ઑગસ્ટ, ૧૯૪૭ના રોજ, તેમને બંધારણ રચનાની ડ્રાફ્ટિંગ કમિટીના અધ્યક્ષ તરીકે નિમવામાં આવ્યા અને ભારતના બંધારણના ઘડવૈયા તરીકે તેમનું અવિસ્મરણીય યોગદાન શરૂ થયું. “સંવિધાન રચનાર તરીકે

નહીં, સંવેદનાની દૃષ્ટિ આપનાર તરીકે ડૉ. આંબેડકર ભારતના ભવિષ્ય માટે પ્રકાશસ્તંભ બન્યા.'' તેમના નેતૃત્વમાં ભારતનું લોકશાહી, અને સંવેદનશીલ અને નૈતિક દિશાદર્શક દસ્તાવેજ ન્યાયપ્રદ બંધારણ ઘડાયું.

આઝાદી બાદનો દ્રષ્ટિકોણ ભારત જ્યારે ૧૯૪૭માં સ્વતંત્ર થયું, ત્યારે લડીને મેળવેલી આઝાદી પછીના પડકારો ખૂબ જ કઠિન હતા અને દેશનું બંધારણ ઘડવાનું હતું. દેશ વિભાજનના દુખદ શરૂઆત સાથે કેટલાક તાત્કાલિક પ્રશ્નો ઊભા થયા જેમ કે હિન્દુ-મુસ્લિમ વિસ્ફોટ. સામ્પ્રદાયિક તણાવના નિવારણ તેમજ નવી રાષ્ટ્રવ્યવસ્થા માટે શાંતિ અને સહઅસ્તિત્વનું વાતાવરણ ઊભું કરવું આવશ્યક હતું. લાખો વિસ્થાપિતોનું પુનર્વસન અને પુનર્નિમાણ કરવું તેમજ આશરો ગુમાવેલા અને વિભાજન પીડિત લોકોને સાથે રાખવા અને કામ આપવું એ એક મોટો પડકાર હતો. ડૉ. આંબેડકરે આ કામ માટે બંધારણમાં એવી કલ્પનાઓનો સમાવેશ કર્યો કે જેમાં ''સમાનતા'', ''અસ્પૃશ્યતા નાબૂદ'', ''અવકાશની સમાનતા'', ''મુલ્યઆધારિત ન્યાય'', અને ''અધિકાર સાથે જવાબદારી'' જેવા સિદ્ધાંતોના સમુહથી રાષ્ટ્ર માટે દિશા દર્શાવી. ૨૦મી સદીના અંત સુધીમાં તેમના પ્રયાસો તેમજ શહેરીકરણ, શિક્ષણમાં વધારો અને સંવેદનશીલ નીતિગત ફેરફારોના પરિણામે અસ્પૃશ્યતા માટેના કાયદાકીય પ્રતિબંધો અને સામાજિક માન્યતાઓમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો. શહેરોમાં લૌકોના વ્યવહારમાં સમાનતાનો સ્વીકાર વધ્યો. ડૉ આંબેડકર માટે આઝાદી માત્ર અંગ્રેજ શાસનથી મુક્તિ નહોતી, તે હતી મનુષ્યને 'માનવ' બનાવવાની યાત્રા. તેમના માટે રાષ્ટ્રની સ્થાપના એ 'સાંસ્કૃતિક પુનઃજાગૃતિ' સાથે શરૂ થતી હતી.

# ૧૯. વિજ્ઞાન અને ન્યાયના સંકલ્પી ડૉ. આંબેડકર

ડૉ. ભીમરાવ આંબેડકરનું જીવન માત્ર રાજકીય આંદોલનોનો ઈતિહાસ નથી, પણ તે છે એક મૌલિક વિચારયાત્રા, જેનું કેન્દ્રબિંદુ માનવતા છે અને માર્ગદર્શનશક્તિ છે, વૈજ્ઞાનિક દ્રષ્ટિમાં પણ ભવિષ્યના ભારત માટેની વેદના છુપાયેલી છે, અને એના ઉકેલ માટે તેઓએ સંકલ્પના એક પુનઃનિર્ણાત્મક માળખાં રજૂ કર્યા હતા. અંધકાર સામે વૈજ્ઞાનિક જાગૃતિ શિક્ષણ એ ધર્મ છે આંબેડકરનું સર્વમુલ્યવાન શબ્દ શિક્ષણથી શરૂ થાય છે. તેમની દૃષ્ટિમાં શિક્ષણ એ માત્ર વર્ગ પાસ કરવાનો ઉપાય નહોતો, એ તો સામાજિક સ્વચ્છંદતાનું પવિત્ર સાધન હતું. જે રાષ્ટ્રનું ભવિષ્ય ઘડશે.'' તેમના શિક્ષણના વિચારો આજની ૨૧મી સદી માટે પણ પ્રકાશરૂપ છે, જ્યાં ફક્ત ડિગ્રી નહીં પણ 'વિચારની વૈજ્ઞાનિકતા' જરૂરી છે. તે માટે તેમણે ગ્રામીણ અનુસૂચિત સમાજમાં લાઈબ્રેરીઓ, અભ્યાસક્રમો અને વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય શિષ્યવૃત્તિની માંગણી કરી હતી.

ભવિષ્યની વેદના સામાજિક ન્યાય વિના રાષ્ટ્ર નિર્માણ અધૂરો છે, તેવું ડૉ આંબેડકરે ૧૯૪૯ના તેમના અંતિમ ભાષણમાં કહ્યું હતું, **''જો આપણે રાજકીય સમાનતા તો આપી છે, પણ જો સામાજિક અને આર્થિક અસમાનતા યથાવત રહેશે, તો લોકો આ લોકશાહીને ઉખેડી નાખવા પણ મજબૂર થઈ જશે.''** આ વેદના એ કોઈ ડરાવા માટે નહોતી, પણ રાષ્ટ્રના આરોગ્ય માટેનું વૈજ્ઞાનિક નિદાન હતું. તેમના દૃષ્ટિકોણ મુજબ સમાજ યોગ્ય રીતે બને, જ્યારે રાષ્ટ્ર મજબૂત બને. એટલે તેમણે હિન્દુ કોડ બિલ, શ્રમસંહિતા, અનામત નીતિ, અને નાગરિક નૈતિકતા જેવી રીફોર્મ્સનું આયોજન કર્યું. વૈજ્ઞાનિક દૃષ્ટિ દ્વારા માનવતાનું રાષ્ટ્ર ભવિષ્યને જોવાનું દ્રષ્ટિગમ્ય ન હોય તો દેશ ભવિષ્યનો ભોગ બનશે. આંબેડકરે માનવતા માટે એ દ્રષ્ટિ આપી, જે પૃથ્વી પરના સૌથી શોષિત માણસ માટે પણ સ્થાન ઊભું કરે, તેમના વિચારોમાં જ્ઞાનની કરૂણ દૃષ્ટિ, ન્યાયની સંવેદનશીલતા, વિકાસની સર્વહિત દિશા અને માનવતાના આધારે આધુનિક રાષ્ટ્રની રચના આજે જ્યારે આપણે વૈશ્વિક અર્થતંત્ર, ટેકનોલોજી અને નવો સમાજઘટક વિચાર કરીએ છીએ ત્યારે ડૉ. આંબેડકરનું વૈજ્ઞાનિક અને નૈતિક ચિંતન આપણું અવિભાજ્ય દિશાસૂચક બનવું જોઈએ. વૈજ્ઞાનિક ચેતનાથી ભવંશીય પરિવર્તન માનવતાના

પથ પર ડૉ. આંબેડકર અવિરત પીડા, સંઘર્ષ અને તિરસ્કારથી ઘડાયેલું એક વ્યક્તિત્વ જ્યારે વૈજ્ઞાનિક ચેતનાના પ્રકાશથી સમાજ માટે દિશા નિર્ધારણ કરે, ત્યારે એ માત્ર વિધિમાન નથી રહેતું, એ એક યુગબોધ બની જાય છે. ડૉ. આંબેડકરનું જીવન એવી એક યાત્રા છે, જ્યાં વિજ્ઞાનમય દૃષ્ટિ, સામાજિક ન્યાય અને આધુનિક માનવતા જોવા મળે છે. યુગની વેદના અને માનવતાવાદી દૃષ્ટિએ અદ્રશ્ય ભેદભાવ, અસમાનતા અને અંધશ્રદ્ધાની દુર્ગંધથી ભરેલું ભારત જ્યારે નવજાગૃતિ માટે તરસતું હતું ત્યારે ડૉ. આંબેડકરે સમાજને એક નવી સંવેદનાની દિશામાં ચલાવ્યું. તેઓ માનતા હતા કે, ''ભવિષ્યની વેદના'' એ માત્ર તલપદી શબ્દ નથી, એ દરેક એવા વ્યક્તિત્વનું પ્રતિબિંબ છે જેને જાતિવાદી વ્યવસ્થાએ ઊંડે ઘાવ્ય આપ્યા છે. આ વેદનાને સમાધાન મેળવવા માટે તેમનો ઉપાય હતો, વૈજ્ઞાનિક દૃષ્ટિ, શિક્ષણ, અને સામૂહિક જાગૃતિ. વૈજ્ઞાનિક દૃષ્ટિ માત્ર વિજ્ઞાન નહિ, વિચારધારાનું માર્ગદર્શન ડૉ. આંબેડકરે વૈજ્ઞાનિક દૃષ્ટિનું મહત્વ માત્ર ભૌતિકવિજ્ઞાન માટે નહોતું આપ્યું, પરંતુ વિચારશક્તિ અને સામાજિક મૂલ્યો માટે પણ આવશ્યક ગણાવ્યું. તેઓ કહેતાઃ ''વિચાર વિનાનું જીવન એ જીવન નથી. શંકા, પ્રશ્ન અને જિજ્ઞાસા વિના માનવતાનું ઔચિત્ય નથી. હોતું'' તેઓ અંધશ્રદ્ધા, મૌલવિત્ત્વ અને અસ્થિર માન્યતાઓ સામે લડ્યા કારણ કે તેઓ માનતા કે કોઈપણ સુધારણા એ પહેલું પગથિયું છે, યોગ્ય પ્રશ્ન કરવાનો સાહસ નહીં હોય ત્યાં સુધી વૈજ્ઞાનનીક દૃષ્ટિ કોણનો અભાવ હશે.

આધુનિક વિચારના પ્રણેતાઓ જ્યોતિબા ફૂલે, પેરિયર અને નારાયણ ગુરુ જેવા સમાજસંસ્કારકોના વિચારોથી પ્રેરણા લઈને ડૉ. આંબેડકરે દલિતો, પછાત વર્ગો અને મહિલાઓ માટે સંવેદનાપૂર્વક શિક્ષણ, હક્ક અને આત્મગૌરવના હકની લડત ઊભી કરી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, ''રાષ્ટ્રના વિકાસ માટે આપણે સમાનતાના આધારે નવી સંસ્કૃતિ ઘડીશું.'' આ સંસ્કૃતિમાં લિંગસમાનતા, વર્ગસમાનતા અને ભાવસમાનતા સમાન પાયાઓ રહ્યા હોય. સાહિત્ય અને માનવતા સર્જનની નવી દિશા તેઓ સાહિત્યકારોને આવાહન કરતા કે તેઓ ''મૃત સાંસ્કૃતિક માન્યતાઓ''નું પુનઃમૂલ્યાંકન કરે અને એવું સાહિત્ય સર્જે જેમાં જીવનના મુલ્યો, ન્યાય અને માનવતા પ્રકાશિત થાય. આજે પણ એવું સાહિત્યની જરૂર છે, જે સમાજને મોંઘવારી કે શિક્ષણની અસમાનતાથી નહિ, પરંતુ વિચારશૂન્યતાથી

બહાર કાઢે અને સર્વ સામાન્ય પ્રજાનો વિકાસ શંભવ થવો જરૂરી થાય.

રાષ્ટ્રીય પુનઃનિર્માણ માટે વૈજ્ઞાનિક માનવતાવાદ ડૉ. આંબેડકરે "બુદ્ધિ + નૈતિકતા + સમાનતા = માનવતા" એમ એક ગુણોત્તર આપ્યો. તેઓ માટે ધર્મ એ જીવનશૈલી હતી, જ્ઞાન, કરુણા અને શીલની ત્રિચેતનાથી ભરેલી. તેમને બૌદ્ધ ધર્મ તરફ દોરી લાવનાર અર્થ એ હતો કે કોઇ પણ વ્યવસ્થા માણસના આત્મસન્માનને રુંધે નહિ. તેમનું બંધારણ માત્ર કાયદાનું દસ્તાવેજ નહિ, પરંતુ ભવિષ્યના નાગરિકો માટે 'જ્ઞાનનો સમુદ્ર' બની રહેશે. એમના વિચારો "વંચિતો માટે" હતા એથી વધારે, "સમસ્ત માનવજાત માટે" હતા. એમણે કાયમી ધોરણે કહ્યું. "જ્યાં સુધી સમાનતા નહિ આવે ત્યાં સુધી લોકશાહી ઔપચારિક રહેશે." સમાજના દરેક વિભાગે તેમનો વારસો વહેંચવો જોઈએ, કારણકે તેઓ આપણા સમયના સૌથી સમજદાર માનવતાવાદી વિચારક હતા. સમયનો સંદેશ ભવિષ્ય માટે નવો સંકલ્પ લઈને જ્યારે આજે દેશ ટેકનોલોજીનો છે, તે સમયે ધૂંધળી નીતિઓ અને અવિરત અનૈતિકતાના યુગમાંથી પસાર થઈ રહ્યો છે ત્યારે "માણસ તરીકે જીવવાની" ભાઈચારા અને વૈજ્ઞાનિક ચેતનાથી ભરેલી દૃષ્ટિ વધુ આવશ્યક છે. આંબેડકર જેવા યોગદાનકારક વિચારો આપનારાં વિચારપુરુષની શીખ આજના શિક્ષક, વિચારક અને નાગરિક માટે દિશાસૂચક છે.

જ્ઞાતિવાદ અને અંધશ્રદ્ધા સામે આંબેડકરની લડત ભારતીય ઈતિહાસમાં ડૉ. આંબેડકરનું નામ માત્ર બંધારણનિર્માતા તરીકે જ નહિ, પણ જ્ઞાતિવાદી શોષણ અને અંધશ્રદ્ધા સામે વિજ્ઞાનમૂલન ચેતનાનો પ્રવર્તક તરીકે પણ નોંધપાત્ર છે. તેઓએ જીવનભર માનવમુલ્યોની સ્થાપના માટે વિચાર, ચિંતન અને સંઘર્ષ દ્વારા એક અનોખી યાત્રા કરી, જેને ભારતના સામાજિક વિમોચનના ઈતિહાસમાં 'આંધળા અંધકાર સામેનું દીવાદાંડી' કહેવાય. અંધશ્રદ્ધા સામે વૈજ્ઞાનિક ચેતનાનું શસ્ત્ર તેમના વિચારોમાં 'અંધશ્રદ્ધા' એ એક આવરણ હતો, જે લોકોને આત્મવિશ્વાસથી વિમુખ કરે છે અને સમાજમાં પાખંડને પોષે છે. તેઓએ ખંડિત આધ્યાત્મિકતાનો તિરસ્કાર કરતાં કહ્યું, "જે ધર્મમાં સંવેદના નથી, સમાનતા નથી, અને શિક્ષણ પ્રેરણા નથી, તે ધર્મ નહિ, એક બંધન છે." તેઓ ક્યારેય કુરિવાજો, મંત્રો, યજ્ઞો, હવનો, જ્ઞાતિપ્રથાઓ અને અંધશ્રદ્ધાઓમાં લિપ્ત થાયા નહિ. આ ઘોષણા

એક આધ્યાત્મિક વિચારોની હતી, જે આજે પણ વૈજ્ઞાનિક ધર્મનું પ્રતિનિધિત્વ કરે છે. શિક્ષણ અને ચિંતન દ્વારા જ્ઞાનમૂલન ક્રાંતિ તેમના સમાજસંસ્કાર કાર્યમાં શિક્ષણના હથિયારને કેન્દ્રમાં રાખવામાં આવ્યું. તેઓએ છાત્રાવાસો, પત્રિકાઓ અને સંસ્થાઓ દ્વારા દલિત સમાજમાં જ્ઞાનપ્રવાહની નહેરો અને રસ્તા બાંધી દીધાં. પત્રિકાઓ જેવી કે મૂકનાયક, બહિષ્કૃત ભારત, અને પ્રબુદ્ધ ભારત દ્વારા તેમણે ખોટા વિધિવિધાનો વિમર્શ કર્યો. તેમનો અવાજ સ્પષ્ટ હતો, ''શોધો, શીખો અને વિચાર કરો.'' તેમણે ધર્મને શંકા અને સંશોધનથી વિમુખ નહીં રાખ્યો, પરંતુ તેજસ્વી આત્મમુલ્યાંકનથી ઘડી કાઢ્યો. તંત્રીભૂત સંવેદના અને કાયદાકીય દૃષ્ટિ તેમણે માત્ર વિચારક તરીકે નહિ, પરંતુ કાયદાશાસ્ત્રી અને નીતિનિર્માતા તરીકે પણ જ્ઞાતિવાદ સામે લડત ચલાવી. બંધારણના કલમ ૧૭ દ્વારા તેમણે 'અસ્પૃશ્યતા'ને ગુનાહિત ગણાવી. આ કાયદા પાછળ કેવળ બંધારણીય શાસ્ત્ર ન હતું, પણ વ્યવસ્થાને જોડી રાખે એવું નૈતિકતાનું સ્વપ્ન હતું, કે કોઈ માણસ બીજા માણસના સ્પર્શથી અપવિત્ર ન ગણાય.

માનવતાના સંકલ્પરૂપ આંબેડકરનું જીવન એ સાચા અર્થમાં એક માનવીય વિદ્રોહ હતો, જ્ઞાતિવાદી વિસંગતિઓ સામે નમ્ર પણ અસાધારણ સંકલ્પનું દર્શન, તેમણે બતાવ્યું કે સમાજના પાયા માટે વિજ્ઞાન, જ્ઞાન અને ન્યાય અનિવાર્ય છે. તેમના પુસ્તક ''શૂદ્ર કોણ છે'' જેવા ગ્રંથોમાં તેમણે પુરાતન શાસ્ત્રોનું ગહન વિશ્લેષણ કરીને જણાવ્યું કે, શૂદ્રો પણ પૂર્વે આર્ય સમાજના અગત્યના અંગ હતાં, પરંતુ વિકૃતિઓના કારણે શોષિત બન્યા. તેઓએ એમના જીવનથી સાબિત કર્યું કે, જ્ઞાતિ કે અંધશ્રદ્ધા સમક્ષ નમવાનો અર્થ પોતાનાં માણસપણાને ખોય દેવાનો છે. જયારે આપણે ડૉ. **આંબેડકરને યાદ કરીએ છીએ, ત્યારે એ માત્ર 'અસંતોષના ચહેરા' તરીકે નહિ, પણ 'વિજ્ઞાનમૂલન માનવતાના ભવિષ્યદ્રષ્ટા' તરીકે કરીએ, જેમણે માનવીમાં રહેલા પરમાત્માને જગાડવાનો પ્રયાસ કર્યો.** સમાજમાં ફેરફાર માટે શિક્ષણ અને સમાનતા ડૉ. આંબેડકરની દૃષ્ટિએ સમાજ પરિવર્તનનું મહામંત્ર છે, એ માનવીના આત્મસન્માન, અધિકારબોધ અને સમાજ પરિવર્તન માટેનું સાધન છે. ડૉ. ભીમરાવ આંબેડકરે શિક્ષણને 'મુક્તિનું હથિયાર' ગણાવ્યું હતું.

**શિક્ષણ અને સમાનતા વચ્ચેનો અદ્વિતીય સંબંધઃ**

- શિક્ષણ એટલે અવસરો માટેનો પ્રવેશદ્વાર
  જ્યારે વ્યક્તિ ભણેલી હોય, ત્યારે તેને રોજગારી, રાજકીય ભાગીદારી અને સમાજમાં આત્મગૌરવ મળે છે.
- શિક્ષણ જાતિવાદી માન્યતાઓનું ખંડન કરે છે.
  અભ્યાસ અને સમજણ દ્વારા અંધશ્રદ્ધા, ખોટા ધાર્મિક આદેશો અને ભેદભાવ તૂટે છે.
- શિક્ષિત સ્ત્રીઓ સમાનતા તરફ પહેલ કરે છે.
  સ્ત્રી જ્યારે ભણે છે ત્યારે આખું પરિવાર ભણે છે. શિક્ષિત સ્ત્રી સમાનતા અને સ્વતંત્રતાનું પ્રતિક બને છે.
- શિક્ષણથી આંતરિક સમાનતા વિકસે છે.
  વ્યક્તિ પોતાનો હકોને ઓળખે છે, પોતાનું મૂલ્ય જાણે છે, એટલું જ નહિ, બીજાના હકનો પણ સ્વીકાર કરે છે.
- ભલે શિક્ષણના દરવાજા આજે ખુલ્લા છે, પણ હકીકતમાં ગરીબી, જાતિભેદ અને ભાષા જેવી અવરોધક પરિસ્થિતિઓ આજે પણ શિક્ષણને બધા લોકો સુધી સમાનરૂપે પહોંચવા દેતી નથી.
- ખાનગી અને સરકારી શાળાઓ વચ્ચે ઉંડો તફાવત છે.
- શિક્ષણમાં પછાત વર્ગનું સૌથી વધુ ભોગ દલિત, આદિવાસી અને પછાત સમુદાય જ બને છે.

શિક્ષણ એ સમાનતાનું બીજ છે, પરંતુ તે ત્યારે પાંગરે જ્યારે એને સમાનતાવાદી દ્રષ્ટિકોણથી પોષવામાં (ઉછેરવામાં) આવે. ડૉ. આંબેડકર આપણને મીરા તરીકે નહીં, યોધ્ધા તરીકે ભણવાનું કહે છે. મીરા ભક્તિ અને ત્યાગની પ્રતિમૂર્તિ છે. તેઓ ભગવાન માટે સર્વસ્વ ત્યાગી, શોષણ સહન કર્યો અને સ્ત્રી તરીકે ભક્તિની માર્ગે જીવન વિતાવ્યું. પણ તેઓએ સામાજિક બંધારણોનો સીધો વિરોધ કર્યો નહીં. પરંતુ ડૉ. આંબેડકરનું શિક્ષણવિઝન એવું હતું કે શોષિત વર્ગો ભક્તિમાં લિપ્ત નહીં રહે, **પણ સક્ષમ, જાગૃત અને બળવાન યોધ્ધા બને,** જે આંદોલન કરે, પ્રશ્ન પૂછે, પોતાના હકો માટે અવાજ ઊઠાવે અને શોષણની સામે લડી શકે. તેઓ ભણવાને ઉપાસના તરીકે નહીં, પરંતુ સંઘર્ષ માટેનું હથિયાર

માનતા હતા. તેથી તેઓ ભક્તિરૂપ મીરા જેવી શાળા ન હોય, પરંતુ યોધ્ધા જેવી જાગૃત, પ્રશ્નકર્તા અને દ્રઢપગે ઊભેલી વ્યક્તિ તરીકે ભણવાનું કહે છે. **''ડૉ. આંબેડકર કહે છે કે ભણો, પણ મીરા બનીને નહિ. મીરા ભક્તિ તળે ઝુકી હતી. તમે યુદ્ધ માટે ઊંભા થાઓ, ભણો, પણ યોધ્ધા બનીને. એક એવા યોધ્ધા કે જે શબ્દો દ્વારા બંદૂક કરતાં વધુ તીક્ષ્ણ બને. ભણો, જેથી તમારું શિક્ષણ તમારું શસ્ત્ર બને અને તમારી કલમ દમન સામેનો સૌથી ઘાતક પ્રહાર બને.''** એવું શિક્ષણ હોવું જોઈએ જે માણસને સજાગ, ન્યાયપ્રિય અને સામૂહિકતાવાદી બનાવે. ''શિક્ષણ એ સમાજનો આત્મા છે, અને સમાનતા એ તેનો શ્વાસ છે.''

આજના યુવાનો માટે 'સંકલ્પ'નો અર્થ વૈચારિક દિશા અને ઐતિહાસિક જવાબદારીની સદી એ યુવાનોની છે. વિશ્વની સૌથી વધુ યુવાન જનસંખ્યા ધરાવતો દેશ હોવા છતાં, ભારત સમક્ષ સૌથી મોટો પડકાર એ છે કે, આ યુવાન ઉર્જાને કઈ દિશામાં વાળવી, શું આ ઉર્જા ફક્ત નોકરીઓના સંઘર્ષમાં વેડફાઈ જશે, કે પછી તે સમાજ પરિવર્તન અને રાષ્ટ્રીય પુનઃનિર્માણ માટે ઉપયોગમાં આવશે, ડૉ. આંબેડકર જેમણે પોતાના સંકલ્પોથી સમાજના ઐતિહાસિક અંધકારમાં પ્રકાશ આપ્યો, એમ આજે પણ યુવાનો માટે ''સંકલ્પ'' માત્ર એક ભાવનાત્મક શબ્દ નહિ, પરંતુ જીવનનું દિશાસૂત્ર બની શકે છે. સંકલ્પ એ માત્ર ઈચ્છા નથી. સંકલ્પ એટલે, ''જીવનમાં કોઈ વિશિષ્ટ ઉદ્દેશ્ય માટે અડગ પ્રતિબદ્ધતા, જે મુશ્કેલીઓ સામે ઝૂકે નહીં.'' સંકલ્પ એ પથ્થર પર આંકેલી પ્રતિજ્ઞા છે, જેને પીડા, પરિસ્થિતિ કે પડકાર ડગાવી શકતા નથી.

**આજના યુવાનો માટે સંકલ્પના પાંચ મૂળ તત્વો**

૧. **શિક્ષણ માટે સંકલ્પ :** ડૉ. આંબેડકર કહેતાઃ "Be educated, be organized, be agitated." શિક્ષણ માત્ર ડિગ્રી માટે નહીં, પણ વિચારશક્તિ અને સન્માન માટે હોય એ સંકલ્પ હોવો જોઈએ.

૨. **સામાજિક ન્યાય માટે સંકલ્પ :** જ્યાં કોઈ અન્યાય પામે છે, ત્યાં ચુપ રહેવું એ પણ પાપ સમાન છે. યુવાનોએ જાતિવાદ, ભેદભાવ અને ગરીબી સામે અવાજ ઉઠાવવો જોઈએ.

૩. **મહિલા સશક્તિકરણ માટે સંકલ્પ :** જેમ ડૉ. આંબેડકર હિન્દૂ કોડ બિલ દ્વારા સ્ત્રીઓને અધિકાર આપવા માગતા હતાં, તેમ આજના યુવાનોએ પણ લિંગ સમાનતાને પોતાના જીવનમૂલ્ય બનાવવો જોઈએ.

૪. **અર્થવ્યવસ્થા અને રાષ્ટ્રઘડતર માટે સંકલ્પ :** આર્થિક વિકાસ ફક્ત મોંઘા મોલ્સ નહીં, પણ ન્યાયસંગત રોજગાર અને સમાજના છેલ્લા માનવી માટે સમૃદ્ધિ લાવવી જોઈએ. એ માટે કુશળતા અને નૈતિકતા સાથે સંકલ્પ લેવો જરૂરી છે.

૫. **સત્ય અને નિષ્કલંક જીવન માટે સંકલ્પ :** આંબેડકરજી ભ્રષ્ટાચારથી દૂર રહ્યાં. તેઓએ કદી સમાજ માટે કોઈ શરત મૂકી નહીં. એ આધારે આજના યુવાનો માટે સંકલ્પ એવો હોવો જોઈએ કે જીવનમાં પદ પૈસા કરતાં પણ પવિત્રતા અને પ્રામાણિકતા

સંકલ્પ એ વ્યક્તિગત નથી, તે સામૂહિક છે. જ્યારે યુવાન પોતાનાં જીવનમાં ઊંડો સંકલ્પ લે છે, ત્યારે તે માત્ર પોતાનું ભવિષ્ય બનાવતો નથી, પણ રાષ્ટ્રની દિશા નિર્ધારિત કરતો હોય છે. ડૉ. આંબેડકરનું જીવન, સંકલ્પના અગ્નિમાં ઘડાયેલો સાકાર સ્વપ્ન છે. “આજના યુવાનો માટે સંકલ્પ એ છે, જ્યાં અભ્યાસ ભવિષ્યની તૈયારી બને, અને નૈતિકતા એ રાષ્ટ્રસેવા માટે પાયો બને.” માનવતા જ ધર્મ છે, જ્યારે સમાજ ધર્મના નામે વિભાજન, જાતિવાદ, ઉન્માદ અને અંધશ્રદ્ધા તરફ ખેચાય છે ત્યારે એક આવાજ ઊભો થાય છે, માનવતા જ ધર્મ છે. ધર્મ એટલે માત્ર ઉપાસના નથી, પદવી નથી, કે આરાધના પદ્ધતિ નથી; ધર્મ એ જીવનના મૂલ્યો છે. ધર્મ એ છે જે માણસને વધુ સારી રીતે માણસ બનાવે. ઈતિહાસના વિવિધ તબક્કાઓએ આ મુદ્દો ઊભો કર્યો છે. અનેક મહાનુભાવોએ સમય-સમયે પૂછ્યું છે કે, શું ધર્મનો અર્થ કર્મકાંડ છે કે કર્મની શૂધતા શું, ધર્મ માણસ માટે છે કે માણસ ધર્મ માટે. ધર્મનો અર્થ સંસ્કૃતિ નહીં, સંવેદના છે, પ્રાચીન કાળથી જ ધર્મનું અર્થઘટન અનેક રીતે થયું છે. ભારતીય સંદર્ભમાં ધર્મને ‘સનાતન’ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યું, પણ તેનું વ્યાવહારિક સ્વરૂપ એવું હતું કે તેમાં જાતિના ભેદ, ભારતીય સમાજના ઈતિહાસમાં લાંબા સમય સુધી સ્ત્રીઓને દ્વિતીય સ્થાન અપાયું, એવું સ્થાન, જ્યાં તેમના અધિકાર, નિર્ણયશક્તિ અને ગૌરવ પુરુષોની સરખામણીએ હંમેશા પાછળ રહે.

ઘરના આંગણાથી લઈને રાજ્યવ્યવસ્થાના મંચ સુધી, સ્ત્રીઓનો અવાજ ઘણીવાર અવગણવામાં આવ્યો, તેમના યોગદાનને માન્યતા મળવી દુર્લભ બની રહી. આ સામાજિક માળખું માત્ર લિંગભેદ પર આધારિત ન હતું, પણ તે પિતૃસત્તાત્મક વિચારસરણીમાં ગાઢ રીતે વણાયેલું હતું, જ્યાં સ્ત્રીને જીવનના મુખ્ય ક્ષેત્રોમાં સમકક્ષ ભાગીદાર માનવાની માનસિકતા વિકસતી નહોતી. આ સાથે જ, સમાજમાં એવી 'જમાતો' હતી, જેમને પરંપરાગત ધાર્મિક માન્યતાઓમાં અશ્રદ્ધાળુ અથવા 'અપરિચિત' ગણાતી. તે સમુદાયો, ઘણીવાર અનુસૂચિત જાતિ, વંચિત વર્ગો, કે લોકવિશ્વાસથી ભિન્ન માર્ગ અપનાવનારા માટે સમાજના મનમાં સ્થિર અવમાનના હતી. આ અવમાનના માત્ર સામાજિક વ્યવહારમાં જ નહીં, પરંતુ ધાર્મિક કૃત્યો, આર્થિક વ્યવહારો અને રાજકીય હકોમાં પણ ઝાંખી દેખાય છે. આવી પરિસ્થિતિમાં, સ્ત્રીઓ અને અશ્રદ્ધાળુ ગણાતી જમાતો બંનેએ દ્વિગુણ શોષણ સહન કર્યું, એક તરફ તેમની ઓળખને કારણે અને બીજી તરફ તેમની સામાજિક સ્થિતિને કારણે. તેઓ માટે માન-મર્યાદા, સમાન અધિકાર અને ન્યાય મેળવવાનો માર્ગ અતિ કઠિન બન્યો. છતાં, ઈતિહાસના પાનાઓ સાક્ષી છે કે અનેક ક્રાંતિકારી અવાજો એ આ દ્વિતીયતાના બંધન તોડવાનો પ્રયાસ કર્યો, અને માનવમાત્ર માટે સમાન ગૌરવ તથા સમાન તકનું સ્વપ્ન જોવાનું શરૂ કર્યું. આવી સ્થિતિમાં ધર્મ એટલે માનવતા વિદ્રોહી વાત લાગતી હતી. પરંતુ સાચો ધર્મ તો એ છે જેમાં કોઈ એક વર્ણ, એક જાતિ, કે એક પદ્ધતિ નથી હોતી, એ છે તત્વ ભાવના અને સમભાવ. જે કોઈને નાના નહિં ગણે એ ધર્મ, જે કોઈને વંચિત ન રાખે એ ધર્મ, જે દુઃખીને વહાલની દૃષ્ટિથી જુએ એ ધર્મ.

ડૉ. આંબેડકરનું માનવતાવાદી ધર્મવિચાર કર્યો હતો જેમાં ડૉ. આંબેડકરે પોતાના જીવનભર અનેક ધર્મગ્રંથો અને સિદ્ધાંતોનું સંશોધન કર્યું. તેમનો ઉદ્દેશ "કયો ધર્મ માણસને સંતોષ, સમાનતા અને સ્વતંત્રતા આપે" એવો હતો. તેઓ સ્પષ્ટ રીતે કહેતા, "હું એવો ધર્મ પસંદ કરીશ જે માનવીમાં સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા ઉભી કરે." તેમણે માન્યું કે, એક એવા સમાજમાં જ્યાં ધર્મ જ અસ્પૃશ્યતાને નિયમીત કરે, તે ધર્મ માનવતાવિરૂદ્ધ છે. માનવતા, આજે વધુ જરૂરી છે, આજની દુનિયા ડિજિટલ છે, પરંતુ હૃદય અંધકારમય છે. અતિરિક્ત ધર્મોત્સાહ, ધર્મના નામે રાજકીય પ્રચાર, અને મૌલિક હિંસાઓના ઉન્માદ વચ્ચે

'માનવી બનવું' અધૂરું થઈ ગયું છે. રેલવેમાં બેઠેલા મુસાફર પોતાના ઠેકાણે જીવત પહોંચશે, એવો વિશ્વાસ નથી, ભોજન ન હોય તો પણ ધાર્મિક યાત્રા યોજાય છે, અને સમાજમાં વ્યર્થ દેખાવ માટે કરોડો રૂપિયાનું ધર્મગાન ઊભું થાય છે. એવા સમયે માનવતા જ સાચો ધર્મ બને છે. એક ભૂખ્યા બાળકને ખવડાવવું, એક વૃદ્ધનું કહેવું સાંભળવું, સ્ત્રી માટે સમ્માન રાખવો, અલ્પસંખ્યકોને સમાન અધિકાર આપવો, આ બધું ધર્મ છે, જે માનવતાથી ઊગે છે. ડૉ. આંબેડકરે તર્કબુદ્ધિ અને વૈજ્ઞાનિક રીતે ધર્મનો અભ્યાસ કરીને એવો ધર્મ વિકસાવ્યો જે ગરીબો, સ્ત્રીઓ અને શ્રમિકોની શોષણથી મુક્તિનો માર્ગ બની શકે.

આમ, માનવતાના આ પ્રચારકોએ ધર્મને માત્ર પૂજા નહીં, પણ સેવા, સંવેદના અને સમાનતાના દ્રષ્ટિકોણથી ઉજવ્યો. ભાવિ દિશા શિક્ષણ, વિચાર અને વર્તન જ્યારે વિદ્યાર્થીઓ શીખે છે કે ધર્મનો સૌથી મોટો પાયો માનવમૂલ્યો છે, ત્યારે તેઓ મુસાફરીમાં મદદ કરે છે, દયાળુ બને છે અને સમાજમાં સામૂહિક સુખ માટે પ્રયત્ન કરે છે. સમાજમાં જ્યાં માનવતાને ધર્મનું મૂળ સમજીને વર્તન થશે, ત્યાં સમતાનું અને શાંતિનું સામાજિક માળખું ઊભું થશે. સંપૂર્ણતા એમાં છે કે માનવતા સર્વોચ્ચ હોય. સાચો ધર્મ એ છે જેમાં કોઈની જાતિ, ધર્મ કે વર્ગને લીધે ભેદ ન હોય. ધર્મ એ માણસના હૃદયમાંથી ઊગે છે. ભીમા-કોરેગાંવના યોદ્ધાઓથી લઈ સંભાજી મહારાજ સુધી અને ડૉ. આંબેડકરથી મધર ટેરેસા સુધી, દરેકે એવું સાબિત કર્યું છે કે જ્યારે અન્યાય સામે માનવતા ઊભી થાય છે ત્યારે એ જ સાચો ધર્મ બને છે. રાષ્ટ્ર માટેનું સ્વપ્ન દરેકનું જીવન એક ઉદ્દેશ સાથે જન્મે છે, ડૉ. આંબેડકરનું જીવન એ એવા અવાજનું પ્રતિનિધિત્વ કરે છે, જે વિરામ નહીં જાણે. તેઓના જીવનસંદેશનો અંતિમ આહવાન એ છે કે "એક એવું રાષ્ટ્ર ઘડો, જ્યાં સમાનતાના બીજ હૃદયમાં અને ન્યાયના વૃક્ષો ચેતનામાં ઉગે."

# ૨૦. માનવતા તરફની અનંત યાત્રા

ડૉ. ભીમરાવ આંબેડકર એક એવા યુગપુરુષ હતા, જેમણે પોતાના સમયને જીવીને પણ, ભવિષ્યના યુગ માટે વિચાર્યું. તેઓના વિચારોનો પ્રવાહ માત્ર ૨૦મી સદી પૂરતો મર્યાદિત ન હતો, પરંતુ એક સદીથી પણ આગળનો માર્ગ દર્શાવતા હતા. એ કારણે જ આંબેડકરને દીર્ઘદ્રષ્ટા કહેવામાં આવે છે. તેઓએ સમાજ, અર્થતંત્ર અને ધર્મના દરેક ક્ષેત્રમાં એવો દષ્ટિકોણ આપ્યો કે જે આજના સમયમાં પણ આધુનિક ગણાય છે. સ્ત્રીસશક્તિકરણ, અસ્પૃશ્યતા નિવારણ, આર્થિક સમાનતા, વૈજ્ઞાનિક ચેતના અને અંધશ્રદ્ધા વિરુદ્ધનો મોરચો, આ બધું ૨૦મી સદીની શરૂઆતમાં જ તેમણે જોરશોરથી ઉચ્ચાર્યું હતું. આજના યુગમાં, જ્યારે વિશ્વ સ્ત્રી મુક્તિ, Inclusive Growth અને Scientific Temper પર ભાર મૂકે છે, ત્યારે ડૉ. આંબેડકરનાં વિચારો એ માટે પહેલેથી જ માર્ગ તૈયાર કરી ચૂક્યા હતા. આંબેડકરે સ્પષ્ટ કહ્યું હતું, “જાતિ એ માનવતાના વિરુદ્ધનું ષડયંત્ર છે.” તેમણે જાણ્યું કે રાષ્ટ્રની સાચી ઊંચાઈ એના નાગરિકોની એકતા પર આધારિત છે. મહાડ સત્યાગ્રહ (૧૯૨૭), મંદિર પ્રવેશ આંદોલન (૧૯૩૦), પુના પેક્ટ (૧૯૩૨), આ બધા સંઘર્ષો સાબિત કરે છે કે આંબેડકર માટે ન્યાય ફક્ત કાનૂની અધિકાર ન હતો, પરંતુ માનવની આત્મસન્માનની લડાઈ હતી. તેઓએ સમગ્ર સમાજને સમજાવ્યું કે જાતિવાદનું ઉચ્છેદ કરવું એ માત્ર સામાજિક નહિ, પરંતુ રાષ્ટ્રીય ફરજ છે. આંબેડકર માટે અર્થશાસ્ત્ર ફક્ત આંકડાઓની રમત નહોતું. તેઓએ કહ્યું: “જે આર્થિક વ્યવસ્થા સૌને ન્યાય નથી આપતી, તે ફક્ત વેપાર છે, રાષ્ટ્રનિર્માણ નહીં.” દામોદર વેલી પ્રોજેક્ટ, હિરાકુડ ડેમ યોજના, કૃષ્ણા-ગોદાવરી નદી જોડાણ યોજના, આ બધું દર્શાવે છે કે તેઓ આર્થિક વિકાસને ફક્ત GDP દ્વારા નહિ, પરંતુ ગરીબો અને પછાતોના જીવનસ્તરમાં જોયો. તેમના માટે પાણી, વીજળી અને સંસાધનોનો ન્યાયપૂર્ણ વિભાજન એ રાષ્ટ્રની સુખાકારીનું સાચું માપદંડ હતું.

ડૉ. આંબેડકરનું જીવન માત્ર એક જીવનકથા નહોતું, તે માનવતાની અનંત યાત્રાનું દર્પણ હતું. તેમણે શીખવ્યું કે સાચું રાષ્ટ્ર એ નથી, જે સત્તાના મહેલોમાં બાંધવામાં આવે, પરંતુ એ છે, જે ગરીબોના હૃદયમાં આશાની જ્યોત પ્રગટાવે

અને ન્યાયનો દીવો પ્રગટાવે, “ન્યાય વિના રાષ્ટ્ર ખોખલું હોય તેવું આંબેડકરનું માનવું હતું” આંબેડકરની આ વાણી માત્ર સૂત્ર નથી, પરંતુ માનવજાતના ઉદ્ધાર માટેનો જીવંત સંદેશ છે. આજે પણ જયારે અસમાનતા, ગરીબી અને જાતિભેદ આપણને ઘેરી રહ્યું છે, ત્યારે આ દીવો આપણને માર્ગ બતાવે છે. અને સમાનતાનું વાવેતર કરવાનું કહે છે, એટલે તો, આંબેડકરે શિક્ષણને હથિયાર બનાવ્યું. તેઓ માનતા હતા કે શિક્ષણ વિના મુક્તિ અધૂરી છે, અને સમાનતા વિના સ્વતંત્રતા અધૂરી છે.

ડૉ. આંબેડકર એક એવા યુગપુરુષ હતા જેઓ ભવિષ્યને જોઈ શકતા હતા. તેમના વિચારો આજે પણ આપણને દિશા આપે છે અને આવનારી પેઢીઓને પ્રેરણા આપે છે. આંબેડકરવાદ એ માત્ર એક રાજકીય કે સામાજિક સિદ્ધાંત નથી, તે ભારતના રાષ્ટ્રજીવન માટેનો દીપસ્તંભ છે. “ડૉ. આંબેડકર- યુગપુરુષ, દીર્ઘદ્રષ્ટા અને માનવતાના શિલ્પકાર છે, તેમનું જીવન એક સંકલ્પ છે, તેમનાં વિચારો એક માર્ગ છે અને તેમનો વારસો, રાષ્ટ્રની અનંત શક્તિ છે.” “માણસનું ભાવિ ભગવાનના હાથમાં નથી, તેમના જ હાથમાં છે.” પ્રગતિનો માર્ગ ભાગ્યમાં નહિ, પુરુષાર્થ અને ચિંતનમાં છુપાયેલો છે. “આંબેડકરવાદ એ માનવતાનો દીવો છે, જે કદી બુઝાય નહીં, જે સદાય અંધકારને ચીરી પ્રકાશ ફેલાવશે.”

**“શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરો.”**

આ એક પંક્તિ આખા રાષ્ટ્રની પ્રગતિનું વાવેતર છે. આ વાવેતર કરવામાં આપણે સફળ થયા તો, માનવતાનો ધર્મ ભારતમાં રહેનાર હર કોઈ વ્યક્તિ સમાજ કે રાષ્ટ્રને પ્રાપ્ત થશે, તેઓ ધર્મને અંધશ્રદ્ધાથી મુક્ત કરી, તેને માનવતાથી જોડયો. બૌદ્ધ ધર્મ સ્વીકારીને તેમણે દુનિયાને સંદેશ આપ્યો કે ધર્મ એ મનુષ્યને બાંધવા માટે નહીં, પરંતુ મુક્ત કરવા માટે છે. “હું એવો ધર્મ પસંદ કરું છું, જે સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વ શીખવે.” તેઓ ભવિષ્ય માટેના સંકલ્પની યાત્રાથી પૂર્ણ થાય છે, પરંતુ આંબેડકરની ચિંતનયાત્રા કદી પૂર્ણ થતું નથી. તેમનો એક કરૂણ અવાજ સંભળાશે અને એક નવજીવનની ગર્જના અનુભવાશે. અને એ ગર્જના આપણને કહે છે, ભેદભાવ સામે ઊભા રહો, શિક્ષણ તરફ દોડો અને ન્યાયને જીવનનો શ્વાસ બનાવો. જે આપણને યાદ અપાવે છે કે ઈતિહાસ માત્ર વાંચવાનો નથી, ઈતિહાસ તો ભવિષ્ય ઘડવા માટે જીવવાનો છે. “માનવતા એ જ સાચું

રાષ્ટ્ર છે." તેઓના શબ્દોમાં આજ અવાજ સાંભળવા મળે છે, માનવતા એ જ સાચો ધર્મ છે, ડૉ. આંબેડકરની યાત્રા માત્ર એક મહાન નેતાની કથા નહોતી; એ તો માનવજાતના સંઘર્ષ, વેદના અને સ્વપ્નોથી ભરેલી સદીઓની પ્રતિધ્વનિ હતી. તેમણે આપણને શીખવ્યું કે રાષ્ટ્રનું સાચું માપદંડ એની તલવાર કે સત્તા નથી, પરંતુ એ છે એની માનવતાની ઊંડાઈ. આ ઊંડાઈથી ન્યાયનું અજવાળું મળે છે, નહિતર "ન્યાય વિનાનું રાષ્ટ્ર ખોખલું હોય છે." આ વાક્ય માત્ર કાગળ પરનું શબ્દસમૂહ નથી; તે દરેક પીડિત હૃદયમાંથી ઉઠેલો કરૂણ અવાજ છે. જયારે અન્યાય, ગરીબી અને ભેદભાવ આપણને ઘેરી લે છે, ત્યારે આંબેડકરનો દીવો આપણને પ્રકાશ આપે છે. તેઓ શિક્ષણને ક્રાંતિનું શસ્ત્ર કયું હતું, આંબેડકરની આંખોમાં હંમેશાં એક સંદેશ ઝળહળતો હતો આ માત્ર સૂત્ર નહીં, પણ સમાનતાનું બીજ છે. શિક્ષણ સાચી મૂડી છે, જે ગરીબને, અસ્પૃશ્યને, પછાતને માનવતાની ઊંચાઈએ લઈ જાય છે. આ પુસ્તકના પાનાંઓમાં ભૂતકાળનો રોદન પણ છે અને ભવિષ્યની ગર્જના પણ છે. તે આપણને યાદ અપાવે છે કે,

જ્યાં ભેદભાવ છે, ત્યાં ન્યાયનો દીવો પ્રગટાવો.
જ્યાં અજ્ઞાન છે, ત્યાં શિક્ષણનો માર્ગ ખોલો.
જ્યાં અંધશ્રદ્ધા છે, ત્યાં વૈજ્ઞાનિક ચેતના જગાવો.
આ પુસ્તક સાદી સાક્ષી નથી, આ પુસ્તક છે,
સમાજના દુઃખોનું દર્પણ,
માનવતાના સંઘર્ષનો ઘોષણાપત્ર,
અને ન્યાયના દીવાને જીવંત રાખતી ચેતનાની જ્યોત.
"રાષ્ટ્ર એ લોકોના શોષણ માટે નહિ, લોકો માટે હોવું જોઈએ."
માનવતા જ રાષ્ટ્ર છે,

હે સમયના યાત્રિકો,
આ પાનાં ફક્ત શબ્દો નથી,
આ છે સંઘર્ષની રક્તશાહી,
આ છે માનવતાના આંસુઓ અને સપનાંઓનું દર્પણ.

જ્યાં ભૂખ છે ત્યાં રોટલો હોવો જોઈએ,
જ્યાં અંધકાર છે ત્યાં દીવો હોવો જોઈએ,
જ્યાં અસ્પૃશ્યતા છે ત્યાં સમાનતા હોવી જોઈએ.

**ડૉ. આંબેડકરનો દીવો કહે છે,**
"શિક્ષિત બનો, સંગઠિત બનો, સંઘર્ષ કરો,"
કારણ કે ન્યાય વિનાનું રાષ્ટ્ર માત્ર નકશા પરનો આકાર છે.

અમે કદી મૌન ન રહીએ,
કારણ કે મૌન પણ ક્યારેક અપરાધ છે.
અમે કદી ઝૂકી ન જઈએ,
કારણ કે માનવતાનું માથું ઊંચું હોવું જ જોઈએ.

આ પ્રાર્થના નથી દેવતાઓ માટે,
આ પ્રાર્થના છે માણસ માટે,
જ્યાં દરેક મનુષ્ય એક બીજાને ભાઈ માને,
જ્યાં દરેક નાગરિક રાષ્ટ્રનો સહ-ઘડવૈયો બને.

હે ભીમ,
આપણે આપેલો દીવો કદી બુઝાય નહિ,
આપણે આપેલો માર્ગ કદી ખૂટે નહિ.
અમારી પ્રતિજ્ઞા છેઃ
રાષ્ટ્ર માનવતા માટે હશે,
શોષણ માટે નહિ.
**સંકલ્પગીત આંબેડકરના પ્રકાશમાં**

હે મહામાનવ!
તમે બતાવેલો માર્ગ અવિનાશી છે,

અમે સૌ વચન આપીએ છીએ,
અજ્ઞાનના અંધકારને તોડી,
જ્ઞાનના દીવા પ્રગટાવીશું.

હે ન્યાયના દીપસ્તંભ!
તમારા સંઘર્ષોથી શીખી
અમે કદી ડગશું નહીં, ઝૂકશું નહીં,
સમાનતાના પંથે ચાલતા
અન્યાયને મૌન સમર્થન આપશું નહીં.

હે માનવતાના પૂજારી!
તમારા સ્વપ્નો હવે અમારા સંકલ્પ છે,
દરેક શોષિતના આંસુઓને
આશાના મોતીમાં ફેરવીશું.

હે ચેતનાના પ્રેરક!
અમે વચન આપીએ છીએ,
શિક્ષિત બનશું, સંગઠિત થશું, સંઘર્ષ કરશું,
અને રાષ્ટ્રને સાચી લોકશાહીના રંગોથી રંગીશું.

**પ્રતિજ્ઞા**

હું, આંબેડકરવાદના પ્રકાશમાં, આ પ્રતિજ્ઞા કરું છું,

**શિક્ષણ**

હું જીવનભર શિક્ષિત થવાની ઝંખના રાખીશ અને અજ્ઞાનના અંધકારને જ્ઞાનના પ્રકાશથી દૂર કરીશ.

**સમાનતા**

હું કોઈ જાતિ, ધર્મ, લિંગ કે વર્ગના આધારે કોઈ માનવને નાનો કે મોટો માનવાનો નથી.

**ન્યાય**

હું હંમેશા ન્યાય માટે અવાજ ઉઠાવીશ. મૌન પાળીને અન્યાયને સહકાર આપતો નથી.

**માનવતા**

હું માનવીય મૂલ્યો, કરુણા અને સહભાગિતાને મારા જીવનનો આધાર બનાવું છું.

**આંદોલન**

હું ડૉ. આંબેડકરના સૂત્ર - "શિક્ષિત બનો, સંગઠિત બનો, આંદોલન કરો" ને જીવનમાં ઉતારું છું.

**રાષ્ટ્રનિર્માણ**

હું મારા શ્રમ, જ્ઞાન અને સંકલ્પથી રાષ્ટ્રને મજબૂત અને માનવતાવાદી બનાવવામાં યોગદાન આપીશ.

આ પ્રતિજ્ઞા ફક્ત શબ્દો નથી,
એ આપણા જીવનના દિશાસૂત્ર છે.
જ્યાં સુધી આ પ્રતિજ્ઞા આપણા મનમાં જીવંત છે,
ત્યાં સુધી ડૉ. આંબેડકરનું ચિંતન અમર છે.

**કાવ્યાત્મક પ્રતિજ્ઞા**

હું શપથ લઉં છું કે આ જીવનમાં,
અજ્ઞાનનો અંધકાર હરાવીશ;
જ્ઞાનનો દીવો પ્રગટાવી,
શિક્ષણનો પ્રકાશ ફેલાવીશ.

જાતિ, ધર્મ કે વર્ણ ભેદ,
માનવને કદી ન ગણીશ નાનો;
સમાનતાનું બીજ ઉગાડી,
પ્રેમથી ભરીશ દરેક માનવો.

ન્યાય જ્યાં શ્વાસે શ્વાસે વાગે,
અન્યાયે કદી ન લઈ મૌન;
સત્યનો અવાજ ઊંચો કરી,
માનવતા બાંધું સૌના પ્રાણ.

ડગતો નહિ, ઝૂકતો નહિ,
સંઘર્ષમાં અડગ રહીશ;
શિક્ષિત, સંગઠિત, સંઘર્ષ,
આ સૂત્રે જીવન જીવીશ.

રાષ્ટ્ર નથી શોષણ માટે,
રાષ્ટ્ર છે લોકોના હિત માટે;
મારા શ્રમ અને જ્ઞાનથી,
રાષ્ટ્રને ગઢીશ નવ ભારતે.

“મનોબળથી જ સર્જાયે મહાનતા,
અને સંકલ્પથી જ રાષ્ટ્ર બને અજેય.”

**પ્રાર્થના**

હે મહામાનવ,
તમારા જીવનથી અમે શીખ્યા છે કે,
દુઃખો હોય કે અપમાનો,
મનોબળથી બધું જીતાય છે.
અમે આજે અહીં પ્રતિજ્ઞા કરીએ છીએ કે,
અજ્ઞાનના અંધકારને દૂર કરી,
શિક્ષણનો દીવો પ્રગટાવીશું.
સમાનતાનું બીજ વાવી,
પ્રેમ અને ન્યાયથી ભરેલું સમાજ રચીશું.

અન્યાય સામે મૌન નહિ,
પણ સત્યનો અવાજ ઊંચો કરીશું.

શિક્ષિત બનો, સંગઠિત બનો, સંઘર્ષ કરો,
આ સૂત્રને જીવનના મંત્ર તરીકે જીવીશું.
રાષ્ટ્ર આપણું છે,
શોષણ માટે નહિ,

પણ સર્વના સુખ અને વિકાસ માટે છે.
એથી અમે નાગરિક નહીં,
પણ રાષ્ટ્રના ઘડનાર બનીને ઉભા રહીશું.
છંદબધ્ધ પ્રાર્થના
જ્યાં દુઃખો ઘેરાં, અપમાનોની રાત,
ત્યાં દીવો બની ઊભા થયા ભીમરાવ સાહેબ સાથ.
ડગ્યા નહીં, ઝૂક્યા નહીં, મનોબળથી લડ્યા,
ન્યાય-સમાનતાના સૂત્રથી વિશ્વને જડ્યા.

શિક્ષિત થવાનો શપથ અમે લઈએ,
જ્ઞાનદીપથી અંધકારો દૂર કરી દઈએ.
સંગઠિત થઈને હૃદયમાં પ્રેમ ઉગાડીશું,
અન્યાય સામે નિર્ભય અવાજ ઊઠાવીશું.

સમાજ એ આપણું મંદિર, માનવતા એ ધર્મ,
ન્યાય એ પ્રાર્થના, સમાનતા એ કર્મ.
અસ્પૃશ્યતા-ભેદભાવના તોડી બધાં કિલ્લા,
બંધુત્વની માટીમાં પ્રેમનાં વાવીએ તિલ્લા.

રાષ્ટ્ર એ પ્રજાનું છે, શોષણનું મંચ નથી,
પ્રજાપ્રધાન ભારત, સત્યનો સંદેશ છે જહીં.
દરેક નાગરિક ઘડનાર, નિર્ણયોમાં સાથી,
આ છે બાબાસાહેબની વારસાની કથા સાચી.

શિક્ષિત, સંગઠિત, સંઘર્ષ મંત્ર જલંત,
મનોબળથી જ બને છે રાષ્ટ્ર મહાનંત.
અમે સૌ પ્રતિજ્ઞા કરીએ આજે અડગ બની,
માનવતા-ન્યાયના માર્ગે ચાલીએ સૌ મણી.

**દોહા**

ન્યાય-સમાનતા દીપે, ભીમજ્યોત જગમાં,
ડગ્યા નહિ ઝૂક્યા કદી, અડગ રહી સંગમાં ॥
શિક્ષિત બનો સંગઠિત, સંઘર્ષનો મંત્ર,
માનવધર્મ પ્રગટાવે, સમાનતાનો તંત્ર ॥
દુઃખ-અપમાન સહન કરી, મનોબળે માર્ગ ચિત,
મહામાનવ બન્યા ભીમ, પ્રકાશે રાષ્ટ્ર-ચિત ॥
રાષ્ટ્ર પ્રજાનું મંદિર, માનવતા એ ધર્મ,
અંધકાર હરવા લગી, ન્યાય જ અગ્નિ કર્મ ॥
યુગયુગ સુધી પ્રેરણા, ભીમવાણી આપ,
ન્યાય-ભક્તિ-વિજ્ઞાનથી, જીવન કરી સુખમાપ ॥

**આ યુગ આંબેડકરવાદી યુગ છે**

રાષ્ટ્રની ગાથા ફક્ત તલવારથી નથી લખાતી,
તે લખાય છે શિક્ષણના દીવા, ન્યાયની કલમ અને સમાનતાના સંકલ્પથી.
ડૉ. આંબેડકરનું જીવન એ જ સાબિત કરે છે,
દુઃખો સમુદ્ર બની આવ્યા,
પણ તેમણે તેને મનોબળની નાવથી પાર કર્યા.

અપમાનના ઘા વરસ્યા,
પણ તેમણે તેને આત્મસન્માનની ઢાલથી અટકાવ્યા.
ગરીબી અંધકાર બની ઘેરી,
પણ તેમણે તેને જ્ઞાનના દીપથી પ્રગટાવ્યો.
તેઓ ફક્ત એક યુગના નેતા ન હતા,
તેઓ સમયથી બંધાયેલા ન હતા,
તેઓ ભવિષ્યના શિલ્પી હતા,
જેમના વિચારો સદી કરતાં પણ આગળ પ્રકાશિત થાય છે.
આજે જ્યારે આપણે "વિકસિત ભારત"નું સ્વપ્ન જોતા હોઈએ,
ત્યારે યાદ રાખવું પડે છે કે,
વિશ્વાસનો પાયો સમાનતા છે,
શક્તિનો સ્રોત એકતા છે,
અને પ્રગતિનો માર્ગ શિક્ષણ છે.

આજના ભારતનું સમયચક્ર વિચારોથી ઘડાય છે. એ વિચારોમાં સૌથી પ્રબળ અને અવિનાશી વિચારધારા છે, આંબેડકરવાદ. ડૉ. આંબેડકરે પોતાના જીવન દ્વારા સાબિત કર્યું કે ન્યાય, સમાનતા અને સ્વતંત્રતા વિના કોઈ પણ રાષ્ટ્રનું અસ્તિત્વ ખોખલું છે. તેમણે એવું બંધારણ આપ્યું કે જે માનવતાની ઊંચી મૂલ્યવ્યવસ્થાને જીવંત રાખે છે. તેમણે શીખવ્યું કે સમાજના સૌથી અંતિમ વ્યક્તિના આંસુ લૂછ્યા વગર પ્રગતિનો અર્થ નથી. આજે જ્યારે ૨૧મી સદીનું ભારત "વિકસિત ભારત"નું સપનું જોઈ રહ્યું છે, ત્યારે તે સપનાનો સાચો પાયો આંબેડકરવાદમાં જ છે. સમાનતા વિના વિકાસ નહીં, ન્યાય વિના સ્વતંત્રતા નહીં અને શિક્ષણ વિના સમાજનું પુનઃજાગરણ નહીં, આ જ આ યુગનો મૂળમંત્ર છે.

- આ યુગ નેતા-પૂજાનો નથી, વિચાર-પૂજાનો છે.
- આ યુગ જાતિ અને અંધશ્રદ્ધાનો નથી, વૈજ્ઞાનિક ચેતના અને માનવતાનો છે.
- આ યુગ શોષણ અને અસમાનતાનો નથી, સમાનતા અને સશક્તિકરણનો છે.

આ ઘોષણા એ છે, કે "આ યુગ આંબેડકરવાદી યુગ છે." કારણ કે જે વિચાર સમાજને જીવંત રાખે છે, જે નાગરિકને સશક્ત કરે છે, જે રાષ્ટ્રને ન્યાયના

માર્ગે દોરી જાય છે, એ જ વિચાર, યુગને વ્યાખ્યાયિત કરે છે. ડૉ. આંબેડકરના આદર્શો માત્ર ઇતિહાસના પાનાંઓમાં નથી, તે આપણા આજ અને આવતી કાલના દીપસ્તંભ છે. એટલે આ પુસ્તકના દરેક પાનાં સાથે આપણે એ જ વચન ફરીથી લઈએ કે આ જ આંબેડકરવાદ છે, અને આ જ આજના યુગ પુરુષનું સાચું માર્ગદર્શન છે." આંબેડકર માટે રાષ્ટ્ર માત્ર ભૂમિનો તુકડો કે રાજકીય સત્તાની રચના નહોતું. તેઓ માનતા હતા કે એક સાચું રાષ્ટ્ર ત્યારે ઊભું થાય છે, જ્યારે એમાં વસતા દરેક નાગરિકને પોતાની પૂરી માનવસત્તાથી જીવી શકાય તેવો અવકાશ મળે. "રાજ્ય અને રાષ્ટ્ર વચ્ચે તફાવત છે. રાજ્ય સત્તાવ્યવસ્થા છે; રાષ્ટ્ર જીવનમૂલ્યોનું ઘડતર છે," એમ તેમણે સંસદભવનમાં કહ્યું હતું. તેમના દૃષ્ટિકોણમાં રાષ્ટ્ર એ સતત ચાલી રહેલી સંવેદનાત્મક પ્રક્રિયા છે, જેમાં દરેક વ્યકિત પોતાની ઓળખથી ઉપર ઉઠીને સામૂહિક ભવિષ્યમાં યોગદાન આપે. એ માટે તેમણે બંધારણ રચ્યું, એક એવો દસ્તાવેજ જે માત્ર નિયમોની પંક્તિ નહીં, પણ માનવતાના સંગીતીત મૂળમંત્ર છે.

ન્યાય વિકાસના કેન્દ્રસ્થાને હોવો જોઈએ જ્યાં ન્યાય મર્યાદિત વર્ગ માટે હોય, ત્યાં રાષ્ટ્રજ્ઞાન અધૂરૂં રહે છે. આંબેડકર માનતા હતા કે વિકાસના કેન્દ્રીય મૂલ્ય ન હોવું જોઈએ, તેમણે આરક્ષણ, શિક્ષણના અધિકાર અને શ્રમિક હિતના અધિનિયમો દ્વારા બતાવ્યું કે "સાચું રાષ્ટ્ર ત્યારે બને, જ્યારે મહામહિમોમાં નહીં, સામાન્ય વ્યક્તિની જરૂરિયાત પણ સાંભળી શકાય." તેમને "રાષ્ટ્રીય એકતા" ખાલી ઔપચારિક ચીજ તરીકે નથી લાગતી, એ તો એક જીવંત ચેતનાનો પ્રવાહ હતો, જેમાં દરેક વ્યક્તિનું યોગદાન અને વ્યક્તિગત ધરોહર મહત્વ ધરાવે છે, "હું પ્રકાશ બનીશ, હું પથદર્શક બનીશ". "હું મારા જીવનને પીડાનો અનુવાદ નહિ, પણ માનવતાનું સંકલ્પપત્ર બનાવીશ." તેઓ કહેતા કે આપણે યોધ્ધા બનીએ, ભોગ બનતા નહીં. તેઓ સમાજ માટે સંઘર્ષમાં માનતા હતા. તેમનો રાષ્ટ્રવિઝન એ છે કે દરેક નાગરિક પોતાની જાતિના કોષમાંથી બહાર આવી ને એક મોટા માનવધર્મમાં જોડાય, જ્યાં અર્થશાસ્ત્ર, ધારાશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને નૈતિકતા એકબીજાને માર્ગ બતાવે.

આજના યુગનો સાચો મંત્ર એ જ છે, શિક્ષણથી અજ્ઞાનને હરાવો, સંગઠનથી વિઘાટનને દૂર કરો, સંઘર્ષથી ન્યાયને જીવનતંત્રમાં ફેરવો. આ પુસ્તક

હવે પૂરૂં થતું નથી, એ અહીંથી જ નવો માર્ગ શરૂ કરે છે. ડૉ. ભીમરાવ આંબેડકરનું જીવન એ માત્ર એક વ્યક્તિની યાત્રા નથી,

એ તો સમગ્ર માનવજાતના સંઘર્ષ અને સંકલ્પનું પ્રતિબિંબ છે.

માતાનું છત્ર ગુમાવનાર બાળક,

અપમાન સહન કરનાર વિદ્યાર્થી,

ગરીબીમાં જીવતો યુવાન,

અને એક પછી એક કુટુંબજનો ગુમાવતો પતિ, પિતા, એ બધાં ઘાવોને મનોબળમાં ફેરવી હતી, અને આજે પણ આપણા રાષ્ટ્રના વિવેકને ઝંઝોળે છે.

તેઓ દીર્ઘદ્રષ્ટા હતા, જ્યારે દુનિયા હજી સ્ત્રી અધિકાર, આર્થિક સમાનતા અને વૈજ્ઞાનિક ચેતનાની ચર્ચા પણ કરતી ન હતી, ત્યારે આંબેડકરે તે માર્ગ બતાવ્યો હતો. આજે વિશ્વ જે વિચારોને આધુનિકતા માને છે, તે તેઓએ સદી પહેલાં જ ઉઘાડ્યાં હતાં. આથી આ પુસ્તક ફક્ત ઈતિહાસ નથી, આ તો એક જીતી જાગતી ઘોષણા છે, આ યુગ આંબેડકરવાદી યુગ છે. કારણ કે, અહીં માનવતા ધર્મ કરતાં ઊંચી છે. અહીં ન્યાય કાયદાથી પણ વધારે મૂલ્યવાન છે. અહીં દરેક નાગરિક ફક્ત મતદાતા નથી, પરંતુ રાષ્ટ્રનો સહનિર્માતા છે. જયારે તમે આ પાનાંઓ બંધ કરશો, ત્યારે વાસ્તવમાં એક નવું અધ્યાય ખુલશે તમારા જીવનમાં, સમાજના માર્ગમાં અને રાષ્ટ્રના ભવિષ્યમાં.

"શિક્ષિત બનો, સંગઠિત બનો, સંઘર્ષ કરો"

આ ફક્ત સૂત્ર નથી,

આ યુગનું ઘોષણાપત્ર છે.

આંબેડકરનું રાષ્ટ્ર હવે આપણું દાયિત્વ આજના સમયમાં જ્યારે ટેક્નોલોજી ઝડપથી વધી રહી છે પણ માનવતાની મૂલ્યો ક્ષીણ થઈ રહ્યા છે, ત્યારે ડૉ. આંબેડકરના માનવતાવાદી, ન્યાયપ્રિય અને ચેતનાવંત રાષ્ટ્રવિઝન આપણા માટે દીપસ્તંભ સમાન બની ઊભું રહે છે. તેમણે સ્પષ્ટ કહ્યું હતું, **"જ્યાં ભેદભાવ છે ત્યાં વિકાસ નહીં, જ્યાં અન્યાય છે ત્યાં નીતિ નહિ, જ્યાં જાતિ છે ત્યાં રાષ્ટ્ર નહિ."** આ દૃષ્ટિકોણ માત્ર વાર્તાલાપ માટે નથી, એ ભારતીય રાષ્ટ્રના નવનિર્માણ માટેનું એક નૈતિક નક્ષા સમાન છે. રાષ્ટ્રપ્રેમનો અર્થ તેઓ માટે માત્ર તિરંગો લહેરાવવાનો ઉત્સાહ નહોતો, પરંતુ **દરેક શોષિત નાગરિકના જીવનમાં**

**સમ્માન અને સન્માન લાવવાનો સંકલ્પ હતો.** તેઓ માનતા કે સાચો રાષ્ટ્રપ્રેમ એ છે જે આંતરિક સમાનતાની ચેતનાથી પ્રેરિત હોય અને તમામ વર્ગના નાગરિકોને સમાન અવસર આપે. તેઓ **ત્યાગના તપસ્વી, વિચારના યોધ્ધા,** અને એક એવા **ભારતના નક્ષાકાર** હતા, જ્યાં ન્યાય, સમાનતા અને સ્વાભિમાન બંધારણના પાનાંઓ સુધી મર્યાદિત નહીં રહે, પરંતુ દેશના દરેક હૃદયમાં ધબકતું રહે. તેમનું જીવન એ સાક્ષી છે કે એક વ્યક્તિ પોતાના અઘોર સંકલ્પથી સમગ્ર સમાજના ચેતનાનું રૂપાંતરણ કરી શકે છે. તેઓએ જે સ્વપ્ન જોયું, સમાનતાવાદી અને ન્યાયમૂલક ભારત, તે આજે પણ અધૂરુ છે, પણ શક્ય છે. અંતે, જ્યારે આપણે આ પુસ્તક બંધ કરીએ, ત્યારે માત્ર તેના પૃષ્ઠો નહીં, પરંતુ તેમાં સમાયેલ વિચારધારાને પણ આપણા હૃદયમાં સ્થાપિત કરીએ.

**"આંબેડકરનું સ્વપ્ન હજી જીવંત છે, હવે એ સ્વપ્ન આપણું સંકલ્પ, આપણું દાયિત્વ છે."**

**નાથુ સોસા**

# ડૉ. આંબેડકર વિષે મહાનુભાવોના વિચારો

**ભાગ ૧ શાહૂ મહારાજની દૃષ્ટિથી ઊપજતી આગાહી**

કોલ્હાપુરના શાસક રાજા શાહુજી મહારાજે રાજકીય તર્કથી ઉચ્ચસ્તરીય વ્યક્તિઓની પહેલી પરિષદ માર્ચ ૧૯૨૦માં આયોજિત કરી. આ ઐતિહાસિક પરિષદમાં ડૉ. આંબેડકર વિશેષ ઉપસ્થિત રહ્યા. તેઓએ આંબેડકરના ચરિત્ર અને દૃષ્ટિને તરત જ પારખી લીધી. શાહુજી મહારાજે ખુલ્લેઆમ જાહેરમાં કહ્યું, ''મારા રાજ્યના ભવિષ્યપૂર્વક પ્રશ્નોનો ઉકેલ લાવનારો વ્યક્તિ મળી ગયો છે. તેથી હું તમને અંતઃકરણપૂર્વક અભિનંદન પાઠવું છું. મને ખાતરી છે કે, ડૉ. આંબેડકરનો ઉદય સમાજ પરિવર્તન માટે થયો છે. તમારું કાર્ય માત્ર જાતિ માટે નહીં, દેશ માટે મહાન બની રહેશે. અને એક દિવસ આવશે જ્યારે તમે આખા ભારતના નેતા તરીકે ઊભા રહેશો. મારું મન મને આવું કહે છે.'' શાહૂ મહારાજના આ શબ્દોમાં માત્ર વ્યક્તિત્વનો આરાધ્યભાવ નહીં, પરંતુ એક શાસક તરફથી ભવિષ્યના ન્યાયસંસ્કારને ઓળખવાની ક્ષમતા પણ દેખાય છે. નેતૃત્વ એ ત્યાંથી જન્મે જ્યાં શાસક માણસની માટી અને એની દૃષ્ટિમાં જોવે છે.

**ભાગ ૨ કોલંબિયા યુનિવર્સિટીમાં વૈશ્વિક માન્યતા**

અમેરિકાની પ્રતિષ્ઠિત કોલંબિયા યુનિવર્સિટીમાં અભ્યાસ દરમિયાન ડૉ. ભીમરાવ આંબેડકરે ફક્ત શૈક્ષણિક ક્ષેત્રમાં જ નહીં, પરંતુ સામાજિક તત્ત્વચિંતન અને માનવતાવાદી વિચારધારામાં પણ પોતાનું અનોખું સ્થાન ઊભું કર્યું. તેમની બુદ્ધિશક્તિ, તર્કસંગતતા અને વિદ્વત્તાથી પ્રભાવિત થઈને યુનિવર્સિટીના ઘણા વિખ્યાત પ્રોફેસરો અને વૈશ્વિક વિચારકો તેમના વખાણ કરતા થાકતા નહોતાં. એક પ્રસંગે, કોલંબિયાના પ્રખ્યાત પ્રોફેસરે તેમના વિષે અભિપ્રાય આપતાં કહ્યું હતું,

''આ વિદ્યાર્થી માત્ર ભારતીયોમાં શ્રેષ્ઠ નથી, પરંતુ તે અમેરિકન વિદ્યાર્થીઓ કરતાં પણ શ્રેષ્ઠ છે.''

આ વખાણ માત્ર એક વ્યક્તિગત પ્રશંસા ન હતી, પરંતુ એ સાબિતી હતી કે આંબેડકરની પ્રતિભા રાષ્ટ્રીય સીમાઓ પાર કરી ચૂકી હતી. ગરીબ અને વંચિત

વર્ગમાંથી ઉદ્ભવેલો એક યુવા, પોતાના ધ્યેયની દૃઢતા અને અવિરત અભ્યાસના બળ પર, વિશ્વના સર્વોચ્ચ બૌદ્ધિક મંચ પર ગૌરવપૂર્ણ સ્થાન મેળવી શકે છે, આંબેડકર એનું જીવંત ઉદાહરણ હતા. કોલંબિયા યુનિવર્સિટીમાં તેમણે જે વિચારોનું નિર્માણ કર્યું, તે માત્ર પાને પાને કે પુસ્તકોમાં મર્યાદિત ન રહ્યાં; તેઓના વિચારો વિશ્વભરમાં પ્રસરીને માનવ મુક્તિ અને સમાનતાના સંદેશવાહક બન્યા. આંબેડકરની વિદ્વતા અને દૃઢનિશ્ચય એ સાબિત કરે છે કે જ્યાં વિચાર જન્મે છે, ત્યાંથી વિચાર આખી દુનિયામાં પ્રેરણા બની ફેલાય છે.

**ભાગ ૩ મજૂર મહારાજનો શ્રદ્ધાંજલિભર્યો સ્વર**

૪ થી નવેમ્બર,૧૯૪૩ના રોજ મુંબઈ ખાતે યોજાયેલી સભામાં, 'બહિષ્કૃત હિતકારિણી સભા'ના ઉપક્રમે લોકસેવા મજૂર મહારાજને ડૉ. આંબેડકરને સન્માનિત કર્યા. તેઓએ ભાવથી કહ્યું, "ઈશ્વર જ્યારે જગતમાં ખાસ લોકસેવામાં થનારો ઊર્જાસ્રોત મોકલે છે, ત્યારે તે માનવજાતને સંકટમાંથી બહાર કાઢવા માટે આવે છે. આંબેડકર એવાં જ શૂન્યમાંથી ઉગેલા પ્રકાશપુંજ છે. તેમણે માનવમુક્તિની ક્રાંતિ કરી છે. તેઓ મહાપુરુષ છે, જેમણે જનમંગળ માટે પોતાની સમગ્ર ઊર્જા સમર્પિત કરી છે. આંબેડકરે જે અજેય કાર્ય શરૂ કર્યું છે, તે સમાજ માટે આશીર્વાદરૂપ છે." આ પંક્તિઓ માત્ર પ્રશંસા નથી, આ તો ડૉ. આંબેડકરના વિચારધારાત્મક આત્માની ઓળખ છે. મજૂર મહારાજને તેમને માત્ર નેતા નથી ગણાવ્યા, પરંતુ ધર્માત્મક યાત્રાના સાધક તરીકે સ્વીકાર્યા છે, જે રામભાવનાની છાયા લઈને નવું ધર્મરૂપી ન્યાય લાવે છે.

**ભાગ ૪ વિઠ્ઠલરાવ મેડીકલવારનો ભાવિદૃષ્ટિપૂર્વક વિચાર**

પ્રખ્યાત વિચારક વિઠ્ઠલરાવ પાટીલ મેડીકલવારે, ગોળમેજી પરિષદ બાદ આપેલા ભાષણમાં ઊંડા અર્થસભર શબ્દોમાં કહ્યું, "આંબેડકરનું ભાષણ એટલું અગ્નિસ્નાન હતું કે તેણે ભવિષ્યનો દિશાદોરીપત્ર આપ્યો છે. એ ભાષણ એટલું શક્તિસંચિત હતું કે સમાજના નવો મૂલ્યવિધાન ઊભું કરતું હતું." તેમના મતે, આ ભાષણ એ કોઈ એક વ્યક્તિનું નથી, પણ એક યુગની ચેતનાનું કાવ્ય છે,

જેમાં ઊંડું દુઃખ પણ છે અને દિવ્ય દિશા પણ. જ્યારે ભાષણ શબ્દો પાર કરે છે અને ચેતનાનું દ્રષ્ટિપ્રણાલી બની જાય છે, ત્યારે નેતૃત્વ એક યુગનું અધ્યાત્મ બની જાય છે. આંબેડકરનું વિચારવિશ્વ કાવ્યથી પણ વધુ ગુંજી રહેલું તત્વ છે, જે ભવિષ્યના સમાજનું મૂલ્યમાનક બને છે.

**ભાગ ૫ ગાયકવાડ મહારાજ અને રાજકીય યથાર્થની સમજ**

ગોળમેજી પરિષદના પ્રસંગમાં આપેલા ભાષણ બાદ શ્રીમંત મહારાજ સયાજીરાવ ગાયકવાડે (તેમના પત્રમાં પોતાની પત્નિને કહેલી વાત પ્રમાણે) જણાવ્યું હતું, ‘‘આંબેડકર જેઓ પ્રયત્ન અને શ્રમથી આગળ વધ્યા છે, તેમણે એમનાં કાર્યમાં જે સફળતા મેળવી છે, તે શાબાશી લાયક છે.’’ આ ઉલ્લેખ પરથી એ સ્પષ્ટ થાય છે કે રાજવી વર્ગના નેતાઓએ પણ આંબેડકરના આત્મવિશ્વાસ અને પંથદર્શિતા ઓળખી હતી. માત્ર સમર્પણથી નહીં, પરંતુ કાર્યક્ષમતા અને ધાર્મિક સંવેદનાથી તેમનું યશ ઊભું થયું. જ્યારે રાજવી વર્ગના અગ્રણીઓ એક દલિત વર્ગના નેતાના શ્રમ અને સિદ્ધિને માને છે, ત્યારે સમાજમાં નવો વળાંક આવે છે. આ માન્યતા સમાજના ઊંડાણ સુધી પહોંચે ત્યારે ખરું બંધારણ ઊભું થાય છે.

**ભાગ ૬ કુલાબા સમાચાર’માં સમાજ સુધારણાના યોગદાનની વખાણ**

કુલાબા સમાચાર (મહારાષ્ટ્રના અગત્યના અખબાર) એ સમયપત્રે લખ્યું હતું, ‘‘આંબેડકરનો સમાજસંસ્કાર સાથે સંકળાયેલો વિમર્શ એ સમાજ સુધારણાની સાચી લડત છે. તેમણે પોતાના વિમર્શથી તત્કાલીન પથ્થરાયેલી શાસકીય અને ધાર્મિક વિધિઓમાં સંવાદ ઊભો કર્યો.’’ એમાં ઉમેરાયું હતું કે આંબેડકરનું નેતૃત્વ માત્ર નીતિવાદી નહીં, પણ માનવવાદી હતું, જે સમાજને અભ્યાસના, ચિંતનના અને ક્રાંતિના માર્ગે લઈ જાય છે. તેમણે માત્ર વિરોધ નથી કર્યો, પણ નવી વ્યવસ્થાની રચના માટે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કર્યું. અહી બતાવાયું છે કે એક વિચારક કેવી રીતે માત્ર વિરોધ કરીને નહીં, પણ સમાનતાવાદી સંસ્થા ઊભી કરીને પોતાનું યશ મેળવે છે. આંબેડકરનું સંચાલન એ જનજાગૃતિથી લઈને નીતિપ્રેરણાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

### ભાગ ૭ ઈન્ડિયન એક્સપ્રેસમાં દૃષ્ટિકોણએ કરિમ લતીફ મિર્ઝા

ઈન્ડિયન એક્સપ્રેસના પ્રતિનિધિ કરિમ લતીફ મિર્ઝાએ જણાવ્યું, ''આંબેડકર એ અસલી રાષ્ટ્રશિલ્પી છે. ભારતને સ્વયંશાસિત સરકાર મળે તે માટે તેમનું યોગદાન અવિસ્મરણીય છે. ભવિષ્યની સંવિધાનરચના અને રાષ્ટ્રીય બંધારણોની પાયાની રચના માટે તેઓ મહાનતા તરફ આગળ વધી રહ્યાં છે. સમાજના શોષિત વર્ગોને તેમણે પ્રતિનિધિત્વ આપીને તેને સંસદીય પ્રક્રિયામાં સ્થાન આપવાનું કામ કર્યું છે, જે આઝાદ ભારતના લોકશાહી ધોરણ માટે અધ્યંત જરૂરી છે.'' આ એક દૃષ્ટિ દર્શાવે છે કે આંબેડકર માત્ર દલિત સમાજના નેતા ન હતા, પરંતુ ભારતના લોકશાહી અને સંવિધાનના શ્રેષ્ઠ સંસ્થાપક તરીકે પણ માન્ય રહ્યા. રાજકીય સમાનતાનું ભવિષ્ય એવાં લોકોએ ઊભું કર્યું કે જેમના મનમાં ન્યાય, નમ્રતા અને વિઝન ભેગાં હતાં.

### ભાગ ૮ ફ્રી પ્રેસ જર્નલ'ના સંપાદકીયમાં ઉચ્ચારાયેલી ઊંડાણપૂર્વક દૃષ્ટિ

વિશિષ્ટ સામાયિક ''ફ્રી પ્રેસ જર્નલ''ના સંપાદક શ્રી મિત્તરે ''મોડર્ન ઈન્ડિયા'' ગ્રંથના એક ભાગમાં લખ્યું, ''ડૉ. આંબેડકરનું વ્યક્તિત્વ એ સ્વતંત્રતા, તર્કશક્તિ અને આત્મસન્માનની ઉજાસથી ઝળહળતું છે.'' તેઓએ વિશ્લેષણાત્મક રીતે આંબેડકરના વિચારો અને કાર્યપદ્ધતિને આધુનિક ભારતના આધારે મૂલવ્યા. તેમના માટે આંબેડકર કોઈ એક સમાજ માટેના પ્રવક્તા નહોતા, પણ આધુનિક માનવતાના ઉચ્ચ મૂલ્યોના પાયાના પુરુષ હતા. જ્યારે પત્રકારિતાનો લોકધર્મ આમના વિચારપ્રવાહને ઓળખે છે, ત્યારે એ માનવું પડે કે આંબેડકરનું કાર્ય માત્ર સમયપ્રમાણે નહિ, યુક્તિ અને સિદ્ધાંતથી પણ વિશેષ હતું. તે આઝાદ ભારતના ''ચેતન શિલ્પી'' છે.

### ભાગ ૯ સર્વેન્ટ્સ ઑફ ઈન્ડિયાએ જમીન પર ઊભેલા નેતૃત્વની ઓળખ

સર્વેન્ટ્સ ઑફ ઈન્ડિયાના પ્રવક્તા દ્વારા ડૉ. આંબેડકર વિશે જણાવાયું હતું, ''ગાંધીજી પછીના યુગમાં આંબેડકર જેમના નામ સાથે જુડીને, જાતપાતના સતામણીને ત્રાસ આપનારા અછૂત સમાજમાંથી ઉદ્‌ભવેલો નેતા છે. તેઓ એ છે

જેમણે પોતાના વિષમ પરિસ્થિતિઓ વચ્ચે રહીને દલિતોના માટે અવાજ ઊભો કર્યો છે. જેમણે રાત્રે દીવો નહોતો અને બપોરે છાંયો નહોતો, એવા માનવીએ સમાજનું નેતૃત્વ કરવાનું સાહસ દેખાડ્યું છે.'' તેમના દૃષ્ટિકોણે આંબેડકર એક એવું વ્યક્તિત્વ છે, જેઓએ રાજ્યશક્તિમાં સ્થાન ન હોવા છતાં સમાજને સ્વર આપ્યો, અને ન્યાયના ઉચ્ચ મંચ સુધી લઈ ગયા. આ ઉલ્લેખ બતાવે છે કે આંબેડકરનું નેતૃત્વ ''ઉપરથી અપાયેલું'' નહીં પણ ''અંતઃથી ઊગેલું'' હતું. એમના વર્ગના લોકોને દેખાવ માટે અનુમતિ પણ ન આપતા, ત્યાં તેઓએ દેશના ભાવિ માટે રાજકીય રૂપરેખા ઘડી, આ એ વિરલ ઉદાહરણ છે જ્યાં દુઃખે નેતૃત્વ ઘડ્યું છે.

**ભાગ ૧૦ ઐતિહાસિક ઘડણ અને સામૂહિક સ્વીકારનું દસ્તાવેજીકરણ**

એક અન્ય દૃષ્ટિએ લેખકે નોંધ્યું, ''ઈતિહાસ પોતાની ઘડતરની ઘડપણમાં, જ્યારે સમાજ જીવંત દસ્તાવેજ બને છે, ત્યારે આંબેડકર જેવો પુરુષ અત્યંત જરૂરી બની જાય છે. તેઓએ સમાજને માત્ર હાંકી નથી કાઢ્યો, તેમને નવી દિશા આપી છે.'' પાછળ ઉલ્લેખ થાય છે કે ૧૯૪૬માં મુંબઈ આર્યસંમેલન વખતે કોલેજ મેટ્રિકમાં એંધાણ મળી ગયા હતા કે, ''તેઓએ વિદ્યાર્થીઓને એટલી પ્રેરણા આપી કે ઘણી કોલેજોમાં તેમની ભાષણશ્રેણી ખાસ વાંચવામાં આવતી અને વિદ્યાર્થીઓ એનો અભ્યાસ કરતા.'' જ્યારે નેતૃત્વનું મૂલ્યાંકન એના ભાષણો કરતાં એના વિચારના અભ્યાસદ્રષ્ટિએ થાય, ત્યારે એ જણાય કે એ ચિંતક માત્ર પ્રવક્તા નહોતો, પણ યુક્તિથી યુગ ઘડનાર હતા. આવું સાહિત્યજ્ઞાન એ સમાજનું ચિંતનમૂલ્ય ઊંભું કરે છે. આંબેડકર વિષે વિવિધ ક્ષેત્રના મહાનુભાવોએ વ્યક્ત કરેલા આ અભિપ્રાયો માત્ર પ્રશંસાના પંક્તિઓ નથી, તેઓએ એક યુગદ્રષ્ટા વિચારક, સમાજશાસ્ત્રી અને રાષ્ટ્રીય ઘડવૈયાને ઓળખ્યો છે.

# બંધારણની રચના બાદ મહાનુભાવોના ડૉ. આંબેડકર માટેના વિચારો

**ભાગ ૧ પ્રથમ રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદનો ભાવભર્યો પ્રતીભાવ**

ભારતીય સંવિધાન સભાના અધ્યક્ષ અને પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે કહ્યું, ''અમે ઘણીવાર એવું વિચાર્યું છે કે, મુસલમાનોના મુદ્દા માટે કોણ લડે? શોષિત જાતિઓ માટે કોણ અવાજ ઊંચકશે? આ પ્રશ્નોના ઉકેલ માટે સંવિધાનમંડળમાં ડૉ. આંબેડકર જે રીતે દઢતાથી અને તર્કબદ્ધ રીતે દલીલો કરી, તે ખરેખર રાષ્ટ્રના હિત માટે જરૂરી હતી. તેમની હાજરીના લીધે અમારે ક્યારેય એ અનુભવ થયો નહીં કે કોઈ સમૂહનું પ્રતિનિધિત્વ અધૂરું રહ્યું.'' રાષ્ટ્રના સર્વોચ્ચ પદે બિરાજેલા વ્યક્તિ તરફથી આંબેડકર વિશેનું આ નિવેદન એ સાબિત કરે છે કે તેઓ માત્ર દલિતોના નહીં, પરંતુ આખા ભારતના ન્યાયપ્રણાલી માટે વિવેકપૂર્ણ અવાજ ઊભો કરનાર રાષ્ટ્રનેતા હતા.

**ભાગ ૨ પંડિત જવાહરલાલ નહેરુનો આદરભાવ**

પંડિત જવાહરલાલ નહેરુએ સંવિધાન અંગે પોતાના ભાષણમાં ડૉ. આંબેડકરનું નામ ઉચ્ચારતાં કહ્યું, ''તેઓ માત્ર એક કાયદાના નિર્માતા નથી, પણ ભારતના નાગરિકોને સમાનતાના અધિકાર આપનારા છે. તેમનું કાર્ય એ લોકશાહીનું આધ્યાત્મ છે. તેમની મૌલિકતા, જૂની પરંપરાઓને તોડી નવી દિશા આપી છે.'' જ્યારે પંડિત જવાહરલાલ નહેરુ જેવા વિચારશીલ રાજનેતા આંબેડકરના કાર્યને ''લોકશાહીનું આધ્યાત્મ'' કહે છે, ત્યારે એ સમાજની તળિયાથી શરૂકરી રાષ્ટ્રની ભૂમિકાઓમાં સર્જાયેલી વિચારધારાની ઊંડાણતાને વ્યક્ત કરે છે.

**ભાગ ૩ વિદ્વાન શાસ્ત્રી, ન્યાયમૂર્તિ અને શિક્ષણવિદોની દૃષ્ટિ**

અગ્રગણ્ય ન્યાયમૂર્તિઓ, વિદ્વાનો અને નૈતિક દ્રષ્ટિકોણ ધરાવતા પ્રોફેસર વર્ગના સભ્યોના મતે, ''ડૉ. આંબેડકરે માત્ર શાસકીય બંધારણ રચ્યું નથી, પરંતુ

સમાજશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર અને રાજકીય વિજ્ઞાનને જોડતી સમાનતાની નીતિ ઊભી કરી છે.'' તેમને ભારતીય બંધારણના ''માનવીય ઘડીયાળના ઘડવૈયા'' તરીકે ઓળખવામાં આવ્યા છે. આ મંતવ્યો એ દર્શાવે છે કે આંબેડકરનું યોગદાન એક કાયદાની પુસ્તક સુધી મર્યાદિત ન રહ્યું. તેમણે બંધારણમાં માનવતાનું શાસ્ત્ર લખ્યું, જે વિશ્વના કોઈપણ રાષ્ટ્રના મુલ્યાંકનને પડકાર આપે તેવું છે.

**ભાગ ૪ શ્રી જીએસ ભદુરદાવાનું ચિંતન**

''ડૉ. આંબેડકરે કાયદાકીય દરજ્જો આપતી સંસ્થાઓની રચના કરી અને સમાજના નબળા વર્ગે પોતાની યોગ્યતા સાબિત કરી શકે તે માટે પગથિયાં ઉભાં કર્યા.'' તેઓ આંબેડકરને ''વિચારપૂર્વક ઉગેલો પુષ્પ'' ગણાવે છે અને એમ કહે છે કે, તેઓએ સમાજને નૈતિક ઊંચાઈ આપી છે. જ્યાં કાયદાની સાથે નૈતિકતાની ઊર્જા જોડી શકાય, ત્યાં બંધારણ જીવંત બને છે, અને ડૉ. આંબેડકર એ શક્તિના સ્તંભ હતા.

**ભાગ ૫ મોહમ્મદ અલી જિન્નાહનો ભાવપૂર્ણ અભિપ્રાય**

''આંબેડકર એ એવા આગવા પુરુષ છે જેમણે પોતાની જાત માટે નહીં, પરંતુ સમગ્ર ભારત માટે પોતાનું મન, મસ્તિષ્ક અને સમય અર્પણ કર્યો.'' જિન્નાહ એમ પણ કહે છે કે તેઓ ''જાતિપ્રથમ'' નહીં, પણ ''રાષ્ટ્રપ્રથમ'' નેતા હતા. જ્યારે વિરોધીઓ તરફથી પણ માન્યતા મળે, ત્યારે એ નેતૃત્વની સર્વગ્રાહીતા સાબિત થાય છે. આંબેડકર વિભાજનની નહીં, વિઝનની વાણી હતા.

**ભાગ ૬ નિઝામ હૈદરાબાદનું સંવેદનશીલ અભિપ્રાય**

''ડૉ. આંબેડકરનો વિચારમાર્ગ એવો છે જે નાગરિકોને પોતાના અધિકાર માટે જાગૃત કરે છે. તેમણે માત્ર બૌદ્ધિક નહીં, સામાજિક શક્તિ પણ ઊભી કરી.'' તેઓ કહે છે કે, ''આંબેડકર વિના ભારતનું બંધારણ અધૂરૂં રહેત.'' જ્યારે રાજશાહી વર્ગ પણ આંબેડકરને રાષ્ટ્રીય પાયાના મહાનાયક માને છે, ત્યારે એ રાષ્ટ્રઘડતરના ત્રિવેણી તત્વજ્ઞાન, ન્યાય અને સમર્પણના સમન્વયને ઓળખવાની ક્ષમતા છે.

**ભાગ ૭ તાજસાહેબ હુસેનનું અભિપ્રાય**

"ડૉ. આંબેડકર વિશ્વના સંવિધાનકારોમાં શ્રેષ્ઠ કૌશલ્ય ધરાવતા કાયદાકીય નિર્માતા હતા. જેમણે માત્ર જાણ્યા વગર નહીં, પણ સમજ્યા વગર પણ કદી કંઈ સ્વીકાર્યું નથી." તેમણે આગળ ઉમેર્યું કે, "ભલે એને બધું નવી રીતે જ બનાવવું પડ્યું, પરંતુ તેણે તીવ્ર તપશ્ચર્યાથી મૂળથી જ બધું નિર્માણ કર્યું." તેઓએ રાષ્ટ્રને મહાન બંધારણશાસ્ત્રી રૂપે દિશા આપી છે." જ્યારે કોઈ નેતાની મહાનતા તેનાં ઋતુમથક જ્ઞાનથી નહીં, પરંતુ તપસ્યાથી નિર્માણ ક્ષમતા પરથી પ્રમાણિત થાય, ત્યારે એ વ્યક્તિ સમયના ચક્રથી પણ ઉપર નીકળી જાય છે.

**ભાગ ૮ શ્રી વી. આર. મુદલિઅર ભાવવિહળ સ્વીકાર**

"ભારતીય બંધારણની મુખ્ય સમિતિના ચેરમેનને અભિનંદન આપતી વેળાએ હું ભાવવિહવળ બની ગયા. જેમણે રાત-દિવસ અખંડ પરિશ્રમ કરીને આવું સુંદર બંધારણ ઘડ્યું છે, તે ખરેખર રાષ્ટ્રની યશગાથા બની રહેશે. તેમની મહાન શક્તિ અને વિદ્વત્તા હવે ના ફક્ત ભારતમાં, પરંતુ વિશ્વ ઈતિહાસમાં નોંધાઈ રહી છે. દલિત વર્ગના લોકો માટે તેઓ રાષ્ટ્રના ભૂતકાળમાં ભક્ત નંદ જેવી લાગણી જગાવનારા પુરુષ બન્યા. મહાન વૈષ્ણવ સંત તિરુવલ્લુવર જેમણે રાષ્ટ્રની નૈતિકતા અને વ્યવસ્થાને સમર્પિત કરેલી, તેવી જ ડૉ. આંબેડકરની તત્વજ્ઞાની અદ્ભૂતતા છે. તેમનું સ્થાન માત્ર રાજકીય નહીં, પણ આધ્યાત્મિક, નૈતિક અને વૈશ્વિક દૃષ્ટિએ પણ અનન્ય છે. તેમણે દુર્લભ ઊંચાઈઓ સુધી જઈને સમાજમાં એવો વિકાસ કર્યો છે જે વિવિધ પરંપરાઓ વચ્ચે નવો સમન્વય ઘડી શકે." જ્યારે રાજ્યઘટનાના શિલ્પીને માત્ર રાજકીય નાયક તરીકે નહીં, પરંતુ સંત, તત્વજ્ઞાની અને વિશ્વદ્રષ્ટા તરીકે પણ ઓળખ આપવામાં આવે, ત્યારે એ સાબિત થાય છે કે તેમની કાર્યશક્તિ માત્ર કાયદાની નકશાકારી નથી, પણ ભાવિ ઈતિહાસના પથદર્શક છે.

**ભાગ ૯ ઈતિહાસકાર ડૉ. બી. પતાબિ રામૈયા**

માત્ર બે વર્ષ અને ૧૧ માસ ૧૮ દિવસમાં બંધારણનું મહત્વપૂર્ણ કાર્ય કરીને ડૉ. આંબેડકરે નિતાંત દુષ્કર, અર્થઘટનયુક્ત અને અલભ્ય મહાત્મ્ય ધરાવતું 'સ્ટીમ

રોલર, કાર્ય કર્યું. જેમણે મોટા મોટા અવરોધો તોડી પાડ્યા, વટવૃક્ષો ઉખેડી કાઢ્યા અને તેઓ જેવાં કાંટાળાં માર્ગો હતા તેને બંધારણના નકશામાં પરિવર્તિત કરી દીધા. તેમણે સંવેદનશીલતા, દૃઢ વિશ્વાસ અને પારદર્શકતા દ્વારા આખા કાર્યને અંત સુધી પહોંચાડ્યું, એ જોઈને એ એક અધ્યાત્મિક સિદ્ધિ સમાન લાગે છે. જ્યાં માણસ ખૂણામાં ઊભો રહેતો હોય ત્યાંથી તેઓએ ભવિષ્યના ભારત માટે માર્ગઘટિત નકશો તૈયાર કર્યો, આ એક માનવીના બળ અને એક સિદ્ધિનું ઉદાહરણ છે.

**ભાગ ૧૦ ન્યાયમૂર્તિ મોહમદ કરીમ ચાગલા**

આપણને મળેલા અધિકારો લોકોનો પ્રતિનિધિ તરીકે આંબેડકરનું ફળદ્રુપ કાર્ય છે. હું આ સમારંભમાં ઉપસ્થિત રહીને મારા માટે સૌભાગ્ય સમજી રહ્યો છું. હું એમ નથી માનતો કે આંબેડકર માત્ર દલિતોના નેતા હતા, તેઓ સમસ્ત રાષ્ટ્રના નેતા હતા. એક સમય હતો જ્યાં અમે બંને વિપરીત કાયદાના મુદ્દાઓમાં વિરોધમાં ઉભા રહ્યા હતા, પણ આજે હું તેમના સમર્થનમાં ઊભો છું. જ્યારે વિરોધીઓ પણ વિરાટ કાર્યની સામે નમન કરે, ત્યારે એ કાર્ય સત્તાની બિંદુથી નથી, પરંતુ આત્મતત્વના શિખર પરથી થાય છે, ડૉ. આંબેડકર એવાજ કર્મયોગી હતા.

**ભાગ ૧૧ વિનોબા ભાવે**

ડૉ. આંબેડકરને બીજા મહાત્માઓ જેટલા જ ‘વિમલપથ’ના યાત્રિક ગણાવી શકાય. તેઓએ સમાજમાં સ્થાયી વિસંગતિઓને જૂની વ્યવસ્થાના અંધકારમાંથી આલોકિત વિધાન દ્વારા દૂર કરી. ખાસ કરીને સ્ત્રીઓ, બહેનો, માતાઓ અને વંચિત વર્ગને બંધારણ દ્વારા માનવહક તેઓએ આપેલા યોગદાનને ભારતના સંવિધાનિક ઈતિહાસમાં ‘બ્રહ્મસૂત્ર‘ ગણાવી શકાય. વિનોબાજી જેવા આત્મનિષ્ઠ પંથપ્રેરિત મહાનુભાવ જ્યારે આંબેડકર જેવા વિજ્ઞાનપથગામી નેતા માટે બોલે છે, ત્યારે એ શબ્દોમાં નહીં, ભાવના અને કાર્યના સર્વોત્કૃષ્ટ સમન્વયમાં રહેલી વૈચારિક એકતા દર્શાવે છે.

**ભાગ ૧૨ કાકાસાહેબ કાલેલકર**

કાકાસાહેબ કાલેલકરે ભારપૂર્વક જણાવ્યું હતું કે, હિંદુ સમાજે મનુસ્મૃતિ દ્વારા જે વિકૃત ધારણાઓ ધારણ કરી હતી, તેને ડૉ. આંબેડકર દ્વારા બંધારણીય રીતે તોડી નાખવામાં આવી છે. તેઓએ ધર્મને આધુનિકતાની દિશામાં, અને રાષ્ટ્રને ન્યાયસંમતાની દિશામાં નેતૃત્વ આપ્યું. માનવીય મૂલ્યોને ધર્મની બન્ને ગાદી પર મૂકીને તેમણે સમાજ સુધારાનું વિધાન ઘડ્યું. કાકાસાહેબના શબ્દો એ જણાવી જાય છે કે આંબેડકર માત્ર નીતિપ્રણેતા નહોતા, તેઓ માનવીના અસ્તિત્વને નવો અર્થ આપનારા ધમર્દ્રષ્ટા હતા.

**ભાગ ૧૩ કે. બી. રાવ**

સંવિધાનના પિતા તરીકે ડૉ. આંબેડકર આલોકિક અને શ્રેષ્ઠતા સમાન હતા તેમને જીવનના અનેક પરસ્પર વિરોધી વિચારોનું સાંઘને સંતુલન સાધવું પડ્યું તેમનું કાર્ય માત્ર કાનૂની નહીં પણ તાત્વિક, બૌદ્ધિક અને નૈતિક દૃષ્ટિએ પણ ઉત્કૃષ્ટ હતો. તેઓએ પોતાના વિચારોના આત્મસ્વરૂપને બંધારણમાં ઢાળવા માટે અત્યંત શ્રમસર કાર્ય કર્યું. તેમના વિચારોને સર્વસંમતિ, સમજદારી અને સંવિધાનિક ઘડતરમાં પૃથક રીતે સમાવવાનું દુર્લભ કાર્ય તેઓએ નિપુણતાથી પાર પાડી બતાવ્યું. કેટલાય વિચારોના સામાજિક વિસ્ફોટમાંથી પેદા થયેલી સ્થિતિમાં પણ ડૉ. આંબેડકર એક ''કટિબદ્ધ ઘડવૈયા'' તરીકે સર્વપક્ષી બંધારણ આપી શક્યા, આ તેમનો અસાધારણ શાંતિસંચિત શક્તિપ્રયોગ હતો.

**ભાગ ૧૪ ડૉ. પાયલિ (સંશોધક)**

ડૉ. આંબેડકર અનેક ગુણોના સમન્વયરૂપ સ્તંભ હતા, વિદ્વતા, ધાર્મિક-મૌલિક વિચારશક્તિ, વિધાનજ્ઞતા અને અદમ્ય સાહસ તેમના વ્યક્તિત્વના તંતુ હતા. જ્યારે ભારત બંધારણનું ઢાંચા બનેલું હતું ત્યારે તેઓએ તેના દરેક વિભાગમાં, ખાસ કરીને ન્યાયિક સ્વતંત્રતા અને વ્યક્તિગત મુક્તિના મુદ્દે, અત્યંત સાફ અને વ્યાપક દૃષ્ટિ રજૂ કરી. તેમનું અનુપમ કાર્ય એ હતું કે તેમણે બંધારણને માત્ર કાનૂની દસ્તાવેજ નહીં, પણ માનવતાની આત્મા તરીકે ઘડ્યો હતો. ડૉ. પાયલીના મત અનુસાર, ડૉ. આંબેડકર કોઈ સામાન્ય વિચારક નહીં, પરંતુ

એવા સર્વગુણસંપન્ન, વિદ્વાન અને આંતરિક તપસ્વી યોદ્ધા હતા જેમણે આઝાદ ભારતને માત્ર બંધારણ જ આપ્યું નહીં, પરંતુ સમગ્ર રાષ્ટ્રજીવનને નવી દિશા અને નવો દરજ્જો આપ્યો. તેઓમાં પાંડિત્ય હતા, પણ ઔદાર્ય પણ હતું. તેઓમાં શાસ્ત્રોનો ગાઢ અભ્યાસ હતો, પણ સમાજ માટેની તીવ્ર સંવેદના પણ હતી. તેઓમાં કલ્પનાશક્તિ હતી, પણ તે ખાલી વિચારી વિચારીને ઊંડે જતી નહીં, તેને જીવનમાં ઉતારવાની દૃઢતા પણ હતી. ડૉ. પાયલી નોંધે છે કે, ‘‘તેમના ભાષણો માત્ર વક્તૃત્વ નહોતા, પણ એવું લાગતું કે ઈતિહાસ પોતે બોલી રહ્યો છે. તેમની દૃષ્ટિમાં ભવિષ્ય હતું, વાણીમાં નૈતિક શિસ્ત હતી, અને ઉપસ્થિતિમાં એવી પ્રભા હતી કે, બંધારણસભામાં બેઠેલા દરેકને લાગતું કે હવે સંશયના વાદળ વિખેરાઈ રહ્યા છે.’’ તેમણે ભારતના બંધારણની રચના માટે જે સિદ્ધાંતો આપ્યા, તેમાં અંગ્રેજી કાયદાશાસ્ત્રની શિસ્ત, બુદ્ધવિચારની મમતા, સમાજશાસ્ત્રીય પૃષ્ઠભૂમિની સમજ અને પીડિત જનતાની લાગણીઓનો ઊંડો સમાવેશ થયો. તેઓ માત્ર કાયદાની ભાષામાં નહીં પણ માનવીયતા, સમાનતા અને ન્યાયની ભાષા બોલતા. ડૉ. પાયલી તેઓને ‘‘આધુનિક મનુ’’ કહે છે, એમાં કઈ પણ અતિશયોક્તિ નથી. ભારતીય સાંસ્કૃતિક પરંપરામાં ‘‘મનુ’’ ધર્મશાસ્ત્રના ઘડવૈયા તરીકે ઓળખાય છે, પણ ડૉ. આંબેડકર એ ‘‘ધર્મ’’ શબ્દને નૈતિકતા અને ન્યાય સાથે જોડીને નવી અર્થછાયા આપી. તેમણે જે બંધારણ રચ્યું તે સમાજના દરેક વર્ગને સમાન હક આપે છે, એ જ તેમના આધુનિક મનુપદનું યથાર્થ મૂલ્યાંકન છે. તેમનું વ્યક્તિત્વ એ ધારા જેવી લાગણીભર્યું, પણ પર્વત જેવી અડગતા ધરાવતું હતું. તેઓ સમાજ માટે યોદ્ધા હતા, પણ એ યોધ્ધા દયા, તર્ક અને વ્યવસ્થા સાથે લડતા હતા. તેઓ મેધાવી હતા, પણ તે મેધા માત્ર પદવીઓથી નહીં, પણ તેમના મર્મભેદી ચિંતનથી પ્રકાશિત હતી.

# ડૉ. આંબેડકરના પ્રેરણાસૂત્રો

૧. શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરો.
(Be Educated, Be Organised, Be Agitated)

૨. માણસ ભલે તંગદિલ હોય, પરંતુ ધર્મ મહાન હોવો જોઈએ.

૩. હું એવો ધર્મ પસંદ કરું છું જે સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વ શીખવે છે.
(I like the religion that teaches liberty, equality and fraternity)

૪. કોઈ પણ સમાજની ઉચ્ચતા એથી નક્કી થાય છે કે તે નબળા માણસ સાથે કેવો વ્યવહાર કરે છે.

૫. અસમાનતાને કાયદો નહીં માને, ત્યાં સુધી સમાજમાં સાચું બંધારણ લાગુ થઈ શકે નહીં.

૬. માણસજાતિ માટે સૌથી ખતરનાક ચીજ છે, અંધશ્રદ્ધા.

૭. સમાનતા માટે એક દિવસ લડવું પડે, પરંતુ ઉન્મૂલન માટે આખી જિંદગી પણ ઓછી પડે.

૮. આઝાદી એ માત્ર કાગળ પર લખાયેલો અધિકાર નથી, એ જીવનમાં લાગુ પડતી સમાનતાની અનુભૂતિ છે.

૯. જાતિના ખોળે ઊંચા બન્યા એમાં ગૌરવ નથી, જ્ઞાનથી ઊંચા બનો એમાં માન છે.

૧૦. શું તમે એવું રાષ્ટ્ર બનાવ્યું છે જ્યાં ભિખારી પણ રાષ્ટ્રગાન ગાઈ શકે.

૧૧. જ્યાં શોષણ છે, ત્યાં ક્રાંતિ માટે સ્થાન હોવું જ જોઈએ.

૧૨. જાતિવાદ એ માનવતાનો દુશ્મન છે; જો તમે જાતિવાદી છો, તો તમારામાં માનવતા જીવતી નથી.

૧૩. રાષ્ટ્રની ઉત્કર્ષતા એના હથિયારોમાં નહીં, પરંતુ એના નાગરિકોના વિચારશક્તિમાં છે.

૧૪. શિક્ષણ એ સમાજ માટે એવું શસ્ત્ર છે કે જે શોષણના કિલ્લાને પથ્થરથી તોડી શકે છે.

૧૫. માણસને દુર્ભાગ્ય ન બનાવો, તેનું અજ્ઞાન જ તેને દુર્ભાગ્ય બનાવે છે.
૧૬. સમાનતા એ સ્વતંત્રતાની અનુગામી છે. જો સમાનતા ન હોય, તો સ્વતંત્રતાની કોઈ વ્યાખ્યા ન રહે.
૧૭. મૌન ક્યારેક કરાર હોય શકે, પરંતુ અન્યાય સામે મૌન આપમેળે સમર્થન બની જાય છે.
૧૮. એ રાષ્ટ્ર કદી મહાન નથી બની શકતું જ્યાં સ્ત્રીઓ અને શ્રમજીવી વર્ગના લોકોના હકોની અવગણના થાય છે.
૧૯. સૌથી મોટુ પાપ એ છે, જ્યારે તમે સત્ય જાણો છો, છતાં તેને ઉચ્ચારતા નથી.
૨૦. સામાજિક ક્રાંતિ એ ત્યારે જ શક્ય બને, જ્યારે શોષિતો પોતાનો અવાજ ઊંચો કરે.
૨૧. એક ન્યાયવિહિન સમાજમાં અધ્યાત્મ પણ શૂન્ય બની જાય છે.
૨૨. તમારો ધર્મ એવો હોવો જોઈએ કે જે તમારા આત્મસન્માનનું કદી દમન ન કરે.
૨૩. સામાજિક પુનર્ગઠન એ રાષ્ટ્રની બાજુએ ઊભેલું નૈતિકતાનો ડંકો છે.
૨૪. ધર્મ માનવીની સુખાકારી માટે હોવો જોઈએ, દેવના ભયથી નહીં.
૨૫. રાજકીય બદલાવ બાહ્ય છે, સાચો બદલાવ તો ચિંતનમાં અને શિસ્તમાં છે.
૨૬. સમાજ જ્યાં સુધી ભેદભાવમાં જીવે છે, ત્યાં સુધી સ્વતંત્રતા માત્ર ભ્રમ છે.
૨૭. માણસનો ધર્મ એવો હોવો જોઈએ કે તે બીજા પર શાસન ન કરે અને એના પર શાસન કરવાનું પણ સહન ન કરે.
૨૮. માણસનો ભાવિ ક્યારેય ભગવાનના હાથમાં નથી, તે તેના જ હાથમાં છે.
૨૯. શ્રમ વિના ધન ભ્રષ્ટ છે અને શિક્ષણ વિના ધર્મ ખોખલો છે.
૩૦. મારા જીવનનો ધ્યેય હતો ન્યાય પ્રાપ્ત કરવો અને લોકોને તેમના અધિકાર માટે લડતાં બનાવવા.
૩૧. સાચી શિક્ષા એ છે કે જે માનવીને ચિંતનશીલ અને સક્રિય નાગરિક બનાવે.
૩૨. અન્યાય સામે મૌન એ પણ સહભાગી થવા જેટલું જ પાપ છે.
૩૩. રાજકીય સ્વતંત્રતાથી વધારે મૂલ્યવાન છે સામાજિક અને આર્થિક ન્યાય.

૩૪. વિજ્ઞાન એ મુક્તિ તરફનો માર્ગ છે અને મુક્તિ એ જ જીવન છે.
૩૫. જ્યાં સુધી શોષિતોને પોતાનું શોષણ સમજાતું નથી, ત્યાં સુધી ક્રાંતિ શક્ય નથી.
૩૬. કાયદાનું શાસન ત્યારે જ સાચું કહેવાય જયારે તે દરેક નાગરિક માટે સમાન હોય.
૩૭. આપણે તફાવત પેદા ન કરીએ, પણ તફાવત ઓગાળી નાખીએ.
૩૮. જ્યાં ન્યાય નથી, ત્યાં શાંતિ શક્ય નથી.
૩૯. સમાજમાં ન્યાય વગર રાષ્ટ્ર એક ભ્રમ છે.
૪૦. સમાનતા એ ધર્મની સૌથી ઊંચી અદાલત છે.
૪૧. મારા માટે બંધારણ એ માત્ર કાયદાનું જ નહિ, ન્યાયનું શાસ્ત્ર છે.
૪૨. અમે બંધારણ બનાવી શક્યા કારણ કે અમે સ્વતંત્ર થઈ ગયા, પરંતુ બંધારણ ટકી રહે તે માટે અમારે જ્ઞાનચેતનામય બનવું પડશે.
૪૩. જાતિને નષ્ટ કર્યા વિના લોકશાહી જીવંત રહી શકે નહીં.
૪૪. માણસને તેની જાતિ દ્વારા નહીં, પણ તેના ગુણ દ્વારા જજ કરો.
૪૫. મારા માટે ધર્મ એ આત્માનું ઉદ્ધાર છે, શોષણની પદ્ધતિ નહિ.
૪૬. રાજકીય સ્વતંત્રતા લક્ષ્ય નથી, એ માત્ર સંસાધન છે; લક્ષ્ય છે સામાજિક અને આર્થિક ન્યાય.
૪૭. સાચું રાષ્ટ્ર એ છે જ્યાં દરેક નાગરિકનું યોગદાન અને અવાજ સંભળાય.
૪૮. શ્રમ વિના કોઈ સમૃદ્ધિ શક્ય નથી.
૪૯. શ્રમ અને પુરૂષાર્થ એ રાષ્ટ્રની સરહદ છે.
૫૦. કામદારોના હકો એ માત્ર તકો નથી, તે રાષ્ટ્રનો પાયો છે.
૫૧. જીવન સઘર્ષ છે અને સંઘર્ષ વિના ક્રાંતિ શક્ય નથી.
૫૨. કોઈ પણ સમાજ ત્યાં સુધી આગળ વધી શકતો નથી, જ્યાં સુધી તે પોતાનાં હકો માટે ઊભો ન રહે.
૫૩. હું પ્રકાશ બનીશ, હું પથદર્શક બનીશ.
૫૪. હું મારા જીવનને પીડાનો અનુવાદ નહિ, પણ માનવતાનું સંકલ્પપત્ર બનાવીશ.

૫૫. “શિક્ષણ એ મુક્તિ તરફનો પ્રથમ પગથિયુ છે.”

૫૬. “મારું જીવન સમાજની સેવા માટે છે, હું મારા હિત માટે નહીં, સમાજના હિત માટે જીવું છું.”

૫૭. “રાષ્ટ્ર એ માત્ર સરહદોથી નહીં, પણ ન્યાયથી બની શકે.”

૫૮. “જાતિવાદ રાષ્ટ્રના ગર્ભમાં રહેલું વિસ્ફોટક છે, તેને નાબૂદ કર્યા વિના સમાન ભારત શક્ય નથી.”

૫૯. “એક દેશ જ્યાં ધર્મ, જાતિ, ભાષા કે પુષ્ઠભૂમિ આધારે ભેદભાવ થાય નહિ, એ સાચું રાષ્ટ્ર હોય.”

૬૦. “માનવતાવાદ એ રાષ્ટ્રીયતાનો પાયો છે. રાષ્ટ્રવાદ કેવળ નારો નથી, નૈતિક વિશ્વાસ છે.”

૬૧. “શ્રમવીર શ્રેષ્ઠવીર છે, એનું સન્માન જ રાષ્ટ્રસેવા છે.”

૬૨. “બંધારણ એ ભાવિ પેઢી માટેનો નૈતિક સંવિધાન છે, તેનું પાલન દરેક નાગરિકની ફરજ છે.”

૬૩. “આઝાદ દેશ અને ગરીબ પ્રજાની અસમાનતા એ ન્યાય નહીં, વ્યંગ છે.”

# શૈક્ષણિક યાત્રા

1. **1907 :**
   મેટ્રિક્યુલેશન એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલ, બોમ્બે (મહાર સમુદાયમાંથી મેટ્રિક પાસ કરનાર પ્રથમ વિદ્યાર્થી)
2. **1912 :**
   B. A. in Economics and Political Science ગુજરાતના બરોડા રાજ્યના સંરક્ષણ હેઠળ મુંબઈ યુનિવર્સિટીમાંથી બી.એ.
3. **1915 :**
   કોલંબિયા યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર સાથે એમ.એ.
4. **1916 :**
   બ્રિટિશ ભારતમાં પ્રાંતિક અર્થવ્યવસ્થાની ઉત્ક્રાંતિ અંગેનો મહાનિબંધ.
5. **1917 :**
   કોલંબિયામાંથી પી.એચ.ડી. પ્રાપ્ત.
6. **1921 :**
   M. Sc. (Economics) લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સ (LSE) પ્રારંભિક અભ્યાસ
7. **1923 :**
   ડીએસસી (Doctor of Science) પદવી પ્રાપ્ત.
8. **1931 :**
   D. Sc. (Economics) લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સ (LSE) વિષયઃ "The Problem of the Rupee: Its Origin and Its Solution" (આ અધ્યયન ભારતના ચલણપ્રણાલી માટેનું ઐતિહાસિક યોગદાન બની રહ્યું)
9. **1923 :**
   Barrister-at-Law ગ્રે ઈન, લંડન (કાયદાના ક્ષેત્રમાં અંગ્રેજ વકીલ તરીકેનું પ્રમાણપત્ર)

# ડૉ. બી. આર. આંબેડકર દ્વારા લખાયેલ પુસ્તક શૃંખલા


1. Dr. B. R. Ambedkar - લખાણ અને ભાષણો (Vol. 1 to 22), મહારાષ્ટ્ર સરકાર પ્રકાશન
2. The Problem of the Rupee : Its Origin and Its Solution (1923), Dr. B.R. Ambedkar
3. Pakistan or the Partition of India, Dr. B. R. Ambedkar
4. Annihilation of Caste, Dr. B. R. Ambedkar
5. Thoughts on Linguistic States, Dr. B.R. Ambedkar
6. Dr. Ambedkar : Life and Mission, Dhananjay Keer
7. Buddha and His Dhamma, Dr. B. R. Ambedkar
8. Dr. Ambedkar and the Hindu Code Bill, Vasant Moon (ed.)
9. Dr. Ambedkar : A Critical Study, R. R. Sinha
10. Dr. Ambedkar's Role in Economic Planning and Water Policy, R. K. Kshirsagar
11. Dr. Ambedkar's speeches as Labour Member (Government of India Archives, 1942-46)
12. Ambedkar : Towards an Enlightened India, Gail Omvedt
13. Damodar Valley Corporation Official Documents
14. Odisha State Archives on Hirakund Dam
15. Ministry of Jal Shakti, Government of India Reports
16. NITI Aayog Reports on River Projects
17. India's Silent Revolution, Christophe Jaffrelot
18. BBC Archives : Ambedkar Interview 1955
19. Constituent Assembly Debates (Volumes I - X, 1946 - 1949)
20. Polavaram and Pattiseema Project White Papers
21. Rodrigues, Valerian - The Essential Writings of B. R. Ambedkar



**"એક મહાન સંકલ્પમાંથી જન્મેલું સાહિત્ય"**

આ પુસ્તક સાદી સાક્ષી નથી, તે એક સંકલ્પ છે. ડૉ. આંબેડકરના જીવન, વિચારો અને ભવિષ્યદ્રષ્ટિની આ વ્યાખ્યા આપણા માટે માત્ર ગૌરવ નથી, પરંતુ જવાબદારી પણ છે.

જે વિદ્યાર્થીઓ, લેખકો, શિક્ષકો, વિચારોની શોધમાં હોય અને ભારતીય રાષ્ટ્રઘડતરના સાચા નાયકને સમજીને સમાજ બદલવાની ઈચ્છા રાખે છે, તેમના માટે આ પુસ્તક એક દિશા દર્શક તરીકે કાર્ય કરશે. **"જયાં ન્યાય છે ત્યાં માનવતા છે, જયાં માનવતા છે ત્યાં ભવિષ્ય છે."** આ એક પ્રવાહ છે. એક એવી વિચાર યાત્રા, જે ડૉ. આંબેડકરના જીવન અને વિચારોના પ્રકાશથી ઝળહળતી રહી છે. અહીંના પૃષ્ઠો માત્ર ઇતિહાસનો ચિંતનપ્રયાસ નથી, પણ ભવિષ્યના ભારત માટેની માનવતાવાદી દિશા સૂચવે છે. ડૉ. આંબેડકરનું જીવન કેવળ જાતિપ્રથાનો વિરોધ નહીં, પણ માનવીના અધિકાર માટેનો સાતત્ય પ્રયત્ન હતું. તેમના વિચારો એ કલમે લખાયેલ ક્રાંતિ છે, જે આજે પણ યુવાનો માટે માર્ગદર્શક છે, શિક્ષકો માટે જ્ઞાનસાધના છે અને સમાજ માટે આત્મપરીક્ષણ છે. આ પુસ્તક એવા દરેક માટે છે, જેઓ "ભારત"ને માત્ર ભૂગોળ તરીકે નહીં, પણ ન્યાય, સમાનતા અને બૌદ્ધિક તેજથી ઉજવાયેલી સંસ્કૃતિ તરીકે જુએ છે.

**"વિચારે જીતી શકાય છે ઇતિહાસ. સંકલ્પે ઘડી શકાય છે રાષ્ટ્ર."**

**નાથુ સોસા**

ISBN 939199134-0

9 789391 991340